Version 001: remember to check AtmaDharma.com & AtmaDharma.org for updates

ૐ

શ્રી સ્વશુદ્ધાત્મને નમઃ

શ્રી પરમગુરવે નમઃ

# યોગ્યતા અને પર્યાય


સંકલનકાર

શ્રી વજુભાઈ અજમેરા

B.Sc.,M.Ed.,LL.B.

राष्ट्रभाषा रत्न, वर्धा

રાજકોટ



સહકારી પ્રકાશક

શ્રી દિગબંર જૈન મુમુક્ષુ મંડળ,

નવરંગપુરા, અમદાવાદ


Please inform us of any errors on AtmaDharma.com@gmail.com

Version 001: remember to check AtmaDharma.com & AtmaDharma.org for updates

ૐ

શ્રી સ્વશુદ્ધાત્મને નમઃ
શ્રી પરમગુરવે નમઃ

# યોગ્યતા એક સંકલન
તથા
# પર્યાયસંબધી કેટલુંક ગુરુવાણીમાંથી


સંકલનકાર

શ્રી વજુભાઈ અજમેરા
B.Sc., M.Ed., LL.B.
राष्ट्रभाषा रत्न, वर्धा
રાજકોટ



સહકારી પ્રકાશક

શ્રી દિગબંર જૈન મુમુક્ષુ મંડળ,
નવરંગપુરા, અમદાવાદ




Please inform us of any errors on AtmaDharma.com@gmail.com

Version 001: remember to check AtmaDharma.com & AtmaDharma.org for updates

પ્રથમ આવૃતિ : પ્રત-૧૦૦૦
સંવત-૨૦૫૧ના આસો વદી-૪
(પૂ. બહેનનો સમ્યક્ત્વપ્રાપ્તિદિન)

બીજી આવૃત્તિ : પ્રત ૧૦૦૦
વૈશાખ સુદ-૨, સવંત-૧૯૫૨
પૂ. ગુરુદેવશ્રીની ૧૦૭મી જન્મજયંતિ
દિનાંક-૧૯-૪-૯૬

કહાન સંવત-૧૫

મૂલ્ય : રૂ. ૫-૦૦

પ્રાપ્તિસ્થાન

(૧) શ્રી દિગંબર જૈન સ્વા. મંદિર ટ્રસ્ટ
શ્રી કાનજી સ્વામી માર્ગ,
પંચનાથ પ્લોટ, રાજકોટ (ફોન નં. : ૩૧૦૭૩)

(૨) શ્રી દિગંબર જૈન મુમુક્ષુ મંડળ
નવરંગપુરા, અમદાવાદ. (ફોન નં.૪૪૦૦૭૩)

મુદ્રક :
ભગવતી ઑફસેટ
સી-૧૫ બંસીધર એસ્ટેટ,
દરિયાપુર દરવાજા બહાર, બારડોલપુરા, અમદાવાદ.

લેસર ટાઈપ સેટિંગ
શાઈન આર્ટ કૉમ્પ્યુગ્રાફિક્સ
રાજનગર, પાલડી, અમદાવાદ-૭ટે.નં.૬૬૩૯૨૩૨



Please inform us of any errors on AtmaDharma.com@gmail.com



• પરમોપકારી પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજી સ્વામી •

Version 001: remember to check AtmaDharma.com & AtmaDharma.org for updates



સ્વ. શાન્તાબહેન બલુભાઈ શાહ
અવસાન તા. ૧૪-૧-૧૯૯૦

Please inform us of any errors on AtmaDharma.com@gmail.com

# સ્વ. શાંતાબેન બલુભાઈ શાહને સ્મરણાંજલિ

આપની વસમી વિદાયને આજે છ વર્ષ કરતાં પણ વધુ સમયના વહાણા વાયાં છતાં તમારી યાદ અમો ભૂલી શકતા નથી. શ્રદ્ધા, સંયમ, ત્યાગ અને અખૂટ મનોબળની ભાવનાથી સદૈવ ઝળહળતો આપનો આનંદમય્ સ્વભાવ આપના આદર્શો, સ્વાશ્રયીજીવન, નિખાલસતા, મધુરવાણી અમારા હૈયે અવિરત ગુંજ્યા કરે છે આપના વિયોગના દુઃખનું નિવારણ કરવું મુશ્કેલ છે.

તા. ૧૩-૧૦-૯૦ની અંતિમ રાત્રે તમે ૩ થી ૭ સુધી સમયસારજી શાસ્ત્રની ગાથાઓ વગેરેનું નીચે પ્રમાણે સ્મરણ કરાવ્યું તે ઉપરથી તમારા અંતરધોલનમાં કેવા નિર્મળ ભાવોનું રટણ થઈ રહ્યું છે. તેને ખ્યાલ આવે છે.

હું એક શુદ્ધ સદા અરૂપી, જ્ઞાનદર્શનમય ખરે,
કંઈ અન્ય તે મારું જરી, પરમાણુમાત્ર નથી અરે.
છું એક શુદ્ધ મમત્વહીન હું, જ્ઞાનદર્શન પૂર્ણ છું,
એમાં રહી સ્થિત લીન એમાં શીઘ્ર આ સૌ ક્ષય કરું.
આમાં સદા પ્રીતિવંત બન, આમાં સદા સંતુષ્ટને,
આનાથી બન તું તૃપ્ત તુજને, સુખ અહો ઉત્તમ થશે.
તું સ્થાપ નિજને મોક્ષ પંથે, ધ્યા અનુભવ તેહને,
એમાંજ નિત્ય વિહાર કર, નહિ વિહર પરદ્રવ્યો વિષે.
છેલ્લી કસોટી આકરી પ્રભુ મુંઝવે સૌને ઘણી,
કૃપા કરીને તારજે મને ભક્તજન તારો ગણી;
શરીર બહુ નિર્બળ બને, ને શ્વાસ છેલ્લો સંચરે,
એવા વેળા તું આપજે, ના હોય અગવડ કોઈને.

આ રટણ કરતાં આપે અંતિમ પળ સુધી કોઈની સેવા લીધી નહિ. પરમ દયાળુ જિનદેવના માર્ગે તમારો પુણ્યાત્મા શાશ્વત સુખશાંતિ પ્રાપ્ત કરે એ જ અમારી પ્રાર્થના.

લિ. બલુભાઈ શાહ (પતિ)

| | | | |
|---|---|---|---|
| કિરીટકુમાર | - પુત્ર | કનકલત્તા | - પુત્રવધુ |
| ઈન્દિરાબેન | - પુત્રી | હંસાબેન | - પુત્રી |
| કલ્પનાબેન | - પુત્રી | આશાબેન | - પુત્રી |
| સુચિતાબેન | - પુત્રી | પૂર્ણિમાબેન | - પુત્રી |

# સંકલનકારનું પ્રકાશકીય પ્રાસ્તાવિક

આજથી ત્રણેક વર્ષ પહેલાંનો પૂ. ગુરુદેવશ્રીની પાવન સાધના ભૂમિ સોનગઢમાં એક શિક્ષણ શિબિરના શિક્ષાર્થી તરીકે થયેલો એક અનુભવ યાદ આવે છે. તે ઘટનાનું મૂળ હતું પર્યાયની યોગ્યતા સંબંધીનો મારો પ્રશ્ન. શિક્ષક અને અન્ય એક સુશિક્ષિત મુમુક્ષુએ ટકોર કરી કે યોગ્યતાની વાત ક્યાં લખી છે તે ખબર છે ? મેં એક યાદી શિબિરાર્થીઓની ઉપસ્થિતિમાં વાંચી જેમાં યોગ્યતા શબ્દના સંદર્ભગ્રંથોની માત્ર યાદી આપવામાં આવેલી. ઉપરોક્ત સુશિક્ષિત બંધુએ મજાક કરતાં કહ્યું કે આ તો "લઘુ જૈન સિદ્ધાંત પ્રવેશિકા"ના પરિશિષ્ટમાંથી ઉતારી લાવ્યા છો ને ? 'મેં હા કહી. શિક્ષકશ્રીએ બધાની વચ્ચે કહ્યું કે પર્યાયની યોગ્યતા જેવું કાંઈ હોતું નથી. દ્રવ્ય પરિણમે તેને પર્યાય કહેવાય છે. પર્યાય નામનું કોઈ ભિન્ન અસ્તિત્વ છે જ નહિ. આ બનાવ યોગ્યતા સંબંધી સંશોધન કરી ક્ષણિક ઉપાદાનરૂપ પર્યાયનું સ્વતંત્ર અસ્તિત્વ સિદ્ધ કરવાના કાર્યમાં મારા માટે પ્રેરક બન્યો. બે વર્ષ સુધી ભિન્ન ભિન્ન શાસ્ત્રોના સ્વાધ્યાયના કાર્ય વખતે યોગ્યતા અંગેનો સંદર્ભ મળતો ગયો તેમ તેમ નોંધ થતી રહી અને પરિણામે આશરે (બાવન) ભિન્ન ભિન્ન શાસ્ત્રો, અંકો, માસિકો, પુસ્તિકાઓ અને પૂ. શ્રીનાં પ્રવચનોમાંથી કુલ-૪૭૦ મુદ્દાઓ યોગ્યતા અંગેના સંકલિત થયા, જે આ નાનકડી પુસ્તિકારૂપે પ્રગટ થઈ રહેલ છે. ઉપર દર્શાવેલ ઘટના મારા નિજ કલ્યાણમાં નિમિત્ત બને તેવા બહોળા સ્વાધ્યાયમાં પ્રેરક બની તે બદલ સૌથી પ્રથમ હું તે મહાનુભાવોનો હૃદયપૂર્વક આભાર માનું છું.

આ લઘુપુસ્તિકામાં સંકલિત યોગ્યતા અંગેના મુદ્દાઓ વિવિધ પ્રકારના તાત્ત્વિક સિદ્ધાંતો સમજાવે છે. નિમિત્ત-ઉપાદાનનો સંબંધ, નિશ્ચય-વ્યવહારની વાત તથા પર્યાયોના ક્રમબદ્ધ પરિણમન તેમજ ષટ્કારકો વિષેની સ્પષ્ટતાઓ એટલા મોટા પ્રમાણમાં આમાં આવી ગઈ છે કે જાણે આ લઘુપુસ્તિકા વિશ્વના સમસ્ત પદાર્થોની સ્વકાળે સ્વજન્મક્ષણે સ્વયં પ્રગટતી પર્યાયોની સ્વતંત્રતાનો ઢંઢેરો ન હોય ! પર્યાયોની ક્ષણિક ઉપાદાનગત યોગ્યતાનો સ્વીકાર આવતાં અનાદિની પર્યાયને ફેરવવાની પર્યાયમૂઢતા દૂર થઈ જવાનો



Please inform us of any errors on AtmaDharma.com@gmail.com

અને પરસમયપણું દૂર થઈને સ્વસમયપણાની પ્રગટતાનો અપૂર્વ અવસર આવવાનો અવકાશ રહે છે. શરત માત્ર એટલી જ છે કે ગુરુનો આ સંદેશ ઝીલીને પરિણમી જવાની જે તે ઉપાદાનની "**યોગ્યતા**" હોય.

આ પુસ્તિકાના પ્રકાશનની ચર્ચા દેવલાલી મુકામે સંવત-૨૦૫૧ ના પાવન દશલક્ષણી પર્વ પ્રસંગે નીકળતાં મારા જૂના મિત્ર લીંબડીવાળા શ્રી પ્રાણલાલ ન્યાલચંદ શાહે એવો પ્રમોદ વ્યક્ત કર્યો કે ભાઈ ! આ પુસ્તિકાના પ્રકાશન અંગેનો બધો ખર્ચ મારી પાસેથી તમને મળી જશે. તેમની ભાવના પ્રગટ થવાની તત્સમયની યોગ્યતા હશે તેથી તેમની ભાવનાનો સ્વીકાર કરી તેમનાં સ્વ. માતાપિતાના સ્મરણાર્થે આ લઘુપુસ્તિકા વ્યક્તિગત ધોરણે પ્રકાશિત કરવામાં આવી રહી છે. આમાં ચોટીલાવાળા ગુલાબચંદ ઝવેરચંદ કોઠારીના મોટા દીકરા કાંતિલાલભાઈએ પણ તેમનાં ધર્મપત્ની અ. સૌ. મંજુલાબહેનના નામથી આર્થિક સહયોગ આગ્રહપૂર્વક આપેલ છે. પૂજ્ય બહેનના ભાઈશ્રી મુકુંદભાઈ ખારા તથા સદા સહકારી આત્માર્થી ભાઈ શ્રી શાંતિલાલભાઈ ઝવેરીનો પણ યથાયોગ્ય આર્થિક સહકાર મળવાને કારણે આ પ્રકાશન સરળતાપૂર્વક શક્ય બન્યું છે. આ બધા પ્રત્યે આત્માર્થી બંધુઓને વ્યક્તિગત ધોરણે આભાર પ્રદર્શિત કરું છું.

આ પ્રકાશનમાં સાથ-સહકાર આપનાર આદરણીય શ્રી પ્રભાકરભાઈ કામદાર તથા નવરંગપુરા જૈન દિગંબર મુમુક્ષુ મંડળના સર્વે ભાઈઓ તેમજ કમ્પોઝીંગ-પ્રિન્ટીંગ કરી આપનાર સંબંધિત સર્વેનો પણ આભાર માનવામાં આવે છે.

**સંવત ૨૦૫૧ના આસો વદી-૪**
**તારીખ : ૧૨ ઓક્ટો., ૧૯૯૫, ગુરુવાર**
**અમદાવાદ**

**સંકલનકાર**
**વજુભાઈ અજમેરા,**
**રાજકોટ**



Please inform us of any errors on AtmaDharma.com@gmail.com

# દ્વિતીય આવૃત્તિની પ્રસ્તાવના

"યોગ્યતા" સંબંધી સંકલનની પ્રથમ આવૃત્તિ ઓક્ટોબર-૧૯૯૫માં પ્રકાશિત થતાં જ બધી જ ૧૦૦૦ પ્રતોનું વિતરણ થઈ ગયું. સંકલનમાં ઘણા ઉપયોગી અને ઉચ્ચ સિદ્ધાંતોનું પ્રતિપાદન થવાથી બુધજનો ઘણા ખુશ થયા અને આદરણીય અધ્યાત્મ પ્રવક્તા વડીલભાઈ શ્રી લાલચંદભાઈએ જલદી "યોગ્યતા"ની બીજી આવૃત્તિ પ્રકાશિત થાય તેવી ભાવના વ્યક્ત કરી તેઓશ્રીની ભાવના કે લાગણીને આદેશ માનીને ઝડપથી આ બીજી આવૃત્તિ પ્રકાશિત કરવાનું આયોજન થયું.

યોગ્યતા પર્યાય સાથે સંબધિત હોવાથી પર્યાય સંબંધી પણ કેટલુંક ગુરુવાણીમાંથી સંકલિત કરી બીજી આવૃત્તિમાં વિભાગ-૨ રૂપે જોડવાનો ભાવ આવવાથી એ પ્રકારનું સંકલન કરી આ આવૃત્તિ સાથે જોડેલ છે. ઉપરાંત પ્રથમ આવૃત્તિના સંકલનમાં થોડો વધારો પણ બની શક્યો છે.

તાત્કાલિક બીજી આવૃત્તિ પ્રકાશિત કરવાનું નક્કી થયું અને પ્રકાશન વ્યક્તિગત ધોરણે જ કરવું હતું તેથી ખર્ચની રકમ અંગે વિચારવું પડે તેમ બન્યું. ફાળો તો કરવો જ નહોતો પરંતુ દરેક કાર્ય થવાની તેની જન્મક્ષણ હોય છે ને ? એવી જ કાર્ય પ્રગટ થવાની તે પર્યાયની તત્સમયની યોગ્યતા હોય છે ને ? તેથી સદૈવ સહકારી વાત્સલ્યયુક્ત વડીલ ભાઈશ્રી શાંતિલાલભાઈ ઝવેરી મારફત શ્રી બલુભાઈ શાહના ધર્મપત્ની સ્વ. શાંતાબહેનના સ્મરણાર્થે આ પ્રકાશન માટે રૂા. ૧૫૦૦૦ જેટલી સારી રકમ મળી. શ્રીમાન શાંતિભાઈ ઝવેરી તરફથી પણ આવશ્યક રકમની બાંહેધરી મળી તથા તેઓશ્રીના સહયોગ દ્વારા શ્રીમાન અનંતરાય અમુલખભાઈ શેઠનો પણ આર્થિક સહકાર મળ્યો. તથા ખૂટતી રકમની પૂર્તિ સ્વ. ચંદુલાલ ખીમચંદ મહેતાના સ્મરણાર્થે તેમના ધર્મપત્ની ધર્મવત્સલ બહેન સરોજબહેન તથા પરિવારજનો દ્વારા તત્ત્વરસિક તેમજ આત્માર્થી ભાઈશ્રી ચેતનભાઈ પાસેથી થઈ જતાં આ પ્રકાશનના ખર્ચ સંબંધી વિકલ્પો વિરમી ગયા. આ બધા સહકારી ગુરુભક્ત ભવ્યજનોનો વ્યક્તિગત રીતે આભાર વ્યક્ત કરવાનું સૌજન્ય પ્રગટ કરવું તે મારી ફરજ બને છે.

આ આવૃત્તિનું પ્રકાશન ઝડપથી, વ્યવસ્થિત અને પૂજ્ય ગુરુદેવશ્રીની ૧૦૭મી જન્મજયંતિ ઉપર થઈ જાય તેવા પ્રયાસો કરનાર આદરણીય આત્માર્થી વડીલ શ્રી પ્રભાકરભાઈ કામદાર, નવરંગપુરા તેમજ સમયસર કાર્ય પૂર્ણ કરવામાં સાથ આપનાર ભગવતી ઓફસેટવાળા શ્રી ભીખાભાઈ પટેલ તથા શાઈન આર્ટ કોમ્પ્યુગ્રાફીક્સવાળા શ્રી વિઠ્ઠલભાઈ ડાકવાલા પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરું છું.

**વજુભાઈ અજમેરા**
**રાજકોટ**

Version 001: remember to check AtmaDharma.com & AtmaDharma.org for updates

# અનુક્રમણિકા
# ''યોગ્યતા'' ના સંદર્ભો

| સંદર્ભ | પૃષ્ઠક્રમાંક |
|---|---|

## વિભાગ-૧


૧. **આત્મધર્મના અંકો** (મુદ્દા ૧ થી ૭) ૩

૨. **આત્મજાગૃતિના અંકો** (મુદ્દા ૧ થી ૫) ૮

૩. **પ્રવચન રત્નાકર** ૯

(ભાગ ૧ થી ૧૧) (મુદ્દા ૧ થી ૨૦૩)

(૧) ભાગ-૧ (૧ થી ૧૫) (૨) ભાગ-૨ (૧ થી ૧૩)

(૩) ભાગ-૩ (૧ થી ૧૧) (૪) ભાગ-૪ (૧ થી ૨૨)

(૫) ભાગ-૫ (૧ થી ૧૬) (૬) ભાગ-૬ (૧ થી ૧૧)

(૭) ભાગ-૭ (૧ થી ૧૮) (૮) ભાગ-૮ (૧ થી ૨૨)

(૯) ભાગ-૯ (૧ થી ૧૯) (૧૦) ભાગ-૧૦ (૧ થી ૩૩)

(૧૧) ભાગ-૧૧ (૧ થી ૨૩)

૪. **પ્રવચન નવનીત** ભાગ-૧,૨ (મુદ્દા ૧ થી ૨૦) ૫૦

(૧) ભાગ-૧ (૧ થી ૭) (૨) ભાગ-૨ (૧ થી ૧૩)

૫. **પ્રવચન રત્નચિંતામણિ** ભાગ- ૧ (મુદ્દા ૧ થી ૧૦) ૫૪

૬. **''આત્મસિદ્ધિ'' ઉપરનાં પૂ. ગુરુદેવશ્રીનાં પ્રવચનો** (મુદ્દા ૧થી૩૪) ૫૬

૭. **''પ્રવચનસાર પ્રવચનો''** (મુદ્દા ૧ થી ૧૧) ૬૩

૮. **જ્ઞાનસ્વભાવ-જ્ઞેયસ્વભાવ ક્રમબદ્ધ** ૬૫

પર્યાય ઉપરનાં પૂ. ગુરુદેવશ્રીનાં પ્રવચનો (મુદ્દા ૧ થી ૨૯)

૯. **શ્રી સમસારજી શાસ્ત્ર તથા ટેપ પ્રવચનો** (મુદ્દા ૧ થી ૧૪) ૭૨

૧૦. **શ્રી પ્રવચનસારજી તથા પંચાસ્તિકાય શાસ્ત્રો** (મુદ્દા ૧ થી ૬) ૭૩

૧૧. **શ્રી નિયમસારજી શાસ્ત્ર તથા ટેપ પ્રવચનો**(મુદ્દા ૧ થી ૧૧) ૭૪

૧૨. **શ્રી યોગસાર પ્રાભૃત-અમિગતિઆચાર્યકૃત** (મુદ્દા ૧ થી ૫) ૭૬

૧૩. **શ્રી સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા ગ્રંથ** (મુદ્દા ૧ થી ૫) ૭૮

૧૪. **દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ : શ્રી સોગાનીજીના પત્રો-બોલો** (મુદ્દા ૧થી૨૧) ૭૯




Please inform us of any errors on AtmaDharma.com@gmail.com

| સંદર્ભ | પૃષ્ઠક્રમાંક |
|---|---|
| ૧૫. જૈનેન્દ્ર સિદ્ધાંત કોષ (મુદ્દા ૧ થી ૯) | ૮૩ |
| ૧૬. ધ્યેયપૂર્વક જ્ઞેય પૂ. ગુરુદેવશ્રીનાં પ્રવચનો (મુદ્દા ૧ થી ૯) | ૮૪ |
| ૧૭. શ્રી પંચાધ્યાયીની પં. શ્રી ફૂલચંદજીની પ્રસ્તાવના (મુદ્દા ૧ થી ૧૨) | ૮૬ |
| ૧૮. શ્રી તત્ત્વાર્થસાર : શ્રી અમૃતચંદ્રાચાર્ય કૃત(મુદ્દા ૧ થી ૧૫) | ૮૯ |
| ૧૯. પં. શ્રી દેવકીનંદનજી કૃત પંચાધ્યાયી (ઉત્તરાર્ધ) ભાવાર્થ (મુદ્દા ૧ થી ૧૨) | ૯૦ |
| ૨૦. ડૉ. પં. શ્રી હુકમચંદજીકૃત "નિમિત્તોપાદાન" (મુદ્દા ૧થી૧૦) | ૯૨ |
| ૨૧. જૈન પથપ્રદર્શકનો નિમિત્ત-ઉપાદાન વિશેષાંક-૧૯૮૩ (મુદ્દા ૧ થી ૨૦) | ૯૪ |
| ૨૨. સમાધિતંત્ર (સમાધિશતક) શ્રી પૂજ્યપાદાચાર્ય કૃત (મુદ્દા ૧ થી ૫) | ૧૦૧ |
| ૨૩. પ્રકીર્ણ સંદર્ભો (મુદ્દા ૧ થી ૨૪) | ૧૦૩ |
| ૨૪. દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર પર્યાયદૃષ્ટિ વિનશ્વરમાંથી પૂ. શ્રીના વચનામૃતો | ૧૦૯ |
| ૨૫. પરમાગમ સાર પૂ. ગુરુદેવશ્રીનાં વચનામૃતો | ૧૧૩ |

## વિભાગ-૨

| | |
|---|---|
| ૧. પર્યાય સંબંધી કેટલુંક ગુરુવાણીમાંથી | ૧૧૮ |
| ૨. પ્રાસ્તાવિક | ૧૧૯ |
| ૩. પર્યાયના સ્વતંત્ર અસ્તિત્વ સંબંધી શાસ્ત્રીય સંદર્ભો | ૧૨૨ |
| ૪. પર્યાય - ક્ષણિક સત્રૂપ ઉપાદાન | ૧૨૪ |
| ૫. પર્યાયના ષટ્કારક પર્યાયમાં | ૧૯૫ |
| ૬. ક્રમબદ્ધ | ૨૦૦ |

# વિભાગ - ૧

# યોગ્યતા - એક સંકલન

## યોગ્યતાની વ્યાખ્યા :

**योग्यतैव विषय प्रतिनियम कारणमिति**

યોગ્યતા જ વિષયનું પ્રતિનિયામક કારણ છે. સામર્થ્ય, શક્તિ, પાત્રતા, લાયકાત, તાકાત તે યોગ્યતા શબ્દના ભિન્ન ભિન્ન અર્થો છે. આ બધા એકાર્થવાચક શબ્દો છે.

# ૧. આત્મધર્મના અંકોમાં ી યોગ્યતા સંબંધી સંદર્ભો

(૧) **આત્મધર્મ અંક નં. ૧૧૯ વીર સંવત ૨૪૭૯માંથી** યોગ્યતા સંબંધી સ્પષ્ટીકરણ.

પોતે અંદરમાં પાત્ર થઈને વસ્તુસ્થિતિ સમજે તો સમજાય. એની **પાત્રતા** વિના જ્ઞાની શું કરે ? એની **પાત્રતા** થયા વિના સાક્ષાત્ તીર્થંકર ભગવાન પણ તેને સમજાવી શકે નહિ. ઉપાદાનની **લાયકાત** વિના બીજો શું કરે ? ઉપાદાનમાં **લાયકાત** હોય તો બીજામાં નિમિત્ત તરીકેનો ઉપચાર આવે. અહો ! જ્યાં જુઓ ત્યાં ઉપાદાનની વિધિનો એક જ પ્રકાર છે. અમુક વખતે અમુક પ્રકારની પર્યાય કેમ થઈ ? કે એવી જ તે ઉપાદાનની **યોગ્યતા.** સમ્યગ્દર્શન કેમ થયું ? કે પર્યાયની **લાયકાતથી** રાગ કેમ થયો ? કે પર્યાયની તેવી **લાયકાતથી.** આ રીતે ઉપાદાન નિર્વચન છે એટલે કે તેમાં એક જ પ્રકાર છે, એક જ ઉત્તર છે. "આમ કેમ" ? કે એવી જ તે ઉપાદાનની **યોગ્યતા.** એ ખાસ ધ્યાન રાખવું કે **"ઉપાદાનની યોગ્યતા"** એમ જે વારંવાર કહેવામાં આવે છે તે ત્રિકાળી શક્તિરૂપ નથી; પણ એક સમયની પર્યાયરૂપે છે. એકેક સમયની પર્યાયમાં પોતાની સ્વતંત્ર **તાકાત** છે તેને ઉપાદાનની **યોગ્યતા** કહેવામાં આવે છે. સમય સમયની પર્યાયના સ્વતંત્ર ઉપાદાનની લોકોને ખબર નથી એટલે નિમિત્ત આવે તો પર્યાય થાય એમ ભ્રમથી માને છે, તેમાં એકલી સંયોગી-પરાધીન દૃષ્ટિ છે. અહો ! એકેક સમયની પર્યાયનું સ્વતંત્ર ઉપાદાન ! તેનો નિર્ણય કરવામાં તો વીતરાગી દૃષ્ટિ થઈ જાય છે. વસ્તુ સ્વરૂપ જ આવું છે, પણ અત્યારે તો લોકોને આ વાત કઠીન થઈ પડી છે.

ઉપાદાનની **યોગ્યતા** કહો, પર્યાયની **તાકાત** કહો, અવસ્થાની **લાયકાત** કહો, પર્યાયધર્મ કહો, સ્વકાળ કહો, કાળલબ્ધિ કહો, પોતાનો ઉત્પાદ કહો, પોતાનો અંશ કહો, ક્રમબધ્ધ પર્યાય કહો, નિયત કહો

Version 001: remember to check AtmaDharma.com & AtmaDharma.org for updates



કે તે પ્રકારનો પુરુષાર્થ કહો-એ બધું એક જ છે. તેમાંથી એકપણ બોલનો જો યથાર્થ નિર્ણય કરે તો તેમાં બધું આવી જાય છે. ઉપદેશમાં તો અનેક પ્રકારે નિમિત્તથી કથન આવે, પરંતુ ત્યાં સર્વત્ર ઉપાદાનની સ્વતંત્રતાને દૃષ્ટિમાં રાખીને તે કથનનો આશય સમજવો જોઈએ. મૂળ દૃષ્ટિ જ જ્યાં ઊંધી હોય ત્યાં શાસ્ત્રના અર્થ પણ ઊંધા જ ભાસે..... ઉપાદાનની વિધિ નિર્વચન કહી તેનો અર્થ એમ છે કે તેમાં એક જ પ્રકાર છે; જેટલા પ્રશ્નો પૂછો તે બધામાં એક જ ઉત્તર છે કે જ્યાં જ્યાં કાર્ય થાય છે ત્યાં ત્યાં ઉપાદાનની **લાયકાતથી** જ થાય છે..... સમય સમયનું ઉપાદાન સ્વાધીન-સ્વયંસિદ્ધ છે. ઉપાદાનની સ્વાધીનતાનો જેને નિર્ણય નથી તેને સમ્યગ્દર્શન પામવાની **યોગ્યતા** નથી..... જેમ ઉપાદાનમાં 'પર્યાયની **લાયકાત**' એવો એક જ પ્રકાર છે તેમ સમ્યગ્દર્શનમાં 'આત્માના અભેદ સ્વભાવનો આશ્રય' એવો એક જ પ્રકાર છે... ભેદના આશ્રયે અભેદ આત્માનો નિર્વિકલ્પ અનુભવ થતો નથી. જો ભેદના આશ્રયે લાભ માને તો મિથ્યાત્વ થાય છે.

**(૨) આત્મધર્મ અંક-૧૪૭માંથી શ્રી ગોમ્મટસારમાં યોગ્યતા અંગેનું સ્પષ્ટ કથન :**

निमित्तमांतरं तत्र योग्यता वस्तुनि स्थिता ।
बहिर्निश्चयकालस्तु निश्चितं तत्त्वदर्शिभि : ॥
(जीवकांड गाथा ५८० टीका)

શ્લોકાર્થ : તે વસ્તુને વિષે રહેલી પરિણમનરૂપ જે **યોગ્યતા** તે અંતરંગ નિમિત્ત છે, અને તે પરિણમનમાં નિશ્ચયકાળ બાહ્ય નિમિત્ત છે-એમ તત્ત્વદર્શીઓ વડે નિશ્ચય કરવામાં આવ્યો છે. નોંધ : (૧) અહીં અંતરંગ નિમિત્ત કહેતાં ક્ષણિક ઉપાદાનકારણ સમજવું અને બાહ્ય નિમિત્ત એટલે નિમિત્તકારણ સમજવું. (૨) અહીં પરિણમનરૂપ **યોગ્યતા** કહી તે વસ્તુની પર્યાયનો સ્વકાળ છે, અને તેમાં બાહ્ય નિમિત્ત કહ્યું તે પરકાળ છે. (૩) અહીં પરિણમનરૂપ

Please inform us of any errors on AtmaDharma.com@gmail.com

Version 001: remember to check AtmaDharma.com & AtmaDharma.org for updates



**યોગ્યતા** એમ કહ્યું છે એટલે આ વસ્તુની ત્રિકાળી **યોગ્યતાની** વાત નથી પણ તેની સમય સમયની પર્યાયની **યોગ્યતાની** વાત છે એ ખાસ ધ્યાનમાં લેવા યોગ્ય છે. (૪) દરેક વસ્તુની પોતાની **યોગ્યતાથી** જ કાર્ય થાય છે, નિમિત્તને લીધે કંઈ પણ થતું નથી. (આવો જે યોગ્યતાનો સ્પષ્ટ સિદ્ધાંત પૂ. ગુરુદેવ સમજાવે છે, તે સાંભળીને અનેક પંડિતો કહે છે કે "યોગ્યતા માટે કાંઈ શાસ્ત્રાધાર છે ?"- તેથી અહીં ગોમ્મટસાર શાસ્ત્રમાંથી એક મુખ્ય અને સ્પષ્ટ આધાર આપ્યો છે. બીજે પણ આ સંબંધી સ્પષ્ટ કથનો આવે છે.)

**(૩) ગોમ્મટસાર (કર્મકાંડ)માંથી :** (૧) જે પદાર્થ આગામી પર્યાયની **યોગ્યતા** રાખે છે તેને દ્રવ્ય નિક્ષેપ કહે છે. જેવી રીતે રાજાના પુત્રને રાજા કહેવો. (ગાથા-૫૨) (૨) આ જીવ મિથ્યાત્વાદિકના નિમિત્તે સમયે સમયે કર્મરૂપ પરિણમન **યોગ્ય** સમય પ્રબદ્ધ પ્રમાણ પરમાણુઓને ગ્રહણ કરીને કર્મરૂપ પરિણમાવે છે. (ગાથા-૧૯૦)

**(૪) આત્મધર્મ અંક ૬૦૯ માંથી :** સમ્યગ્દષ્ટિને રાગરહિત સ્વભાવનું ભાન હોવા છતાં રાગ કેમ થાય છે ? કે ચારિત્રગુણની તે પર્યાયમાં તેવા પરિણમનની **યોગ્યતા** છે. કર્મના ઉદયથી રાગ થાય છે એવી તો વાત જ નથી, પણ જે રાગ પોતાની નબળાઈથી થયો તે રાગની પણ પ્રધાનતા ધર્મીની દૃષ્ટિમાં નથી.

**(૫) આત્મધર્મ ડિસેંબર-૧૯૯૪ માંથી :** (૧) પરજીવ તો તેના પોતાના પરિણામથી બંધાય છે કે મુક્ત થાય છે. સુખી-દુઃખી તેની પોતાની પર્યાયની **યોગ્યતા** અનુસાર થાય છે. આ જીવના અધ્યવસાનને આધીન પરજીવની પર્યાય થતી નથી. (પાનું-૧૯) (૨) જે કષાયરહિત થયેલ નથી તેને કષાયરહિત માનવો તે મિથ્યાદૃષ્ટિ છે. સ્ત્રીનો દેહ છે માટે અકષાય પરિણામ થતા નથી-એમ નથી પણ એ જીવની એવી જ યોગ્યતા છે. સ્ત્રીને મુનિદશા ત્રણ કાળમાં હોતી નથી. એમાં શંકા કરવી તે હિંસા છે. (પાનું-૨૨).

**(૬) આત્મધર્મ ઓક્ટો-૧૯૯૪ માંથી :** (૧) અગિયારમા ગુણસ્થાનેથી કર્મના ઉદયના કારણે નથી પડતો, પણ પોતાની પર્યાયની

Please inform us of any errors on AtmaDharma.com@gmail.com

Version 001: remember to check AtmaDharma.com & AtmaDharma.org for updates



મર્યાદા જ - **લાયકાત** તેવી છે. ૧૧મા ગુણસ્થાને તો કાંઈ મોહનો ઉદય નથી, તેની ઉપશાંત મોહદશાનો કાળ પૂરો થતાં તે દસમા વગેરે ગુણસ્થાને આવી જાય છે. ક્ષપકશ્રેણી કેમ ન માંડી ? ઉપશમશ્રેણી માંડી તે જીવની **યોગ્યતા** જ ૧૧મા ગુણસ્થાન સુધી જવાની છે. (પાનું-૨૧). (૨) છઠ્ઠું-સાતમું ગુણસ્થાન પણ પોતાની પર્યાયની **યોગ્યતાથી** આવે છે. સંજ્વલનના મંદ ઉદયથી સાતમું અને તીવ્ર ઉદયથી છઠ્ઠું-એમ કહેવું એ તો નિમિત્તનું કથન છે, સમય સમયની પર્યાયની **યોગ્યતા** સ્વતંત્ર છે. (પાનું-૨૧-૨૨).

(૭) **આત્મધર્મ જાન્યુ-૯૫, માર્ચ-૯૫, એપ્રિલ-૯૫ વગેરે માંથી :** (૧) પોતાની ઊંધી માન્યતાના જોરથી બળવાન કર્મો બાંધ્યાં છે, ઘણાં કર્મો બાંધ્યાં છે. વળી તે કેવાં છે ? કે જેનો વિનાશ કરવો મુશ્કેલ છે એવાં ચીકણાં છે, ભારે છે અને વજ્ર સમાન અભેદ્ય છે. આવા બધાં વિશેષણોવાળાં કર્મ બંધાવામાં મૂળ શરૂઆતનું કારણ તો પોતાના ઊંધા અભિપ્રાયનું જોર છે. કેમકે એવા જીવભાવરૂપ નિમિત્ત વિના કર્મના ઉપાદાનમાં એવા રસની **યોગ્યતા** જ ન હોય. ઊંધા અભિપ્રાયના જોર વિના એવાં આકરાં કર્મ બંધાય જ નહિ. માટે આમાં ભલે કર્મની શક્તિ લખી હોય પણ તે મિથ્યાત્વભાવની શક્તિનું જોર બતાવે છે એમ સમજવું. (પરમાત્મ પ્રકાશ ગાથા-૭૮ પ્રવચન) (૨) વિકાર તે સમયની **યોગ્યતાથી** થવાનો હતો તે જ થયો છે-તેમ કહીને એક સમયના વિકારનું લક્ષ છોડાવી દૃષ્ટિને દ્રવ્ય તરફ દોરી છે. (જાન્યુ.-૯૫) (૩) એક સમયની પર્યાયને ગૌણ કરો તો બધા આત્મા ભગવાન જ છે. દ્રવ્ય તો ત્રિકાળ નિરાવરણ, અખંડ અને અવિનાશી છે. નિગોદથી માંડીને બધા જીવો ભગવાન છે. આવા પોતાના ભગવાન સ્વરૂપની જેને દૃષ્ટિ થઈ તેને આત્મા પ્રાપ્ત ન થાય એમ ત્રણ કાળમાં બને જ નહિ. જો આત્મા પ્રાપ્ત થતો ન હોય તો તેનું કારણ એ સમજવું કે આત્માને પકડવા માટે જેટલી **યોગ્યતા** જોઈએ એટલી **યોગ્યતા** નથી તેથી આત્મા

Please inform us of any errors on AtmaDharma.com@gmail.com

Version 001: remember to check AtmaDharma.com & AtmaDharma.org for updates



પ્રાપ્ત થતો નથી. (માર્ચ-૯૫) (૪) વાસ્તવમાં દર્પણના સ્વચ્છ સ્વભાવમાં જો અગ્નિ-આકારના પરિણમનની **શક્તિ** અને **યોગ્યતા** ન હોય તો આખું વિશ્વ એકત્ર થઈને પણ તેને અગ્નિના આકારે કરી શકે નહિ અને જો સ્વયં દર્પણમાં અગ્નિ-આકારે થવાની **શક્તિ અને યોગ્યતા** છે તો પછી તેને અગ્નિની શી અપેક્ષા છે ? (૧૯૭૬ના અંકમાંથી યુગલજીનો લેખ પાનું-૩૫) (૫) જિનબિંબની સ્થાપના છે, જિનબિંબ દર્શન છે, શુભભાવ છે એ જાણવા-યોગ્ય છે પણ આદરવાયોગ્ય નથી. એ જ રીતે દ્રવ્યનિક્ષેપ અને ભાવનિક્ષેપ પણ છે-એવી પર્યાયની **યોગ્યતા** છે પણ તે આદરવાયોગ્ય નથી. આ ચારેય નિક્ષેપોને પોતપોતાના લક્ષણભેદથી અનુભવ કરવામાં આવતાં તે ભૂતાર્થ છે, સત્યાર્થ છે અને ભિન્ન લક્ષણથી રહિત એક પોતાના ચૈતન્ય લક્ષણરૂપ જીવસ્વભાવનો અનુભવ કરતાં એ ચારેય અભૂતાર્થ છે, અસત્યાર્થ છે. (એપ્રિલ-૯૫ પાનું-૧૪) (૬) ભગવાન પૂર્ણાનંદ પ્રભુની સન્મુખ જાય છે ત્યારે **યોગ્યતારૂપ** તે ભવ્યત્વશક્તિ હતી એટલે કે ધર્મ પામવાની જે **યોગ્યતા** હતી તે વ્યક્ત થઈ. જેમ લીંડીપીપરમાં ૬૪ પહોરી તીખાશની શક્તિ હતી તે ઘૂંટવાથી વ્યક્ત થાય છે તેમ આ ભગવાન આત્મા પૂર્ણ આનંદથી ભરેલી વસ્તુ છે તેની સન્મુખ થતાં એટલે કે જે શક્તિ હતી તેનો સત્કાર અને આદર થતાં શક્તિરૂપ સ્વભાવ દશામાં વ્યક્તિરૂપ પ્રગટ થાય છે. (એપ્રિલ-૯૫ પાનું-૩૨)

■ ■ ■

*સ્વ-પરને જાણવાના સ્વભાવને કારણે પર જાણવામાં (જ્ઞાનમાં) આવ્યા એમ કહેવાય, પણ ખરેખર પર કાંઈ જાણવામાં (જ્ઞાનમાં) આવ્યું નથી, પણ પોતાનો સ્વ-પરને જાણવાનો સ્વભાવ જ અંદર જાણવામાં આવ્યો-પ્રસર્યો છે. (પૂ. શ્રી પ્રવ. રત્ના. ભાગ-૮, ૧૯૫)*

Please inform us of any errors on AtmaDharma.com@gmail.com

# ૨. આત્મજાગૃતિના અંકોમાંથી યોગ્યતા સંબંધી સંદર્ભો

(૧) સ્વચ્છંદ પ્રાયઃ દબાયો છે ત્યાં પછી પણ, માર્ગપ્રાપ્તિને રોકનારાં જે કારણો છે તેમાં પ્રથમ કારણ આ લોકની અલ્પ પણ સુખેચ્છા રહી જાય છે અને તે કારણને મટાડવા માટે ઉદય પ્રસંગોમાં ઈષ્ટ-અનિષ્ટપણું (અભિપ્રાયમાં) મટાડવા પુરુષાર્થ ચાલે છે. આ પ્રકારના પ્રયત્નને લીધે ક્યાંય પણ અલ્પ પણ સુખબુદ્ધિ ન રહે તેની અત્યંત કાળજી રહે છે, નહિ તો જીવની **યોગ્યતા** રોકાઈ જાય છે. (નવે-૯૪ પાનું-૮) (૨) આત્મજ્ઞાનની પ્રાપ્તિ ઈચ્છતા એવા આત્માર્થી જીવને સૌપ્રથમ આત્મજ્ઞાન પ્રાપ્ત એવા સત્પુરુષની ખોજ ઉત્પન્ન થાય છે. આમ થવાનું કારણ એ છે કે આ સિવાય આત્મજ્ઞાનની પ્રાપ્તિ સંભવ નથી તેવી સૂઝ હોય છે. આ સૂઝ એક ચોક્કસ પ્રકારની **યોગ્યતા** છે. (પાનું-૮) (૩) જ્યારે ખોજ કરતા જીવને ઓળખાણપૂર્વક **સત્ પુરુષનું** ચરણ સાન્નિધ્ય પ્રાપ્ત થાય છે ત્યારે તેને સત્પુરુષમાં પરમાત્માંનાં દર્શન થઈ પરમેશ્વરબુદ્ધિ ઉત્પન્ન થાય છે, અને તે મહાત્માને વિષે પરમ પ્રેમાર્પણ આવે છે, જે પરમ **યોગ્યતાનું** સૂચક છે. (પાનું-૮) (૪) અસંજ્ઞી પ્રાણીને પોતે શરીરથી વર્તમાન દેહાત્મબુદ્ધિરૂપ અવસ્થાથી ભિન્ન કોઈ વસ્તુ છે કે કેમ ? એવો તર્ક પણ ઉત્પન્ન થવાની **યોગ્યતા** નથી; તેથી તે પ્રાયઃ પ્રાપ્ત ઈન્દ્રિયો દ્વારા વિષયપૂર્તિ અર્થે જ ફર્યા કરે છે; તેથી મનરહિત અવસ્થાવાળાને અનંત ભવો ધારણ કરવાની સ્થિતિ આવી પડે છે; તેમાં જ અનંતકાળ વીતી જાય છે. (અંક-૨૭ પાનું-૧૩) (૫) સત્પુરુષની ઓળખાણ થવી તે સમ્યક્ત્વના કારણનું બીજ છે, અર્થાત્ સમ્યક્ત્વનું કારણ આત્મસ્વરૂપની ઓળખાણ છે અને તે ઓળખાણ થવાની **યોગ્યતા** વિદ્યમાન સત્પુરુષની ઓળખાણ સિવાય કદી કોઈને થઈ નથી, કારણ કે આત્મસ્વરૂપ મૂળમાં શક્તિરૂપ તત્ત્વ છે, જ્યારે સત્પુરુષનું સ્વરૂપ જેમાં પ્રગટપણે આત્મસ્વરૂપ વ્યક્ત થયું છે. તેથી વ્યક્તની ઓળખાણ થયા વિના અવ્યક્તની ઓળખાણ થાય તે અસંભવ છે. (અંક-૩૦, પાનું-૯) ■ ■ ■

# ૩. શ્રી સમયસારજી શાસ્ત્ર ઉપરનાં પૂ. ગુરુદેવશ્રીનાં પ્રવચનો

**પ્રવચનરત્નાકર ભાગ-૧ થી ૧૧ માંથી યોગ્યતા સંબંધી સંદર્ભો:**

(૧) **પ્રવચનરત્નાકર ભાગ-૧ માંથી :** (૧) આત્માની જ્ઞાનપર્યાયની એક સમયમાં જાણવાની તાકાત કેટલી ? પોતાના બધા ભાવ અને પરના બધા ભાવને એક સમયમાં જાણે તેવી તેની **યોગ્યતા** છે. આને મોક્ષતત્ત્વ અથવા કેળવજ્ઞાન તત્ત્વ કહીએ (પાનું-૧૫) (૨) ધર્મ એટલે ધારી રાખેલી **યોગ્યતા;** ગુણ નહીં. (ગુણને ધર્મ કહેવાય, પરંતુ ધર્મને ગુણ ન કહેવાય) ગુણ હોય તેને પર્યાય હોય. વસ્તુમાં એકપણું એ ગુણ નથી, પરંતુ ધર્મરૂપ **લાયકાત** છે. (પાનું-૨૩) (૩) માણસને ન સમજાય એ મનમાંથી કાઢી નાખવું જોઈએ, કારણ કે આત્મા એકલો સમજણનો પીંડ છે, ન સમજાય એવી **લાયકાતવાળો** નથી, સમજે એવી **લાયકાતવાળો** છે. માટે બુદ્ધિ થોડી અને અમે ન સમજી શકીએ એ વાત કાઢી નાખવી. આમાં બુદ્ધિનું કામ ઝાઝું નથી, પરંતુ યથાર્થ રુચિનું કામ છે. (પાનું-૬૮) (૪) જાણનાર જ્ઞેયાકારોના જ્ઞાનપણે પરિણમે તેથી તેને જ્ઞાયકપણું પ્રસિદ્ધ છે, તોપણ જ્ઞેય પદાર્થોના કારણે જ્ઞાન પરિણમ્યું છે એમ નથી; પરંતુ પોતાની પરિણમન **યોગ્યતાથી** પોતાનો જ્ઞાન આકાર પોતાથી થયો છે. (પાનું-૯૭) (૫) જ્ઞેયને જાણ્યું જ નથી પણ જ્ઞેયાકાર થયેલા પોતાના જ્ઞાનને જાણ્યું છે. જ્ઞેયોનું જ્ઞાન તે જ્ઞાનની અવસ્થા છે, જ્ઞેયની નથી. જ્ઞાન જ્ઞેયના આકારે પરિણમે છે તે જ્ઞાનની પર્યાયની પોતાની **લાયકાતથી** પરિણમે છે, જ્ઞેય છે માટે પરિણમે છે એમ નથી (પાનું-૯૮) (૬) જ્ઞેયને જાણવારૂપ જ્ઞાનની **યોગ્યતાના** કારણે જ જ્ઞાનનું જ્ઞેયાકાર પરિણમન થાય છે. આ કારણે જ્ઞાનમાં જ્ઞેયકૃત અશુદ્ધતા નથી હોતી. જ્ઞેયનું જ્ઞાન થવાની પોતાની **લાયકાતથી** જ્ઞાન થયું છે. (પાનું-૯૮) (૭) દ્રવ્ય શુદ્ધ

Version 001: remember to check AtmaDharma.com & AtmaDharma.org for updates



છે તો પર્યાયમાં અશુદ્ધતા આવી ક્યાંથી ? સમાધાન એમ છે કે પર્યાયમાં અશુદ્ધતાનો ધર્મ છે, એવી **યોગ્યતા** છે. અશુદ્ધતા કર્મને લઈને આવી નથી. અશુદ્ધતા પર્યાયનો ધર્મ છે. (પાનું-૧૭૨) (૮) પર્યાયમાં વિકાર થવા **યોગ્ય** જીવની દશા છે અને વિકાર કરનાર એટલે અહીં કર્મ જે નિમિત્ત છે એને વિકાર કરનાર છે એમ કહ્યું છે. વિકારી થવા **યોગ્ય** પર્યાય તો પોતાના ઉપાદનથી થઈ છે; ઉપાદાનપણે કરનાર પોતે છે; એમાં કર્મનું નિમિત્ત છે. વિકારી થવા **યોગ્ય** એમ કહીને જીવની પર્યાયની **લાયકાત** બતાવી છે. દ્રવ્ય સ્વભાવ તો એવો નથી. (પાનું-૧૯૪) (૯) પર્યાયમાં બીજાનો સંગ-સંબંધ થવાથી તેને નવ ભેદ ઊભા થાય છે. દ્રવ્યમાં તો કોઈ એવી શક્તિ (ગુણ) નથી જે વિકાર કરે. જો ગુણ એવો હોય તો વિકાર ટળે નહિ ત્યારે કોઈ એમ કહે કે પર્યાયમાં વિકાર થાય છે ને ? સમાધાન એમ છે કે પર્યાયબુદ્ધિવાળાને પર્યાયની **યોગ્યતાથી** થાય છે, દ્રવ્યબુદ્ધિવાળાને નહીં. દ્રવ્યબુદ્ધિવાળાને એનો નિષેધ થઈ ગયો છે, એ તો જ્ઞાતા થઈ ગયો છે. (પાનું-૧૯૫) (૧૦) રાગદ્વેષ, મિથ્યાત્વ વિષયવાસના-એમાં અટકવા **યોગ્ય**, બંધાવા **યોગ્ય લાયકાત** જીવની પર્યાયની છે, તે ભાવબંધ છે. સામે પૂર્વકર્મનું નિમિત્ત છે એ બંધન કરનાર છે. આને અહીં દ્રવ્યબંધ કહ્યો છે. ભગવાન આત્મા તો અબદ્ધસ્પૃષ્ટ છે, પણ એની પર્યાયમાં **બંધયોગ્ય લાયકાત છે** તે ભાવબંધ છે. (એ જ રીતે) મોક્ષ થવા **યોગ્ય** જીવની પર્યાય છે. જીવની પર્યાયમાં મોક્ષ થવાની **લાયકાત** છે. ત્રિકાળી ચીજ છે એ તો મોક્ષસ્વરૂપ જ છે. મોક્ષ થવા **યોગ્ય** જીવની પર્યાય તે ભાવમોક્ષ છે અને સર્વ કર્મના અભાવરૂપ નિમિત્ત તે મોક્ષ કરનાર દ્રવ્ય-મોક્ષ છે. (પાનું-૧૯૬) (૧૧) જીવદ્રવ્યનો સ્વભાવ સર્વકાળે અસ્ખલિત છે. પર્યાય છે એ તો બદલતો-પલટતો પ્રવાહ છે. ત્રિકાળી જ્ઞાયક ચૈતન્ય છે એ તો ત્રિકાળ ધ્રુવ, ધ્રુવ, ધ્રુવ અસ્ખલિત જેમાં વધઘટ નથી, ઓછું-અધિક નથી એવો એકરૂપ છે. પર્યાય છે એ

Please inform us of any errors on AtmaDharma.com@gmail.com

Version 001: remember to check AtmaDharma.com & AtmaDharma.org for updates



તો ભિન્ન ભિન્ન **યોગ્યતાથી** થાય છે, સ્વભાવ એક સદૃશ, નિત્ય, ધ્રુવ રહે છે. (પાનું-૧૯૭) (૧૨) વિકાર થવામાં પરકારકની અપેક્ષા નથી. નિશ્ચયથી વિકાર પરની અપેક્ષા વિના થાય છે. અહીં જે કહ્યું કે 'પરદ્રવ્યના નિમિત્તથી થવાવાળા' એ તો નિમિત્તનું જ્ઞાન કરાવ્યું છે બાકી નિશ્ચયથી વિકાર થાય છે પોતામાં પોતાની અપેક્ષાથી, પરકારકની એમાં અપેક્ષા છે જ નહિ. પરદ્રવ્યના નિમિત્તના સંબંધે પોતામાં **યોગ્યતાથી** પર્યાય થાય છે. પર્યાય થાય છે પોતાથી, પરથી નહીં (પાનું-૨૧૬) (૧૩) વર્તમાનમાં જોતાં અન્ય-અન્ય ગતિરૂપ અવસ્થાઓ છે. અંદરમાં આત્માની મનુષ્યપણાની, નારકીપણાની આદિ **યોગ્યતારૂપ** પર્યાય છે. બહારમાં મનુષ્ય કે નારકીનો દેહ દેખાય છે એની વાત નથી. એ તો જડ માટી છે, એ કાંઈ મનુષ્યાદિ પર્યાય નથી... ચૈતન્યાકાર આત્મસ્વભાવને જોતા નરક, મનુષ્ય કે પંચેન્દ્રિયાદિની જે **યોગ્યતાઓ** પર્યાયમાં છે તે સર્વ યોગ્યતાઓ અભૂતાર્થ છે. તે અન્ય-અન્ય પર્યાયોથી જ્ઞાયકભાવ ભેદરૂપ થતો નથી. પર્યાયમાં ત્રિકાળી આવતો જ નથી. (પાનું-૨૩૨) (૧૪) જળ તો સ્વભાવથી ઠંડું છે, પણ પોતાની **યોગ્યતા** અને અગ્નિના નિમિત્તથી ઉષ્ણ થાય છે-પર્યાયમાં. ઉષ્ણતા પોતાની પર્યાયમાં પોતાથી છે. અગ્નિ તો નિમિત્તમાત્ર છે. પાણીની ઉષ્ણ અવસ્થા અગ્નિથી થઈ છે એમ નથી. ઉષ્ણ થવાની તે સમયે જન્મક્ષણ છે તો થઈ છે. (પાનું-૨૩૮) (૧૫) રાગની પર્યાય વ્યય પામીને અંદર ધ્રુવમાં ભળી જાય છે ને ? ના, બિલકુલ ભળતી નથી. રાગનો નાશ થાય છે ત્યારે તે અંદર પારિણામિક ભાવરૂપ થઈ જાય છે. આત્મામાં જે વર્તમાન રાગ થાય તે બીજા સમયે નાશ પામી જાય છે તે **યોગ્યતારૂપે** પારિણામિક ભાવરૂપ થઈ જાય છે. (પાનું-૨૫૧)

**(૨) પ્રવચનરત્નાકર ભાગ-૨ માંથી :** (૧) સ્ફટિક-પાષાણની નજીકમાં કાળા, લાલ આદિ ફૂલ હોય તો જે એનું પ્રતિબિંબ સ્ફટિકમાં

Please inform us of any errors on AtmaDharma.com@gmail.com

Version 001: remember to check AtmaDharma.com & AtmaDharma.org for updates



પડે તે સ્ફટિકની **યોગ્યતાથી** પડે છે, પણ એ લાલ, કાળા આદિ ફૂલને લઈને પડે છે એમ નથી. ફૂલ તો નિમિત્ત છે અને નૈમિત્તિકમાં જે લાલ આદિ ફૂલનું પ્રતિબિંબ દેખાય છે એ તો સ્ફટિકની તે પ્રકારની પોતાની પર્યાયની વર્તમાન **યોગ્યતાને** લીધે છે. તેવી જ રીતે કર્મના ઉદયરૂપ રંગને લીધે આત્મામાં રાગ-દ્વેષરૂપ રંગ ઊઠે છે એમ નથી. કર્મનો ઉદય તો નિમિત્ત છે અને નૈમિત્તિક રાગ-દ્વેષ જે આત્મામાં ઊઠે છે તે તે પ્રકારની પોતાની પર્યાયની **યોગ્યતાને** લીધે છે. (પાનું-૮૦) (૨) આત્મામાં વિકાર કરવાની કોઈ શક્તિ નથી. એવો ગુણ નથી જે વિકાર કરે. વિકાર જે પર્યાયમાં થાય છે એ તો પર્યાયની **યોગ્યતાથી** પર્યાયમાં થાય છે, પણ કર્મથી નહિ અને દ્રવ્ય-ગુણથી પણ નહિ. (પાનું-૧૦૩) (૩) અજ્ઞાની બંધપર્યાયના કારણે નહિ પણ બંધપર્યાયને વશ થઈને પરને પોતાનાં માને છે. અજ્ઞાની જડકર્મને વશ થઈ અધર્મને સેવે છે. પર્યાયમાં પરને વશ થવાનો ધર્મ-**યોગ્યતા** છે તેથી તે પરને વશ થઈને રાગાદિ કરે છે. (પાનું-૧૨૨) (૪) એક એક વિષય જાણવાની **યોગ્યતાવાળો** ક્ષયોપશમભાવ તે ભાવેન્દ્રિય છે. તે પણ ખરેખર પરજ્ઞેય છે. (પાનું-૧૨૫) (૫) વાણી સાંભળી માટે જ્ઞાન થયું; પહેલાં તો તે ન હતું ? ભાઈ ! તે કાળે તે (જ્ઞાનની) પર્યાયની તે પ્રકારના જ્ઞેયને જાણવાની **યોગ્યતા** હતી. તેથી જ્ઞાન પોતાથી થયું છે, વાણીના કારણે નહિ. (પાનું-૧૨૭) (૬) ભાવક જે કર્મ છે તેને અનુસરીને પર્યાયમાં જે વિકાર થવાની **લાયકાત** છે તે ભાવકનું ભાવ્ય છે. નિમિત્તના વલણમાં ભાવ્ય-ભાવકપણાની એકપણાની જે વૃત્તિ થાય છે તે ભાવ્ય-ભાવક સંકરદોષ છે. (પાનું-૧૩૩) (૭) જે સત્તામાં મોહકર્મ છે તે હવે ફળ દેવાના સામર્થ્યથી ઉદયમાં આવે છે. તે સમયે જ્ઞાનીની પર્યાયમાં તેને અનુસરીને અસ્થિરતારૂપ ભાવ્ય થવાની **યોગ્યતા** પણ છે. આ પ્રમાણે બંનેની અસ્તિ સિદ્ધ કરી (પાનું-૧૩૬) (૮) ક્રોધ અને માન દ્વેષરૂપ છે અને માયા તથા લોભ

Please inform us of any errors on AtmaDharma.com@gmail.com

રાગરૂપ છે. ચારિત્ર મોહનો ઉદય તો જડમાં આવે છે. છતાં સમકિતી અને મુનિને પણ ચારિત્રમોહના ચારેય પ્રકારના ઉદયને અનુસરીને કષાયરૂપે પરિણમવાની **યોગ્યતા** છે. (પાનું-૧૩૮) (૯) રાગને ન કરે એવો અકર્તૃત્વ ગુણ આત્મામાં છે. છતાં પર્યાયમાં જે રાગ થાય છે તે કર્મના નિમિત્તે, કર્મને અનુસરીને થવાની **યોગ્યતા** પર્યાયમાં હોવાથી થાય છે. તે પર તરફનું વલણ છોડી સ્વનું વલણ કરવું તે સાચો પુરુષાર્થ છે. (પાનું-૧૩૯) (૧૦) ઘાતીકર્મને કારણે આત્મામાં ઘાત થાય છે એમ નથી. પરંતુ દ્રવ્યઘાતી કર્મના ઉદયકાળે પર્યાયમાં તે જાતની હીણી દશારૂપે પરિણમવાની એટલે ભાવઘાતીરૂપે થવાની પોતાની **લાયકાત** છે, પરંતુ કર્મના કારણે તે **લાયકાત** નથી. કર્મના કારણે કર્મમાં પર્યાય થાય છે, આત્મામાં નહિ. (પાનું-૧૪૦) (૧૧) પુરુષાર્થ વડે મોહનો નાશ થાય છે એમ કહેવું એ તો નિમિત્તનું કથન છે. કર્મનો જે ક્ષય થાય છે એ તો એની પોતાની **યોગ્યતાથી** થાય છે. સ્વભાવ તરફના ઉગ્ર પુરુષાર્થના સમયે કર્મમાં ક્ષય થવાની **યોગ્યતા** હોય છે તે એની પોતાથી છે. સ્વભાવ સન્મુખતાના અતિ ઉગ્ર પુરુષાર્થથી જ્યારે કેળવજ્ઞાન પ્રગટે છે ત્યારે ચાર ઘાતી કર્મોનો ક્ષય થાય છે એમ (નિમિત્તથી) કહેવાય છે. ખરી રીતે તો તે કર્મો નાશ થવાની **યોગ્યતાવાળા** હતા તેથી ક્ષયપણાને પામે છે. તે કાળે કર્મની પર્યાય અકર્મરૂપે થવા **યોગ્ય** હોય છે તેથી થાય છે. (પાનું-૧૪૬) (૧૨) અજ્ઞાની એક વાર કે બે વારમાં સમજતો નથી એટલે શ્રી ગુરુ તેને વારંવાર સમજાવે છે કે 'રાગ અને આત્મા ભિન્ન ભિન્ન છે, વ્યવહાર કરતાં કરતાં નિશ્ચય ન થાય, રાગ કરતાં કરતાં વીતરાગતા ન થાય, ઈત્યાદિ' આમ વારંવાર સાંભળે છે. વારંવાર સાંભળવાની **યોગ્યતા** હતી તેથી વારંવાર સાંભળવાથી શિષ્યને જિજ્ઞાસા થઈ કે- અહો ! આ શું કહે છે ? (પાનું-૧૭૯) (૧૩) સ્પર્શ, રસ, ગંધ, વર્ણ જેનું નિમિત્ત છે એવા સંવેદનરૂપે પરિણમ્યો હોવા છતાં પણ સ્પર્શાદિરૂપે પોતે પરિણમ્યો નથી માટે પરમાર્થે

Version 001: remember to check AtmaDharma.com & AtmaDharma.org for updates



હું સદાય અરૂપી છું. જુઓ, સ્પર્શ, રસ આદિનું જ્ઞાન જે થાય છે તે મારા પોતાથી થાય છે, નિમિત્તથી નહિ, અને સ્પર્શાદિ નિમિત્તની હયાતી છે તો મારામાં જ્ઞાન થાય છે એમ પણ નથી. તત્સંબંધી જ્ઞાનરૂપે પરિણમવાની **યોગ્યતા** મારામાં સહજ સ્વભાવથી જ છે. (પાનું-૨૨૩)

(૩) **પ્રવચનરત્નાકર ભાગ-૩ માંથી :** (૧) સ્વભાવની દૃષ્ટિએ દયા, દાન, વ્રત, ભક્તિ આદિનો રાગ કર્મજન્ય છે. જડ કર્મનો સંબંધ આત્માને અસદ્ભૂત વ્યવહારનયથી છે, રાગનો સંબંધ અશુદ્ધ નિશ્ચયનયથી છે અને મતિજ્ઞાન આદિનો પણ ત્રિકાળી આત્મા સાથે અશુદ્ધ નિશ્ચયનયથી સંબંધ છે. ચાર ગતિની **યોગ્યતા** જે છે તેને પણ અશુદ્ધ નિશ્ચયનયથી આત્મા સાથે સંબંધ છે, કેમકે તે આત્માની પર્યાયમાં છે. (પાનું-૪૪) (૨) સર્વજ્ઞ પરમેશ્વરની દિવ્યધ્વનિમાં જે આવ્યું તે અનુસાર આ શાસ્ત્રો રચાયાં છે, તે શાસ્ત્રોમાંનું આ 'સમયસાર' એક શાસ્ત્ર છે. આચાર્યદેવે ભવ્યજીવોને આ 'સમયસાર'રૂપ ભેટણું આપ્યું છે. ભગવાનને ભેટવું હોય તો આ 'સમયસાર'ને સમજ. અહો ! દિગંબર સંતોએ તો જગતને હથેળીમાં આત્મા બતાવ્યો છે. જેની **યોગ્યતા** હશે તે પ્રાપ્ત કરશે. (પાનું-૭૪) (૩) ઉપદેશમાત્રથી લાભ ન થાય એમ આપ કહો છો અને હિતનો ઉપદેશ તો આપ આપો છો. ભાઈ, વાણીના કાળે વાણી નીકળે છે અને સાંભળનારને પણ તેની **યોગ્યતાના** કાળે એવું નિમિત્ત હોય છે. (પાનું-૮૫) (૪) સ્ત્રીને ત્રણ સંહનન હોય છે, અને તેથી તેને કેવળજ્ઞાન થાય નહીં એમ શાસ્ત્રમાં આવે છે. એ' તો સ્ત્રી પર્યાયમાં કેવળજ્ઞાન થવાની **યોગ્યતા** નથી તેથી થતું નથી. ત્યારે નિમિત્ત કેવું હોય છે તેનું જ્ઞાન કરાવ્યું છે. સ્ત્રીનું શરીર છે માટે સાધુપણું આવતું નથી એમ નથી પરંતુ સ્ત્રીનો દેહ હોય તેને આત્માની પરિણતિનું છઠ્ઠું ગુણસ્થાન આવે એવી **યોગ્યતા** જ હોતી નથી એમ નિમિત્તનું ત્યાં યથાર્થ જ્ઞાન કરાવ્યું છે. (પાનું-૯૭) (૫) પુદ્ગલ પરિણામનું

Please inform us of any errors on AtmaDharma.com@gmail.com

Version 001: remember to check AtmaDharma.com & AtmaDharma.org for updates



જ્ઞાન એટલે કે જે કાળે જે પ્રકારના રાગાદિ પરિણામ થાય છે તે કાળે તેનું જ્ઞાન થવાની પોતાની **લાયકાત** હોવાથી, તે રાગાદિને જાણે છે. રાગાદિ થાય છે તે કારણે જ્ઞાન તેને જાણે છે એમ નથી. પણ જે તે કાળે સ્વપરને જાણવાની દશા પોતાને પોતાથી થઈ છે. (પાનું-૧૦૨, ભાગ-૪) (૬) બંધનું કારણ-નિમિત્ત રાગાદિ એક હોવા છતાં પ્રકૃતિ ભિન્ન ભિન્ન બંધાય છે અને તેની સ્થિતિ પણ ભિન્ન ભિન્ન કેમ પડે છે ? તો કહે છે કે ઉપાદાન સ્વતંત્ર છે માટે એમ થાય છે. નિમિત્તપણે રાગ એક જ હોવા છતાં પોતાની **યોગ્યતાને** કારણે-પ્રકૃતિવિશેષની **યોગ્યતાને** કારણે તેવી પર્યાય થાય છે... ઉપાદાનની-તે સમયના પરમાણુના પર્યાયની **યોગ્યતા** જ એવી છે. કાંઈ નિમિત્ત કારણથી આમ થતું નથી. પરમાણુની સ્થિતિ ઓછી-અધિક થવાની તે કાળે પોતાની **યોગ્યતા** છે તેથી એમ થાય છે. ભિન્ન ભિન્ન સ્થિતિ બંધાય છે તે પ્રકૃતિઓના પરમાણુના ઉપાદાનની સ્વતંત્રતા છે. (પાનું-૧૧૫) (૭) કર્મમાં જે પ્રકૃતિ, પ્રદેશ, સ્થિતિ અને અનુભાગ બંધ છે તે તેના ઉપાદાનમાં-જડમાં છે. પરંતુ જીવની પર્યાયમાં કર્મને અનુસાર જે **યોગ્યતા** છે તે જીવમાં છે. એમાં કર્મ તો નિમિત્તમાત્ર છે. જ્યાં નિમિત્ત છે ત્યાં ઉપાદાનમાં પણ એવી જ **યોગ્યતા** હોય છે. કર્મપ્રકૃતિમાં જેટલી **યોગ્યતા** છે તેટલી જ **યોગ્યતા** ઉપાદાનમાં છે. જેટલો સ્થિતિબંધ અને જેટલો પ્રદેશબંધ છે તેટલા પ્રમાણમાં ઉપાદાનની (જીવની) પર્યાયમાં અશુદ્ધતાની **યોગ્યતા** છે. (પાનું-૧૨૧) (૮) આ દેવ-મનુષ્ય આદિ ગતિની અર્થાત્ ઉદયભાવની વાત છે, શરીરની નહિ. દેવ-મનુષ્ય આદિના શરીર સાથે તો જીવને કાંઈ સંબંધ નથી, એ તો પ્રત્યક્ષ જડ છે એની વાત નથી. અંદર જે ગતિની **યોગ્યતા** દેવ-મનુષ્યાદિની છે તેને વ્યવહારથી આ દેવ જીવ, આ મનુષ્ય જીવ.... ઈત્યાદિ જીવપણે કહેવામાં આવે છે. (પાનું-૧૯૮) (૯) શ્રી જયસેનાચાર્યની પ્રવચનસાર

Please inform us of any errors on AtmaDharma.com@gmail.com

Version 001: remember to check AtmaDharma.com & AtmaDharma.org for updates



ગાથા-૪૫ની ટીકામાં તો આવે છે કે દ્રવ્ય મોહકર્મનો ઉદય હોવા છતાં, જીવ જો પોતે શુદ્ધપણે પરિણમે તો, ઉદય ખરી જાય છે. કર્મનો ઉદય આવે છે માટે જીવને વિકાર કરવો પડે છે એમ બિલકુલ નથી. પોતાના વર્તમાન પુરુષાર્થની જેટલી **યોગ્યતા** હોય તેટલો વિકારપણે પરિણમે છે. કર્મનો ઉદય હોવા છતાં વિકારપણે ન પરિણમે એ જીવની પોતાની પરિણતિની સ્વતંત્રતા છે. (પાનું-૨૦૬) (૧૦) પ્રશ્ન : જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ થાય તો જ્ઞાન ઊઘડે ને ? ઉત્તર : (ના.) પોતાની **યોગ્યતાથી** જ્ઞાન ઊઘડે છે તેવી રીતે પોતાની **યોગ્યતાથી** આત્મામાં (પર્યાયમાં) વિકાર થાય છે. વર્તમાન સંસાર અવસ્થામાં જ્ઞાનની જે ઓછપ છે તે પોતાને કારણે છે. કર્મના ઉદયને કારણે થઈ છે એમ નથી. એનું ઉપાદાનકારણ પોતે આત્મા છે. પોતાની **યોગ્યતાથી** જ જ્ઞાનમાં ઓછપ થઈ છે, કર્મના કારણે નહિ... પોતાની **યોગ્યતાથી** પોતામાં અને કર્મના કારણે કર્મમાં ક્ષયોપશમ થાય છે. (પાનું-૧૦૨) (૧૧) જ્યારે નિશ્ચય અને વ્યવહાર એકસાથે પ્રગટે છે ત્યારે વ્યવહારને નિશ્ચય અડ્યો જ નથી. અહાહા ! નિર્મળ પર્યાય રાગને અડતી જ નથી... વ્યવહાર આવે છે, હોય છે. તેની આવવાની **યોગ્યતા** હોય ત્યારે તે આવે છે; પરંતુ એનાથી નિશ્ચય પ્રગટે છે એમ નથી. (પાનું-૨૫૦)

**(૪) પ્રવચનરત્નાકર ભાગ-૪ માંથી** : (૧) પ્રશ્ન : અહીં પર્યાયમાં રાગાદિભાવ છે તેથી પરમાણુઓ જ્ઞાનાવરણાદિ કર્મપણે પરિણમે છે ને ? ઉત્તર : એમ નથી ભાઈ ! એ **કર્મયોગ્ય** પરમાણુઓની કર્મભાવે પરિણમવાની જે તે સમયે **યોગ્યતા** છે-તેની જન્મક્ષણ છે તેથી સ્વયં જ્ઞાનાવરણાદિ કર્મભાવે પરિણમે છે અને ત્યારે રાગાદિભાવ છે તે એમાં નિમિત્ત છે. (પાનું-૪) (૨) જ્ઞાન અને આત્મા એક છે-એમ જે જ્ઞાનમાં પોતાપણે વર્તતો પરિણમ્યો તે દર્શનમોહનો

Please inform us of any errors on AtmaDharma.com@gmail.com

Version 001: remember to check AtmaDharma.com & AtmaDharma.org for updates



અભાવ છે માટે પરિણમ્યો છે એમ નથી, તથા દર્શન મોહનો ઉદય છે માટે મોહભાવે પરિણમ્યો છે એમ પણ નથી. (બંનેની પરિણમનધારા સ્વતંત્ર છે) નિમિત્ત છે, બસ એટલી વાત છે. પરમાણુમાં કર્મરૂપ અવસ્થા થવાનો તેનો સ્વકાળ છે તેથી પોતાની **યોગ્યતાથી** કર્મરૂપ પરિણમે છે. (પાનું-૧૮) (૩) વળી જ્યાં એમ આવે કે બે કારણોથી કાર્ય થાય છે-(૧) ઉપાદાનકારણ અને (૨) સહકારી કારણ ત્યાં એનો અર્થ એ છે કે સહકારી (નિમિત્તપણે) એક ચીજ છે તેનું જ્ઞાન કરાવ્યું છે, પણ સહકારી કારણથી ઉપાદાનમાં કાર્ય થાય છે એમ બિલકુલ નથી. રાગની ઉત્પત્તિ આત્મા સ્વતઃ પોતાના અજ્ઞાનભાવથી કરે છે અને કર્મનો બંધ પણ સ્વતઃ (રજકણોની) પોતાની **યોગ્યતાથી** થાય છે. વિકાર થવાની પોતાની **યોગ્યતા** છે અને જે કર્મ બંધાયાં તે એની **યોગ્યતાથી** બંધાયાં છે. વિકાર કર્યો માટે કર્મને બંધાવું પડ્યું એમ નથી, તથા કર્મના ઉદયને કારણે વિકાર થયો એમ પણ નથી. સર્વત્ર **યોગ્યતા** જ કાર્યની સાક્ષાત્ સાધક છે. નિમિત્ત એ વાસ્તવિક કારણ નથી, ઉપચારથી કારણ કહેવાય છે. (પાનું-૨૨) (૪) અરે ! દુઃખના ઊંડા કૂવામાં દુઃખથી ઘેરાયેલા તને સંતો દુઃખથી મુક્ત થવાનો અલૌકિક માર્ગ બતાવે છે તને કેમ બેસતો નથી ? ભાઈ ! રાગનો આકુળતારૂપ ભાવ પર્યાયની **યોગ્યતાના** કાળે સ્વયંસિદ્ધ પોતાને લઈને થાય છે, આત્મા તેનું કારણ નથી. (પાનું-૪૧) (૫) ચારિત્ર મોહનો ઉદય છે ત્યાં સુધી તેના ઉદય અનુસાર (સમકિતીને)જે આસ્રવ-બંધ થાય છે તેનું તેને સ્વામીપણું નથી. ઉદય અનુસાર એટલે ઉદય હોય છે, પણ પોતાની **યોગ્યતા** પ્રમાણે આસ્રવ થાય છે. ઉદય છે તે પ્રમાણે જ આસ્રવ-બંધ થાય એમ નથી. નહિતર તો કોઈને છૂટવાનું બને જ નહિ. ઉદય હોવા છતાં પોતાની ઉપાદાનની **યોગ્યતા** અનુસાર આસ્રવ થાય. (પાનું-૫૧) (૬) વ્યવહાર રત્નત્રયનો વિકલ્પ જે રાગ છે એનાથી લાભ (ધર્મ) થાય એમ ત્યાં કહ્યું નથી. અહા ! આવી



Please inform us of any errors on AtmaDharma.com@gmail.com

Version 001: remember to check AtmaDharma.com & AtmaDharma.org for updates



સત્ય વાત બહાર આવી, છતાં તે કોઈને ન બેસે અને વિરોધ કરે તો શું થાય ? સૌસૌની **લાયકાત** સ્વતંત્ર છે. (પાનું-૯૩) (૭) શુદ્ધ સ્વભાવથી સુખદુઃખનાં વિકારી પરિણામ કેમ થાય ? પરંતુ પર્યાયમાં પોતાની **યોગ્યતાથી** સુખદુઃખનાં જે પરિણામ થાય તેને જોનારું જ્ઞાન એમ જાણે છે કે પર્યાયમાં સુખદુઃખનું વેદન છે. (પાનું-૧૪૧) (૮) જીવના પરિણામને નિમિત્ત કરીને પુદ્‌ગલો કર્મપણે પરિણમે છે. અહીં 'નિમિત્ત કરીને'- એમ શબ્દ વાપર્યો છે. પણ એનો અર્થ શું ? નિમિત્ત છે માટે પુદ્‌ગલ કર્મપણે પરિણમે છે એમ અર્થ નથી. શું એને ખબર છે કે જીવમાં રાગ છે માટે કર્મપણે પરિણમું ? અહીં રાગ છે માટે પુદ્‌ગલો દર્શનમોહપણે પરિણમે છે એમ છે જ નહિ. તે કાળે પરમાણુની **લાયકાતથી** તે તે કર્મની પર્યાય થાય છે, અને ત્યારે જીવના વિકારી પરિણામ એનું નિમિત્ત કહેવામાં આવે છે. (પાનું-૧૬૨) (૯) આ આંગળી હલે છે તેનો કર્તા આત્મા નથી. ભાષા બોલતી વેળા હોઠ હલે એનો કર્તા આત્મા નથી. એક રજકણની પણ જે સમયે જે પર્યાય થવાની **યોગ્યતા** છે તે તેનાથી સ્વતંત્રપણે થાય છે, એને આત્મા કરે એમ ત્રણ કાળમાં છે નહિ. (પાનું-૧૬૮) (૧૦) પ્રશ્ન : આપના પ્રભાવથી હજારો માણસો સમજે છે ને ? ઉત્તર : જેની જેની તત્ત્વની વાત સાંભળવાની અને સમજવાની **યોગ્યતા** હોય છે તે પોતાના કારણે આવે છે, સાંભળે છે અને સ્વતંત્ર પોતાની તેવી **યોગ્યતાથી** સમજે છે. ભાઈ ! આ નિમિત્ત-ઉપાદાનની સ્વતંત્રતાની વાત લોકોને સમજવી કઠણ પડે છે. (પાનું-૧૭૦) (૧૧) પર્યાયમાં જે વિકાર થાય છે તે વર્તમાન પર્યાયનો સ્વભાવ જ છે. પર્યાયના ષટ્કારક પર્યાયથી છે, દ્રવ્ય-ગુણથી નહિ... દ્રવ્ય-ગુણ શુદ્ધ છે તો પર્યાયમાં વિકાર થયો ક્યાંથી ? તો કહે છે કે વર્તમાન પર્યાયની **યોગ્યતાથી** સ્વતંત્રપણે વિકાર થયો છે, કર્મને કારણે થયો છે એમ નથી. (પાનું-૧૭૧) (૧૨) જીવ સ્વયં પોતાના અશુદ્ધ ઉપાદાનની **યોગ્યતાથી**

Please inform us of any errors on AtmaDharma.com@gmail.com

Version 001: remember to check AtmaDharma.com & AtmaDharma.org for updates



પોતાની સંસારદશાને ઉત્પન્ન કરે છે. કર્મનો ઉદય આવે તો વિકાર કરવો પડે અને કર્મ ખસે તો સમ્યગ્દર્શનાદિ ધર્મ થાય એમ કેટલાક માને છે પણ તેમની આ માન્યતા જૂઠી છે, વિપરીત છે. (પાનું-૧૭૬) (૧૩) પોતે પોતાની **યોગ્યતાથી** સમજે તો સમજાય છે, પરથી નહિ. જો પરથી સમજાય તો પૂર્વે ભગવાનના સમોસરણમાં અનંતવાર ગયો, છતાં પોતે કેમ ન સમજ્યો ? કાળલબ્ધિ પાકી નહિ માટે– એમ જો કોઈ કહે તો એનો અર્થ જ એ થયો કે પોતે ઊંધો પુરુષાર્થ કર્યો માટે સમજ્યો નહિ; ઊંધો પુરુષાર્થ એ એની કાળલબ્ધિ છે અને જીવ તેનો સ્વતંત્રપણે કર્તા છે. (પાનું-૧૭૭) (૧૪) કર્મના ઉદયમાં જીવ ભ્રષ્ટ થાય છે એમ પ્રવચનસારમાં આવે છે ને ? હા, પણ એ તો કથનપદ્ધતિ છે. જીવ પોતાની **યોગ્યતાથી** સ્વતંત્રપણે ભ્રષ્ટ થાય છે ત્યારે કર્મનો ઉદય નિમિત્ત છે બસ, કર્મનો ઉદય આવ્યો માટે ભ્રષ્ટ થયો છે એમ છે જ નહિ. (પાનું-૧૮૦) (૧૫) રોટલી તાવડીમાં ઉની થાય છે તે પરમાણુની ક્રિયા છે. તે તે પરમાણુની ઉષ્ણ થવાની **યોગ્યતાના** કારણે રોટલી ઉની થાય છે; તવાથી નહિ, અગ્નિથી નહિ, કે રોટલીને તવામાં ઊંચી-નીચી ફેરવનાર બાઈથી નહિ. ત્યાં તાવડીમાં રોટલીની ઊંચી-નીચી ફરવાની જે ક્રિયા છે તે પણ તે તે પરમાણુથી અભિન્ન છે. બાઈ તેને હાથ વડે ફેરવે છે તેમ છે જ નહિ. અહો ! આવી વસ્તુની અબાધિત મર્યાદા છે. (પાનું-૨૧૫) (૧૬) જ્ઞાની જાણવાની ક્રિયા કરે અને રાગની ક્રિયા પણ કરે—એમ નથી. તેવી રીતે અજ્ઞાની રાગની ક્રિયા કરે અને પરની ક્રિયા પણ કરે—એમ નથી. આ ઘણી ગંભીર અને સૂક્ષ્મ વાત છે. આ જે સમજે નહિ તેને મૂળમાં જ ભૂલ છે. કહ્યું છે ને કે– **'योग्यता हि शरणम्'** પ્રત્યેક દ્રવ્યની પ્રત્યેક પર્યાય તેની **યોગ્યતાથી** થાય છે, પરથી નહિ... પોતાની પર્યાયને કરે અને પરની પર્યાયને પણ કરે એવું માનનાર મિથ્યાદૃષ્ટિ છે અને તે સર્વજ્ઞના મતની બહાર છે. (પાનું-૨૨૦) (૧૭) યોગથી

Please inform us of any errors on AtmaDharma.com@gmail.com

Version 001: remember to check AtmaDharma.com & AtmaDharma.org for updates



કંપનની ક્રિયા થાય અને પ્રકૃતિ-પ્રદેશ બંધ થાય એમ બે ક્રિયા એક દ્રવ્ય કરે એમ બનતું નથી. યોગથી પ્રકૃતિ-પ્રદેશ બંધ થાય છે અને કષાયથી સ્થિતિ-અનુભાગ બંધ થાય છે એ બધાં નિમિત્તનાં કથન છે. કર્મનું સંક્રમણ થાય તે તેની પોતાની **યોગ્યતાથી** થાય છે, આત્માથી થતું નથી. (પાનું-૨૨૬) (૧૮) સર્વદ્રવ્યો પોતપોતાના સ્વભાવથી ઊપજે છે. અહીં ગુણનો અર્થ પર્યાય થાય છે. પોતાની પર્યાયની **યોગ્યતાથી** તે પર્યાય ઉત્પન્ન થાય છે. મિથ્યાદર્શનની પર્યાય પણ પર્યાયની **યોગ્યતાથી** પોતામાં ઉત્પન્ન થાય છે, પરથી કે કર્મથી બિલકુલ નહિ. તેમ આત્માથી કર્મબંધનની પર્યાય ઉત્પન્ન કરાવાની **અયોગ્યતા** છે. કર્મબંધની પર્યાય પોતાની **યોગ્યતાથી** કર્મબંધપણે ઉત્પન્ન થાય છે. (પાનું-૨૬૬) (૧૯) એક છૂટો પરમાણુ સૂક્ષ્મ છે. તે સ્થૂળ સ્કંધમાં ભળતાં સ્થૂળતાને ધારણ કરે છે તો તે સ્થૂળને લઈને સૂક્ષ્મમાંથી સ્થૂળ થયું એમ બિલકુલ નથી. પોતાની પર્યાયની **યોગ્યતાથી** સૂક્ષ્મમાંથી સ્થૂળ થાય છે. બીજા પરમાણુમાં બીજાને સ્થૂળ કરવાની **અયોગ્યતા** છે. (પાનું-૨૬૮) (૨૦) શ્રેણિકરાજાને નરકમાં જવાની ભાવના ન હતી પણ કર્મ લઈ ગયાં એમ કોઈ કહે તો તે વાત યથાર્થ નથી. નરકમાં જવાની પોતાની વર્તમાન પર્યાયની **યોગ્યતાથી** તેઓ નરકમાં ગયા છે. નરકનું આયુષ્ય બાંધ્યું માટે નરકમાં જવું પડ્યું એમ નથી. પોતાની પર્યાયની **યોગ્યતાથી** ક્ષેત્રાંતર થઈને નરકમાં ગયા છે; કર્મના કારણે બિલકુલ નહિ. (પાનું-૨૬૯) (૨૧) લોખંડનો ચાર હાથનો લાંબો સળિયો એક છેડે ગરમ થતાં બીજે છેડે ગરમ થઈ જાય છે તે પોતાની **યોગ્યતાથી** થાય છે, અગ્નિના કારણે નહિ. લાકડું ચાર હાથ લાંબું હોય તેનો એક છેડો ગરમ થતાં બીજો છેડો ગરમ થતો નથી, કેમકે લાકડાની પર્યાયની એવી **યોગ્યતા** નથી. (પાનું-૨૮૧) (૨૨) સ્ફટિકમાં જે કાળી, લીલી, પીળી ઝાંય દેખાય છે તે સ્ફટિકની પર્યાયની **યોગ્યતાથી** થઈ છે, વાસણે કરી છે એમ નથી. તેમ જીવમાં થતા મિથ્યાત્વાદિ

Please inform us of any errors on AtmaDharma.com@gmail.com

Version 001: remember to check AtmaDharma.com & AtmaDharma.org for updates



ભાવો જીવની પર્યાયની **યોગ્યતાથી** થયા છે, જડ મોહકર્મે કર્યા છે એમ નથી. જડ મોહકર્મ તો નિમિત્ત છે બસ. (પાનું-૨૮૨)

(૫) **પ્રવચનરત્નાકર ભાગ-૫ માંથી :** (૧) પાણી ઉષ્ણ થાય તે પોતાની **યોગ્યતાથી** થાય છે, અગ્નિથી નહિ. અગ્નિ તેમાં નિમિત્ત છે પણ નિમિત્તકર્તા નથી.... શરીરની અવસ્થા તો જે કાળે જે થવાની હોય તે એનાથી થાય છે, તેમાં અશાતાનો ઉદય નિમિત્ત છે, પણ અશાતાનો ઉદય શરીરની અવસ્થાનો કર્તા નથી. તથા તે વખતે જીવમાં પીડાનો જે અનુભવ થાય છે તે તેની **યોગ્યતાથી** સ્વતંત્ર થાય છે, એમાં શરીરનું કે કર્મનું કાંઈ કર્તવ્ય નથી. (પાનું-૬) (૨) લોકોને જૈનદર્શનની આવી સૂક્ષ્મ વાત કદી સાંભળવા મળી નથી. પોતાની **યોગ્યતા** નહિ તેથી કોઈ સંભળાવનાર મળ્યા નહિ. ભગવાન મહાવિદેહમાં બિરાજે છે ત્યાં જન્મે અને સાંભળવાની **યોગ્યતા** હોય તો ત્યાં જાય. છતાં ભગવાનની વાણી સાંભળે માટે પોતાનું કલ્યાણ થઈ જાય એમ વાત નથી. (પાનું-૪૮) (૩) "દર્શનાવરણીય" નામની એક જડકર્મની પ્રકૃતિ છે, પરમાણુમાં તે સમયે તે પ્રકૃતિ થવાની **યોગ્યતાથી** તે પર્યાય થઈ છે. તે સમયે દર્શનદોષ પોતામાં ઉત્પન્ન કરી તેનો જે કર્તા થાય છે તે દર્શનદોષ અને આત્માને એક માને છે તે દર્શનદોષ દર્શનાવરણીય કર્મના બંધમાં નિમિત્તકર્તા કહેવામાં આવે છે. (પાનું-૧૨૩) (૪) વેદનીય કર્મની જડ પ્રકૃતિનો કર્તા જડકર્મ છે. શાતાવેદનીય કર્મ બંધાય તે પરમાણુની તત્કાલિન **યોગ્યતા** અને ઉત્પત્તિકાળ છે. શુભરાગ થયો માટે શાતાવેદનીય કર્મ બંધાયું છે એમ નથી. તે કાળે જ્ઞાની રાગ અને કર્મથી પોતાને ભિન્ન જાણે છે. જ્ઞાનીને જે સ્વપર પ્રકાશક જ્ઞાનની પર્યાય પ્રગટ થાય તેમાં શુભરાગ અને શાતા વેદનીય કર્મ નિમિત્ત કહેવામાં આવે છે. (પાનું-૧૨૪) (૫) સમકિતી કે સાધુ જે આત્મજ્ઞાની ધર્માત્મા છે તે આ પંચમકાળમાં સ્વર્ગમાં જ જાય છે. સ્વર્ગના આયુષ્યની જે પ્રકૃતિ બંધાય છે તે તો પરમાણુની

Please inform us of any errors on AtmaDharma.com@gmail.com

Version 001: remember to check AtmaDharma.com & AtmaDharma.org for updates



**યોગ્યતાથી** બંધાય છે. તે કાળે જે રાગ આવ્યો તેને આયુના બંધમાં નિમિત્ત કહેવામાં આવે છે. (પાનું-૧૨૯) (૬) જેમ યોદ્ધા યુદ્ધ લડે ત્યાં એમ કહેવું કે રાજા યુદ્ધ લડે છે-એ ઉપચાર કથન છે તેમ જે કર્મનું બંધન થાય છે તે તેની પર્યાયની **યોગ્યતાથી** પોતાથી થાય છે તેને એમ કહેવું કે આત્મા કર્મ બાંધે છે તે ઉપચારનું-વ્યવહારનું કથન છે. (પાનું-૧૭૧) (૭) મોહનીય કર્મમાં ઉત્કૃષ્ટ-૭૦ ક્રોડાક્રોડી સાગરોપમની સ્થિતિ પડે છે અને જઘન્ય અંતર્મુહૂર્તની સ્થિતિ પડે છે તે તે પર્યાયની પોતાની **યોગ્યતાથી** છે. તે પર્યાયનો કર્તા કર્મના પરમાણુ છે. અહીં જીવને કષાય થયો માટે ત્યાં સ્થિતિબંધ થયો એમ છે નહિ તેવી રીતે કર્મનો અનુભાગ બંધ થાય, ફળદાનશક્તિનો બંધ પડે તે તેની **યોગ્યતાથી** થાય છે. તે પુદ્‌ગલદ્રવ્યનું પ્રાપ્ય કર્મ છે. (પાનું-૧૭૩) (૮) જયસેન આચાર્યની ટીકામાં આવે છે કે હળદર અને ફટકડી બેના મળવાથી લાલ રંગ થાય, એકથી ન થાય. તેમ જે વિકાર થાય છે તે ચૈતન્યની પર્યાયની **યોગ્યતાથી** થાય છે તેમાં પુદ્‌ગલ ભેગું છે. એમ કહીને તે પુદ્‌ગલકર્મનું કાર્ય છે એમ બતાવવું છે. (પાનું-૧૮૪) (૯) કોઈ એમ માને કે વિકાર થાય છે તે કર્મને લઈને થાય છે તો તે બરાબર નથી વિકાર તો જીવમાં અશુદ્ધ ઉપાદાનની **યોગ્યતાથી** થાય છે. શુદ્ધ જીવદ્રવ્યમાં વિકાર નથી અને વિકાર ઉત્પન્ન કરે એવી કોઈ એનામાં શક્તિ-ગુણ નથી. અશુદ્ધ ઉપાદાનની **યોગ્યતાથી** જીવમાં વિકાર પોતાથી ઉત્પન્ન થાય છે અને ત્યારે પુદ્‌ગલદ્રવ્યનો ઉદય તેમાં નિમિત્ત હોય છે. (પાનું-૧૮૫) (૧૦) અજ્ઞાની જેવો વિકારભાવ કરે છે તે અનુસાર ત્યાં કર્મબંધન થાય છે. તે કર્મબંધન પુદ્‌ગલના પરિણમનની **યોગ્યતાથી** થાય છે. આત્માએ વિકાર કર્યો માટે એનાથી કર્મબંધન થયું એમ છે નહિ. (પાનું-૨૦૪) (૧૧) જીવને અનુકંપાના ભાવ થાય તે વખતે શાતાવેદનીય કર્મ બંધાય છે તે કર્મ સ્વયં પોતાની **યોગ્યતાથી** બંધાય છે, ત્યારે તેમાં જીવના અનુકંપાના ભાવને નિમિત્ત

Please inform us of any errors on AtmaDharma.com@gmail.com

Version 001: remember to check AtmaDharma.com & AtmaDharma.org for updates



કહેવામાં આવે છે. (પાનું-૨૧૧) (૧૨) અજ્ઞાની જીવ, ક્યાંયથી પુત્ર, ધન આદિનો વર્તમાનમાં સંયોગ થતાં એ બધાં મારાં છે એમ માને છે તે મૂર્ખ પાગલ જેવો છે ભાઈ ! એ બધાં તારાં નથી, તારા કારણે આવ્યાં નથી, તારા કારણે રહ્યાં નથી. પોતપોતાના કારણે સૌ આવ્યાં છે, પોતપોતાની **યોગ્યતાથી** રહ્યાં છે અને પોતપોતાને કારણે સૌ ચાલ્યાં જશે. (પાનું-૨૧૭) (૧૩) સ્વયં પરિણમનારને પર પરિણમાવનારની અપેક્ષા ન હોય, કેમકે વસ્તુની શક્તિઓ પરની અપેક્ષા રાખતી નથી. જીવમાં વિકાર સ્વયં પોતાની **યોગ્યતાથી** થાય છે તો નિમિત્તથી-પરથી વિકાર થાય એ વાત ક્યાં રહી ? સ્વયં પરિણમનારને પરની શું અપેક્ષા ? (પાનું-૨૧૮) (૧૪) મોહકર્મની પ્રકૃતિનો ઉદય આવતાં પોતાના ઉપયોગમાં તેનો રાગદ્વેષરૂપ મલિન સ્વાદ આવે છે. જેવો ઉદય આવે તેવો જ રાગ થાય એમ નહિ. ઉદયના પ્રસંગે રાગદ્વેષ થાય છે એમ અહીં સિદ્ધ કરવું છે જે પ્રકારે ઉદય આવે તે જ પ્રકારે રાગદ્વેષ થાય એમ છે નહિ પોતાની **યોગ્યતા** પ્રમાણે રાગદ્વેષ થાય છે. આ રાગદ્વેષનો સ્વાદ મલિન છે. (પાનું-૨૩૮) (૧૫) આત્મા નિર્વિકલ્પ આનંદ સ્વરૂપ ચૈતન્ય મહાપ્રભુ છે. તે ભગવાન આત્મા ચોરાસીના અવતાર કરવા **યોગ્ય** નથી. આત્મા તો પરમાત્મપદની પ્રાપ્તિને **યોગ્ય** છે. અહાહા ! સર્વાર્થસિદ્ધિ દેવલોકમાં ઊપજવું એવી પણ આત્માની **યોગ્યતા** નથી. ભવ અને ભવનો ભાવ આત્માના સ્વભાવમાં નથી. (પાનું-૨૮૯) (૧૬) કેવળજ્ઞાનમાં લોકાલોક નિમિત્ત છે અને લોકાલોકને કેવળજ્ઞાન નિમિત્ત છે. નિમિત્ત છે એનો અર્થ શું ? શું લોકાલોક છે માટે લોકાલોકનું જ્ઞાન થાય છે ? ના, એમ છે નહિ. લોકાલોકનું જ્ઞાન પોતાની પર્યાયના કાળે પોતાની ઉપાદાન—**યોગ્યતાથી** સ્વતઃ થાય છે અને તેમાં લોકાલોક નિમિત્ત હોય છે. (પાનું-૩૮૨)

**(૬) પ્રવચનરત્નાકર ભાગ-૬ માંથી :** (૧) ખરેખર જ્ઞાની

Please inform us of any errors on AtmaDharma.com@gmail.com

Version 001: remember to check AtmaDharma.com & AtmaDharma.org for updates



શુભાશુભને જાણતો નથી પણ પોતે તત્સંબંધી જે પોતાનું જ્ઞાન છે તેને જાણે છે. શુભ કે અશુભ ભાવના કાળમાં પોતાની સ્વપર પ્રકાશક જ્ઞાનની જે પર્યાય થાય છે તેને જાણે છે. તે સમયે તે (શુભાશુભ) તેની **યોગ્યતાથી** ત્યાં ઉત્પન્ન થાય છે પણ જ્ઞાની તેને કરતો નથી. આ પ્રમાણે કર્તા (અજ્ઞાની)માં અને જ્ઞાતા (જ્ઞાની)માં બહુ મોટો ફેર છે. (પાનું-૪૨) (૨) પ્રશ્ન : મહારાજ ! કાનજી સ્વામી એમ કહે છે કે જ્ઞાનાવરણીય કર્મ કાંઈ કરતું નથી. પોતાની **યોગ્યતાથી** જ્ઞાનમાં ઘટ-વધ થાય છે. મહારાજ ! શું આ ઠીક છે ? ઉત્તર : ક્ષુલ્લક વર્ણીજી મહારાજ : શું ઠીક છે ? તમે જ સમજો કેવી રીતે ઠીક છે ? એ ઠીક નથી; કોઈ અંગધારી કહે તોપણ એ ઠીક નથી. જ્ઞાનાવરણીય કર્મ જ્ઞાનમાં ઘટ-વધ કરતું નથી એ ઠીક નથી, કહે છે- એમ એમના પુસ્તકમાં લખ્યું છે... વર્ણીજી એમ માનતા કે નિમિત્ત પરમાં કાંઈ કરતું નથી એ વાત બરાબર નથી. (પાનું-૪૩-૪૪) (૩) શુભકર્મ પણ કર્મ સામાન્યમાં આવી જાય છે અને તે પણ મોક્ષનું કારણ નથી, બાધક જ છે અને તેથી નિષિદ્ધ જ છે. બહુ આકરું લાગે પણ માર્ગ તો આ જ છે ભાઈ ! એકાંત છે, એકાંત છે એમ લોકો રાડો પાડે પણ શું થાય ? એની વર્તમાન **લાયકાત** એવી છે એટલે એમ કહે, પણ અંદર તો ત્રિકાળી ભગવાન છે ને ? પર્યાયમાં ભૂલ છે (પાનું-૧૮૪) (૪) સમયસાર ગાથા-૩૭૨માં રાગને જીવનો સ્વભાવ (પર્યાયભાવ) કહ્યો છે. મિથ્યાત્વ તથા પુણ્ય-પાપ આદિ પર્યાયનો સ્વભાવ છે. ત્યાં કહ્યું છે કે—જીવને પરદ્રવ્ય રાગાદિ ઉપજાવે છે એવી શંકા ન કરવી, કારણ કે અન્ય દ્રવ્ય વડે અન્ય દ્રવ્યના ગુણનો ઉત્પાદ કરાવાની **અયોગ્યતા** છે ! (પાનું-૨૭૭) (૫) જડની ક્રિયાઓ તો જડના કારણે એના કાળમાં થાય છે અને એ કાળે તને જો શુભરાગ હોય તો પુણ્યબંધ થાય પણ ધર્મ નહિ. પરદ્રવ્યની ક્રિયા-કાળે રાગનું નિમિત્ત હો ભલે, પણ નિમિત્ત કાંઈ કરતું નથી. નિમિત્ત

Please inform us of any errors on AtmaDharma.com@gmail.com

Version 001: remember to check AtmaDharma.com & AtmaDharma.org for updates



હોય છે ખરું, પણ નિમિત્ત પરમાં કાંઈ (કાર્ય) કરે છે એમ નથી. લોકોને આ ખટકે છે કર્મનો ઉદય નિમિત્ત હોય તો વિકાર થાય છે એમ માને છે તેમને આ ખટકે છે. પરંતુ એવી માન્યતા અયથાર્થ છે. ઉપાદાનની તે તે સમયની **યોગ્યતા** જ તે તે પ્રકારે થવાની છે. (પાનું-૨૬૪) (૬) અરિહંતની પર્યાયને જે જાણે તે આત્માને-નિર્મળ શુદ્ધ જ્ઞાયક સ્વભાવને જાણે જ. અરિહંતને યથાર્થ જાણનારની એવી જ **યોગ્યતા** છે. પોતાના આત્માને જાણે ત્યારે જ અરિહંતને વ્યવહારે સાચા જાણ્યા કહેવાય. (પાનું-૨૮૩) (૭) વીતરાગનો માર્ગ બહુ સૂક્ષ્મ છે, ભાઈ ! લોકોને સાંભળવા મળ્યો નથી એટલે તેઓ અજૈનને જૈન માની બેઠા છે, શું થાય ? જીવની **યોગ્યતા** ન હોય તો એને (જૈનપણું) મળે શી રીતે ? (પાનું-૩૦૧) (૮) જીવની પર્યાયની **યોગ્યતા** (કર્મના ઉદયમાં) જોડાવાની જેટલી છે એટલો જોડાય છે. બીજી રીતે કહીએ તો (નિશ્ચયથી) તેનો જોડાણનો કાળ છે તે પ્રકારે જોડાય છે... જે સમયે જે પર્યાય થવાની હોય તે તે સમયે થાય છે અને તે નિમિત્તની અપેક્ષા વિના જ થાય છે. (પાનું-૩૦૨) (૯) "આત્મદ્રવ્ય ઈશ્વરનયે પરતંત્રતા ભોગવનાર છે." એટલે કે આત્મા પોતે પરને આધીન થઈને પરિણમે એવી એની પર્યાયની **યોગ્યતા** છે; પર-નિમિત્ત એને આધીન કરે છે એમ નહિ, પણ પોતે નિમિત્તને આધીન થાય છે. (પાનું-૩૦૪) (૧૦) જ્યાં દિવ્યધ્વનિ છૂટી ત્યાં પાંચેય ગતિ શરૂ થઈ ગઈ. જે પાત્ર જીવો હતા તેઓ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ કરીને મોક્ષ ગયા, બીજા સાધારણ જીવો હતા તેઓ પુણ્ય ઉપજાવીને સ્વર્ગ કે મનુષ્યમાં ચાલ્યા ગયા અને વાણીનો અને તત્ત્વનો વિરોધ કરનારા નારક અને તિર્યંચ થઈને નિગોદ ચાલ્યા ગયા. દિવ્યધ્વનિ છૂટવાના કાળમાં આમ થયું એટલે વ્યવહારે એમ કહેવાય પણ વાણીના કારણે આ થયું છે એમ નથી. એવી જ જીવોની **યોગ્યતા** હતી, વાણી તો નિમિત્તમાત્ર છે, વાણીથી લાભ કે નુકસાન થતું નથી. (પાનું-૪૦૯-

Please inform us of any errors on AtmaDharma.com@gmail.com

Version 001: remember to check AtmaDharma.com & AtmaDharma.org for updates



૪૧૦) (૧૧) હમણાં એમ લખાણ આવ્યું છે કે અકાળે મૃત્યુ થાય એમ ન માને તે જૂઠા છે. ભાઈ ! 'અકાળ મૃત્યુ' એ તો નિમિત્તનું કથન છે. એ તો અકસ્માત્ આદિથી મરનાર જીવને કર્મના રજકણો જ એવાં બંધાયાં છે જેની **યોગ્યતા** એક જ સમયમાં ખરવાની હોય છે. ખરેખર તો દેહ જ્યારે છૂટવાનો હોય ત્યારે જ છૂટે છે, અકાળે એટલે બીજા કાળે છૂટે છે એમ નહિ. 'અકાળ મૃત્યુ' કહ્યું એમાં તો કાળની મુખ્યતા ન કરતાં અકસ્માત્ આદિ (અકાળ-કાળ નહિ એવા) અન્ય નિમિત્તની મુખ્યતા કરીને કથન કર્યું છે. (પાનું-૪૪૪)

**(૭) પ્રવચનરત્નાકર ભાગ-૭ માંથી :** (૧) પ્રશ્ન : શરીર ખસે ત્યારે જીવના પ્રદેશ પણ ખસે છે ને ? ઉત્તર : ભાઈ ! શરીર ખસે ત્યારે પણ જીવના પ્રદેશ જે ખસે છે તે પોતાની તત્કાલીન **લાયકાત -યોગ્યતાથી** જ ખસે છે, શરીરના કારણે નહિ. જીવ અને અજીવ બંને ભિન્ન તત્ત્વ છે એક તત્ત્વનો જ્યાં બીજામાં અભાવ જ છે ત્યાં તેઓ એકબીજાને શું કરે ? શરીર અજીવ તત્ત્વ છે જ્યારે આત્મા જીવ તત્ત્વ છે. (પાનું-૨૮) (૨) ઉદય તીવ્ર હોય ત્યારે જીવ ધર્મ ન કરી શકે ને ઉદય મંદ હોય ત્યારે તેને અવકાશ છે. પણ એનો અર્થ શું ? એનો અર્થ એ થયો કે જ્યારે જીવને તીવ્ર કષાયના પરિણામ થાય છે ત્યારે તો તેને ધર્મોપદેશ સાંભળવાની પણ **લાયકાત** હોતી નથી, પછી ધર્મ પામવાની તો વાત જ ક્યાં રહી ? (પાનું-૫૭) (૩) કર્મના ઉદયના કારણે શુભભાવ આદિ આસ્રવભાવ થાય છે એમ શાસ્ત્રમાં આવે છે ને ? હા, પણ એ તો નિમિત્તની વિવક્ષાથી કથન છે. એ શુભભાવ તો જીવની પોતાની ભાવમંદ થવાની **લાયકાત** હતી તેથી થયો છે. તે તે કાળે એવી જ પર્યાયની પોતાની **લાયકાત** છે; તે તે કાળે શુભભાવના ષટ્કારકપણે થવું તે પર્યાયનો સ્વકાળ છે. જ્ઞાનીને તે હેયપણે વર્તે છે. (પાનું-૫૮) (૪) રાગ અને ઇન્દ્રિયજ્ઞાન પુદ્ગલનું કાર્ય છે, જીવનું

Please inform us of any errors on AtmaDharma.com@gmail.com

Version 001: remember to check AtmaDharma.com & AtmaDharma.org for updates



નહિ. ધર્મી એમ જાણે છે કે શુભરાગ અને ઈન્દ્રિયજ્ઞાન તે પણ મારાં કાર્ય નહિ; કેમકે હું તો શુદ્ધ જ્ઞાયકમાત્ર છું. ભાઈ ! આવું સમજવા માટે પણ **પાત્રતા** જોઈએ, કેમ કે એને આખો સંસાર ઉથલાવી નાખવો છે ને ? (પાનું-૭૪-૭૫) (૫) કર્મપટલના ઉદયથી ઢંકાયેલો આત્મા કે જે કર્મના ક્ષયોપશમ અનુસારે પ્રગટપણું પામે છે, તેના જ્ઞાનની હીનાધિકતારૂપ ભેદો તેના (સામાન્ય) જ્ઞાન સ્વભાવને ભેદતા નથી પરંતુ ઊલટા તેને અભિનંદે છે. જુઓ, આત્મા ઢંકાયેલો છે તો પોતે પોતાની **યોગ્યતાથી,** કાંઈ કર્મના ઉદયથી ઢંકાઈ ગયો છે એમ નથી. (પાનું-૧૭૫) (૬) જેને પોતાની સર્વજ્ઞશક્તિનું-પરમાત્મશક્તિનું અંતરમાં ભાન થયું તેની જ્ઞાન-પર્યાયનું અદ્‌ભુત ચમત્કારી સામર્થ્ય છે કે તે જગતના સમસ્ત સ્વ-પર પદાર્થોને-દ્રવ્ય-ગુણ-પર્યાયને પી લે છે, જાણી લે છે. આવી વાત છે. પ્રશ્ન : પણ લોકો આવી વાતથી રાડ પાડે છે ને ? ઉત્તર : શું કરીએ ભાઈ ! તેઓ તો પોતાની (વર્તમાન) **યોગ્યતા** પ્રમાણે એમ કરે છે અને તેમને જે ભાસ્યું હોય તે કહે છે. પણ એથી કાંઈ તેમનો તિરસ્કાર ન હોય. તે પણ ભગવાન છે ને અંદર ? (પાનું-૧૯૧-૧૯૨) (૭) અશાતાવેદનીયના ઉદયના નિમિત્તે જઠરાગ્નિરૂપ ક્ષુધા ઊપજે છે. વીર્યાંતરાયના ઉદયથી તેની વેદના સહી શકાતી નથી, અર્થાત્ પોતાની **યોગ્યતામાં** જ્યાં સહન કરવાની શક્તિ નથી ત્યાં વીર્યાંતરાયના ઉદયને નિમિત્ત કહેવામાં આવે છે. (પાનું-૨૮૫) (૮) ભાષા તો સાદી છે પણ ભાવ તો એણે સમજવો છે ને ! પણ આપ સમજાવો ત્યારે સમજીએ ને ? એમ નથી ભાઈ ! જેની જ્યારે **લાયકાત** હોય ત્યારે તે સમજે છે. પણ એ તો આપે ઉપાદાનની વાત કરી. વાત એમ જ છે પ્રભુ ! 'તું પ્રમાણ કરજે' એમ ન કહ્યું ? (પાનું-૩૩૫) (૯) અહા ! એણે સ્વથી એકત્વ ને રાગથી ભિન્ન એવા ભાવને કદી સાંભળ્યો નથી. પ્રશ્ન : સંભળાવવાવાળા મળ્યા નહિ ને ? ઉત્તર : ભાઈ ! એ તો **પાત્રતા** જાગૃત થઈ

Please inform us of any errors on AtmaDharma.com@gmail.com

Version 001: remember to check AtmaDharma.com & AtmaDharma.org for updates



નહિ, પોતે દરકાર કરી નહિ તો સંભળાવવાવાળા મળ્યા નહિ એમ કહે છે. ભગવાન તો ત્રણલોકના નાથ સર્વજ્ઞ પરમેશ્વર સાક્ષાત્ વિદેહમાં હમણાં પણ બિરાજે છે. પણ શું થાય ? સાંભળવાની **લાયકાત** નથી તો ત્યાં ઊપજ્યો નહિ, જન્મ્યો નહિ. (પાનું-૩૫૯) (૧૦) પરદ્રવ્ય કોઈ દ્રવ્યને પરભાવસ્વરૂપ કરવાનું કારણ બનતું નથી. **પર્યાયમાં** ઉપાદાનની **યોગ્યતા** હોય તે થાય છે અને ત્યારે પરવસ્તુ નિમિત્ત હો પણ તે ઉપાદાનના ભાવને કાંઈ કરે એમ ત્રણકાળમાં બનતું નથી. આ તો ગજબ સિદ્ધાંત છે ભાઈ ! (પાનું-૩૯૬) (૧૧) નિમિત્ત હોય, ઉપાદાન હોય તોપણ જો પ્રતિબંધક કારણ હોય તો કાર્ય થાય નહિ. જેમકે દીવો થવાની **યોગ્યતા** છે, દિવાસળી નિમિત્ત છે, પરંતુ જો પવનનો ઝપાટો હોય તો દીવો થાય નહિ. બાપુ ! એમ નથી ભાઈ ! કાર્ય થવાનો કાળ હોય ત્યારે સર્વ સામગ્રી (પાંચે સમવાય) હોય ને પ્રતિબંધક કારણ ન હોય. (પાનું-૩૯૮) (૧૨) પ્રશ્ન : દ્રવ્ય વેદક ને પર્યાય વેદ્ય એમ છે કે નહિ ? સમાધાન : ના, એમ નથી. પર્યાયમાં જ વેદ્ય-વેદક છે. વેદાવાની **લાયકાત** (વેદાવા **યોગ્ય**) જ્ઞાન-આનંદની પર્યાય છે ને વેદનાર પણ તે પર્યાય જ છે. દ્રવ્ય તો દ્રવ્ય છે; દ્રવ્યને ક્યાં વેદાવું છે ? ને દ્રવ્યને ક્યાં વેદવું છે ? (પાનું-૪૪૯) (૧૩) આત્મા અનંત ગુણનો પિંડ પ્રભુ છે, પણ તેમાં એકેય ગુણ એવો નથી જે વિકારને કરે. પર્યાયમાં **યોગ્યતાને** લઈને વિકાર ભલે થાય, પણ આત્માનો ગુણ-સ્વભાવ એવો નથી કે વિકારને કરે ને વિકારને વેદે. તેથી અભેદપણે વર્તતા વેદ્ય-વેદકના બળથી જ્ઞાનીને એક જ્ઞાન જ વેદાય છે. (પાનું-૪૫૨) (૧૪) ઇન્દ્રિયાદિ જડ પ્રાણ અસદ્ભુત વ્યવહાર નય છે અને અશુદ્ધ ભાવપ્રાણ જે વર્તમાન-વર્તમાન **યોગ્યતારૂપ** છે તે અશુદ્ધ નિશ્ચયનય છે. માટે તે સ્વરૂપમાં તો છે નહિ. સ્વરૂપભૂત પ્રાણ તો શુદ્ધ જ્ઞાન, આનંદ, શાંતિ, સ્વચ્છતા ને પ્રભુતા છે. (પાનું-૪૬૪) (૧૫) આયુષ્ય છૂટે છે માટે દેહ

Please inform us of any errors on AtmaDharma.com@gmail.com

Version 001: remember to check AtmaDharma.com & AtmaDharma.org for updates



છૂટે છે એમ નથી. એ તો દેહમાં રહેવાની **યોગ્યતા** જ જીવની પોતાની પોતાને કારણે એટલી હોય છે. તે કાંઈ આયુષ્યને કારણે છે એમ નથી, કેમકે આયુ તો નિમિત્ત પરવસ્તુ છે. હવે તે **યોગ્યતા** પણ પોતાના સ્વરૂપભૂત નથી. પોતામાં તો પોતાના જ્ઞાન, દર્શન, આનંદ પ્રાણ છે. (પાનું-૪૬૫) (૧૬) સમકિતીને સ્વરૂપમાં સાવધાની હોવાથી કોઈ પર પદાર્થમાં મૂઢતા નથી. જુઓ ક્ષાયિક સમકિતી શ્રેણિક રાજાને પહેલાં નરકનું આયુષ્ય બંધાઈ ગયું હતું તો તેઓ હાલ નરકમાં છે. જ્યારે કોઈ અનંત સંસારી અભવિ જીવ પંચમહાવ્રતાદિ ચોખ્ખાં પાળીને શુકલ લેશ્યાથી નવમી ગ્રૈવેયકે જાય પણ એમાં શું છે ? એ તો જે તે સમયની પર્યાયની **યોગ્યતા** છે. (પાનું-૫૦૬) (૧૭) કોઈ પ્રથમ મહાપાપી હોય તે કારણ પામીને સમકિત પામે ને પછી ઉગ્ર પુરુષાર્થ દ્વારા કેવળ પામીને મોક્ષે જાય. ત્યારે કોઈ ધર્માત્મા લાખો વર્ષ સુધી ચારિત્રમાં રહે, મોક્ષ ન પામે; તો તે ત્યાં મુંઝાય નહિ. અહા ! તે પર્યાયમાં મુંઝાય નહિ ને પર્યાયમાં ગુંચાય (રોકાય) પણ નહિ કેમકે તેને તો એક જ્ઞાયકભાવનું જ અવલંબન છે. પર્યાયની કચાસ તો તે તે પર્યાયની **યોગ્યતા** જ છે એમ તે યથાર્થ જાણે છે. (પાનું-૫૦૭) (૧૮) સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ થયાં હોય તેને જાણે છે કે આને પ્રગટ થયાં છે માટે આ ભવિ છે એમ જ્ઞાનમાં નિર્ણય થાય છે. બાકી જેને પ્રગટયાં નથી એ (ભવિ) છે કે નહિ એ પ્રશ્ન જ અહીં નથી. આ તો ભવિ જીવની **લાયકાત** સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ થતાં પ્રગટ થઈ ગઈ તો તેનો ખ્યાલ આવી જાય છે એની વાત છે. (પાનું-૫૫૦)

**(૮) પ્રવચનરત્નાકર ભાગ-૮ માંથી :** (૧) એક રજકણ પણ તારાથી બીજે દેવાય એવું તારું સામર્થ્ય નથી. એ તો જગતનું તત્ત્વ છે અને તે પોતાની ક્રિયાવતીશક્તિને કારણે **યોગ્યતાથી** આવે છે ને જાય છે. હવે એને ઠેકાણે એમ માને કે મેં આહાર-ઔષધ

Please inform us of any errors on AtmaDharma.com@gmail.com

Version 001: remember to check AtmaDharma.com & AtmaDharma.org for updates



આદિ આપ્યાં, પૈસા આદિ આપ્યા તો એ તો મિથ્યાત્વ છે. (પાનું-૩૯) (૨) એ તો ભાઈ ! જ્યારે દેહ છૂટવાનો કાળ હોય ત્યારે છૂટી જાય છે અને જ્યાંસુધી દેહમાં રહેવાનો કાળ હોય ત્યાં સુધી દેહમાં રહે છે. જીવની કોઈ એવી જ **યોગ્યતા** છે ને આયુકર્મનો ક્ષય ને ઉદય તે તે કાળે નિમિત્ત હોય છે. (પાનું-૫૬) (૩) જ્ઞાનીને પણ પરને જિવાડવાનો વિકલ્પ આવે છે, મુનિરાજને પણ છ કાયના જીવની રક્ષાનો વિકલ્પ હોય છે; પણ એ તો અસ્થિરતાનો વિકલ્પ બાપુ ! મારો જિવાડ્યો તે જીવશે એમ જ્ઞાનીને છે જ નહિ. જીવનું જીવન તો તે તે કાળની તેની **યોગ્યતાથી** છે અને મને જે વિકલ્પ આવ્યો છે તે તો તેના જીવનની સ્થિતિમાં નિમિત્તમાત્ર છે એમ જ્ઞાની યથાર્થ માને છે. (પાનું-૬૧) (૪) પ્રશ્ન : પણ નિમિત્ત તો થવું ને ? ઉત્તર : (નિમિત્ત) થવાનો પ્રશ્ન જ ક્યાં છે ? જ્યારે ઉપાદાન-**યોગ્યતાથી** એની પર્યાય એનામાં થાય છે ત્યારે આને એવો જ વિકલ્પ હોય છે અને ત્યારે તેને નિમિત્ત કહેવામાં આવે છે. બંનેનો એના જીવનનો અને આના વિકલ્પનો સમકાળ છે, એક જ કાળ છે. (પાનું-૬૪) (૫) જિનવાણીમાં વ્યવહારનો ઉપદેશ શુધ્ધનયનો હસ્તાવલંબ જાણી બહુ કર્યો છે પણ એનું ફળ સંસાર જ છે. એટલે જિનવાણીમાં નિમિત્તથી કથન આવ્યું હોય ત્યાં કોઈ એમ માની લે કે- આ એનો (પરનો) કર્તા છે તો તે અજ્ઞાન છે. ભાઈ ! આ દેહાદિની જે ક્રિયા થાય તે, તે કાળે તેના સ્વતંત્ર ઉપાદાનની **યોગ્યતાથી** થાય છે, ત્યાં કોઈ શરીરાદિની (વિષયસંબંધી) ક્રિયા હું કરું છું એમ માને તે અજ્ઞાન છે, એનું ફળ સંસાર છે. (પાનું-૬૮) (૬) 'જીવ આયુકર્મના ઉદયથી જીવે છે એમ સર્વજ્ઞદેવો કહે છે.' હવે આમાં એક તો 'સર્વજ્ઞદેવો કહે છે–' એ વ્યવહાર છે અને બીજું 'આયુકર્મથી જીવે છે'-એ પણ વ્યવહાર છે. એ તો ખરેખર પોતાની **યોગ્યતાથી** જ જીવે છે, પણ બીજો કોઈ જિવાડી શકતો નથી એમ સિદ્ધ કરવું છે. આયુકર્મ તો જડ છે, અને આનું

Please inform us of any errors on AtmaDharma.com@gmail.com

Version 001: remember to check AtmaDharma.com & AtmaDharma.org for updates



રહેવું-જીવવું તો પોતાના ઉપાદાનની **યોગ્યતાથી** છે, પણ તે કાળે આયુકર્મનો ઉદય નિયમરૂપ નિમિત્ત હોય જ છે, તેથી પરજીવ આને જિવાડે છે એવી ખોટી માન્યતાનો નિષેધ કરવા આયુકર્મને લઈને જીવે છે એમ વ્યવહારથી કહ્યું છે. (પાનું-૬૯) (૭) પૂર્વે પોતાને જ વિભાવરૂપ પરિણામ થયા તે નિમિત્ત, અને તે જ સમયે કાર્મણવર્ગણાના રજકણો સ્વયં પોતાની **યોગ્યતાથી** કર્મરૂપે થયા તે નૈમિત્તિક. એ કર્મ બંધાણાં તે જ કાળે જીવના પરિણામનું નિમિત્ત દેખીને 'પોતાનું કર્મ પોતાના પરિણામથી જ ઉપાર્જિત થાય છે' એમ વ્યવહારથી કહ્યું. (પાનું-૮૪) (૮) શું એ જડકર્મ ચેતનને રોકે ? અરે ! એ બે વચ્ચે તો અત્યંતાભાવ છે હવે જ્યાં અત્યંત અભાવ છે. ત્યાં કર્મ જીવને શું કરે ? કાંઈ નહિ. એ તો જીવ પોતે પોતાની ઉપાદાન **યોગ્યતાથી** અત્યંત હીણાપણે પરિણમે છે અને પોતે જ પોતાનો ઘાત કરે છે ત્યારે કર્મનું નિમિત્ત હોય છે બસ એટલું જ. (પાનું-૮૫) (૯) જીવ મરે કે ન મરે તે તો તેના આયુકર્મને લઈને છે. આયુનો ઉદય હોય તો ન મરે, જીવે; ઝેરના પ્રસંગમાં પણ જીવે અને આયુનો ક્ષય થયો હોય તો મરે; જિવાડવાનો પ્રયત્ન હોવા છતાં મરે. આયુકર્મના ઉદયે જીવે અને આયુકર્મના ક્ષયથી મરે એમ કહેવું એ પણ વ્યવહાર છે. વાસ્તવમાં તો જીવની દેહમાં રહેવાની સ્થિતિની જેટલી **યોગ્યતા** હોય તેટલો કાળ તે દેહમાં રહે અને ત્યારે આયુકર્મના ઉદયનું નિયમથી નિમિત્ત છે. (પાનું-૮૮) (૧૦) પરમાણુ-આહાર-ઔષધિના રજકણો—જે આવવા **યોગ્ય** હોય તે તેના કાળે સંયોગમાં પોતાની **યોગ્યતાથી** જ આવે છે અને તેમાં આને શાતાનું નિમિત્ત હોય છે. હવે ત્યાં બીજો એમ કહે કે– 'આ હું દઉં છું' તો કહે છે– એમ નથી. (પાનું-૯૬) (૧૧) દ્રવ્ય તો વ્યવહાર ઉપાદાન કારણ છે, નિશ્ચય ઉપાદાન તો વર્તમાન પર્યાય છે. પરિણામ ક્ષણિક ઉપાદાન છે અને ગુણ (શક્તિ) શાશ્વત (ધ્રુવ) ઉપાદાન છે. ધ્રુવને ઉપાદાન કહ્યું એ તો

Please inform us of any errors on AtmaDharma.com@gmail.com

Version 001: remember to check AtmaDharma.com & AtmaDharma.org for updates



એની શક્તિ છે તે વ્યવહાર સિદ્ધ કર્યો, પણ પ્રગટ પર્યાયમાં જે નિર્મળ દશા પ્રગટ થાય તે ક્ષણિક ઉપાદાન-વર્તમાન ઉપાદાન છે તે યથાર્થ નિશ્ચય છે. તે ક્ષણિક ઉપાદાન અર્થાત્ વર્તમાન પર્યાયની તે સમયે **યોગ્યતા** જે હોય તે જ પ્રમાણે પર્યાય-કાર્ય થાય. વર્તમાન પર્યાય નિમિત્તના આધારે તો નહિ પણ દ્રવ્યના ત્રિકાળી ધ્રુવ ઉપાદાનના આધારે પણ થતી નથી. (પાનું-૧૩૭) (૧૨) દ્રવ્ય-ત્રિકાળી ધ્રુવ વસ્તુ એ મોક્ષનું કારણ નથી... એ ત્રિકાળી ધ્રુવ ઉપાદાન વ્યવહાર છે. તો કોઈ વળી કહે છે–ત્રિકાળી ઉપાદાન દ્રવ્ય છે તેમાં અનેક પ્રકારની **યોગ્યતાઓ** છે, અને જે સમયે જેવું નિમિત્ત આવે તેવી પર્યાય એમાં થાય છે (એમ કે નિમિત્ત અનુસાર દ્રવ્ય-**યોગ્યતા** પરિણમી જાય છે.) પણ ભાઈ ! આ વાત બરાબર નથી; કેમકે દ્રવ્ય તો વ્યવહાર ઉપાદાન કારણ છે. નિશ્ચય ઉપાદાન તો વર્તમાન પર્યાય છે..: પરમાણુમાં તીખાશ થવાની ત્રિકાળી **યોગ્યતા-શક્તિ** છે તે ત્રિકાળી ઉપાદાન છે. પણ એ તો વ્યવહાર બાપુ ! લીંડીપીપરના પરમાણુમાં તીખાશ છે તે વર્તમાન ઉપાદાને પ્રગટ છે, એ વર્તમાન **યોગ્યતા** એ નિશ્ચય છે. (પાનું-૧૩૭) (૧૩) ઉપાદાન એટલે દ્રવ્યની પોતાની પર્યાયની તત્કાલિન **યોગ્યતા;** તે એની જન્મક્ષણ છે અને એનાથી પર્યાય જન્મે છે, ઉત્પન્ન થાય છે, પણ નિમિત્તથી થાય છે એમ ત્રણ કાળમાં નથી. (પાનું-૧૬૧) (૧૪) આત્મામાં વર્તમાન જ્ઞપ્તિ ક્રિયા-ધર્મની ક્રિયા જે થઈ તે સ્વતઃ સત્ ને અહેતુક છે, એટલે એમાં એનું તત્કાલ કારણ દ્રવ્યને પણ ન લીધું. પણ એનો ઉત્પાદ સ્વતઃ ઉત્પાદથી છે અને તત્કાલિન પર્યાયની **યોગ્યતા** જ તેનું કારણ છે. (પાનું-૧૮૯) (૧૫) અભવ્ય જીવને ભેદજ્ઞાન થવાની **યોગ્યતા** નહિ હોવાથી તે કર્મફળ ચેતનાને જાણે છે પરંતુ જ્ઞાન ચેતનાને જાણતો નથી; તેથી શુદ્ધ આત્મિક ધર્મનું શ્રદ્ધાન તેને નથી. તે શુભ કર્મને જ ધર્મ સમજી શ્રદ્ધાન કરે છે તેથી તેના ફળ તરીકે ગ્રૈવેયક સુધીના ભોગને પામે છે

Please inform us of any errors on AtmaDharma.com@gmail.com

Version 001: remember to check AtmaDharma.com & AtmaDharma.org for updates



પરંતુ કર્મનો ક્ષય થતો નથી. (પાનું-૨૫૨-૨૫૩) (૧૬) એક નિર્મળ જેનો સ્વભાવ છે એવો સ્ફટિકમણિ એકલો પોતાની મેળે લાલાદિરૂપે થતો નથી, પરંતુ પરદ્રવ્યના-લાલ-પીળા ફૂલના સંગે એમાં લાલ-પીળી ઝાંય થાય છે. જુઓ, એમાં લાલ-પીળી ઝાંય થાય છે તે એની વર્તમાન દશાની **યોગ્યતા** છે, પણ લાલ-પીળા ફૂલને કારણે એ થઈ છે એમ નથી. લાલ-પીળા ફૂલથી જો એ ઝાંય થતી હોય તો લાકડામાં પણ થવી જોઈએ. પણ એમ બનતું નથી કેમકે એની એવી **યોગ્યતા** નથી; સ્ફટિકમણિમાં થાય છે એ એની પર્યાય **યોગ્યતા** છે. (પાનું-૨૯૬) (૧૭) પરદ્રવ્ય-જડકર્મ પોતાની વર્તમાન પર્યાયની **યોગ્યતાથી** પોતાની મેળે રાગાદિના ઉદયરૂપે પરિણમે છે તે, આત્માને-કે જે પોતાના શુદ્ધ સ્વભાવથી ચ્યુત થાય છે તેને-રાગાદિનું નિમિત્ત થાય છે. (પાનું-૨૯૭) (૧૮) આત્મા પોતાની તત્કાલિન **યોગ્યતાથી** પર્યાયમાં રાગાદિરૂપે પરના સંગે-નિમિત્તે પરિણમે છે-એવો વસ્તુનો સ્વભાવ છે. કેટલાક લોકો કહે છે એમ પરને લઈને વિકાર થાય છે એવો વસ્તુનો સ્વભાવ નથી. (પાનું-૨૯૯) (૧૯) ઘણા પંડિત લોકો **परसंग एव**-એનો એવો અર્થ- કરે છે કે આત્માનો સ્વભાવ તો શુદ્ધ જ છે, વિકાર થાય એવી તો કોઈ શક્તિ-ગુણ એમાં નથી, માટે કર્મને લઈને જ એને વિકાર થાય છે. પણ એવો અર્થ-માન્યતા બરાબર નથી. એ લોકોને બિચારાઓને પર્યાયની એક સમયની અશુદ્ધ ઉપાદાનગત **યોગ્યતા** ખ્યાલમાં આવતી નથી. અહા ! એક સમયની પર્યાયની એ **યોગ્યતા** છે કે પરના સંગે-નિમિત્તે પોતે વિકારપણે પરિણમે છે. ભાઈ ! પરસંગ એને (બળથી) વિકારપણે પરિણમાવે છે એમ કદીય નથી. (પાનું-૩૦૧) (૨૦) સૂર્યકાંતમણિ અગ્નિરૂપે થાય છે એ તો એની પોતાની તત્કાલિન **યોગ્યતાથી** થાય છે અને સૂર્યનું બિંબ એમાં નિમિત્તમાત્ર છે, સૂર્યનું બિંબ એમાં કાંઈ કરી દે છે એમ નહિ. તેમ આત્મા પોતે પોતાના વિકારનું નિમિત્ત કદીપણ થતો નથી.... વિકાર થવામાં ભગવાન

Please inform us of any errors on AtmaDharma.com@gmail.com

Version 001: remember to check AtmaDharma.com & AtmaDharma.org for updates



આત્મા નિમિત્ત નથી પણ પરસંગ એટલે જડ કર્મનો ઉદય નિમિત્ત છે. (પાનું-૩૦૧) (૨૧) અજ્ઞાની અનાદિથી શુદ્ધ સ્વભાવથી ચ્યુત જ છે કેમ ? કારણ કે તે યથોક્ત ભગવાને કહેલા વસ્તુભાવને જાણતો નથી. જુઓ, આમાં એમ ભાષા નથી લીધી કે કર્મને લઈને ચ્યુત છે, જોકે કર્મ જોડે અનાદિનું છે છતાં કર્મને લઈને એ ચ્યુત છે એમ નથી. પણ પોતે પોતાના શુદ્ધ સ્વભાવને જાણતો નથી માટે ચ્યુત છે. એવી જ અનાદિકાલીન પર્યાય-**યોગ્યતા** છે. (પાનું-૩૧૭) (૨૨) જેમને હજી ત્રસ અવસ્થા આવી જ નથી એવા અનંતા જીવ નિગોદમાં સબડે છે. તે સર્વજીવ 'ભરિત અવસ્થ' એટલે સ્વભાવના સામર્થ્યથી પૂરણ ભરેલા દ્રવ્યરૂપથી પરમાત્મ સ્વરૂપ છે પણ શું થાય ? વર્તમાન દશાહીન છે, સ્વરૂપને સમજવાની **યોગ્યતાથી** રહિત છે. ભાઈ ! તને આવો અવસર મળ્યો છે તો સ્વરૂપને સમજી લે. રાગથી એકતા છે તે તોડીને સ્વરૂપમાં-ચૈતન્યરૂપમાં એકતા કર. (પાનું-૩૯૮)

**(૯) પ્રવચનરત્નાકર ભાગ-૯ માંથી** : (૧) આ ચોખા પાણીમાં ચડે છે ને ? તો અહીં કહે છે એ બરાબર નથી. ચોખાની પર્યાયની સત્તામાં પાણીની પર્યાયની સત્તા જતી નથી; માટે પાણીના કર્તાપણા વિના જ, ચોખા પોતાની પર્યાયની **યોગ્યતાથી** તે કાળે ચડી જાય છે. પોતાની પર્યાયોના ક્રમમાં નિયત સમયે તે ચોખાની ચડવાની પર્યાય ઉત્પન્ન થાય છે, બીજો તેનો કર્તા નથી પાણીય નહિ. (પાનું-૨૩) (૨) આ લોકો ઉપવાસ કરે છે ને ? ત્યાં તેઓ એમ માને છે કે-અમે આહાર-પાણી છોડી દીધાં. અરે ભાઈ ! આહારાદિની તે અવસ્થા તે સમયે જે થવાની હતી તે એના પોતાનાથી થઈ છે. પરદ્રવ્યનાં ગ્રહણ-ત્યાગ ભગવાન ! તારામાં ક્યાં છે ? આહારાદિની તે કાળે આવવાની **યોગ્યતા** ન હોય તો આહારાદિ આવતાં નથી. અજીવની અવસ્થા અજીવથી જ ક્રમબદ્ધ થાય છે, જીવ તેમાં કાંઈ કરતો નથી. (પાનું-૨૫) (૩) જડ કર્મની પ્રકૃતિ

Please inform us of any errors on AtmaDharma.com@gmail.com

Version 001: remember to check AtmaDharma.com & AtmaDharma.org for updates



બંધાય છે એ તો પોતાની પર્યાયની **યોગ્યતાથી** બંધભાવે થાય છે; તેમાં આત્માના વિકારી પરિણામ નિમિત છે બસ. જેમ જીવને વિકારી પરિણામ થાય તેમાં જૂનાં કર્મોનો ઉદય નિમિત્ત છે તેમ નવી નવી કર્મપ્રકૃતિ બંધાય છે તેમાં જીવના વિકારી પરિણામ માત્ર નિમિત્ત છે-બસ આટલી વાત છે. (પાનું-૪૭) (૪) જ્ઞાનીને પરદ્રવ્યને-શુભાશુભ વિકારના ભાવને-'હું' પણે, સ્વપણે અનુભવવાની **અયોગ્યતા** છે. માટે, જ્ઞાની પ્રકૃતિ સ્વભાવથી વિરક્ત હોવાથી અવેદક જ છે. ધર્મી જીવ હરખ-શોકના, સુખ-દુઃખના જે ભાવ થાય તેનો જ્ઞાતા જ છે, વેદક નથી. (પાનું-૮૦) (૫) ભગવાન જ્ઞાનાનંદસ્વરૂપી આત્માના અનુભવમાં પુરુષાર્થ કરતાં આત્મા-પોતે જ્ઞાતા-દૃષ્ટા થયો. આવા સ્વરૂપના ભાનમાં ઉગ્ર પુરુષાર્થ હોતાં કર્મ ઉદયમાં ન આવે, આવવાની **યોગ્યતા** છે પણ તત્કાલ ઉદયમાં આવ્યું નહિ અને ખરી જાય તેને અવિપાક નિર્જરા કહે છે. (પાનું-૧૦૦) (૬) દશ ભાવપ્રાણરૂપ અશુદ્ધ જીવત્વ, ભવ્યત્વ અને અભવ્યત્વ-એ ત્રણમાં મોક્ષ થવાની **લાયકાતરૂપ** ભવ્યત્વ લક્ષણ પારિણામિકભાવ છે તેને કહે છે, સમ્યક્ત્વાદિ ગુણોનું ઘાતક 'દેશઘાતી' ને 'સર્વઘાતી' નામવાળું મોહાદિ કર્મસામાન્ય પર્યાયાર્થિકનયે ઢાંકે છે. અહીં દ્રવ્ય ઘાતીકર્મ ન લેતાં ભાવઘાતીકર્મ ઢાંકે છે એમ સમજવું. (પાનું-૧૧૭) (૭) મોક્ષના કારણરૂપ એવા ઔપશમિકાદિ ભાવો પ્રગટ થાય છે, તેને પુરુષાર્થ, સ્વકાળ, કર્મનાં ઉપશમ આદિ પાંચેય સમવાયો થઈ જાય છે અને આ ભવ્યત્વશક્તિની વ્યક્તિ છે. ભવ્યત્વ તો તે જીવમાં પહેલેથી હતું, પણ નિજ સ્વભાવનું ભાન થયું ત્યારે તે પાકરૂપ થઈને પરિણમ્યું, મોક્ષની જે **યોગ્યતા** હતી તે ત્યારે કર્મરૂપ થવા માંડી ને હવે અલ્પકાળમાં મોક્ષદશા પ્રગટ થઈ જશે. (પાનું-૧૧૯) (૮) ત્રિકાળ આનંદસ્વરૂપ પોતે પરમાત્મદ્રવ્ય છે, તેના શ્રદ્ધાન-જ્ઞાન-આચરણરૂપ પર્યાયે જીવ પરિણમે તે ભવ્યત્વશક્તિની અર્થાત્ મોક્ષમાર્ગની **યોગ્યતારૂપ** શક્તિની વ્યક્તિ છે અને તે ધર્મ છે

Please inform us of any errors on AtmaDharma.com@gmail.com

Version 001: remember to check AtmaDharma.com & AtmaDharma.org for updates



(પાનું-૧૨૨) (૯) શ્રેણિક રાજાને ક્ષાયિક સમક્તિ હતું, તીર્થંકર નામકર્મ બાંધ્યું હતું, પણ પૂર્વે નરકગતિનું આયુષ્ય બંધાઈ ગયેલું તેથી પર્યાયની **યોગ્યતાવશ** નરકના સંયોગમાં ગયા છે. પરંતુ રાગથી ભિન્ન પૂર્ણાનંદસ્વરૂપ નિજપરમાત્મદ્રવ્યનું અંદરમાં ભાન છે અને આનંદનું વેદન સાથે છે (પાનું-૧૪૭) (૧૦) વાઘ અને નાગ શાંત થઈને એકસાથે ભગવાનની વાણી સાંભળવા આવે તે અતિશય છે કે નહિ ? બાપુ ! એ તો ઉપચારથી કહેવાય; બાકી અતિશય છે માટે શાંત થઈ જાય છે એમ નથી. પોતાની તે કાળે તે પર્યાય થવાની **યોગ્યતા** છે તો તે થાય છે અને ત્યારે ભગવાન નિમિત્ત છે બસ... ભાઈ ! તે પર્યાયની તે જન્મક્ષણ છે. (પાનું-૧૯૮) (૧૧) વિકારપણે થવાની પોતાની તત્કાલિન **યોગ્યતા** ન હોય તો બીજો તેને પરિણમાવી શકે નહિ, અને વિકારપણે થવાની પોતાની **યોગ્યતા** હોય તો તેમાં બીજાની શું અપેક્ષા ? (પાનું-૨૧૦) (૧૨) શ્રેણિકરાજા પહેલી નરકના ક્ષેત્રે ગયા છે એ એવી જ પોતાની પર્યાયની **યોગ્યતાથી** ગયા છે. પોતાના ઊંધા પુરુષાર્થથી નરકગતિનું આયુ બંધાયેલું. તેના ઉદયકાળે તેમની પર્યાયની એવી જ **યોગ્યતા** હતી જે વડે તેઓ નરકમાં ગયા છે, કર્મને લઈને તેઓ નરકમાં ગયા છે અથવા કર્મ એમને ખેંચીને નરકમાં લઈ ગયું છે એમ છે જ નહિ. (પાનું-૨૪૬) (૧૩) એક મોટા ઝવેરીનો પુત્ર બધું ખલાસ થઈ ગયું એટલે ભિખારી બનીને ભીખ માગવા લાગેલો. હવે એ ભિખારી થઈ ગયો એ કર્મને લઈને થયો છે એમ અજ્ઞાની માને છે. વાસ્તવમાં તો જે સ્થિતિ થઈ તે એની પોતાની **યોગ્યતાથી** થઈ છે, કર્મથી થઈ છે એમ નથી; કર્મ તો નિમિત્તમાત્ર છે. (પાનું-૨૫૧) (૧૪) દયા, દાન, વ્રત, ભક્તિ ઈત્યાદિ તો બધો રાગ છે અને એ તો પૃથક્ રહીને પરજ્ઞેય તરીકે જાણવા યોગ્ય છે. પણ તેને બદલે તું એને કરવા યોગ્ય માને છે તે તારી કર્તાબુદ્ધિનું અજ્ઞાન જ છે. અજ્ઞાની જ તેને જાણવા કાળે કરવા યોગ્ય જાણે

Please inform us of any errors on AtmaDharma.com@gmail.com

Version 001: remember to check AtmaDharma.com & AtmaDharma.org for updates



છે અને એમ જાણતો તે તેનો કર્તા થાય છે. (પાનું-૨૫૯) (૧૫) આ ખટારાનો અકસ્માત થતાં કંઈકના દેહ છૂટી જાય છે ને ! ત્યાં આયુના પરમાણુ કર્તા અને દેહ છૂટી જાય તે એનું કર્મ એમ છે નહિ. એ તો દેહમાં જીવને તેટલો જ કાળ રહેવાની **યોગ્યતા** છે એમ યથાર્થ સમજવું, જે સમયે દેહ છૂટવા **યોગ્ય** હોય તે જ સમયે દેહ છૂટી જાય છે. (પાનું-૩૧૫-૩૧૬) (૧૬) ભાષા બોલાય એ ભાષાવર્ગણાનું જ કાર્ય છે. મડદું કેમ બોલતું નથી ? તો મડદાના પ્રસંગમાં ભાષા બોલાય એવી ભાષાવર્ગણાની ત્યાં **યોગ્યતા** જ હોતી નથી અને તેથી ભાષા પણ બોલાતી નથી. (પાનું-૩૨૫) (૧૭) લાકડી ઊંચી થઈ તે પરિણામ છે અને તે પરિણામ તેના આશ્રયભૂત પરિણામીનું-પુદ્ગલ પરમાણુઓનું જ છે, અન્યનું નહિ. વળી તે પરિણામ અર્થાત્ કર્મ કર્તા વિના કેમ હોય ? ન હોય. પહેલાં (લાકડી) એક અવસ્થારૂપ હતી તે હવે બદલીને ઊંચી થવારૂપ થઈ તે તેનો કાળ છે, તે એની વર્તમાન **યોગ્યતા** છે. કાંઈ આ જીવે કે આંગળીઓએ તેને ઊંચી કરી છે એમ નથી. (પાનું-૩૨૭) (૧૮) તું પરજીવને બચાવી શકતો જ નથી. પોતે તો બહાર બેઠો છે, સામા જીવની આયુની પર્યાયમાં કે તેના આત્માની પર્યાયમાં પ્રવેશ કરતો નથી-કરી શકતો નથી તો બીજા જીવને શી રીતે બચાવી શકે ? પરજીવ બચે છે એ તો તેની તે તે કાળની **યોગ્યતા** છે. (પાનું-૩૩૦) (૧૯) અગ્નિ છે માટે પાણી ઊનું થયું છે એમ નથી અને અગ્નિ નથી માટે પાણી શીતળ છે એમેય નથી. પાણીની શીત અને ઉષ્ણ અવસ્થા એ તો પાણીના પરમાણુઓની તે તે સમયની **યોગ્યતા** છે, જન્મક્ષણ છે. (પાનું-૩૩૧-૩૩૨).

**(૧૦) પ્રવચનરત્નાકર ભાગ-૧૦ માંથી** : (૧) પરદ્રવ્યનું કાંઈ કરી શકે એવી **તાકાત-યોગ્યતા** તારામાં નથી, અને તારામાં કાંઈ કરી શકે એવી **તાકાત-યોગ્યતા** પરદ્રવ્યમાં નથી. અન્ય દ્રવ્ય વડે અન્ય દ્રવ્યના ગુણનો-ગુણ એટલે પર્યાયનો-ઉત્પાદ કરાવાની

Version 001: remember to check AtmaDharma.com & AtmaDharma.org for updates



**અયોગ્યતા** છે. (પાનું-૫) (૨) ત્રણ કાળની સર્વદ્રવ્યની સર્વ પર્યાયોને આત્મા જાણે એવું એનું સામર્થ્ય-**યોગ્યતા** છે, પણ પરની ક્રિયા થાય તેને જીવ કરી શકતો નથી, પરની ક્રિયા કરવાની તેની **અયોગ્યતા** છે. આ શરીરને ચલાવવાની, હાથ-પગ હલાવવાની ને બહારની ધનાદિ સામગ્રી મેળવવાની જીવની **અયોગ્યતા** છે. (પાનું-૬) (૩) કોઈ એક દ્રવ્ય કોઈ બીજા દ્રવ્યનું કાંઈ કરી શકે નહિ, કેમ કે અન્ય દ્રવ્યના ગુણનો-પર્યાયનો ઉત્પાદ કરાવાની **અયોગ્યતા** છે એમ દિવ્યધ્વનિ દ્વારા ભગવાનેસ્વતંત્રતાનોઢંઢેરો બહાર પાડ્યો છે. (પાનું-૬) (૪) પરદ્રવ્ય માટે પ્રત્યેક અન્ય દ્રવ્ય પાંગળું છે. આ આત્મા પર જીવોની દયા પાળવા માટે પાંગળો છે. પરને ધર્મ પમાડવા માટે પણ પાંગળો છે; પરનું કાંઈ કરે એવી એનામાં **યોગ્યતા** જ નથી. (પાનું-૭) (૫) પરના કારણે તને વિકાર થાય એવી **યોગ્યતા** તારા આત્મામાં છે જ નહિ, ને પરમાં પણ તને વિકાર કરાવે એવી **યોગ્યતા** છે જ નહિ. (પાનું-૭) (૬) પરદ્રવ્ય-કર્મ જીવને વિકાર કરાવે છે અને પરદ્રવ્યની પર્યાયને જીવ ઉપજાવે છે-એમ શંકા ન કર, કેમકે સર્વદ્રવ્યોનો સ્વભાવથી જ ઉત્પાદ થાય છે. વિકાર થાય એ પણ પર્યાયનો સ્વભાવ છે. પ્રત્યેક દ્રવ્યમાં પ્રતિસમય પોતાની પર્યાયની **યોગ્યતાના** સ્વભાવથી જ ઉત્પાદ થાય છે. (પાનું-૮) (૭) ઘડો થવાની **યોગ્યતાના** કાળે માટી જ ઘડારૂપે ઊપજી ઘડો ઉત્પન્ન કરે છે. કુંભાર તે વખતે બાહ્ય નિમિત્ત હો, પણ કુંભારથી ઘડો ઉત્પન્ન થાય એમ ત્રણ કાળમાં નથી. (પાનું-૧૦) (૮) પ્રત્યેક દ્રવ્ય પોતાના સ્વભાવથી જ તે તે કાળે તે તે પર્યાયરૂપે પરિણમી જાય છે એવી જ દ્રવ્યની **યોગ્યતા** છે; એમાં પરદ્રવ્યનું કાંઈ કર્તવ્ય નથી. પોતે એક જ્ઞાયકભાવમાત્ર જ્ઞાનાનંદ પ્રભુ છે, તે એકના આશ્રયથી જ સમ્યગ્દર્શન પ્રાપ્ત થાય છે. આ આગમ છે. (પાનું-૧૧) (૯) જ્ઞાનાવરણીય કર્મના ઉદયના કારણે જ્ઞાનની હીણી દશા થઈ છે એમ નથી, પરંતુ પોતાના કારણે જ્ઞાનની

Please inform us of any errors on AtmaDharma.com@gmail.com

Version 001: remember to check AtmaDharma.com & AtmaDharma.org for updates



હીણી પર્યાય થઈ છે, કર્મ નિમિત્ત છે, પણ જ્ઞાનમાં એ કાંઈ કરતું નથી. બંનેનાં પરિણામ સ્વતંત્ર છે. કોઈ કોઈને અડતાં નથી. જ્ઞાનની હીનાધિક દશા તે, તે તે સમયની તેની **યોગ્યતા** છે. (પાનું-૧૪) (૧૦) મોટર ડ્રાઈવરથી, પેટ્રોલથી કે મશીનથી ચાલતી નથી ભાઈ ! દુનિયા સાથે મેળ ન ખાય એવી વાત છે, પણ આ સત્ય વાત છે. ચાલક (ડ્રાઈવર)નો આત્મા જુદો, એના શરીરના રજકણો જુદા, પેટ્રોલના રજકણ જુદા, મશીનના રજકણ જુદા અને મોટરના પરમાણુ જુદા છે. બધું જ જુદું જુદું છે. મોટર ચાલે છે એ તો એના પરમાણુની ક્રિયાવતી શક્તિની તત્કાલિન **યોગ્યતાથી** ચાલે છે. બીજી ચીજ નિમિત્ત હો, પણ એનાથી મોટર ચાલતી નથી. (પાનું-૧૬) (૧૧) કેવળજ્ઞાન થતાં ચાર ઘાતિ કર્મોનો ક્ષય થયો અને ચાર અઘાતિ કર્મો બાકી રહ્યાં. તો અઘાતિ કર્મના ઉદયના કારણે ભગવાન કેવળી ત્યાં રહ્યા છે એમ નથી. તેઓ તો પોતાની કંપનની દશાની **યોગ્યતાના** કારણે રહ્યા છે, એટલી (કંપનની) વિરુદ્ધતા છે ને ? માટે રહ્યા છે, કર્મને કારણે નહિ. કેવળી ભગવાનને અસિદ્ધત્વ ભાવ છે, સિદ્ધત્વ નથી તે પોતાની પર્યાયની **યોગ્યતાથી** જ છે, કર્મનું એમાં કાંઈ કારણ નથી. (પાનું-૧૯) (૧૨) જે કર્મના ઉદયથી મરણ પછી અને જન્મ પહેલાં વિગ્રહગતિમાં રસ્તામાં આત્માના પ્રદેશ મરણ પહેલાંના શરીરના આકારે રહે છે તે આનુપૂર્વી કર્મ છે. ગત્યાનુપૂર્વી કર્મના ઉદયે જે પ્રદેશોના આકારની **યોગ્યતા** થઈ તેનું ધર્મીપુરુષને લક્ષ નથી, તે તો શુદ્ધ ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતે છે. (પાનું-૧૪૯) (૧૩) દ્રવ્યશ્રુત અચેતન છે, માટે જ્ઞાન અને શ્રુતને ભિન્નતા છે, જુદાઈ છે. એટલે શું ? કે દ્રવ્યશ્રુતથી અહીં (આત્મામાં) જ્ઞાન થાય છે એમ નથી. તો કેવી રીતે છે ? સાંભળનાર-શ્રોતાને પોતાના ઉપાદાનની **યોગ્યતાથી** જ્ઞાન થાય છે, અને દ્રવ્યશ્રુત તો ત્યારે નિમિત્તમાત્ર છે. વળી દ્રવ્યશ્રુતનું જ્ઞાન તે પરલક્ષી જ્ઞાન છે, સ્વલક્ષી નથી. માટે દ્રવ્યશ્રુતનું જ્ઞાન પણ

Please inform us of any errors on AtmaDharma.com@gmail.com

Version 001: remember to check AtmaDharma.com & AtmaDharma.org for updates



ખરેખર અચેતન છે. (પાનું-૧૮૧) (૧૪) જીવ અનાદિથી શુભાશુભ ભાવ કરતો આવ્યો છે. તે શુભાશુભ ભાવ અનાદિસાંત છે. આટલો બધો કાળ અશુદ્ધતા થઈ તેને માનો જ નહિ તો ગુણ જ સિદ્ધ નહિ થાય ને દ્રવ્ય પણ સિદ્ધ નહિ થાય. ગુણનું અશુદ્ધ પરિણમન થાય છે તે પણ તેની તત્કાલિન **યોગ્યતા** છે. (પાનું-૧૯૩) (૧૫) જો વિકારી પર્યાયને કાઢી નાખો તો અનંતી વિકારી પર્યાયોનો અભાવ થતાં આખો ત્રિકાળ ગુણ સિદ્ધ નહિ થાય, અને તો શુદ્ધ-અશુદ્ધ પર્યાયોનો પિંડ એવો આત્મા જ સિદ્ધ નહિ થાય. જે અશુદ્ધ પર્યાયો ગઈ તે ડૂબકી મારીને અંદર પારિણામિકભાવે **યોગ્યતારૂપે** વિલીન થઈ છે, જે ભવિષ્યમાં શુદ્ધ-અશુદ્ધ પર્યાયો થવાની છે તે અંદર **યોગ્યતાપણે** રહેલી છે. આવી જેમ છે તેમ વસ્તુ યથાર્થ સમજવી પડશે ભાઈ ! (પાનું-૧૯૪-૧૯૫) (૧૬) જ્ઞાનમાં પોતાથી જ સ્વપરને જાણવાની તાકાત છે. પરની હયાતી છે માટે આત્મા પરપ્રકાશક છે એમ નથી. પોતાથી જ જ્ઞાન થવા યોગ્ય એવો પોતે સ્વસંવેદ્ય છે. પોતાથી પોતે વેદન કરવા યોગ્ય છે; પરથી વેદન નહિ, ને પરનું વેદન નહિ એવો ભગવાન આત્મા સ્વસંવેદ્ય છે. (પાનું-૩૧૪) (૧૭) આત્માની સમય સમયની જ્ઞાનની અવસ્થા પોતપોતાની **યોગ્યતાનુસાર** આત્મામાં થાય છે. નિમિત્તને કારણે થાય છે એમ નહિ. નિમિત્ત હો ભલે, અને એને જાણે પણ, પરંતુ નિમિત્તને જાણનારી જ્ઞાનની દશા પોતાની પોતાથી છે, નિમિત્તને લઈને નથી. (પાનું-૩૯૨) (૧૮) ભગવાનની વાણી નીકળે તે કાળે વાણી સાંભળીને જે જ્ઞાન થાય છે તે પોતાની જ્ઞાનની પર્યાયની તત્કાળ **યોગ્યતા** છે, એનો તે સ્વકાળ છે. વાણીના કારણે તે જ્ઞાનની પર્યાય થઈ છે એમ નથી. આ પાનું અને આ પંક્તિ-લીટીના આલંબનકાળે આ પાનું અને આ પંક્તિ લક્ષમાં આવે છે તેથી એને લઈને મારું જ્ઞાન થાય છે એમ અજ્ઞાની માને છે, પણ એમ છે નહિ. (પાનું-૩૯૩) (૧૯) નિમિત્તને લઈને ઉપાદાનમાં કાંઈ

Please inform us of any errors on AtmaDharma.com@gmail.com

Version 001: remember to check AtmaDharma.com & AtmaDharma.org for updates



થાય એમ છે નહિ. બંનેમાં કાળ પ્રત્યાસત્તિ ને ક્ષેત્ર પ્રત્યાસત્તિ જોઈને અજ્ઞાનીને ભ્રમ થઈ જાય છે કે નિમિત્તને લઈને ઉપાદાનનું કાર્ય થયું છે. પણ એમ છે નહીં. જો નિમિત્તને લઈને કાર્ય થાય તો એની દ્રવ્યગત તત્કાલિન **યોગ્યતા** અર્થાત્ ઉપાદાન સિદ્ધ જ નહિ થાય. ભાઈ ! માટીમાંથી ઘડો થયો તે માટીમાં તત્કાળ જે **યોગ્યતા** ઘડારૂપ થવાની હતી તે પ્રગટ થઈ ઘડો થયો છે. (પાનું-૩૯૪) (૨૦) વિકાર પણ જે અંદર થાય છે તે ભાવની (-ગુણની) ઊલટી દશા છે. એય કાંઈ નિમિત્તને લઈને થાય છે એમ નથી. જોકે તે નિમિત્તના લક્ષે-નિમિત્તને આધીન થઈ (સ્વાધીન પણે) પરિણમવારૂપ દશા છે, તોપણ તે પોતાની દશા છે. ક્રોધાદિ ભાવરૂપે પરિણમે છે તે કાળે કર્મ નિમિત્ત અવશ્ય છે, પણ એમાંથી ક્રોધાદિ વિકારની પર્યાય આવે છે એમ નથી. ખરેખર તો જે પર્યાય જે સમયે થાય છે તે જાતની તેની અંદર **યોગ્યતા** જ છે. (પાનું-૩૯૭-૩૯૮) (૨૧) અજ્ઞાનીની દલીલ છે કે-કપડામાં કોટ થવાની તો **યોગ્યતા** છે, પણ દરજી કોટ કરે ત્યારે થાય ને ? કપડું પડ્યું પડ્યું કાંઈ કોટ થઈ જાય ? માટે ઉપાદાનમાં **યોગ્યતા** હોવા છતાં નિમિત્ત આવે તો કાર્ય-પર્યાય થાય છે. આવા જીવો કપડામાં કોટ બનવાનો સ્વકાળ-પર્યાયકાળ હોય છે અને ત્યારે દરજી નિમિત્ત હોય છે એમ સ્વીકારતા નથી. (પાનું-૪૦૩) (૨૨) અજ્ઞાનીની દૃષ્ટિ બહાર નિમિત્ત ઉપર જ હોવાથી નિમિત્ત જેવું આવે તેવી અહીં જ્ઞાનમાં પર્યાય થાય છે એમ તે માને છે. તે કહે છે કે ઉપાદાનની પર્યાયમાં **યોગ્યતા** તો અનેક પ્રકારની છે, પણ સામે જેવું નિમિત્ત-બાહ્ય સામગ્રી આવે એવી પર્યાય થઈ જાય છે. જેમકે માટીમાં ઘડો થવાની **યોગ્યતા** છે. સાથે સાથે તે જ કાળે શકોરું આદિ થવાની અનેક **યોગ્યતાઓ** તેમાં વિદ્યમાન છે. માટીમાંથી શું થાય એ કુંભાર પર નિર્ભર છે... અહા ! આવી જેની માન્યતા છે તેનું જ્ઞાન-તેની બધી પર્યાયો બાહ્યનિમિત્ત પી ગયું છે, કેમકે

Please inform us of any errors on AtmaDharma.com@gmail.com

તેણે પોતાનું સઘળું પરિણમન નિમિત્તને આધીન કરી દીધું છે..... વર્તમાન જ્ઞાનની દશા મારી મારાથી થઈ છે એમ એણે માન્યું નથી. (પાનું-૪૦૩) (૨૩) આત્મામાં જે સમયે જે પર્યાય થવા **યોગ્ય** છે તે પોતાથી જ થાય છે. પરંતુ અજ્ઞાની એમ ન માનતાં જે સમયે પર્યાય થઈ તે નિમિત્ત આવ્યું તે વડે થઈ એમ માને છે. તે પોતાની પર્યાયનું અસ્તિત્વ પરથી-નિમિત્તથી માને છે. પ્રગટ થયેલી પર્યાય તે તે સમયનું સત્ છે એમ નહિ માનીને તે પોતાના સત્‌ને ઉડાડે છે, નિમિત્તને હવાલે કરી દે છે. (પાનું-૪૦૪) (૨૪) જે કાળે ઘડાને જાણવારૂપ જ્ઞાનની દશા થઈ છે તે તેની તે કાળે **યોગ્યતા** છે અને તે પોતાની પોતાથી છે. તું એક અવસ્થાના કાળે બીજી અવસ્થાની કલ્પના કરે એ તો મિથ્યા કલ્પના જ છે, કેમકે એક કાળે એક નિયત અવસ્થા જ હોય છે. તથાપિ ઘટજ્ઞાન જો ઘડાથી થતું હોય તો સામે થાંભલો હોય તેને પણ જ્ઞાન થવું જોઈએ. પણ એમ છે નહિ. (પાનું-૪૦૬) (૨૫) કેટલાક કહે છે-ઉપાદાનની અનેક **યોગ્યતા** છે. તેમાં જે કાળે જેવું નિમિત્ત મળે તે મુજબ **યોગ્યતા** પ્રગટરૂપ થઈ કાર્ય નીપજે છે. તેઓ કહે છે કે વર્તમાન દશા એ દ્રવ્યનો પરિણમન સ્વભાવ છે, પણ વિકારરૂપે કે નિર્વિકારરૂપે થવું-દશા થવી એ તો જેવો સંયોગ-નિમિત્ત હોય એના પર આધારિત છે. અરે ભાઈ ! વસ્તુનો પરિણમન સ્વભાવ, પરિણામ અને પરિણમનનું થવું એ શું જુદી જુદી ચીજ હશે ? શું થાય ?... પ્રત્યેક પદાર્થ-જીવ કે રજકણ વગેરેના પરિણમનથી થતી દશા તે પોતાથી જ થાય છે, પરથી-નિમિત્તથી કદીય નહિ. (પાનું-૪૩૬) (૨૬) જેવું નિમિત્ત આવે તેવી પોતાના ભાવની દશા થાય એમ જે માને છે તે ખરેખર પોતાની દશાના ભાવની અંતરંગ **યોગ્યતાને** સ્વીકારતો નથી. તેની દૃષ્ટિ નિરંતર નિમિત્ત-પરભાવ ઉપર જ રહે છે. તેના ચિત્તમાં નિમિત્તનો-પર વસ્તુનો જ મહિમા રહે છે, તેને પોતાના સ્વભાવ-સામર્થ્યનો મહિમા ઉદય પામતો નથી....

Version 001: remember to check AtmaDharma.com & AtmaDharma.org for updates



આ એક બોલ પણ સત્યાર્થ સમજે તો બધા ખુલાસા થઈ જાય. (પાનું-૪૪૨) (૨૭) વર્તમાન ભલે વિકારી પર્યાય હો, પરંતુ તે એની **યોગ્યતાથી** થઈ છે, કર્મના ઉદયના કારણે થઈ છે એમ નથી. એક સમયની વિકારની પર્યાયમાં ષટ્કારકની શક્તિ ગુણરૂપે પડી છે, અને તે ભાવનું પરિણમન પોતાની પર્યાયમાં પોતાની જન્મક્ષણે પોતાના સામર્થ્યથી થાય છે. (પાનું-૪૪૨) (૨૮) ભાઈ ! (દ્રવ્યની) એક સમયની પર્યાયની **યોગ્યતા** પોતાના ભાવના સામર્થ્યથી પોતાના કારણે છે; એનો ભાવ જે પડ્યો છે એમાંથી એ આવશે, કાંઈ પરભાવથી-નિમિત્તથી એ પ્રગટશે એમ છે નહિ. બાપુ ! આ તો સ્વતંત્રતાનો ઢંઢેરો છે. પણ અરે ! પરચીજથી મારો ભાવ ઊઘડે છે એમ માનીને અત્યંત નિશ્ચેતન-જડ થયો થકો અજ્ઞાની પોતાનો નાશ કરે છે અર્થાત્ અનંતા જન્મમરણ કર્યા કરે છે. (પાનું-૪૪૩) (૨૯) આત્મા અંદર અનંત ગુણના સામર્થ્યથી ભરેલો પરમેશ્વર છે. તેની વર્તમાન દશા થઈ છે એ તો પોતાના ભાવના (ગુણના) અસ્તિત્વથી થઈ છે. ભાવમાં વર્તમાન જે પર્યાયની શક્તિ વ્યક્ત થવા **યોગ્ય** છે તે જ વ્યક્ત પ્રગટ થઈ છે. તેમાં પરભાવો જાણવામાં આવતાં આ પરભાવો છે તે જ હું છું એમ અજ્ઞાની પરભાવોને પોતારૂપ કરે છે. અહા ! એને સ્વભાવ-પરભાવનો કોઈ વિવેક નથી. (પાનું-૪૪૫) (૩૦) સામે જેવી ચીજ હોય એવું જ અહીં જ્ઞાન કેમ થાય છે ? (તો કહે છે ) આત્મદ્રવ્યના ભાવની એવી જ **શક્તિ-યોગ્યતા** છે. સામે જેવો પરભાવ-પરજ્ઞેય નિમિત્તપણે હોય એવું જ જે જ્ઞાનમાં આવે તે દ્રવ્યની એવી જ તત્કાલિન **શક્તિ-યોગ્યતા** છે. તેથી આવે છે આ તો આવો જ વસ્તુને જ્ઞાનનો સ્વભાવ છે. (પાનું-૪૪૬-૪૭) (૩૧) ચૈતન્યનું જે સામાન્યપણું, ધ્રુવપણું, એકપણું તેને અવ્યક્ત કહ્યું છે, કેમકે એમાં ચૈતન્યની સમસ્ત વ્યક્તિઓ-જે પ્રગટ થવાની છે અને જે પ્રગટ થઈ ગઈ છે એ બધી-અંતર્લીન છે. નિશ્ચયથી જોઈએ તો સ્વભાવ-પરભાવને જાણવાની

Please inform us of any errors on AtmaDharma.com@gmail.com

Version 001: remember to check AtmaDharma.com & AtmaDharma.org for updates



જે સ્વપરપ્રકાશક પર્યાય પ્રગટ થાય છે તે, તે જાતની તે કાળે **પર્યાયની શક્તિ-યોગ્યતા** છે તે પ્રગટ થાય છે. એટલે સામાન્યપણું છે તેને (સમર્થ) કારણ ન ગણતાં ખરેખર જે તે પ્રકારે પર્યાય થવાનો સામાન્યસ્થિત અંદર પર્યાયશક્તિ-**યોગ્યતારૂપ** જે ભાવ છે તે કારણ છે. જો સામાન્ય સ્વભાવ ખરેખર કારણ હોય તો સમયે સમયે એકસરખી દશા આવવી જોઈએ કેમકે સામાન્ય સ્વભાવ તો સદા એકરૂપ છે, પરંતુ સરખી નથી આવતી, કેમકે પર્યાયનો તે તે પ્રકારે પોતાનો સ્વકાળ છે, તે તે કાળે તેવી જ **યોગ્યતા** છે. (પાનું-૪૪૭) (૩૨) પોતાના દ્રવ્યમાં જે જ્ઞાન, શ્રદ્ધા, શાંતિ, આનંદ ઈત્યાદિ શક્તિઓ છે એમાંથી જેટલી પર્યાયો પ્રગટ થઈ ગઈ અને જેટલી પ્રગટ થશે તે બધી તેમાં અંતર્લીન છે, અને તેથી સ્વ-પરને, સ્વભાવ-પરભાવને જાણવાનો જે પર્યાયભાવ ઉત્પન્ન થાય છે તે પોતાથી થાય છે, પરથી નહિ, અને ત્રિકાળી સામાન્ય સ્વભાવ છે એનાથી પણ નહિ. ત્રિકાળીમાં જે તે સમયની જે તે પ્રકારની યોગ્યતા વિદ્યમાન છે તે, જે તે પર્યાયરૂપે પ્રગટ થાય છે. એટલે ખરેખર સામાન્ય દ્રવ્ય પણ પર્યાયનું કારણ ન રહ્યું. આ બુદ્ધિગમ્ય થાય તો પછી અનુભવગમ્ય થાય, અને ત્યારે આમ જ છે એમ અંદરથી નિ:શંકતાનો રણકો આવે. ધર્મીને આ નિ:શંકતા થઈ છે કે-મારી વર્તમાન દશા, મારા ભાવમાં જે **શક્તિરૂપ-યોગ્યતારૂપ** વિદ્યમાન હતી તે બહાર આવી છે. (પાનું-૪૪૮) (૩૩) કેટલાક કહે છે-ઉપાદાનમાં અનેક પ્રકારની **યોગ્યતાઓ** છે. એમાં કઈ **યોગ્યતા** કાર્યરૂપ પરિણમે એ નિમિત્તોને આધીન છે. જેવું નિમિત્ત આવે તેવું કાર્ય થાય. હવે આવા જીવો પણ કાર્ય પરથી-નિમિત્તથી થવાનું માનનારા છે. તેઓ વસ્તુના પરિણમનનું જેવું સ્વરૂપ છે તેવું યથાર્થ માનતા નથી. તેમના જ્ઞાનમાંથી પણ વસ્તુ-આત્મતત્ત્વ છૂટી ગયું છે અર્થાત્ દૃષ્ટિમાં તેમણે આત્મતત્ત્વનો નાશ કર્યો છે. તેઓ એકાંતના ઝેરને પીને મૂર્ચ્છિત થઈ મૂઢપણે વર્તતા સંસારમાં પરિભ્રમે છે. (પાનું-૪૫૮)

Please inform us of any errors on AtmaDharma.com@gmail.com

Version 001: remember to check AtmaDharma.com & AtmaDharma.org for updates



(૧૧) **પ્રવચનરત્નાકર ભાગ-૧૧ માંથી** : (૧) જે દશ દ્રવ્યપ્રાણ છે તે જડની દશા છે, જડરૂપ છે. જીવના સ્વરૂપમાં તેનો સર્વથા અભાવ છે. તેને જીવના પ્રાણ કહીએ તે અસદ્‌ભુત વ્યવહાર છે, તથા ક્ષયોપશમરૂપ ભાવેન્દ્રિયો, મન-વચન-કાયાના નિમિત્તે કંપનદશા, દેહમાં રહેવાની **યોગ્યતારૂપ** આયુષ્ય અને શ્વાસોછ્‌શ્વાસ થવાની પર્યાયની **યોગ્યતા**-એમ જે દશ અશુદ્ધ ભાવપ્રાણ સંસારીઓને હોય છે તે અશુદ્ધ નિશ્ચયનયથી છે. (પાનું-૧૧) (૨) દરેક દ્રવ્યની દરેક ગુણની જે કાળે જે પર્યાય થવા **યોગ્ય** હોય તે કાળે તે જ પર્યાય ઉત્પન્ન થાય છે એમ યથાર્થ જાણનારનું લક્ષ પર્યાય ઉપર ન રહેતાં ત્રિકાળી દ્રવ્યસ્વભાવ ઉપર જાય છે અને એ જ સ્વભાવદૃષ્ટિનો સમ્યક્ પુરુષાર્થ છે. આ રીતે ક્રમબદ્ધ પર્યાયનો નિર્ણય કરવામાં ભેગો પુરુષાર્થ આવી જ જાય છે. (પાનું-૪૯) (૩) જેમ દ્રવ્ય અને તેની શક્તિ નિયત છે અને નિશ્ચિત છે તેમ પોતાની ક્ષણિક ઉપાદાનની **યોગ્યતા** અનુસાર સમયે સમયે પ્રગટ થતી દરેક પર્યાય પણ નિયત જ છે. જે સમયે જે પર્યાય થવા **યોગ્ય** છે તે જ પ્રગટ થાય છે; પણ પર્યાય ક્રમબદ્ધ છે એવો નિર્ણય કરનારની દૃષ્ટિ ત્રિકાળી શુદ્ધ એક જ્ઞાયક ઉપર જાય છે ત્યારે જ ક્રમબદ્ધનો યથાર્થ નિર્ણય થાય છે. દ્રવ્યદૃષ્ટિ રહિત અજ્ઞાનીને આ વાત ગોઠતી નથી. (પાનું-૫૩) (૪) દ્રવ્યની (ત્રિકાળવર્તી) પ્રત્યેક પર્યાયનો ક્રમ નિયત નિશ્ચિત જ છે. કોઈ પર્યાય કદીય આડીઅવળી થઈ શકે નહિ. દરેક પર્યાય પોતાના ક્ષણિક ઉપાદાનની **યોગ્યતાનુસાર** જે કાળે જે થવા **યોગ્ય** હોય તે જ તે કાળે નિશ્ચિત પ્રગટ થાય છે. (પાનું-૫૩) (૫) ભાષાવર્ગણા (પરિણમન) ચાર પ્રકારે છે : સત્યભાષા, અસત્યભાષા, મિશ્રભાષા અને વ્યવહાર ભાષા. ભગવાનને તો એકલું કેવળજ્ઞાન છે, તો ભાષામાં એકલી સત્યભાષા નીકળવી જોઈએ; પણ ભાષામાં સત્ય અને વ્યવહાર-એમ બે પ્રકારે વાણી આવે છે. કેવળજ્ઞાનમાં કોઈ વ્યવહાર નથી. પરંતુ ભાષામાં **યોગ્યતા**

Please inform us of any errors on AtmaDharma.com@gmail.com

જ એવી છે કે સત્ય અને વ્યવહાર બંનેને તે બતાવે. આમ ભાષાની પર્યાય પોતે પોતાથી સ્વતંત્ર પરિણમે છે. (પાનું-૭૪) (૬) જ્ઞાનાનંદ સ્વભાવે પરિણમેલા હોય એવા જીવના પ્રમાણજ્ઞાનમાં પ્રમેય થઈને તેમાં જાણવા લાયક તું છો, પણ પરનો તું થા એવી તારી **લાયકાત** નથી. ભાઈ ! પરનો તું કાંઈ નથી અને પર તારાં કાંઈ નથી. પરનો તું થા અને પર તારા થાય એવો વસ્તુસ્વભાવ જ નથી. (પાનું-૮૫) (૭) એક છૂટો પરમાણુ સૂક્ષ્મ છે. તે સ્થૂળ સ્કંધમાં ભળતાં સ્થૂળરૂપે પરિણમન કરે છે, ત્યાં તે પોતાની પર્યાયની **યોગ્યતાથી** સૂક્ષ્મમાંથી સ્થૂળરૂપે પરિણમે છે તેમાં સ્થૂળસ્કંધ તેને કારણભૂત નથી. બે ગુણ ચીકાશવાળો એક પરમાણુ, ચારગુણ ચીકાશવાળા અન્ય પરમાણુ સાથે ભળતાં ચાર ગુણ ચીકાશરૂપે પરિણમી જાય છે તે પોતાની પર્યાયની શક્તિની **યોગ્યતાથી** ચાર ગુણ ચીકાશરૂપે પરિણમે છે (પાનું-૧૦૨) (૮) પોતાના અસંગ સ્વરૂપને ભૂલી અજ્ઞાની જીવ પરનો સંગ કરે છે માટે તેને પર્યાયમાં રાગ-દ્વેષાદિ વિભાવભાવો ઉત્પન્ન થાય છે. ભાઈ ! વિકાર થાય છે તે જીવની પોતાની તેવી (પર્યાય) **યોગ્યતાથી** થાય છે. પરથી-કર્મથી તે થાય છે એમ છે જ નહિ. (પાનું-૧૦૩) (૯) કર્મનો ઉદય જીવના વિકારને અડતો નથી, ને જીવનો વિકાર કર્મના બંધને અડતો નથી. જીવ પોતાના ઊલટા પરિણમનની **યોગ્યતાથી** ચાર ગતિમાં રખડે છે. અહા ! તારી અશુદ્ધતા પણ મોટી અને શુદ્ધતા પણ મોટી-એમ અનુભવપ્રકાશમાં કહ્યું છે. (પાનું-૧૦૬) (૧૦) જો કર્મથી રાગ થાય તો કર્મ-પુદ્‌ગલ જ સંસાર થયો, પણ સંસાર તો જીવની વિકારી પર્યાય અર્થાત્ વિભાવદશા છે અને તે પોતાની **યોગ્યતાથી** થઈ છે, કર્મને લઈને નહિ તથા જો શુભરાગથી ધર્મ થાય તો શુભરાગ જ ધર્મ ઠર્યો, પણ ધર્મ તો વીતરાગતારૂપ છે. (પાનું-૧૦૮) (૧૧) જ્ઞાન કાંઈ જ્ઞાનાવરણીય કર્મના ઉદય વડે રોકાઈ ગયું છે એમ નથી. જ્ઞાનની હીનદશાનું

Version 001: remember to check AtmaDharma.com & AtmaDharma.org for updates



હોવું એ તો પોતાની જ **યોગ્યતાથી** છે, કર્મ તો નિમિત્તમાત્ર છે. વિકાર કર્મનું નિમિત્ત હોતાં થાય છે તેથી તેને કર્મકૃત કહેવામાં આવે છે. (પાનું-૧૧૧) (૧૨) સમ્યગ્દૃષ્ટિ જે કિંચિત્ રાગ થાય છે તે પોતાની **યોગ્યતાથી** કમજોરીવશ થાય છે. પણ સ્વભાવદૃષ્ટિવંત જ્ઞાની તેના કર્તા નથી, કેમ કે વિકારને કરે નહિ એવો આત્માનો અકર્તા સ્વભાવ છે. (પાનું-૧૧૧) (૧૩) દ્રવ્ય-ગુણમાં વિકાર કરે એવી કોઈ શક્તિ નથી, તો વિકાર ક્યાંથી આવ્યો ? (તો કહે છે કે) પર્યાયની **યોગ્યતાથી** પોતાના ષટ્કારકના પરિણમનથી વિકાર ઉત્પન્ન થાય છે; પોતાનું દ્રવ્ય તેનું કારણ નથી. ને પરદ્રવ્ય પણ તેનું વાસ્તવિક કારણ નથી. પંચાસ્તિકાયમાં અસ્તિકાય સિદ્ધ કર્યા છે ત્યાં અસ્તિકાયની પર્યાયમાં ષટ્કારકનું પરિણમન બતાવ્યું છે. જીવની પર્યાયમાં વિકાર પોતાથી સ્વતંત્ર થાય છે એમ ત્યાં 'અસ્તિ' સિદ્ધ કર્યું છે. (પાનું-૧૩૪) (૧૪) જ્ઞાનની પર્યાયમાં હાનિ કે વૃદ્ધિ થાય તે પોતાની તત્કાલિન **યોગ્યતાથી** થાય છે, તેમાં જ્ઞાનાવરણીય કર્મનું નિમિત્ત ભલે હો, પણ નિમિત્તથી જ્ઞાનની પર્યાય થાય છે એમ નથી. દ્રવ્યની શક્તિમાં જ એવું સામર્થ્ય છે કે નવી (અપૂર્વ) પર્યાય પ્રગટ થાય (પાનું-૧૬૫) (૧૫) એકેક શક્તિ પારિણામિકભાવે છે, અને તેનું કાર્ય છે તે ઉપશમ, ક્ષયોપશમ કે ક્ષાયિકભાવે છે. ઉદયભાવ તે શક્તિનું કાર્ય નથી. દ્રવ્ય શુદ્ધ, તેના ગુણ શુદ્ધ અને તેનું કાર્ય પણ શુદ્ધ પવિત્ર જ છે. ઉદયભાવ તેનું કાર્ય છે જ નહિ. એ તો પર્યાયની **યોગ્યતાથી** ઉદયભાવ છે, પણ ધર્મી તેને પોતાનું કર્મ ગણતા નથી; ધર્મીને તે પરજ્ઞેયપણે છે. (પાનું-૧૮૭) (૧૬) અશુદ્ધતાની પર્યાયનો વ્યય થયો તો તે ક્યાં ગઈ ? તે પર્યાય અંદર-ધ્રુવમાં ગઈ, પણ અંદર અશુદ્ધતા ગઈ છે એમ નથી, અંદર તો **યોગ્યતા** ગઈ છે, તે પારિણામિક ભાવરૂપ થઈ ગઈ છે, ભગવાન ધ્રુવમાં ભળી ભગવાનરૂપ થઈ ગઈ છે. પરમ પારિણામિકભાવ ત્રિકાળ ધ્રુવ શુદ્ધ છે તેમાં તે પર્યાય ગઈ છે.

Please inform us of any errors on AtmaDharma.com@gmail.com

Version 001: remember to check AtmaDharma.com & AtmaDharma.org for updates



(પાનું-૨૦૫) (૧૭) મન, વચન, કાય, ઇન્દ્રિય આદિ દશ પ્રાણ વડે જેણે જીવન માન્યું છે તેય અનંતકાળ જીવે છે ખરો, પણ તે સંસારમાં રખડે છે, કેમકે તે દશ પ્રાણ અને તેની **યોગ્યતારૂપ** જીવના અશુદ્ધ પ્રાણ તે યથાર્થમાં એની ચીજ નથી. (પાનું-૨૩૯) (૧૮) જણાવા **યોગ્ય** પર પદાર્થો પરમાં રહ્યા છે, અને જાણનારો જાણનારમાં રહેલ છે. જાણનાર પોતે જ્ઞાનરૂપ થયો થકો પોતાને જાણે છે. આમ આત્મા પોતે જ જણાવા **યોગ્ય** છે; જ્ઞાનમાત્ર ભાવ જ પોતાનું જ્ઞેય છે. પર પદાર્થને જ્ઞેય કહેવો એ વ્યવહાર છે બસ. વળી પોતે જ પોતાનો જાણનાર હોવાથી જ્ઞાનમાત્ર ભાવ જ જ્ઞાતા છે. (પાનું-૨૫૨) (૧૯) નિર્મળ પર્યાયની **શક્તિ-યોગ્યતા** અને મલિનતાની **યોગ્યતા**-બંન્ને એકસાથે પ્રગટરૂપે મળેલી છે અહીં શક્તિરૂપે ભગવાન પૂર્ણ છે એની વાત નથી. અહીં પર્યાયની **યોગ્યતાની** વાત છે. (પાનું-૨૫૪) (૨૦) પ્રભુ ! તારી વિચિત્રતા તો દેખ ! અનેક પ્રકારની **યોગ્યતા** પૈકી એક વિકારપણે પરિણમવાની **યોગ્યતા** છે. સમક્તિીને જે રાગ ઉત્પન્ન થાય છે તે પર્યાયની **યોગ્યતાથી-શક્તિથી** થાય છે. (પાનું-૨૫૫) (૨૧) હું વિજ્ઞાનઘન આત્મા જ છું એવી દૃષ્ટિ થતાં સમ્યગ્દર્શન થયું. અજ્ઞાન હવે વિજ્ઞાનઘનના ઓઘમાં સમાઈ ગયું. દ્રવ્યમાં અંદર પારિણામિકભાવે ભળી ગયું. રાગ ઉદયભાવ છે, એનો વ્યય થતાં તે અંદર રાગ સ્વરૂપે દ્રવ્યમાં ગયો એમ નહિ, પણ તે **યોગ્યતારૂપે** પારિણામિકભાવ થઈને દ્રવ્યમાં ભળી ગયો એમ વાત છે. (પાનું-૨૭૨) (૨૨) અજ્ઞાનની ક્ષયોપશમ દશા હો કે સમ્યગ્જ્ઞાનની ક્ષયોપશમ પર્યાય હો, એ નાશ થઈને ક્યાં ગઈ ? તો કહે છે-જેમ જળના તરંગ જળમાં ડૂબે છે તેમ અજ્ઞાનની કે જ્ઞાનની પર્યાય વ્યય પામી અંદરમાં ગુડપ થઈ જાય છે. રાગની પર્યાય હો કે અજ્ઞાનની પર્યાય હો, તે પર્યાય સત્ છે, અને તેનો વ્યય થતાં અંદર દ્રવ્યમાં ગુડપ થઈ **યોગ્યતારૂપે** રહી જાય છે; જો એમ ન હોય તો સત્‌નો અભાવ

Please inform us of any errors on AtmaDharma.com@gmail.com

Version 001: remember to check AtmaDharma.com & AtmaDharma.org for updates



થઈ જાય, ને તો અંદરમાં **યોગ્યતા** ન રહે. (પાનું-૨૭૨)
(૨૩) પ્રશ્ન : પર્યાય વિલીન થઈ તે ક્યાં ગઈ ? ઉત્તર : દ્રવ્યમાં અંદર ચાલી ગઈ. પર્યાયરૂપ ન રહી, **યોગ્યતારૂપે** અંદર દ્રવ્યમાં ભળી ગઈ. વિજ્ઞાનઘન સમૂહમાં મગ્ન થઈ ગઈ. જેમ સરકણી ગાંઠ હોય છે તે ખેંચવાથી દોરીમાં સમાઈ જાય છે, તેમ રાગની એકતાબુદ્ધિ હતી તે ગાંઠ હતી, ગ્રંથિભેદ થતાં **યોગ્યતારૂપે** દ્રવ્યમાં અંદરમાં સમાઈ ગઈ. ત્રિકાળી પર્યાયોનો પિંડ એ દ્રવ્ય છે ને ? (પાનું-૨૭૪-૨૭૫)

■ ■ ■

*શક્તિમાંથી વ્યક્તિ પ્રકાશમાનરૂપ જ હોય છે. જ્ઞાનસ્વભાવ પોતાથી પ્રાપ્ત થાય છે. રાગની મંદતાથી નહીં. આને એકાંત કહો તો તે એકાંતજ છે. સમ્યક્ એકાંત વિના અનેકાન્તનું જ્ઞાન પણ યથાર્થ થતું નથી. સમ્યક્ એકાંતમાં આવ્યા વિના પર્યાય, રાગ અને નિમિત્તનું અનેકાંતપણાનું જ્ઞાન યથાર્થ થતું નથી. (પૂ. ગુરુદેવશ્રી, પ્રવ. રત્ના. ભાગ-૨, પાનું-૧૩૦)*

*પુરુષાર્થના ધામમાં પુરુષાર્થ જામી ગયો-તે જ પુરુષાર્થ છે. (શ્રી, સોગાનીજી)*

*પરિણામને હઠાવી શકાય નહિ, પરિણામમાંથી એકત્વ હઠાવી શકાય છે. (શ્રી સોગાનીજી)*

*જ્ઞાનની પર્યાય જ્ઞેયની સાથે સંબંધ રાખે છે, જ્ઞાયકનો સંબંધ કોઈની સાથે નથી. (શ્રી સોગાનીજી)*

Please inform us of any errors on AtmaDharma.com@gmail.com

# ૪. પૂ. ગુરુદેવશ્રીના ખાસ પ્રવચનોના સંકલનરૂપ પ્રવચનનવનીત ભાગ-૧, ૨ માંથી યોગ્યતા સંબંધી સંદર્ભો

(૧) **પ્રવચનનવનીત ભાગ-૧ માંથી :** (૧) ભાવક કર્મ છે અને આત્માની પર્યાયમાં વિકાર થાય છે તે ભાવ્ય-**યોગ્યતા** છે. 'ભાવ્ય' આત્માની વિકારી પર્યાય છે. એમાં કર્મ નિમિત્ત ભાવક છે એમ સમયસાર ગાથા ૩૨-૩૩માં કહ્યું છે. અહીંયાં (અવ્યક્તના બીજા બોલમાં) તો એ સીધું લીધું કે એ ભાવ્ય-**યોગ્યતા** પણ (આત્માની) નહિ. (પાનું-૧૬-૧૭) (૨) કેવો છે આત્મા ? કે 'સ્વસંવેદ્ય' છે. પોતાથી વેદાવા **યોગ્ય** તેમજ જણાવા **યોગ્ય** છે. એટલે કે કોઈ નિમિત્તથી-ગુરુથી કે દેવ-શાસ્ત્રથી તે જણાવા **યોગ્ય** નથી. પોતાના સ્વસંવેદનથી તે ગમ્ય છે. (પાનું-૬૪) (૩) દ્વેષ એટલે પ્રતિકૂળતા પ્રત્યે અણગમો. પ્રતિકૂળ-અનુકૂળ જેવી કોઈ ચીજ જ નથી. એ તો જ્ઞાનમાં પરજ્ઞેય તરીકે જણાવા **લાયક** વસ્તુ છે. એ તો વ્યવહાર છે. (ખરેખર તો) 'જ્ઞાન' પોતે જ પોતાનો જાણનાર ! પોતે જાણનારો અને જણાવા **યોગ્ય** પણ પોતે જ. (પાનું-૬૬) (૪) નિરંતર ભગવાન ત્રિકાળી આત્મસ્વભાવની ભાવના કર્તવ્ય છે. નિરંતર 'આ' ભાવના કરવા લાયક છે. વ્યવહાર કરવા **લાયક** છે ને વ્યવહાર સાધનથી નિશ્ચય થાય છે ને ! એ તો વ્યવહારનું જ્ઞાન કરાવવાનાં કથન છે. વ્યવહાર કરવા લાયક છે ને વ્યવહારથી નિશ્ચય થાય ને ! એવું જે જોર તું આપે છે ને... તેમાં તો એ પરિપૂર્ણ પરમાત્માનો તું અનાદર કરે છે. (પાનું-૭૩) (૫) વર્તમાન પર્યાય સ્વ-ભગવાન આત્મા તરફ લક્ષ કરે છે, તેથી એમ બોલાણું કે એને (આત્માને) આશ્રયે (સમક્તિ) થાય. પણ લક્ષ કર્યું છે કોણે ? તે દ્રવ્ય છે માટે એની પર્યાયે લક્ષ કર્યું ?-એ પર્યાયનું સ્વતંત્રપણું એવું છે કે લક્ષ કરવાને **યોગ્ય**

પર્યાય હતી માટે લક્ષ થયું છે (પાનું-૮૫) (૬) મૃત્યુની સમીપે બધા સમય જાય છે, કારણ કે મૃત્યુનો સમય નક્કી છે. કેવળજ્ઞાનમાં નક્કી છે. એની આયુષ્યની સ્થિતિ નક્કી છે. અને જીવની **યોગ્યતા** અહીં રહેવાને માટે નક્કી છે. એ જીવને શરીરમાં રહેવાની **યોગ્યતાનો** કાળ નક્કી છે. આયુષ્ય પ્રમાણે રહેવું એ તો નિમિત્તથી છે, પણ પોતાની **યોગ્યતાથી** તે કાળે તે તો રહેવાનો તે નક્કી છે (પાનું-૧૦૨) (૭) અત્યારે તો કેટલાક પંડિત લોકો એમ કહે છે કે આત્મા અથવા દરેક દ્રવ્યમાં ઉપાદાનની યોગ્યતા અનેક પ્રકારની છે. જેવું નિમિત્ત આવે તેવી પર્યાય થાય. તો અહીં એમ કહે છે કે એવું નથી. જે પર્યાય ઊપજવાની છે તે એક જ પ્રકારની તેવી યોગ્યતા છે. (પાનું-૧૨૩)

**(૨) પ્રવચનનવનીત ભાગ-૨ માંથી :** (૧) વસ્ત્રનો ટુકડો રાખીને મુનિ છે એમ માને ને મનાવે તો "जाइ णिग्गोदम्" (સૂત્ર પાહુડ ગાથા-૧૮)..... વસ્ત્ર લેવાનો વિકલ્પ છે એ મુનિની **યોગ્યતામાં** ત્યાં હોતો જ નથી; તો એ વિકલ્પ આસ્રવની ભૂલ, અને એવો વિકલ્પ ન હોય તો સંવરવિશેષ થાય છે (તેવા) વિકલ્પવાળાને (સંવર) નથી, મુનિપણાની **યોગ્યતા** નથી, તો સંવરની ભૂલ છે. (પાનું-૧૦) (૨) દરેક દ્રવ્યની પર્યાય જે સમયે, જે ક્ષણે ઉત્પન્ન થવાની લાયકાતથી થાય છે તે તેનો જન્મક્ષણ-ઉત્પત્તિનો કાળ છે. એનું નામ 'ક્રમબદ્ધ' છે. પણ ક્રમબદ્ધનો નિર્ણય કરવાવાળાની દૃષ્ટિ ક્રમબદ્ધ પર્યાય ઉપર નથી. (પાનું-૧૪) (૩) આપે દ્રવ્યથી પર્યાયને ભિન્ન કહી તો પર્યાય નાશ (વ્યય) પામીને ગઈ ક્યાં ? ક્યાં જાય ? અંદર ગઈ !..... જે પર્યાય રાગની છે તેનો વ્યય થઈ ગયો, તો એ પર્યાય ગઈ ક્યાં ? રાગ તો અંદર દ્રવ્યમાં જતો નથી, પણ એની **યોગ્યતા** દ્રવ્યમાં જાય છે, તો એનો પારિણામિકભાવ થઈ ગયો. (પાનું-૩૨) (૪) જીવ જિનવર છે અને જિનવર જીવ છે એવી દૃષ્ટિ થાય તેને પર્યાયબુદ્ધિ છૂટી જાય છે. સમ્યગ્દર્શન

Version 001: remember to check AtmaDharma.com & AtmaDharma.org for updates



પ્રગટ કરવા માટે કેટલાય ગઢ ઓળંગીને અંદરમાં જવાય છે. વ્યવહારમાં કેટલાક પ્રકારની **લાયકાત (યોગ્યતા)** હોય, સંસાર ભાવો જરાય રુચે નહિ, આત્મા...આત્મા...ની ધૂન લાગે ત્યારે સમ્યગ્દર્શન થાય છે. (પાનું-૪૧) (૫) મુનિને ત્રણ કષાય (ચોકડી)ના અભાવની પરિણતિ છે તો ત્યાં રાગની મંદતા એની **યોગ્યતા** પ્રમાણે થાય છે. ત્યાં વસ્ત્ર લેવાનું અને ઉદ્દેશિક આહાર લેવાનું ચરણ હોતું નથી. એવું ચરણ ત્યાં દ્રવ્યાનુસારી ચરણમાં હોતું નથી. (પાનું-૧૩૯) (૬) ભવ્યત્વ એ ગુણ નથી, પણ ભવ્યત્વ અને અભવ્યત્વ એ પર્યાયની યોગ્યતાના ભેદ છે. સિદ્ધદશા પ્રાપ્તિની પર્યાયની **યોગ્યતાને** ભવ્ય અને **અયોગ્યતાને** અભવ્ય કહે છે..... (ભવ્યત્વ અને અભવ્યત્વ-બેમાંથી એક પ્રકારે, દ્રવ્યના પરિણમનની તેવી સ્થિતિ ત્રિકાળ રહેવી એવી જ પર્યાયની કોઈ અહેતુક પારિણામિક યોગ્યતા છે.) (પાનું-૧૪૪) (૭) જે સિદ્ધપર્યાય પ્રાપ્ત કરવાને યોગ્ય છે તે ભવ્ય અને એનાથી વિપરીત છે તે અભવ્ય કહેવાય છે. (તત્ત્વાર્થસાર ગાથા-૯૦) એ ભવ્ય-અભવ્ય તો પર્યાયની અપેક્ષાએ વાત છે. ગુણ અપેક્ષાએ વાત હોય તો ભવ્યત્વગુણ દ્રવ્યમાં નથી. જેમ વૈભાવિકશક્તિ-ગુણ છે તો એ સિદ્ધમાં પણ હોય છે. પણ ભવ્યત્વ સિદ્ધમાં નથી. ત્યાં એ ભવ્યત્વની **યોગ્યતા** પણ રહેતી નથી. તો એ તો પર્યાયની અપેક્ષાએ ભવ્યત્વ અને અભવ્યત્વની વાત કરી છે. (પાનું-૧૪૪-૧૪૫) (૮) સમ્યકત્વ (માર્ગણા)ના જે ઉપશમાદિ છ ભેદ છે તે મારામાં નથી. હું તો ત્રિકાળી આનંદસ્વરૂપ ભગવાન ! એની પરિણતિમાં પણ **યોગ્યતા** પ્રગટ થઈ ગઈ તો હવે **યોગ્યતા-અયોગ્યતાનો** પ્રશ્ન જ નથી. ભગવાન આત્મા પૂર્ણાનંદ સ્વરૂપ, શુદ્ધ ચૈતન્યઘન, મહારત્નપ્રભુ, ચૈતન્ય રત્નાકર; એ જ્યાં જ્ઞાનમાં જ્ઞેય તરીકે આવી ગયો અને એની દૃષ્ટિ થઈ ગઈ, નિર્વિકલ્પ શાંતિ આવી; તો હવે કહે છે કે : હવે એ **યોગ્યતા** મારામાં છે જ નહીં. હું તો જે છું તે છું ! પાનું-૧૪૫-૧૪૬) (૯) આયુષ્યની

Please inform us of any errors on AtmaDharma.com@gmail.com

Version 001: remember to check AtmaDharma.com & AtmaDharma.org for updates



પળ જે છે તેટલી જ રહેશે. લાખ ઉપાય કરે તો કાંઈ આયુષ્ય વિશેષ વધી ગયું ! બધી જૂઠી વાત છે. આયુષ્ય નિશ્ચિત છે તેટલું જ ત્યાં રહેવાની આત્માની **યોગ્યતા** છે. (પાનું-૨૫૯) (૧૦) મુનિને છઠ્ઠા ગુણસ્થાનને **લાયક** આત્મશાંતિ પ્રગટી છે; એની **યોગ્યતા** પ્રમાણે એનો (પંચ મહાવ્રતાદિનો) શુભભાવ હોય છે છતાં એ બાહ્ય પ્રપંચરૂપ અગુપ્તિ છે. (પાનું-૨૭૬) (૧૧) દ્રવ્યના આશ્રયે જેની જેટલા પ્રમાણમાં શુદ્ધપરિણતિની ભૂમિકા છે તેટલા પ્રમાણમાં રાગનું ચરણ, અર્થાત્ રાગની મંદતાનાં પરિણામ, તેનો અભાવ થાય છે, અને જેટલી ચરણાનુયોગ પ્રમાણે રાગની મંદતા છે તેનું લક્ષ કરવું કે ઘણો મંદ વિકલ્પ છે તો અહીં તેટલા પ્રમાણમાં શુદ્ધની પરિણતિ વિશેષ છે. એમ બે ભૂમિકાની **યોગ્યતા** બતાવે છે. (પાનું-૧૪૦) (૧૨) મનુષ્યપણું ચીજ એક તો શરીર છે, અને મનુષ્યની જે અંદર **યોગ્યતા** છે તે પણ વિકાર-વિભાવ છે. એ ચીજ પરદ્રવ્ય છે. ધર્મમાં પરદ્રવ્ય તો સહાયક નથી પણ અંદર વિકલ્પ ઊઠે છે અરે ! ભેદ ઊઠે છે તે પણ સહાયક નથી. (પાનું-૧૬૦) (૧૩) પોતાના સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રને પ્રાપ્ત થાય તે આત્મા. એ પણ વ્યવહાર વડે ઉપદેશ આવ્યો. ભેદ પાડીને સમજાવે નહીંતર સમજાવે કેવી રીતે ? આત્માનો અર્થ સાંભળ્યા પછી તે શિષ્ય સમજ્યો અંદરથી- અહોહો ! આ આત્મા ! તો સમજતાં વેંત તરત જ એને આનંદનો ઊભરો આવે છે એવી **યોગ્યતાવાળો** જીવ શિષ્ય લીધો છે. એકદમ અંદરથી પકડે છે. પાત્ર જીવ છે. (પાનું-૧૬૧)

■ ■ ■

*જેવી રીતે ભગવાનના સમવસરણમાં આવનાર સર્વે ભવ્ય જ હોય તેવી રીતે આવા હુંડા અવસર્પિણી પંચમકાળમાં જિજ્ઞાસાથી બહુમાનપૂર્વક ગુરુવાણીનું શ્રવણ-મનન-ચિંતન કરનારા મુમુક્ષુઓ અલ્પકાળે મોક્ષ જનાર ભવ્ય જ હોય. (આત્મધર્મ : એપ્રિલ-૯૩)*

Please inform us of any errors on AtmaDharma.com@gmail.com

# ૫. પ્રવચન રત્નચિંતામણિ ભાગ-૧ માંથી (નિયમસાર પ્રવચનો) ગાથા ૧ થી ૩૭

(૧) આ જડ પ્રાણોથી જીવ જીવે છે એમ કહેવું એ અસદ્‌ભુત વ્યવહારનયનો વિષય છે તથા પોતે પોતાની અશુદ્ધ ભાવપ્રાણની **યોગ્યતાથી** જીવે છે એમ કહેવું તે અશુદ્ધનયનું કથન છે. પાંચ ઇન્દ્રિયોની **યોગ્યતા,** મન-વચન-કાયનું વીર્ય, શ્વાસોચ્છ્‌વાસ અને આયુ પ્રમાણે રહેવાની **યોગ્યતા** એ અશુદ્ધ ભાવપ્રાણ છે, અને એનાથી જીવે છે તેને અશુદ્ધ નયથી જીવ કહીએ. (પાનું-૧૨૬) (૨) પૈસાનું આવવું-જવું તો સ્વતંત્ર પુદ્‌ગલની ગલન-પૂરણ સ્વભાવગત વર્તમાન **યોગ્યતાને** લઈને થાય છે; એમાં આત્માનો કાંઈ રંચમાત્ર અધિકાર નથી. (પાનું-૧૩૮) (૩) સંસારાવસ્થામાં કર્મના નિમિત્તે ગમન કરે છે તે જીવની વિભાવગતિક્રિયા છે. કર્મ તો નિમિત્તમાત્ર છે હોં, બાકી જીવ પોતે પોતાની **યોગ્યતાથી** જ ગમન કરે છે. આ શરીર આમ ચાલે તો આત્મા પણ આત્માના પ્રદેશો પણ એમ ચાલે છે, ગતિ કરે છે ને તે વિભાવગતિક્રિયા છે. જીવ એક ગતિમાંથી બીજી ગતિમાં જાય છે તે જીવની પોતાની વિભાવગતિક્રિયા છે, ને તેમાં ધર્માસ્તિકાયનું નિમિત્તપણું છે. (પાનું-૧૩૯) (૪) અનેક માણસો બહારમાં ફરે છે ને અભ્યાસ કરે છે, પણ કોઈની થોડી ને કોઈની ઘણી જ બુદ્ધિ હોય છે, કારણકે તે બુદ્ધિનો વિકાસ અંતરના ગુણને અનુસરીને થાય છે. ભલે તે અજ્ઞાન છે, પણ જ્ઞાનમાંથી-અંદર **યોગ્યતા** છે તેમાંથી-તે ઉઘાડની પરિણતિ આવે છે. (પાનું-૧૫૧) (૫) વસ્તુ-આત્મા અસ્તિ છે, સત્તા છે; તેમજ તેના ગુણ પણ અસ્તિ-સત્તા છે. માટે તેની પર્યાયરૂપ સત્તા પણ તેને (દ્રવ્ય-ગુણને) અનુસરીને થાય છે. ખરેખર તો તેમાં (દ્રવ્યમાં) એ જ અંશના આવવાની વર્તમાન **યોગ્યતા-લાયકાત** હતી તેથી તે અંશ ત્યાં પ્રગટ આવ્યો છે. (પાનું-૧૬૬) (૬) કર્મનો-

Version 001: remember to check AtmaDharma.com & AtmaDharma.org for updates



મતિજ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ થાય ત્યારે જીવ મૂર્ત વસ્તુને જાણે છે એમ કહેવું એ તો નિમિત્તની મુખ્યતાથી કથન છે. ખરેખર તો, એ જાતના જ્ઞાનના વિકાસની **યોગ્યતાથી** પોતામાં સ્વતઃ જ્યારે જ્ઞાન થાય છે ત્યારે મતિજ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ હોય છે. (પાનું-૨૨૧) (૭) મતિજ્ઞાનનો ઉઘાડ પોતાની **યોગ્યતા**થી જ્યારે થાય છે, ત્યારે એ મૂર્ત વસ્તુને જાણે છે. તો, એ મતિજ્ઞાનનો પર્યાય પણ વ્યવહારનયનો વિષય છે, ને તેથી તે હેય છે (પાનું-૨૨૧) (૮) જે સમ કે વિષમબંધને યોગ્ય છે તેને ઉત્કૃષ્ટ પરમાણુ કહ્યો છે. બંધ થવાને જે **અયોગ્ય-અલાયક** છે તેને જઘન્ય પરમાણુ કહે છે, અને બંધ થવાને જે લાયક છે તેને ઉત્કૃષ્ટ પરમાણુ કહે છે. (પાનું-૩૩૦) (૯) છૂટો પરમાણુ તે કાર્ય પરમાણુ છે. એ છૂટો રહેવાને લાયક થઈ ગયો ને ? તો સ્કંધમાંથી છૂટો પડ્યો તે કાર્ય પરમાણુ છે, અને સ્કંધનું કારણ થાય તે કારણ પરમાણુ છે. (પાનું-૩૩૧) (૧૦) પરમાણુ બીજામાં ભળતો નથી પણ સ્કંધની **યોગ્યતાને** કારણે તેને અસ્તિકાય કહેલ છે, જ્યારે કાળમાં એવી **યોગ્યતા** નહિ હોવાથી તેને અસ્તિકાય ગણ્યો નથી. (પાનું-૩૮૬).

■ ■ ■

*બંધ-મોક્ષના પરિણામથી શૂન્ય ને તેના કારણથી પણ શૂન્ય એવી ત્રિકાળી વસ્તુ તે હું છું, આવો સ્વીકાર આવવો તે જ પુરુષાર્થ છે. પૂર્ણાનંદનો નાથ, રાગ ને વિકાર રહિત, મોક્ષમાર્ગ ને મોક્ષની પર્યાય રહિત, એક અખંડ જ્ઞાયક રસનો પિંડ ત્રિકાળી વસ્તુ તે જ હું છું-એમ સ્વવસ્તુની મહિમાપૂર્વક તેનો સ્વીકાર આવવો તે જ સમ્યક્-પુરુષાર્થ છે, સમ્યગ્દર્શન છે.*

*(પૂ. ગુરુદેવશ્રી આત્મધર્મ : ૫૯૬)*

Please inform us of any errors on AtmaDharma.com@gmail.com

# ૬. ''આત્મસિદ્ધિ'' ઉપરનાં પૂ. ગુરુદેવશ્રીનાં પ્રવચનોમાંથી

(૧) મોક્ષમાર્ગે ચાલનારનાં ટોળાં ન હોય, કોઈ વિરલા જ હોય. છતાં બધા જીવોમાં **પાત્રતા-યોગ્યતા** પૂરેપૂરી છે પણ પોતાના સામર્થ્યનો નકાર કરીને સાચું સમજવા ન માગે, રુચિ અને પરિચય ન કરે તો પોતે રખડવાને સ્વતંત્ર છે. ન સમજાય તેથી નિરાશ ન થવું પણ સત્ય સમજવાની સુરુચિ કરવી, અભ્યાસ પાડવો, પાત્રતા મેળવવી, સાચી મુમુક્ષુતા (મોક્ષની ઈચ્છા) થયે સદ્‌ગુરુ સમાગમ મળે જ. (પાનું-૬) (૨) જ્ઞાની સુખ-શાંતિના દાતા છે છતાં તે દુર્બુદ્ધિનાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવનો વિવેક કરે તેની મોહદશા જોઈ તેની **યોગ્યતા** અનુસાર તેને ઉપદેશ આપે. (પાનું-૧૦) (૩) શાસ્ત્રના અભ્યાસ વડે ધારણા કરવી તે પણ સાચો પુરુષાર્થ નથી. તે પુસ્તકો-શાસ્ત્રો જાણવાની ઈચ્છાથી જ્ઞાન થયું એમ નથી, પણ પોતે એકાગ્રતાથી અભ્યાસ કરે તો તેમાં શાસ્ત્રાદિને નિમિત્ત કહેવાય. પોતાની **યોગ્યતાનુસાર** જ્ઞાનનો જે ઉઘાડ થયો તે જ્ઞાન લબ્ધમાં હતું તે પ્રગટ થયું છે. (પાનું-૧૭) (૪) જેને સાચું હિત કરવું છે તેણે શરૂઆતમાં જ મુમુક્ષુતા પ્રાપ્ત કરવી જોઈએ, સ્વચ્છંદ તથા માનાદિનો ત્યાગ કરી સાચા અભિપ્રાય અર્થે કષાય પાતળા પાડવા જોઈએ. નિંદા, સ્તુતિ, શાતા, અશાતાદિ દરેક પ્રસંગમાં સમભાવ જાળવવાનો પુરુષાર્થ જોઈએ. આ પ્રથમ **યોગ્યતા** વિના સાચા સુખની ગંધ પણ નથી. કારણ નથી તો કાર્ય ક્યાંથી પ્રગટે ? (પાનું-૨૫) (૫) હું અનંતકાળથી મારું શાશ્વત સુખપદ ન સમજી શક્યો-એમ સમજનારને અપૂર્વ તત્ત્વ સમજવું છે. તે સમજવાની પોતાની **પાત્રતા** જોઈશે, તે **પાત્રતા** હોય તેને પોતાની **યોગ્યતા** પ્રમાણે, પોતાના ઉપાદાન પ્રમાણે પોતાના પુરુષાર્થ મુજબ, બહારના સહકારી કારણ મળી આવે છે; પોતાની શુદ્ધતા પ્રગટ કરવામાં પોતાની સહજ શક્તિ

Version 001: remember to check AtmaDharma.com & AtmaDharma.org for updates



દરેક ક્ષણે શક્તિરૂપે હયાત છે. (પાનું-૬૧-૬૨) (૬) આત્મા સત્‌સ્વરૂપ એકલો સ્વાધીન છે. છે તે નિત્ય છે, છે તે પરપણે નથી. પરભાવે, રાગભાવે નથી- એ આદિ અવિરોધી ન્યાયકથન જેને વિષે છે એવાં શાસ્ત્રો જીવને ત્યારે ઉપકારી છે કે જ્યારે પ્રત્યક્ષ સત્પુરુષનું નિમિત્ત ન હોય. આવે પ્રસંગે પોતાની **પાત્રતામાં-યોગ્યતામાં** સુશાસ્ત્ર નિમિત્ત છે. (પાનું-૧૦૮) (૭) જેણે જ્ઞાનીના ભાવને જાણીને તે જ્ઞાની વીતરાગનું શું કહેવું છે તેના ભાવનું લક્ષ કર્યું છે, સત્‌ને સાંભળ્યું છે, જ્ઞાનીના શ્રીમુખે આત્માની વાત સાંભળી છે અને પોતાને અંતરમાં સહજ વીર્યોલ્લાસભાવ આવ્યો છે, તેને મારામાં આ વિધિએ પૂર્ણ થવાની **યોગ્યતા** છે, તેવી અંદરથી હા આવે છે. (પાનું-૧૬૩) (૮) સત્ **પાત્રતા**નું વીર્ય પણ જેનામાં નથી તેને નિર્મળ આત્માની વાત અંતરમાં પરિણામ પામે નહિ અને ત્યાં સુધી આત્મભ્રમણારૂપ અંતરરોગ ન મટે. જેનામાં **પાત્રતા** થઈ હોય તેને પ્રભુતાનો યોગ મળ્યા વિના ન રહે. જેનામાં મુમુક્ષુતા-**પાત્રતા** સન્મુખ થઈ તેને ઉત્કૃષ્ટ નિમિત્ત મળ્યા વિના ન રહે. પોતાનામાં પાત્રતા આવી એટલે જગતમાં તેને માટે અનુકૂળ નિમિત્ત તૈયાર હોય જ છે. જ્યાં સંતો-મુનિઓનાં ટોળાં હોય, અમૃતવાણીના ધોધ વહેતા હોય, એવા મહાન ઉત્કૃષ્ટ યોગ, જેની **લાયકાત** છે-તૈયારી છે તેને મળ્યા વિના રહે નહિ. (પાનું-૧૭૩) (૯) જેને સુવિચારણાની યોગ્યતા થાય તેને છ પદથી સિદ્ધ એવા આત્મસ્વરૂપનો વિચાર અંતરંગમાં ઊગે. કેમકે તે સુવિચાર દશામાં સતત આત્મતત્ત્વની વિચારદશા રહે છે. જેને અપૂર્વ તત્ત્વનું માહાત્મ્ય આવ્યું નથી, એટલે કે પોતાના પૂર્ણ તત્ત્વનો મહિમા આવ્યો નથી તેનામાં સુવિચારદશા ક્યાંથી હોય ? સમ્યગ્જ્ઞાન તેને કેમ થાય ? (પાનું-૧૭૫) (૧૦) જે જીવને પોતાના જ્ઞાનસ્વભાવનું ભાન નથી તે રાગ-દ્વેષ કરે છે, પરની ચીકાશની આસક્તિનો આરોપ પોતામાં કરે છે, રતિ-અરતિ, ઠીક-અઠીકપણું કરવારૂપ માન્યતા એ પરવસ્તુની ચીકાશનો સ્વીકાર

Please inform us of any errors on AtmaDharma.com@gmail.com

Version 001: remember to check AtmaDharma.com & AtmaDharma.org for updates



છે. જીવમાં એવી **યોગ્યતા** છે કે પોતાના નિર્મળ જ્ઞાનગુણને વિપરીતપણે માની શકે છે, છતાં પરમાણુનો સ્વભાવ જે સ્પર્શાદિ છે તે રૂપ જીવ થઈ શકતો નથી. (પાનું-૨૧૪) (૧૧) આત્માનો મોક્ષસ્વભાવ છે છતાં પર્યાયમાં બંધમાં અટકવાની **યોગ્યતા** છે. સંયોગી સ્પર્શાદિ ગુણવાળા પુદ્‌ગલમાં બંધસ્વભાવ છે અને જુદાં થવાની **યોગ્યતા** છે. (પાનું-૨૧૫) (૧૨) આર્તધ્યાન રાગ-દ્વેષ વડે જીવ પરવસ્તુમાં અટક્યો. તે ભાવનું નિમિત્ત પામીને, જડ વસ્તુમાં **યોગ્યતા** છે તેથી તે જીવ સાથે આવીને એકક્ષેત્રે બંધાય છે. (પાનું-૨૩૦) (૧૩) જીવમાં રાગ-દ્વેષની ચીકાશ હોય તો ધૂળ આવીને ચોંટે, જીવના મૂળ સ્વભાવ-દ્રવ્યસ્વભાવમાં ચીકાશ નથી, પણ હું ચીકાશવાળો છું એવી જીવ માન્યતા કરે છે, અજ્ઞાન કરે છે તેવી જીવની વૈભાવિક શક્તિની **યોગ્યતાથી** રાગરૂપ અશુદ્ધ અવસ્થા જીવમાં થાય છે તેનું નિમિત્ત પામીને નવાં કર્મ સહજ પ્રેરાઈને આવે છે. તેવી **યોગ્યતા** કાર્મણવર્ગણામાં છે. પણ ભીંત, સ્થંભ, મકાન, પથ્થર વગેરે જડ વસ્તુમાં તેવી **યોગ્યતા** નથી તેથી તે કર્મરૂપ પરિણમતા નથી. આખા લોકમાં કાર્મણ વર્ગણાના અનંતા સૂક્ષ્મ-ઝીણાં રજકણો પડ્યાં છે તેમાં એવી **યોગ્યતા** છે કે જીવ રાગ-દ્વેષ કરે કે તે જ વખતે તે કર્મરૂપે બંધાય છે. (પાનું-૨૩૦) (૧૪) આહાર પેટમાં જતાં આહારને ખબર નથી કે હું લોહી, માંસ, હાડકાં, નખ, વાળ આદિરૂપે પરિણમું, પણ જડનો સ્વભાવ છે કે તેની **યોગ્યતાના** નિયમ મુજબ તે પરિણમે. જીવનું અને કર્મનું એકક્ષેત્રે સંયોગી-સંબંધપણું છે. જીવના ભાવની અસ્થિરતા અને જડ કર્મને નિમિત્ત નૈમિત્તિકપણું છે. જેમ સોયને ખબર નથી કે હું ખેંચાઈને લોહચુંબક પાસે જાઉં, પણ લોઢાની સોયમાં ખેંચાવાની **યોગ્યતા** છે, અને પથ્થરમાં ચુંબકરસના કારણે ખેંચવાની **યોગ્યતા** એમ નિમિત્ત-નૈમિત્તિકપણું બે વસ્તુને હોઈ શકે. (પાનું-૨૩૧) (૧૫) જડકર્મને દ્રવ્યકર્મ કહેવામાં આવે છે. તેમાં મનન કરવાનો સ્વભાવ નથી

Please inform us of any errors on AtmaDharma.com@gmail.com

માટે પ્રેરણાદિ ધર્મ તેમાં નથી. જીવમાં નિર્દોષ જ્ઞાયકતા-જ્ઞાન છે તેને ભૂલીને પરવસ્તુના મનનમાં અટકે તો, નિમિત્ત થવાની જડમાં **યોગ્યતા** છે, અને જીવમાં પણ નિમિત્તની તરફ વલણ કરવાની **યોગ્યતા** છે. (પાનું-૨૫૧) (૧૬) દેહની ક્રિયા તેની **યોગ્યતા** મુજબ થયા કરે, પુણ્યાદિ કે દેહાદિની કોઈ ક્રિયાનો કર્તા તેમજ સ્વામી જીવ થતો નથી. જ્ઞાન પરનું કાંઈ કરે નહિ, એવા જ્ઞાનને પોતાનું માનવું તે જ્ઞાનની શ્રદ્ધાનું કર્તાપણું છે. (પાનું-૨૬૪) (૧૭) પરમાર્થે તો જીવ રાગાદિનો કર્તા નથી. આત્માના પ્રદેશનું જે કંપન થાય છે, પરાશ્રયરૂપ રાગાદિ થાય છે તે કરવાનો જીવનો સ્વભાવ (ધર્મ) નથી, પણ અશુદ્ધ દશાની **યોગ્યતા** છે. પરમાર્થે જીવ અક્રિય છે પણ વર્તમાન પર્યાયમાં તેની ક્રિયા બે પ્રકારે છે : (૧) પ્રદેશોનું કંપનપણું તે યોગગુણની અશુદ્ધ ક્રિયા છે અને (૨) ક્ષેત્રાંતર-ગતિ અથવા ગતિપૂર્વક સ્થિતિ તે ક્રિયાવતી શક્તિની ક્રિયા-પર્યાય છે. સંસાર અવસ્થામાં જીવને ભૂમિકાનુસાર સક્રિયપણું છે તથા મુક્ત દશામાં શુદ્ધાત્માનું અક્રિયપણું કહ્યું છે. (પાનું-૨૭૦) (૧૮) વેદાંતાદિક તો અશુદ્ધ અવસ્થામાં નિમિત્તની અસર લેવાની જીવની **યોગ્યતા** પણ માનતા નથી, જૈનદર્શનમાં અવિરુદ્ધ ન્યાયથી કહે છે કે, જીવનો સ્વભાવ પરમાં અક્રિય છે, પણ અજ્ઞાનદશામાં રાગ-દ્વેષમાં જોડાવાની અપેક્ષાએ-રાગરૂપનૈમિત્તિક **યોગ્યતાથી** સક્રિય છે. (પાનું-૨૭૦) (૧૯) જો જીવમાં રાગ-દ્વેષ અને ભૂલ કરવાની **યોગ્યતા** જ ન હોય, અવગુણપણે પરિણમવાની **યોગ્યતા** જ ન હોય, તો તેને કોઈ પુદ્ગલ પરમાણુ નિમિત્ત ન થઈ શકે. પણ જીવમાં ચારિત્ર નામનો ગુણ છે તેમાં વૈભાવિકપણાથી પરનિમિત્તનો આશ્રય કરવાથી શુભ કે અશુભરૂપ થવાની **યોગ્યતા** છે- સ્વભાવ નથી. (પાનું-૨૭૨) (૨૦) જીવ રાગ-દ્વેષથી રંજાયમાન થતાં નવીન કર્મરજ તેના ક્ષેત્રમાં આવે છે; એટલે જૂના કર્મના ઉદયનું નિમિત્ત અને જીવના રાગનું નિમિત્ત એ બે નિમિત્તનો યોગ થતાં નવીન કર્મ એક ક્ષેત્રમાં બંધપણું

Version 001: remember to check AtmaDharma.com & AtmaDharma.org for updates



પામે છે. નાવમાં છિદ્ર હોય તો જળને અંદર પેસવાની **યોગ્યતા** છે અને તે નાવમાં પાણી ગ્રહણ કરવાની **યોગ્યતા** છે. (પાનું-૨૯૪) (૨૧) જીવ રાગરૂપ હું છું એમ માને અને પોતાના જ્ઞાનમાં અસ્થિર થાય ત્યારે કર્મ થવાની **યોગ્યતાવાળા** રજકણો સ્વયં આવીને બંધાઈ જાય છે, એવો જ્ઞાનમાં સ્વતંત્ર નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે, પણ કોઈ કોઈના કાર્યનો કર્તા નથી. (પાનું-૨૯૪) (૨૨) શુભ-અશુભ કર્મ તેના ભાવે પ્રગટ દેખાય છે તેને જીવ રાગ-દ્વેષપણે જાણે છે ત્યારે વ્યવહારભાષામાં તેનું ભોક્તાપણું કહેવાય છે. જડની અવસ્થાને જીવ જાણનારો છે અને પુણ્ય-પાપ જણાવા **યોગ્ય** છે. એવી પરસ્પર નિમિત્ત-નૈમિત્તિક **યોગ્યતા** છે, તેથી જીવને અજ્ઞાનપણે કરેલાં કર્મનું વ્યવહારે ભોક્તાપણું કહેવાય છે. (પાનું-૨૯૬) (૨૩) પુણ્ય-પાપ, દેહાદિની ક્રિયામાં રાગપણે જોડાઈને દેવ, મનુષ્ય, નરક, તીર્યંચના ભવ પૂર્વે અનંતવાર જીવે કર્યા છે. જેવો વિકાર કરે તેવી અવસ્થાની **યોગ્યતાનાં** સ્થાન અને તે જાતના પુદ્‌ગલ દ્રવ્યને ભોગવવા યોગ્ય સ્થાનકોનો સંયોગ થવો જ જોઈએ. (પાનું-૩૦૦) (૨૪) પરનાં કાર્યો સહેજે જે કાળે થવાનાં હોય તે કાળે થાય છે. તેમાં આ દેહાદિનું નિમિત્ત થવાનું હોય તો તે વખતે જીવને ઈચ્છાની વૃત્તિ ઊઠે છે અને પરકાર્યની **યોગ્યતા** હોય તો તે કાર્ય થઈ જાય છે. (પાનું-૩૨૬) (૨૫) આત્માના અનંતગુણ છે, તેમાં આઠ ગુણ ને તેની પર્યાયમાં જેટલી અશુદ્ધ ઉપાદાનરૂપ **યોગ્યતા** છે તેટલું નિમિત્ત કર્મનું આવરણ છે, બાકીના બધા ગુણની પર્યાય નિરાવરણ શુદ્ધ જ છે. (પાનું-૩૪૬) (૨૬) સર્વે જ્ઞાનીઓનું કથન છે કે ઉપાદાનની **યોગ્યતા** થતાં બધાં નિમિત્ત હોય જ. પાત્ર જીવને સદ્‌ગુરુનો બોધ મળે જ. પાત્રે પ્રભુતા પ્રગટે જ. મુમુક્ષુ જીવનું ઉપાદાન તૈયાર થાય તેમાં સહેજે એવું પુણ્ય બંધાય કે તે લોકોત્તર પુણ્યનાં નિમિત્ત સાક્ષાત્ સત્પુરુષ, તીર્થંકર ભગવાન વગેરે સત્સમાગમનાં નિમિત્તો અને સદ્‌બોધનું શ્રવણ મળ્યા વિના ન રહે. (પાનું-૩૬૫)

Please inform us of any errors on AtmaDharma.com@gmail.com

Version 001: remember to check AtmaDharma.com & AtmaDharma.org for updates



(૨૭) આત્મા અજ્ઞાનભાવે રાગની રુચિ કરી, પરાશ્રયને હિતરૂપ માને છે. તે ભૂલની **યોગ્યતાને** લીધે વર્તમાન અશુદ્ધ અવસ્થા છે. નિત્ય મોક્ષ સ્વરૂપના લક્ષે તે ભૂલ પુરુષાર્થથી ટાળી, જે શક્તિપણે મોક્ષસ્વભાવ છે તે પ્રગટ કરી શકાય છે. એ રીતે પ્રાપ્તની પ્રાપ્તિ થાય છે. છે તે પ્રગટે છે. પરમાર્થે શક્તિપણે જે સ્વરૂપે હતો તે વ્યક્ત (પ્રગટ) થાય છે. (પાનું-૩૭૪) (૨૮) આત્માનું મૂળ સ્વરૂપ લો તો સદાય મોક્ષસ્વભાવ છે, અને વર્તમાન અવસ્થામાં બંધરૂપ થવાની **યોગ્યતા** છે. મુક્ત સ્વભાવ છે અને બંધ **યોગ્યતા** છે. આત્મા સત્ છે, સ્વાધીન છે, પરમાર્થે અસંગ છે. જે સત્ છે તે સ્વયંસિદ્ધ છે. વસ્તુ છે તે કોઈના આધારે નથી, વસ્તુ ત્રિકાળી સત્ છે તે પૂર્ણ છે. (પાનું-૩૭૪) (૨૯) સદ્ગુરુ સહજ સમાધિમાં સ્થિર થયા, વાણી યોગનું અટકવું થયું, હું બીજાને સમજાવું તે વિકલ્પ ઉપશમી જાય છે અને સદ્ગુરુ સ્વરૂપસ્થિત થાય છે. વચન વર્ગણાના પરમાણુની **યોગ્યતા** હતી તેટલાં વચન નીકળ્યાં. તેમાં શ્રીગુરુએ કાંઈ કર્યું નથી. સર્વજ્ઞદેવ તીર્થંકર ભગવાનની પરમ કલ્યાણક વાણીનાં રજકણો સ્વયં તે રૂપે પરિણમી જાય છે. (પાનું-૩૭૯) (૩૦) સ્વાધીનપણું ભૂલીને પોતાને બંધવાળો કે વિકારી માને તો વિકાર સ્વભાવ ઠરે; પણ ચૈતન્ય સ્વભાવ બંધરૂપ નથી. એક સમયમાત્રની ભૂલ વર્તમાન અવસ્થાની **યોગ્યતા -ના** કારણે હતી, તે ભૂલ ક્ષણમા પલટીને પૂર્ણ સિદ્ધદશા પ્રગટ થઈ શકે છે. (પાનું-૩૮૯) (૩૧) ત્રણે કાળમાં જ્ઞાનીઓ એક જ પ્રકારે મોક્ષમાર્ગ કહે છે, અંતરંગ પરમાર્થસ્વરૂપ અને તેના સાધનમાં કોઈ બીજો પ્રકાર હોય નહિ. શિષ્યની **યોગ્યતા** જે પ્રકારની હોય તે જોઈને જ્ઞાની વાત કરે. વૈરાગ્યની જરૂર દેખાય ત્યાં ત્યાગ-વૈરાગ્યનો ઉપદેશ મુખ્ય કહે; નિમિત્ત ઉપર વજન આપીને કેવળ વ્યવહારમાં અટકતો હોય તેને નિશ્ચય-પરમાર્થ સમજાવે. (પાનું-૪૧૮) (૩૨) પરમાર્થભૂત વ્યવહારમાં ક્યાંય મતભેદ ન હોય. પરમાર્થે માર્ગ (આત્મધર્મ) એક

Please inform us of any errors on AtmaDharma.com@gmail.com

Version 001: remember to check AtmaDharma.com & AtmaDharma.org for updates



જ છે. જે પરમાર્થ માર્ગ પામે તેને એક જ જાતનો વ્યવહાર હોય. તેની ભૂમિકાની **યોગ્યતા** પ્રમાણે વ્યવહાર હોય એવો કુદરતી ક્રમ છે. કોઈવાર સદ્‌ગુરુના વિનય-ભક્તિ ઉપર બહુ વજન હોય, અને કહે કે સંતચરણના આશ્રય વિના આત્માને ગુણ ન થાય, માટે ગુરુની સેવા કરવી. વળી, એમ પણ કહેવાય કે કોઈના આશીર્વાદથી કલ્યાણ ન થાય. દેવ-ગુરુ તો પર છે, શાસ્ત્ર પાનાં જડ છે માટે પરાશ્રયપણું છોડ. આત્માનું સાધન-પુરુષાર્થ આત્મામાં જ છે. (પાનું-૪૧૯) (૩૩) સિદ્ધ થવાનું મૂળકારણ તો જીવદ્રવ્ય સ્વયં છે. તેનું કારણ સ્વતંત્ર શક્તિરૂપે છે. સિદ્ધપદરૂપ પર્યાય છે, તેને વ્યક્ત કરવારૂપી કાર્ય પોતાના આધારે છે. તેની **યોગ્યતાનો** પુરુષાર્થ જીવે કર્યો એટલે તે જાતનો વ્યવહાર અને સત્સમાગમ આદિ નિમિત્ત હોય જ હોય. (પાનું-૪૨૨) (૩૪) મુમુક્ષુ પોતાના ઉપાદાનને જાગૃત કરીને ઉપકાર સ્વીકારે ત્યારે સદ્‌ગુરુ નિમિત્ત કહેવાય છે. જેમ માટીમાં ઘડો થવાની મૂળ શક્તિ અને **યોગ્યતા** છે, જ્યારે માટીપણું પલટીને ઘડાપણે જે **યોગ્યતા** હતી તે પ્રગટી ત્યારે કુંભાર તેનું નિમિત્ત કહેવાય. નિમિત્તથી જાગે નહિ પણ તૈયારી કરે તો નિમિત્ત હોય જ. ઉપાદાન શક્તિ સ્વસત્તામાં સ્વાધીન છે. પોતે જ્યારે પ્રગટ કરવા માગે ત્યારે નિમિત્ત મળ્યા વિના રહે નહિ, તે ઉપાદાનની મહત્તા છે. (પાનું-૪૨૪).

■ ■ ■

*દુનિયાની વાતનો રસ જેને હોય તેને આ વાત બેસવી કઠણ લાગે છે, અને જેને આ વાતનો રસ ચડ્યો છે તેને બીજામાં રસ લાગતો જ નથી. એમ જેને ઈન્દ્રિયજ્ઞાનથી રસ ચડ્યો છે તેને અતીન્દ્રિય જ્ઞાન પ્રગટ થતું નથી. જેમ રાગ એ વ્યભિચાર છે તેમ ઈન્દ્રિયજ્ઞાનનો રસ એ વ્યભિચાર છે. (પૂ. ગુરુદેવશ્રી, પરમાગમ સાર, બોલ-૫૦૩)*

Please inform us of any errors on AtmaDharma.com@gmail.com

Version 001: remember to check AtmaDharma.com & AtmaDharma.org for updates

# ૭. ''પ્રવચનસાર પ્રવચનો''
# પૂ. ગુરુદેવશ્રીનાં પ્રવચનોમાંથી :

(૧) પરની દયા પાળી શકું છું, પરની અવસ્થા હું કરી શકું છું. એને જીવતા રાખી શકું છું તો વસ્તુસ્થિતિ એ છે કે એ પર્યાય થઈ છે તે એના દ્રવ્ય-ગુણના કારણે થઈ છે. જીવવું-ટકવું એ એના દ્રવ્ય-ગુણથી રહ્યું છે. આયુષ્યકર્મથી પણ નહીં હો...! તો એ પરની પર્યાયને હું કરું છું એવી માન્યતા મિથ્યા-ભ્રમ છે. એ શરીરમાં જે રહ્યો છે તે પોતાની **યોગ્યતાની** પર્યાયથી છે. એ પર્યાયની ઉત્પત્તિનું કારણ એના દ્રવ્ય-ગુણ છે. આયુષ્યના કારણે નહીં, કર્મના કારણે નહીં. (પાનું-૨૫) (૨) લોચ જે થાય છે એ વાળને આંગળી સ્પર્શ પણ કરતી નથી. એ વાળની પર્યાય પોતાથી વાળને નીકળવા સમયે, માથામાંથી નીકળવાની **યોગ્યતાથી** નીકળે છે. આંગળીથી નહિ, આત્માથી નહિ, ઈચ્છાથી નહિ. (પાનું-૪૧) (૩) પૈસા તે તો પરમાણુની પર્યાય છે. એક જગ્યાએથી બીજે જાય તે તેની (પરમાણુની) પર્યાય છે. તે તેના દ્રવ્ય-ગુણથી થાય છે, તે જાય છે. આપનાર હાથ છે માટે જાય છે એમ પણ નથી. પરમાણુની **યોગ્યતાથી** જાય છે. (પાનું-૪૨) (૪) દાણે દાણે ખાનારનું નામ લખ્યું છે એમ આવે છે ને ? શ્રોતા : બેઠા બેઠા આવી જાય ? ઉત્તર : બેઠા બેઠા આવી જાય. જો આત્મામાં બેસે તો **યોગ્યતા** એવી જ હોય. ખાનારનું નામ પરમાણુમાં લખ્યું છે. જે પરમાણુ આવવાના હોય તે આવે, ન આવવાના હોય તે ન આવે. ત્યાં તારો પ્રયત્ન કાંઈ કામ કરી શકતો નથી. (પાનું-૬૮) (૫) નિમિત્તનો અર્થ જ એ લીધો છે કે તે ચીજ સામે છે તેથી સારું થાય છે પણ તેનાથી કાંઈ થાય છે એમ નથી. એ તો નિમિત્તની **યોગ્યતા,** એ કાર્યકાળે આવું નિમિત્ત હોય એમ જણાવ્યું છે. પણ એ નિમિત્તને લઈને અહીં ઉત્પાદ પર્યાય થાય છે એમ નથી. (પાનું-૨૪૮)

Please inform us of any errors on AtmaDharma.com@gmail.com

Version 001: remember to check AtmaDharma.com & AtmaDharma.org for updates



(૬) પૂર્વભવનું મરણ હતું તે વ્યય છે અને અહીં જન્મે છે. સમય એક છે. જે સમયે દેહ છૂટીને બીજે ઊપજે-જન્મે તે સમય એક છે. એની પોતાની પર્યાયની **યોગ્યતાથી** દેહ છૂટ્યો છે. (પાનું-૩૧૮) (૭) દેવના ક્ષેત્રમાં, નારકીના ક્ષેત્રમાં જીવ છે એમ કહેવું એ વ્યવહાર છે, પણ એની ગતિની **યોગ્યતા** જ નારકીની છે. એ પર્યાયમાં એ છે, પણ એ ગુણમાં નથી ને દ્રવ્યમાં નથી. (પાનું-૪૦૭) (૮) નિશાળે જાય છે કોણ ? જીવદ્રવ્યની પર્યાય એવી થવાની હોય તો જાય. શરીરની પર્યાયની **યોગ્યતા** હોય, તો શરીર પર્યાય જાય. તે શરીરને લઈને ત્યાં ગયો છે અને શરીર આત્માને લઈને ત્યાં ગયું છે એમ નથી. (પાનું-૪૦૮) (૯) પર્યાયની ઉત્પત્તિ ભલે રાગની થઈ, તોપણ અંદર શક્તિની **યોગ્યતા** તો હતી, એ **યોગ્યતા** વિના થતી નથી, પરને લઈને થઈ નથી. (પાનું-૪૬૧) (૧૦) સત્-ઉત્પાદ, એ તો અન્વયશક્તિ-દ્રવ્યત્વ એટલે દ્રવ્ય-વસ્તુ-સત્-ભાવ જે છે એનું ભાવપણું-સત્ત્વપણું એમાંથી થાય છે, માટે તે સત્-ઉત્પાદ છે. છે તે થાય છે. અંદરમાં **યોગ્યતા** એ જાતની પડી છે. ભગવાને જોઈ છે કે આ પર્યાય થાશે. (પાનું-૪૮૮) (૧૧) આ તો ભગવત્-વાણી છે ! સંતો- કુંદકુંદાચાર્ય ! સાક્ષાત્ ભગવાન પાસે (સીમંધર ભગવાન પાસે વિદેહમાં) ગયા. સાક્ષાત્ વાણી સાંભળી. હતા તો મુનિ ! પણ ભગવાન પાસે ગયા હતા. એટલી **યોગ્યતા** હતી મનુષ્ય હોવા છતાં પણ એ આવીને જગત પાસે જાહેર કરે છે. (પાનું-૫૩૧)

■ ■ ■

*નિરંતર ભેદજ્ઞાનની ભાવના ભાવવી જોઈએ. ચિંતનની નિરંતરતામાંથી જ રુચિની તીવ્રતા થશે, ભાવનાનો પ્રબળ વેગ સ્ફુરાયમાન થશે અને આત્માનુભૂતિની ભૂમિકા તૈયાર થશે.*

Please inform us of any errors on AtmaDharma.com@gmail.com

# ૮. જ્ઞાનસ્વભાવ-જ્ઞેયસ્વભાવ : ક્રમબદ્ધ પર્યાય ઉપરનાં પૂ. ગુરુદેવશ્રીનાં પ્રવચનોમાંથી

(૧) જ્યાં સુધી કુદેવ-કુધર્મ વગેરેને માને ત્યાં સુધી તેની ક્રમબદ્ધ પર્યાયમાં સમ્યગ્દર્શનની **યોગ્યતા** હોતી જ નથી. સમ્યગ્દર્શનની **યોગ્યતાવાળા** જીવને તેની સાથે જ્ઞાનનો વિકાસ, સ્વભાવનો પુરુષાર્થ વગેરે પણ **યોગ્ય** જ હોય છે. (પાનું-૨૩) (૨) પ્રત્યેક સમયની પર્યાય પોતાના ક્ષણિક ઉપાદાનથી જ ક્રમબદ્ધ નિયમિતપણે ઉત્પન્ન થાય છે. પોતાના પરિણમનથી એટલે કે તત્સમયની ક્ષણિક **યોગ્યતાથી** જ ઉત્પન્ન થાય છે, નિમિત્તથી ઉત્પન્ન થતી નથી. પ્રત્યેક ગુણમાં પોતપોતાના ક્ષણિક ઉપાદાનથી ક્રમબદ્ધ પરિણામ ઉત્પન્ન થાય છે. આ રીતે અનંત ગુણોનાં અનંત પરિણામ એક સમયમાં ઉત્પન્ન થાય છે. (પાનું-૨૮) (૩) જ્ઞાયકસ્વભાવની દૃષ્ટિપૂર્વક જ્ઞાતા થઈને જીવ જ્યાં અકર્તારૂપ પરિણમિત થયો ત્યાં જગતમાં એવી ક્રમબદ્ધ પર્યાયની **યોગ્યતાવાળાં** કોઈ પરમાણુ જ નથી હોતાં કે જે તેને મિથ્યાત્વ પ્રકૃતિરૂપે બંધાય. (પાનું-૩૫) (૪) જે સમજવાથી આત્માનું હિત થાય એવો ઉપદેશ તે ઈષ્ટોપદેશ છે. અહીં **યોગ્યતા** કહીને સમય-સમયની પર્યાયની સ્વતંત્રતા દર્શાવવામાં આવી છે અને આ ઉપદેશ જ ઈષ્ટ છે. આના સિવાય પરના કારણે કાંઈ થવું બતાવે અર્થાત્ પરાધીનતા બતાવે તે ઉપદેશ ઈષ્ટ નથી. હિતકારી નથી. સમય-સમયની ક્રમબદ્ધ પર્યાય બતાવીને આત્માને પોતાના જ્ઞાયકસ્વભાવ તરફ લઈ જાય તે ઉપદેશ જ ઈષ્ટ છે. (પાનું-૩૭) (૫) જે આત્માને હિતમાર્ગમાં પ્રવર્તન કરાવે તે ગુરુ છે, ખરેખર આત્મા પોતે જ પોતાની **યોગ્યતાથી** પોતાને હિતમાર્ગે પ્રવર્તાવે છે તેથી તે પોતે જ પોતાનો ગુરુ છે. (પાનું-૪૭) (૬) જ્ઞાનને અંતમુર્ખ કરીને જેણે

Version 001: remember to check AtmaDharma.com & AtmaDharma.org for updates



જ્ઞાનસ્વભાવનો નિર્ણય કર્યો તેને **યોગ્યતા જ** વાસ્તવિક કારણ છે એવો નિર્ણય થયો તેથી ઈષ્ટ ઉપદેશ પણ તેમાં આવી ગયો. (પાનું-૪૮) (૭) પાણીથી ભરેલા એક પ્યાલામાં જેવો રંગ નાખીએ તેવા રંગનું પાણી બની જાય છે. તે પાણીમાં **યોગ્યતા** તો બધા પ્રકારની છે પરંતુ જેવા રંગનું નિમિત્ત તેને દઈએ તેવા રંગનું તે પાણી થઈ જાય છે. ભલે તેની **યોગ્યતાથી** તેવા રંગનું પાણી થઈ જાય છે પરંતુ જેવું નિમિત્ત આવે છે તેવું થઈ જાય છે. આમ નિમિત્તાનુસાર કાર્ય થાય છે એમ માનનારને ઉત્તર આપે છે કે **યોગ્યતા** કહેવી અને પાછું નિમિત્ત આવે તેવું થાય છે તેમ કહેવું એ વિરુદ્ધ વાત છે. તેણે **યોગ્યતાને** માની જ નથી એટલે કે વસ્તુના સ્વભાવને જ નથી માન્યો. (પાનું-૫૫) (૮) સ્કંધમાં રહેલો પ્રત્યેક પરમાણુ સ્વતંત્રપણે પોતાની ક્રમબદ્ધ **યોગ્યતાથી** પરિણમિત થાય છે. સ્કંધના અન્ય પરમાણુઓના કારણે તે સ્થૂલરૂપ પરિણમિત નથી થયો. તેની પોતાની **યોગ્યતાથી જ** તેમાં ફેરફાર અર્થાત્ સૂક્ષ્મતામાંથી સ્થૂલતારૂપ પરિણમન થયું છે. છૂટો પરમાણુ સ્થૂલ સ્કંધમાં ભળે છે ત્યારે તેમાં સ્થૂલતારૂપ પરિણમન તો થાય છે પરંતુ તે પરના કારણે નહિ પરંતુ તેની પોતાની **યોગ્યતાથી** થાય છે. (પાનું-૫૬) (૯) જે કોઈ જીવમાં કે અજીવમાં જે કાળે જે પર્યાયની **યોગ્યતારૂપ** સ્વકાળ હોય છે તે કાળે તે પર્યાયરૂપ તે પોતે જ પરિણમિત થાય છે, કોઈ અન્ય નિમિત્તને કારણે તે પર્યાય નથી થતી. આવા વસ્તુસ્વભાવનો નિર્ણય કરનાર જીવ પોતાના જ્ઞાયકભાવનો આશ્રય કરીને જ્ઞાતા-દૃષ્ટાભાવરૂપ જ ઉત્પન્ન થાય છે: (પાનું-૬૧) (૧૦) ઉપાદાનમાં પર્યાય થવાની **યોગ્યતા** હોય પરંતુ જો નિમિત્ત આવે તો પર્યાય થાય અને નિમિત્ત ન આવે તો ન થાય એવી માન્યતા મિથ્યાદૃષ્ટિની છે. પર્યાય ઉત્પન્ન થવાની **યોગ્યતા** હોય અને પર્યાય ન થાય એવું બની જ શકે નહિ. તે પ્રકારે અહીં ક્રમબદ્ધ પર્યાય થવાનો કાળ હોય અને તે સમયે તેને **યોગ્ય** નિમિત્ત ન હોય ! એવું પણ

Please inform us of any errors on AtmaDharma.com@gmail.com

Version 001: remember to check AtmaDharma.com & AtmaDharma.org for updates



બની શકતું જ નથી. જો કે નિમિ   તો પરદ્રવ્ય છે તે કાંઈ ઉપાદાનને આધીન નથી; પરંતુ તે પરદ્રવ્ય ેના પોતાના માટે તો ઉપાદાન છે અને તેનું પણ ક્રમબદ્ધ પરિણમ ન થઈ જ રહ્યું છે. (પાનું-૭૯) (૧૧) ઈષ્ટોપદેશમાં ૩૫ મી ગ.થામાં કહ્યું છે કે કોઈપણ કાર્ય થવામાં ખરેખર તો તે પદાર્થની પોતાની **યોગ્યતા** જ સાક્ષાત્ સાધક છે અર્થાત્ પ્રત્યેક વસ્તુની પોતાની **યોગ્યતાથી** જ કાર્ય થાય છે ત્યાં બીજી વસ્તુ તો ધર્માસ્તિકાયવત્ નિમિત્તમાત્ર  છે. જેવી રીતે પોતાની **યોગ્યતાથી** સ્વયં ગતિ કરનાર પદાર્થોને ધર્માસ્તિકાય તો સર્વત્ર ફેલાઈને રહેલ નિમિત્ત છે તે કાંઈ કોઈને ગતિ નથી કરાવતું; તે જ પ્રમાણે પ્રત્યેક વસ્તુમાં પોતાની ક્રમબદ્ધ પર્યાયની **યોગ્યતાથી** જ કાર્ય થાય છે, તેમાં જગતની બીજી વસ્તુઓ તો માત્ર ધર્માસ્તિકાયવત્ છે. (પાનું-૭૯-૮૦) (૧૨) **યોગ્યતાના** સમયે નિમિત્ત ન હોય તો ? આવી શંકા કરનાર ખરેખર **યોગ્યતાને** અથવા નિમિત્તના સ્વરૂપને નથી જાણતો. જેમ કોઈ પૂછે કે જીવ-પુદ્ગલમાં ગતિ કરવાની **યોગ્યતા** તો છે પરંતુ ધર્માસ્તિકાય ન હોય તો ? આવું પૂછનાર ખરેખર જીવ-પુદ્ગલની **યોગ્યતાને** તેમજ ધર્માસ્તિકાયને પણ જાણતો નથી. (પાનું-૮૦) (૧૩) કોઈપણ કાર્ય થવામાં વસ્તુની **યોગ્યતા** જ નિશ્ચયકારણ છે, બીજું કારણ કહેવું તે 'ગતિમાં ધર્માસ્તિકાયવત્' ઉપચાર માત્ર છે અર્થાત્ ખરેખર તે કારણ નથી. (પાનું-૮૧) (૧૪) ક્રમબદ્ધ પર્યાયનો યથાર્થ નિર્ણય કરનાર કાળના પ્રવાહ સામે નથી જોતો પરંતુ જ્ઞાયકસ્વભાવ તરફ જુએ છે, કારણ કે વસ્તુની ક્રમબદ્ધ પર્યાય કાંઈ કાળને કારણે નથી થતી. કાળદ્રવ્ય તો પરિણમનમાં બધા દ્રવ્યોને એકસાથે નિમિત્ત છે તોપણ કોઈ પરમાણુ સ્કંધમાં જોડાય તો તે જ સમયે બીજો પરમાણુ તે સ્કંધમાંથી જુદો પડે છે; એક જીવ સમ્યગ્દર્શન પ્રાપ્ત કરે છે અને બીજો જીવ તે જ સમયે કેવળજ્ઞાન પ્રાપ્ત કરી લે છે. આ રીતે જીવ-અજીવ દ્રવ્યોમાં પોતપોતાની **યોગ્યતાનુસાર** ભિન્ન-ભિન્ન

Please inform us of any errors on AtmaDharma.com@gmail.com

Version 001: remember to check AtmaDharma.com & AtmaDharma.org for updates



અવસ્થારૂપે ક્રમબદ્ધ પરિણામ થાય છે. (પાનું-૮૭) (૧૫) **યોગ્યતાને** જ કાર્યની સાક્ષાત્ સાધક કહીને ઈષ્ટોપદેશમાં સ્વતંત્રતાનો અલૌકિક ઉપદેશ આપ્યો છે. 'ઈષ્ટોપદેશ'ને 'જૈનનું ઉપનિષદ્' પણ કહે છે. ખરેખર, વસ્તુની સ્વતંત્રતા બનાવીને આત્માને પોતાના જ્ઞાયક સ્વભાવ તરફ લઈ જાય તે જ ઈષ્ટ ઉપદેશ છે અને તે જ જૈનધર્મનો મર્મ છે. (પાનું-૮૯) (૧૬) જ્યાં ઉપાદનની પોતાની શક્તિથી કાર્ય થાય છે ત્યાં બીજી વસ્તુ નિમિત્ત હોય છે, પરંતુ કાર્ય તો ઉપાદાનની પોતાની **યોગ્યતાથી** થાય છે તથા નિમિત્ત તો તેમાં અભાવરૂપ-અકિંચિત્કર હોય છે. આવી ભેદજ્ઞાનની યથાર્થ વિધિ કોઈ વિરલા-સમકિતી જ જાણે છે. (પાનું-૯૦) (૧૭) ઉત્પાદ્ય વસ્તુ પોતે જ પોતાની **યોગ્યતાથી** ઉત્પન્ન થાય છે, અન્ય કોઈ ઉત્પાદક નથી; વસ્તુમાં જ એવી ક્રમબદ્ધ પર્યાયરૂપે સ્વયં પરિણમિત થવાની શક્તિ છે-તેવી અવસ્થાની **યોગ્યતા** છે-એવો જ સ્વકાળછે, તો એમાં બીજો શું કરે ? અને જો વસ્તુમાં પોતામાં એવી શક્તિ ન હોય-**યોગ્યતા** ન હોય-સ્વકાળ ન હોય તોપણ બીજો તેમાં શું કરે ? (પાનું-૧૦૮) (૧૮) સત્યનું ગ્રહણ અને ધારણ કર્યા વિના જ્ઞાનસ્વભાવ સન્મુખ થઈને તેની રુચિનું પરિણમન ક્યાંથી થાય ? અહીં એમ કહેવું છે કે હજી જેઓ વિપરીત વાતનું શ્રવણ અને પોષણ કરી રહ્યા છે તેઓની સત્યરુચિના પરિણમનની **યોગ્યતા** નથી. જેમનામાં અંતરની મહાન **પાત્રતા** તથા પુરુષાર્થ હોય તેમને જ આ વાતનું પરિણમન થાય છે. (પાનું-૧૧૪) (૧૯) પ્રત્યેક દ્રવ્ય સ્વતંત્રપણે પોતપોતાની ક્રમબદ્ધ **યોગ્યતાનુસાર** પરિણમિત થાય છે. આવું સમજનારને જ્ઞાયકત્વ થયા વિના રહેતું નથી. પર્યાય-પર્યાયમાં સ્વકાળનું નામ છે અને આત્મામાં પર્યાય-પર્યાયમાં જ્ઞાયકપણાનું જ કામ થઈ રહ્યું છે. (પાનું-૧૭૨) (૨૦) જ્ઞેયોના કારણે જ્ઞાન નથી થતું પરંતુ સામાન્યજ્ઞાન પોતે જ વિશેષ જ્ઞાનરૂપ પરિણમિત થઈને જાણે છે તેથી જ્ઞાનની પોતાની જ એવી **યોગ્યતાથી** ઘડા

Please inform us of any errors on AtmaDharma.com@gmail.com

Version 001: remember to check AtmaDharma.com & AtmaDharma.org for updates



વગેરેનું જ્ઞાન થાય છે. ઘડો આદિ જ્ઞેય તો માત્ર નિમિત્ત છે. (પાનું-૧૮૦) (૨૧) ક્રમબદ્ધ પર્યાય કહો યા **'યોગ્યતા'** કહો તદનુસાર જ કાર્ય થાય છે. પર્યાયની **યોગ્યતા** પોતે જ અંતરંગ કારણ છે; બીજું નિમિત્ત તો બાહ્ય કારણ છે. અંતરંગ કારણ અનુસાર જ પ્રત્યેક કાર્ય થાય છે; બાહ્ય કારણથી કાર્યની ઉત્પત્તિ નથી થતી. શ્રી ષટ્‌ખંડાગમની ધવલટીકામાં વીરસેનાચાર્યદેવે આ સંબંધી અતિ અલૌકિક સ્પષ્ટીકરણ કર્યું છે. (પાનું-૧૮૯) (૨૨) મોહનીય કર્મના પરમાણુ ઉત્કૃષ્ટ ૭૦ કોડાકોડી સાગરોપમ સુધી રહે છે જ્યારે આયુકર્મના પરમાણુઓની સ્થિતિ ઉત્કૃષ્ટ ૩૩ સાગરોપમની હોય છે. આવી જ તે તે કર્મ પરમાણુઓની સ્થિતિ હોય છે. આમ કેમ ? એવા પ્રશ્નનો જવાબ ષટ્‌ખંડાગમમાં આચાર્યદેવે એવો આપ્યો છે કે પ્રકૃતિવિશેષ હોવાથી તે પ્રકારનો સ્થિતિબંધ પડે છે અર્થાત્ તે તે વિશેષ પ્રકૃતિઓની એવી જ અંતરંગ **યોગ્યતા** હોય છે તથા તેમની **યોગ્યતા** પ્રમાણે અંતરંગ કારણથી જ એવું કાર્ય થાય છે. સર્વત્ર અંતરંગ કારણથી જ કાર્યની ઉત્પત્તિ થાય છે એવો નિશ્ચય કરવો. પર્યાયનો સ્વભાવ કહો, **યોગ્યતા** કહો અથવા અંતરંગ કારણ કહો-એનાથી જ કાર્યની ઉત્પત્તિ થાય છે. (પાનું-૧૮૯-૧૯૦) (૨૩) પ્રતિસમય પર્યાયની **યોગ્યતાથી** પર્યાય થાય છે, સામાન્ય દ્રવ્યને તેનો દાતા કહેવું એ સાપેક્ષ છે, પર્યાયને નિરપેક્ષરૂપે જોઈએ તો તે પર્યાય સ્વયં તે રૂપ પરિણમિત થઈ છે. તે સમયનો પર્યાયધર્મ જ એવો છે. નિરપેક્ષતા વિના એકાંત સાપેક્ષતા માનવાથી સામાન્ય-વિશેષ બે ધર્મો જ સિદ્ધ નહિ થાય. (પાનું-૧૯૮). (૨૪) ક્રમબદ્ધના નામે કોઈ સ્વચ્છંદરૂપ વર્તન કરે તો તેને નથી રહેતો પાપનો ભય કે નથી રહેતો સત્યના શ્રવણનો પ્રેમ, તેથી સત્યના શ્રવણની પણ **યોગ્યતા** ન હોય ત્યાં જ્ઞાનના પરિણમનની તો **યોગ્યતા** જ ક્યાંથી હોય ? (પાનું-૨૧૮) (૨૫) આત્માની ક્રમબદ્ધ પર્યાયની જે **યોગ્યતા** હોય તે અનુસાર જો નિમિત્ત ન આવે તો તે પર્યાય ક્યાંય અટકી

Please inform us of any errors on AtmaDharma.com@gmail.com

Version 001: remember to check AtmaDharma.com & AtmaDharma.org for updates



જશે એવી વાત જ નથી. આ સવાલ જ અજ્ઞાનથી ભરેલો છે કે જો નિમિત્ત ન હોય તો તે પર્યાય કેમ થાય ? ઉપાદાનસ્વરૂપની દૃષ્ટિવાળાને આવો પ્રશ્ન જ નથી ઊઠતો. વસ્તુમાં પોતાના ક્રમથી જે અવસ્થા થવા **યોગ્ય** થાય તે વખતે નિમિત્ત હોય જ એવો નિયમ છે. (પાનું-૨૩૯) (૨૬) કર્મના પરમાણુઓમાં ઉદય, ઉદીરણા વગેરે જે દશ અવસ્થાઓ થાય છે તે પણ પરમાણુઓની ક્રમબદ્ધ અવસ્થાઓ છે. જીવના શુભ પરિણામને કારણે કર્મના પરમાણુઓની દશા બદલાઈ ગઈ એમ નથી. પરંતુ પરમાણુઓમાં જ તે સમયે તે દશા થવાની. **યોગ્યતા** હતી તેથી તે દશા થઈ છે. જીવના પુરુષાર્થને કારણે કર્મની ક્રમબદ્ધ અવસ્થામાં ભંગ નથી પડતો. જીવ પોતાની દશામાં પુરુષાર્થ કરે છે અને તે કાળે કર્મના પરમાણુઓની ક્રમબદ્ધ દશા ઉપશમ, ઉદીરણાદિરૂપ સ્વયં થાય છે; પરમાણુમાં તેની અવસ્થા તેની **યોગ્યતાથી** પોતાના કારણે થાય છે, પરંતુ જીવ તેનું કાંઈપણ નથી કરતો. (પાનું-૨૫૩) (૨૭) બંધ, ઉદય, ઉદીરણા, ઉપશમ, અપકર્ષણ, ઉત્કર્ષણ, સંક્રમણ, સત્તા, નિદ્ધત અને નિકાચિત એવા કર્મના જે દશ પ્રકારો કહ્યા છે તે જીવના પરિણામોના પ્રકાર બતાવવા માટે છે. જીવનો પુરુષાર્થ એવા દશ પ્રકારે થઈ શકે છે તે દર્શાવવા માટે કર્મના ભેદ કરીને સમજાવેલ છે. જીવના પુરુષાર્થના કાળે પ્રસ્તુત પરમાણુ પોતાની **યોગ્યતાથી** તે પ્રકારે સ્વયં પરિણમન કરે છે. આમાં તો બંને વચ્ચેના નિમિત્ત-નૈમિત્તિક સંબંધનું જ્ઞાન કરાવ્યું છે. (પાનું-૨૫૪) (૨૮) અહો ! આત્માના શુદ્ધ સ્વભાવની અત્યંત મહિમાવાળી વાત જીવોએ યથાર્થરૂપે કદીપણ સાંભળી નથી. આ કાળે ચૈતન્ય તત્ત્વના મહિમાની વાત સાંભળવા મળવી પણ અતિદુર્લભ છે-દુર્લભ થઈ ગયેલ છે. જે જીવ અતિ જિજ્ઞાસુ થઈને તથા અત્યંત **યોગ્યતા** પ્રાપ્ત કરીને આત્મસ્વભાવની આ વાત સાંભળશે તેનું અવશ્ય કલ્યાણ થઈ જશે. (પાનું-૩૩૦) (૨૯) દ્રવ્યસ્વભાવમાં વિકાર નથી અને પર્યાયમાં વિકાર થયો તો તે ક્યાંથી

Please inform us of any errors on AtmaDharma.com@gmail.com

Version 001: remember to check AtmaDharma.com & AtmaDharma.org for updates



આવ્યો ? શું કર્મના કારણે આવ્યો ? નહીં, વિકાર પણ આત્માનો જ અનિયત ધર્મ છે, આત્માની પર્યાયમાં તે પ્રકારની **યોગ્યતા** છે. અગ્નિના સંયોગ સમયે પાણી ગરમ થયું તે અગ્નિના કારણે નથી થયું પરંતુ પાણીની પર્યાયમાં તે પ્રકારની **યોગ્યતા** છે; તે ઉષ્ણતા પાણીનો અનિયત ધર્મ છે. (પાનું-૩૪૯)

■ ■ ■

*પરમાત્મા ફરમાવે છે કે પ્રભુ ! તારા જ્ઞાનની પર્યાયમાં સદાય સ્વયં આત્મા પોતે જ અનુભવમાં આવે છે. જ્ઞાનની પ્રગટ દશામાં સર્વને ભગવાન આત્મા અનુભવમાં આવે છે. અનુભૂતિસ્વરૂપ ભગવાન આત્મા અનુભવમાં આવવા છતાં પણ તું તેને દેખતો નથી. કેમ ? - કે પર્યાયબુદ્ધિને વશ થઈ જવાથી પરદ્રવ્યોની સાથે એકત્વબુદ્ધિથી સ્વદ્રવ્યને દેખી શકતો નથી. (પૂ. ગુરુદેવશ્રી, પરમાગમ સાર, બોલ-૩૫૨)*

■

*ભેદજ્ઞાનને એક ન્યાયે વિકલ્પ પણ કહે છે. એ બે વચ્ચે હોય છે ને ? બેનું લક્ષ રહે છે ત્યાં સુધી વિકલ્પ રહે છે. રાગ અને આત્મા બેને ભિન્ન જાણવા એમ આવ્યું ને ? તેથી જ્યાંસુધી બેનું લક્ષ છે ત્યાંસુધી સૂક્ષ્મ વિકલ્પ છે. પણ અંદરમાં જ્ઞાયકમાં-એકમાં જાય છે તો ભેદવિજ્ઞાનનું નિર્વિકલ્પ પરિણમન થઈ જાય છે. (પૂ. ગુરુદેવશ્રી, પ્રવચન- રત્નાકર ભાગ-૮, પાનું-૪૧૪)*

■

Please inform us of any errors on AtmaDharma.com@gmail.com

# ૯. શ્રી સમયસારજી શાસ્ત્ર તથા ટેપ પ્રવચનોમાંથી યોગ્યતા સંબંધી સંદર્ભો

(૧) અભવ્ય જીવ સદાય સ્વપરના ભેદવિજ્ઞાનને **અયોગ્ય** છે. અભવ્ય જીવને ભેદજ્ઞાન થવાની **યોગ્યતા** નહિ હોવાથી તે કર્મફળ ચેતનાને જાણે છે પરંતુ જ્ઞાન ચેતનાને જાણતો નથી, તેથી શુદ્ધ આત્મિક ધર્મનું શ્રદ્ધાન તેને નથી. (ગાથા-૨૭૫ ભાવાર્થ) (૨) જ્ઞાની જ્ઞાન હોતાં પરદ્રવ્યને 'હું' પણે અનુભવવાની **અયોગ્યતા** હોવાથી વેદતો નથી (ગાથા-૩૧૮) (૩) આત્મા સ્વભાવથી શુદ્ધ છે પરંતુ તેની પર્યાયમાં રાગ ઉત્પન્ન થાય છે તે પર્યાયની **યોગ્યતાથી** તેના નિજ ષટ્કારકથી થાય છે. પરપદાર્થ રાગ કરાવતો નથી તેમજ આત્મસ્વભાવ પણ રાગનું કારણ નથી. પરના-નિમિત્તના સંગે પરિણમતી પર્યાય આત્મસ્વરૂપનું લક્ષ છોડીને પરિણમે છે ત્યારે વૈભાવિક શક્તિનું પણ વિભાવરૂપ પરિણમન થાય છે અને પર્યાયમાં તેની તત્સમયની **યોગ્યતાથી** રાગ ઉત્પન્ન થાય છે. (બંધ અધિકારની ગાથા-૨૭૮-૨૭૯ ઉપરના પ્રવચનની ટેપમાંથી) (૪) ૧૪૮ કર્મપ્રકૃતિઓમાંથી ૯૩ નામકર્મની પ્રકૃતિઓ છે તેમાંની કોઈ પ્રકૃતિના બંધનો આત્મા કર્તા, કારયિતા કે અનુમંતા તો નથી પરંતુ તે પ્રકૃતિઓના ફળનો ભોક્તા પણ નથી. આયુ, નામ, ગત્યાનુપૂર્વી આદિ પ્રકૃતિઓના ઉદયને વશ થઈને હું અન્ય અન્ય ગતિમાં જતો નથી. તે પ્રકૃતિઓનો ઉદય નિમિત્ત છે અને મારી પર્યાયની **યોગ્યતાને** લઈને હું એક ગતિમાંથી બીજી ગતિમાં જાઉં છું અને મારી પર્યાયની **યોગ્યતા** મુજબ તેમાં હું રહું છું, પરંતુ હવે એ મારી પર્યાયની **યોગ્યતારૂપ** પણ હું નથી. હું તો ચૈતન્યસ્વરૂપ નિજ આત્માને સંચેતું છું તેથી કર્મોદયના ફળને પણ હું ભોગવતો નથી. હું તો મારા ત્રિકાળી ચૈતન્ય જ્ઞાતાદૃષ્ટા સ્વરૂપને જ સંચેતું છું. (પાના નં.-૫૭૫-૫૭૬ ના પ્રવચનની ટેપમાંથી) ■ ■ ■

# ૧૦. શ્રી પ્રવચનસારજી તથા પંચાસ્તિકાયમાંથી

(૧) કેવળી ભગવંતોને પ્રયત્ન વિના પણ તેવા પ્રકારની **યોગ્યતાના** સદ્‌ભાવથી સ્થાન, આસન, વિહાર અને ધર્મદેશના સ્વભાવભૂત જ પ્રવર્તે છે. (પ્રવચનસાર ગાથા-૪૪) (૨) દ્વિપ્રદેશાદિક સ્કંધો-પોતાની **યોગ્યતાનુસાર** સ્પર્શાદિ ચતુષ્કના આવિર્ભાવ અને તિરોભાવની સ્વશક્તિને વશ થઈને પૃથ્વી, પાણી, તેજ ને વાયુરૂપ પોતાનાં પરિણામોથી જ થાય છે. (પ્રવચન- સાર ગાથા-૧૬૭) (૩) લોક સર્વત : સૂક્ષ્મ તેમજ બાદર તથા કર્મત્વને **અયોગ્ય** તેમજ કર્મત્વને **યોગ્ય** પુદ્‌ગલકાયો વડે અવગાહાઈને ગાઢ ભરેલો છે. (પ્ર.સાર ગાથા-૧૬૮) (૪) કર્મપણાને **યોગ્ય** સ્કંધો જીવની પરિણતિને પામીને કર્મભાવને પામે છે, તેમને જીવ પરિણમાવતો નથી. (પ્ર.સાર ગાથા-૧૬૯) (૫) **કર્મયોગ્ય** પુદ્‌ગલો આખા લોકમાં વ્યાપેલાં છે; તેથી જ્યાં આત્મા છે ત્યાં વિના લાવ્યે જ તે રહેલાં છે. (પંચાસ્તિકાય ગાથા-૬૪) (૬) પુદ્‌ગલોમાં ઇંદ્રિયો વડે ગ્રહાવાની **યોગ્યતા**નો(સદા) સદ્‌ભાવ હોવાથી 'મૂર્ત' કહેવાય છે. સ્પર્શ-રસ-વર્ણ-ગંધનો અભાવ જેનો સ્વભાવ છે એવો બાકીનો અન્ય સમસ્ત પદાર્થસમૂહ ઇંદ્રિયો વડે ગ્રહાવાની **યોગ્યતાના** અભાવને લીધે 'અમૂર્ત' કહેવાય છે. તે બંને ચિત્ત (મન) વડે ગ્રહાવાની **યોગ્યતાના** સદ્‌ભાવવાળા છે. (પંચા. ગાથા-૯૯)

■ ■ ■

*જ્ઞેયનું જેવું સ્વરૂપ છે તે પ્રમાણે વિશેષતા સહિત જ્ઞાનનું પરિણમન થાય તેને આકાર કહે છે. જ્ઞાન તો જ્ઞાનાકાર જ છે, તે જ્ઞાનાકાર સ્વઆકાર રહીને જ અનેક પરજ્ઞેયાકારોને જાણે છે. અહા ! લોકાલોકને જાણતો અનેક આકારરૂપ ઉપયોગ છે તે જ્ઞાનાકાર સ્વ આકારરૂપ છે અને તે સ્વચ્છત્વ શક્તિનું લક્ષણ છે. આત્માની સ્વચ્છત્વ શક્તિથી તેના ઉપયોગમાં લોકાલોકના આકારો પ્રકાશે છે. (પૂ. ગુરુદેવશ્રી પ્રવ. રત્ના. ભાગ-૧૧, પાનું-૬૯)*

# ૧૧. શ્રી નિયમસારજી શાસ્ત્ર તથા ટેપ પ્રવચનો પૂ. શ્રીના તેમાંથી

(૧) જે જીવની આ ભવમાં જ મુક્તિ પ્રાપ્ત થવાની **યોગ્યતા** હોય છે તે મહાવિદેહમાં જન્મ લે છે, પરંતુ જેની આ ભવમાં કેવળજ્ઞાન પ્રાપ્ત કરવાની **યોગ્યતા** નથી હોતી તેવા જીવો આ કાળમાં અહીં જન્મ લે છે. તેમની પર્યાયમાં પુરુષાર્થ મંદ હોવાને કારણે આત્માના આનંદ પ્રવાહમાં પૂર્ણ લીનતા નથી થતી. કેવળજ્ઞાન પ્રાપ્ત કરવાનું સામર્થ્ય નથી હોતું; તેથી આ કાળને હીનકાળ કહેવામાં આવ્યો છે. (ગાથા-૧૫૪ના ટેપ પ્રવચનમાંથી) (૨) આ જગતમાં અનેક પ્રકારના જીવો છે, ભવ્ય પણ છે અને અભવ્ય પણ છે. તું કોને કોને સમજાવીશ ? તું તો સ્વયં સમજીને તારામાં સ્થિર થઈ જા. જેની **યોગ્યતા** હશે તે સમજી જશે અને **અયોગ્ય** જીવ તો સાક્ષાત્ ભગવાનના સમવસરણમાં જઈને પણ નથી સમજતા. (ગાથા-૧૫૬ ટેપ) (૩) બધા જીવો નિમિત્ત અપેક્ષાએ અનેક પ્રકારના કર્મવાળા છે, અનેક પ્રકારની લબ્ધિવાળા છે, અનેક પ્રકારની ભિન્ન ભિન્ન **યોગ્યતાવાળા** છે; તું કોને કોને સમજાવીશ ? એટલા માટે ભલે તેઓ જૈન ધર્માવલંબી હોય અથવા અન્ય ધર્માવલંબી હોય-કોઈની સાથે વિવાદ કરીશ નહિ. (ગાથા-૧૫૬ની ટેપ) (૪) જેઓ આત્મધર્મ નથી સમજતા તે બધા પરધર્મી જ છે. જેમને શાસ્ત્રનો વિપરીત અભિપ્રાય-અભિમાન થઈ ગયેલ છે તેઓને સમજાવવાનું-સામર્થ્ય તો કેવળીમાં પણ નથી; કારણ કે શાસ્ત્ર વાંચવાથી આત્મા પ્રાપ્ત નથી થતો અર્થાત્ પોતાની **યોગ્યંતા** વિના આત્મજ્ઞાન નથી થતું. (૧૫૬ની ટેપ) (૫) જીવ અનેક પ્રકારના છે અને બધા પોતપોતાની **યોગ્યતાવાળા** હોય છે તેથી કોઈ સાથે વાદવિવાદ ન કરવો, કારણકે આપણે ગમે તેટલી યુક્તિઓ બતાવીએ તોપણ અજ્ઞાની તો એમાં કુતર્ક લડાવીને તેનો નિષેધ જ કરશે અર્થાત્

Version 001: remember to check AtmaDharma.com & AtmaDharma.org for updates



તેને માનશે જ નહિ. (૧૫૬ની ટેપ) (૬) જુદા જુદા જીવોના સુખાદિ પરિણામ સ્વયંની **યોગ્યતાનુસાર** થાય છે. કોઈ જીવ બહારમાં અનુકૂળ સંયોગ હોવા છતાં અંદરમાં અરતિનું વેદન કરે તથા બાહ્યમાં પ્રતિકૂળ સંયોગ હોય અને અંતરંગમાં રતિનું વેદન કરે (૧૫૬ની ટેપ) (૭) જીવની પ્રત્યેક સમયની જે **યોગ્યતા** હોય છે તેને કાળલબ્ધિ કહેવાય છે. છયે દ્રવ્યોની કાળલબ્ધિ હોય છે. પ્રત્યેક દ્રવ્ય પોતાની **યોગ્યતાનુસાર** પ્રતિસમય પરિણમન કરે છે તે તેની કાળલબ્ધિ છે. પ્રત્યેકની **યોગ્યતા** ભિન્ન ભિન્ન પ્રકારની હોય છે. ક્ષયોપશમ અનેક પ્રકારનો હોય છે. (૧૫૬ની ટેપ) (૮) જીવની **યોગ્યતાનુસાર** સાચા દેવ-ગુરુનો ઉપદેશ મળવો તે દેશનાલબ્ધિ છે. જેની ધર્મ સમજવાની **યોગ્યતા** હોય, તેને પુણ્યનો ઉદય હોતા નિયમથી ઉપદેશ મળે છે. તેમ છતાં પણ સમજવું તો પોતાની **યોગ્યતાનુસાર** જ થાય છે. (૧૫૬ની ટેપ) (૯) સુખ-દુઃખની કલ્પના સંયોગોને આધીન નથી, પરંતુ પોતે જ પોતાની **યોગ્યતાનુસાર** કલ્પના કરે છે. જુદા જુદા જીવોને જુદા જુદા પ્રકારની **યોગ્યતાનુસાર** લબ્ધિઓ હોય છે. (૧૫૬ની ટેપ) (૧૦) જે ધર્મશ્રવણ કરીને ધર્મ પ્રાપ્ત કરે છે તેમને પણ ધર્મશ્રવણથી ધર્મ પ્રાપ્ત નથી થતો પરંતુ તેમની ઉપાદાનગત યોગ્યતાથી જ ધર્મ પ્રાપ્ત થાય છે. જો આમ ન હોત તો ધર્મ શ્રવણ કરવાથી બધાને ધર્મની પ્રાપ્તિ થવી જોઈતી હતી, પરંતુ એમ થતું દેખાતું નથી. (શ્લોક-૨૬૯ના પ્રવચનમાંથી) (૧૧) જ્યારે કોઈ નિજ શુદ્ધાત્માના આશ્રયથી ધર્મ પ્રગટ કરે છે, અનારોપ દશા પ્રગટ કરે છે તો ગુરુથી જ્ઞાન થયું એવો ઉપચાર કરવામાં આવે છે, પરંતુ ગુરુને કારણે ધર્મ પ્રાપ્ત કર્યો એવો અર્થ બોધિતબુદ્ધનો થતો નથી. જ્યારે પોતાની **યોગ્યતાથી** ધર્મ સમજે, ત્યારે ગુરુની માત્ર હાજરી હતી-આ પ્રકારે ધર્મ સમજનારને બોધિતબુદ્ધ કહેવાય છે. (શ્લોક-૨૬૯ ઉપરનાં પ્રવચનમાંથી)

■ ■ ■

Please inform us of any errors on AtmaDharma.com@gmail.com

# ૧૨. યોગસાર પ્રાભૃત ગ્રંથમાંથી

(૧) મૂર્તિક-અમૂર્તિકનું એક લક્ષણ એ પણ કહેવામાં આવે છે કે જે વિષય-પદાર્થનું જીવ વડે ઈન્દ્રિયો દ્વારા ગ્રહણ થવા **યોગ્ય** છે તે બધા મૂર્તિક અને બાકીના બધા અમૂર્તિક છે. આમાં ગ્રહણ કરી શકવાની **યોગ્યતાના** રૂપમાં જે વાત કહેવામાં આવી છે તે ખાસપણે ધ્યાનમાં રાખવા **યોગ્ય** છે. કેમકે સંખ્યાત-અસંખ્યાત અણુઓના સૂક્ષ્મ પરિણમન સહિત કેટલીયે વસ્તુઓ તથા પુદ્ગલ વર્ગણાઓ એવી હોય છે કે જે વર્તમાનકાળમાં ઈન્દ્રિયગોચર થઈ શકતી નથી. પરંતુ કાળાંતરમાં સ્થૂળ પરિણમનના અવસરમાં ઈન્દ્રિયગોચર થાય છે તેથી ઈન્દ્રિયગોચર થવાની **યોગ્યતાના** સદ્ભાવને કારણે તેમને ઈન્દ્રિયગોચર નહિ થવાના અવસરે પણ મૂર્તિક જ સમજવી જોઈએ. (પાનું-૫૮) (૨) પુદ્ગલ દ્રવ્યના સ્કંધાદિના ભેદથી સૂક્ષ્મ, સૂક્ષ્મતર, સ્થૂળ, સ્થૂળતર એવા જે ચાર ભેદ પડે છે તે કર્મરૂપ થવા **યોગ્ય** પુદ્ગલો સાથે સંબંધ રાખે છે. આ ચારે પ્રકારના પુદ્ગલોથી લોકાકાશ ઠાંસોઠાંસ ભરેલું છે. અહીં સૂક્ષ્મતમ અને સ્થૂળતમ પુદ્ગલોનો ઉલ્લેખ નથી. કેમકે એ બંને પ્રકારના પુદ્ગલ કર્મ-વર્ગણાની **યોગ્યતા** રહિત હોય છે. (પાનું-૭૪) (૩) બધા જીવોને કર્મોના ઉદયવશ રાગ-દ્વેષાદિરૂપ અવશ્ય પરિણમવું પડે એમ નથી; કેટલાક જીવ એવા પણ હોય છે, જે કર્મોનો ઉદય આવતાં સમતાભાવ ધારણ કરે છે-કર્મજનિત પદાર્થોમાં રાગ-દ્વેષાદિરૂપ પરિણમતા નથી અથવા મોહનીય કર્મનો અભાવ થઈ જતાં રાગ-દ્વેષાદિરૂપ પરિણમવાની જેમનામાં **યોગ્યતા** જ નથી રહેતી-એવા જીવોના નિમિત્તે પુદ્ગલ કર્મરૂપ પરિણમતાં નથી અથવા એમ કહો કે કર્મોનો ઉદય આવવા છતાં, તથા કેટલાક ઔદયિક ભાવો થવા છતાં પણ નવા કર્મોનો બંધ થતો નથી. જો એમ ન માનવામાં આવે તો બંધની પરંપરા કદી સમાપ્ત થઈ શકતી નથી

Version 001: remember to check AtmaDharma.com & AtmaDharma.org for updates



અને કદીય મુક્તિની પ્રાપ્તિ થઈ શકે નહિ, કારણકે મોહનીય કર્મનો અભાવ થઈ જવા છતાં પણ અર્હંત ભગવંતોને કોઈ ઈચ્છા તથા પ્રયત્ન વિના તે પ્રકારની **યોગ્યતાના** સદ્‌ભાવથી યથાસમય ઊઠવું-બેસવું, વિહાર કરવો, ધર્મોપદેશ આપવો જેવી ક્રિયાઓ તો નિયમિતરૂપે સ્વભાવથી સ્વતઃ થતી જોવામાં આવે છે પરંતુ તેનાથી મોહના ઉદયપૂર્વક ન હોવાને કારણે ક્રિયાના ફળરૂપે નવા કર્મનું કોઈ બંધન થતું નથી. (પાનું-૮૩) (૪) જે ચિત્ત મોક્ષમાર્ગમાં તત્પર છે તે કર્મમળ હટાવીને આત્મશુદ્ધિનું કારણ છે, પરંતુ મોક્ષની પ્રાપ્તિ આસન્નભવ્યને થાય છે અને બીજાને કદીય નથી થતી. મોક્ષમાર્ગમાં તત્પર હોવા છતાં પણ બધાને મોક્ષની પ્રાપ્તિ નથી થતી, મોક્ષની પ્રાપ્તિ માટે નિકટભવ્યતાની **યોગ્યતાનું** હોવું સાથે આવશ્યક છે. (પાનું-૨૪૯) (૫) અહીં જિનલિંગ ગ્રહણનાં **અયોગ્યતાના** દ્યોતક કારણોને વ્યંગરૂપે ઉલ્લેખિત કર્યા છે, જેના માટે પ્રાકૃતમાં 'भंग' શબ્દનો પ્રયોગ મળે છે. ''कुत्सिताः'' વિશેષણ કુળ, જાતિ, વય, દેહ, કૃત્ય, બુદ્ધિ અને ક્રોધાદિ બધાને લાગુ પાડવામાં આવ્યું છે, જે ખોટા, ખરાબ, નિંદનીય તથા અપ્રશસ્ત અર્થનું વાચક છે અને તેથી તેને **યોગ્યતા** પ્રમાણે બધા ઉપર લગાવવું જોઈએ. જે કુળ, જાતિ આદિ ઉક્ત વિશેષણોને પાત્ર છે તેમનામાં જિનલિંગના ગ્રહણની **યોગ્યતા** નથી. આનાથી વિપરીત અકુત્સિત વિશેષણને જે પાત્ર છે તે બધામાં જિનલિંગ ગ્રહણની **યોગ્યતા** છે. (પાનું-૨૭૦)

■ ■ ■

*પર્યાય એ દ્રવ્યની એટલે કે ગુણોની વિશેષતાઓની અભિવ્યક્તિ છે જેનો વ્યય થઈ જાય છે પરંતુ તેનું કાર્ય તેની યોગ્યતારૂપ છે તે નાશ ન પામે તેથી વ્યય પણ ક્ષણિક સત્ હોવાથી પારિણામિક ભાવરૂપ બનીને યોગ્યતારૂપે રહી જાય છે.*

Please inform us of any errors on AtmaDharma.com@gmail.com

# ૧૩. સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષામાંથી

(૧) જે નાના (અનેક) ધર્મો સહિત આત્માને તથા પરદ્રવ્યોને પોતાની **યોગ્યતાનુસાર** જાણે છે તેને સિદ્ધાંતમાં નિશ્ચયથી જ્ઞાન કહે છે. પોતાના આવરણના ક્ષયોપશમ કે ક્ષય અનુસાર જાણવા **યોગ્ય** પદાર્થ જે પોતે તથા પર. તેને જે જાણે છે તે જ્ઞાન છે એ સામાન્ય જ્ઞાનનું સ્વરૂપ કહ્યું. (પાનું-૧૪૩) (૨) ઈન્દ્રિયોથી ઉત્પન્ન જે મતિજ્ઞાન તે પોતાને **યોગ્ય** વિષય જે પુદ્‌ગલ દ્રવ્ય તેને જાણે છે. જે ઈન્દ્રિયનો જેવો વિષય છે તેવો જ જાણે છે. (પાનું-૧૪૫) (૩) ભાવેન્દ્રિય બે પ્રકારની કહી છે : એક લબ્ધિરૂપ તથા બીજી ઉપયોગરૂપ. ત્યાં જ્ઞાનાવરણ કર્મના ક્ષયોપશમથી આત્મામાં જાણવાની શક્તિ થાય તેને લબ્ધિ કહે છે અને તે તો પાંચ ઈન્દ્રિય તથા મન દ્વારા જાણવાની શક્તિ એક કાળમાં જ રહે છે, પરંતુ તેમાં ઉપયોગની વ્યક્તિરૂપ પ્રવૃત્તિ છે તે જ્ઞેય પ્રત્યે ઉપયુક્ત થાય છે ત્યારે એક કાળમાં એકથી જ થાય છે એવી જ ક્ષયોપશમ જ્ઞાનની **યોગ્યતા** છે. (પાનું-૧૪૭) (૪) સમ્યક્ત્વ ઉત્પત્તિની **યોગ્યતાનું** નિરુપણ-ભવ્યજીવ હોય, સંજ્ઞી હોય, વિશુદ્ધ પરિણામી અને શુભ લેશ્યા સહિત હોય જાગૃતાવસ્થામાં હોય-નિદ્રાવસ્થામાં નહિ, પૂર્ણ પર્યાપ્તિવાળો હોય, સંસાર કિનારો જેને નજીક વર્તતો હોય તથા જ્ઞાની હોય એટલે સાકાર ઉપયોગવાન હોય. (પાનું-૧૭૩)

■ ■ ■

*આત્માના દ્રવ્ય-ગુણને પર્યાય ત્રણે સત્ છે એનો અર્થ શું ? એનો અર્થ એ થયો કે અનંતી પર્યાયો જે સમયે થાય તે સમય તે જ તેનો સ્વકાળ છે- એની કાળલબ્ધિ છે, તે પોતાથી સત્ છે. વિકાર પણ પોતાના સ્વકાળે એક સમયના પોતાના ષટ્કારકથી છે તો નિર્મળ-નિર્વિકાર દશાનું શું કહેવું ? (પૂ. ગુરુદેવશ્રી, પ્રવ. રત્ના., ભા-૧૦, પાનું-૩૯૪)*

# ૧૪. દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ - શ્રી સોગાનીજીના પત્રો તથા બોલમાંથી

(૧) વ્યવહારથી અને ખાસ તો અશુભયોગથી પૂર્ણ નિવૃત્તિની ઈચ્છા હોવા છતાં પણ ગૃહસ્થાદિ વ્યાવસાયિક જંજાળોનો એવો ઉદય છે કે મન ન લાગે ત્યાં લગાવવું પડે છે, બોલવાની ઈચ્છા ન રહેવા છતાં બોલવું પડે છે, એવી **યોગ્યતા** છે. (પાનું-૪૧) (૨) જેવી **યોગ્યતા** છે તેવા જ નિમિત્તો વચ્ચે રહેવાનું બની રહ્યું છે. પ્રત્યક્ષ દુઃખસમૂહમાં વેદન રહ્યા કરે છે પરંતુ એક જ ઝટકામાં તેનાથી દૂર થવાનું બની શકતું નથી. રસ જરાપણ નથી, ખેદ વર્તે છે તેમ છતાં પણ અહીંથી નિવૃત્તિનો યોગ નથી બનતો; આ પણ પૂર્વકર્મોની દેન છે ને ? અખંડની અખંડતાનો પ્રયત્ન પણ ઢીલો રહે છે. (પાનું-૪૩) (૩) એક વખત પ્રથમ સમ્યકત્વ તો અધિગમ જ ઉપદેશના નિમિત્તે જ થાય છે. બીજા ભવમાં એ સંસ્કારોના નિમિત્તે ઉપદેશ વિના સમ્યકૃત્વ થાય તેને નૈસર્ગિક કહે છે. પરંતુ સ્વયં પરાશ્રિત દૃષ્ટિ છોડીને સ્વાશ્રિત પરિણમન કરે તો ઉપદેશને નિમિત્ત કહેવામાં આવે છે, કર્તા નહીં. જેની **યોગ્યતા** હોય તેને નિમિત્ત-નૈમિત્તિક સંબંધનો સહજ જ યોગ થઈ જાય છે, આવો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ અનાદિથી ચાલતો આવે છે અને ચાલતો રહેશે. (પાનું-૫૩) (૪) અનેકાનેક જીવોની **યોગ્યતા** અક્ષય સુખના ઉદયની છે, તેથી તીર્થંકરથી પણ વિશેષ સતપુરુષનો યોગ પ્રાપ્ત થયો છે, જેમની નિત્ય પ્રેરણા ત્યાંથી-તેમનાથી વિમુખ કરાવીને પોતાના નિત્ય ભંડાર તરફ લક્ષ કરાવ્યા કરે છે; અહીંથી જ પૂ. ગુરુદેવના ન્યાયો અનુભવસિદ્ધ બનીને દૃઢતા પ્રાપ્ત કરાવે છે. (પાનું-૬૮) (૫) **યોગ્યતા** સ્વયં સત્ અહેતુક છે, જેને નિશ્ચયથી નથી સ્વદ્રવ્ય કારણ કે નથી પર કારણ. આ અપરિણામી દ્રવ્યદૃષ્ટિ સમય-સમયની **યોગ્યતામાં** ફેરફાર કરવાની બુદ્ધિ નથી રાખતી તેમજ

Version 001: remember to check AtmaDharma.com & AtmaDharma.org for updates



**યોગ્યતા પણ** દૃષ્ટિના અભેદ વિષય પ્રતિ સમયે-સમયે વધુ ને વધુ સન્મુખ થતાં થતાં પૂર્ણ સમાધાનરૂપ અભેદ થઈ જશે એવી નિ:શંક પ્રતીતિ આ દૃષ્ટિમાં ગર્ભિત છે. (પાનું-૭૪) (૬) વીર્યગુણની પર્યાયમાં સદૈવ પુરુષાર્થ થયા જ કરે છે. નિત્ય, સહજ, નિષ્ક્રિય, ત્રિકાળી દ્રવ્યમાં દૃષ્ટિ અભેદ થતાં જે પુરુષાર્થ થાય છે તે સ્વાશ્રિત સહજ જ્ઞાનાનંદી પુરુષાર્થરૂપ પર્યાય સ્વભાવ છે. વિકલ્પાત્મક પુરુષાર્થ અસહજ, કૃત્રિમ પુરુષાર્થ છે. સહજ દ્રવ્યસ્વભાવની અરુચિ હોવાથી પર્યાયમાં સહજ પુરુષાર્થ નથી ઊઘડતો, તેથી મિથ્યાદૃષ્ટિ નિયતવાદી એકાંતે કૃત્રિમ પુરુષાર્થ કર્યા કરે છે તેથી 'થવાનું હશે તેમ થશે' તેમ કહેવાનો તે ખરેખર અધિકારી નથી. તેના અભિપ્રાયમાં ફેરફાર કરવાની બુદ્ધિ તો પડી જ છે. તેની સ્વતંત્ર **યોગ્યતા** નિરંતર પરાવલંબી વર્ત્યા કરે છે. (પાનું-૭૫) (૭) પરિણામ **યોગ્યતાનુસાર** થઈ જાય છે, હું તો તે પરિણામ જેટલો નથી. આમાં કોઈને એમ લાગે કે શું પરિણામ જડમાં થાય છે ? અથવા નિશ્ચયાભાસ જેવું લાગે છે, પરંતુ આમ કહેવામાં તો 'અપરિણામી' નું જોર બતાવવું છે. (પાનું-૧૦૩) (૮) પ્રશ્ન : પ્રથમ પાત્રતાનું શું સ્વરૂપ છે ? ઉત્તર : પોતાના દ્રવ્યમાં દૃષ્ટિને તાદાત્મ્ય કરવી-ફેલાવવી. બહારમાં તાદાત્મ્ય કરી રહેલી દૃષ્ટિને પોતામાં તાદાત્મ્ય કરવી એ જ પ્રથમ **પાત્રતા** છે. (પાનું-૧૦૭) (૯) સ્વરૂપદૃષ્ટિ થવા છતાંપણ ચારિત્રગુણની **યોગ્યતા** જ એવી હોવાથી ચારિત્રગુણ પૂર્ણ શુદ્ધ નથી પરિણમી જતો. શ્રદ્ધાગુણનો સ્વભાવ એવો છે કે એક જ ક્ષણમાં દ્રવ્યમાં પૂરેપૂરો વ્યાપી જાય છે. ચારિત્રગુણનો સ્વભાવ એવો છે કે તે ક્રમે ક્રમે જ પૂરો થાય છે. આમ બંને ગુણોનો સ્વભાવ જ અલગ અલગ છે. (પાનું-૧૧૧) (૧૦) કરવા-ધરવાનું કાંઈ ન રહ્યું. જે પર્યાય આવવાની હોય તે **યોગ્યતાનુસાર** આવી જાય છે. પરંતુ ત્યાં જ્ઞાનીનું લક્ષ નથી, લક્ષ તો અંતર જ્ઞાયક તત્ત્વ ઉપર છે. અંતરમાં એકત્વ થયું તો સ્વતઃ પરિણામ (વિકાર) મર્યાદિત થઈ

Please inform us of any errors on AtmaDharma.com@gmail.com

Version 001: remember to check AtmaDharma.com & AtmaDharma.org for updates



જાય છે. પરંતુ મર્યાદિત જ થાય છે... થાય છે એમ કહેતા રહેવાથી કહેનારની દૃષ્ટિમાં પરિણામને મર્યાદામાં રાખવાનો જ પ્રયત્ન રહે છે, અર્થાત્ પરિણામને જ એકત્વબુદ્ધિપૂર્વક જોયા કરે છે અને પરિણામની મર્યાદાને જોયા કરવાથી અપરિણામીનું જોર છૂટી જાય છે. એટલા માટે એમ કહેવામાં આવે છે કે જે પરિણામ થવાનાં હોય તે થઈ જાય છે. (પાનું-૧૧૬) (૧૧) પરિણામોની **યોગ્યતા** જ એવી ભિન્ન ભિન્ન હોય છે. અનેક પ્રકારના કષાયભાવોમાંથી જે થવા **યોગ્ય** હોય તે થાય છે તેમને કરવા-છોડવા શું ? સમકિતીને પરિણામ માત્રથી ભિન્નતા રહે છે. 'હું કરનાર જ નથી'- એમ રહેવું એ જ ખાસ વાત છે. (પાનું-૧૧૮) (૧૨) બસ, એક જ વાત છે કે "હું ત્રિકાળી છું" એમ જામી જવું જોઈએ. પરિણામ-પર્યાય થવા **યોગ્ય** હોય તે **યોગ્યતાનુસાર** થયા કરે છે. 'હું' એમાં નથી જતો. ક્ષયોપશમ હોય ન હોય; યાદ રહે ન રહે; પરંતુ અસંખ્ય પ્રદેશમાં, પ્રદેશ-પ્રદેશમાં વ્યાપક થઈ જવું જોઈએ. (પાનું-૧૨૦) (૧૩) પ્રશ્ન : ચોથા ગુણસ્થાનવાળાને વસ્તુનો અનુભવ છે તથા સ્થિરતાનો પ્રયત્ન પણ કરે છે છતાં પણ અનુભવમાં સમય કેમ લાગે છે ? ઉત્તર : ચારિત્રની પર્યાયમાં એટલી અસ્થિરતા છે, પુરુષાર્થની કમી છે, પર્યાયની એવી **યોગ્યતા** છે, પરંતુ દૃષ્ટિમાં એની ગૌણતા છે. "વર્તમાનમાં જ પૂર્ણ છું." આમાં પર્યાયની ઘટ-વધ ગૌણ છે. (પાનું-૧૨૪) (૧૪) ત્રિકાળીનું જોર ન હોવાથી ક્ષણિક શુભાશુભમાં આખેઆખો ખેંચાઈ જાય છે. ક્ષણિક દુઃખ આવ્યું તો ત્રિકાળી દુઃખ માનવા લાગ્યો, ક્ષણિક સુખ આવ્યું તો ત્રિકાળી સુખ માનવા લાગ્યો અને જ્યાં ત્રિકાળીમાં પોતાપણું થયું તો ક્ષણિક પર્યાય જે **યોગ્યતાનુસાર** થવાવાળી હોય તે થાવ... "હું" એમાં નથી તણાતો. (પાનું-૧૨૭) (૧૫) **યોગ્યતા** હોય તો સાંભળતાં જ સીધો અંદરમાં ઊતરી જાય છે તેથી એમ કહે છે કે "એવી એની કાળલબ્ધિ." તો અજ્ઞાની કહેવા લાગે છે કે અરે ! પુરુષાર્થ



Please inform us of any errors on AtmaDharma.com@gmail.com

Version 001: remember to check AtmaDharma.com & AtmaDharma.org for updates



ઉડાડી દીધો. પરંતુ અરે ભાઈ ! પુરુષાર્થ એનાથી ભિન્ન થોડો જ છે ? કોઈ સ્વચ્છંદી ન બની જાય એટલા માટે "પુરુષાર્થ કર" એમ કહ્યું છે. ત્રિકાળીમાં પોતાપણું સ્થાપવામાં પુરુષાર્થ તો હોય જ છે પરંતુ આ પુરુષાર્થની પર્યાય જેટલો હું નથી, હું તો ત્રિકાળી દળ જ છું. (પાનું-૧૨૮) (૧૬) સાંભળવાના ભાવમાં સાંભળનારને અને સંભળાવવાના ભાવમાં સંભળાવવાવાળાને નુકસાન છે. (બહિર્મુખ ઉપયોગ હોવાથી) બંનેને નુકસાનનો જ ધંધો છે. પોત-પોતાની **યોગ્યતાનુસાર** બંનેને નુકસાન છે. (પાનું-૧૫૩) (૧૭) જે પર્યાય જે કાળે થવાની છે ત્યારે થાય છે. મુનિદશા પણ સહજ થાય છે. પહેલાં ભાવના હોય છે, પરંતુ પહેલાં અભિપ્રાયની મુખ્યતા રાખો; પછી **યોગ્યતા** પ્રધાની થઈ જશો. જે પર્યાય જ્યારે થવાની છે ત્યારે જ થાય છે. (પાનું-૧૬૮) (૧૮) મૃત્યુ સમયે જીવને પોતાની રુચિનો વિષય જ મુખ્ય થઈ જાય છે. જેને આત્માની રુચિ છે તેને મૃત્યુ સમયે પોતાનો આત્મા જ મુખ્ય થઈ જાય છે. બીજાને કહે કે 'મને સંભળાવો' તો એની **યોગ્યતા** પણ એવા જ પ્રકારની છે, તેથી તો એવો વિકલ્પ આવે છે. (પાનું-૧૬૯) (૧૯) જ્યારે અંતર્દૃષ્ટિ જામે ત્યારે જ વર્તમાન પર્યાયની **યોગ્યતાનું** જ્ઞાન યથાર્થ થાય છે; ત્યારે જે કાળે જેવી યોગ્યતા એમ કહેવાનો અધિકાર છે. (પાનું-૧૭૦) (૨૦) પર્યાય નવી ઘડવાની નથી. અહીં અંદરમાં દૃષ્ટિ થતાં શક્તિરૂપ-યોગ્યતારૂપ પડી છે તે પ્રગટ થઈ જાય છે. (પાનું-૨૦૪) (૨૧) દ્રવ્યમાં પર્યાય પરિણમનશક્તિરૂપ **યોગ્યતા** હોય છે જે પોતાના સ્વકાળે પ્રગટ થાય છે. (પાનું-૨૩૭)

■ ■ ■

*જાણનારને જાણવાની પર્યાયમાં પ્રત્યક્ષ જાણવો એ તારો સ્વતઃસિદ્ધ સ્વભાવ છે. સ્વનો પ્રકાશક એ તો એનો મૂળ સ્વભાવ છે. સ્વના પ્રકાશક વિનાનો એકલો પરનો પ્રકાશક એ તો એનો મૂળ સ્વભાવ પણ નથી. (પૂ. ગુરુદેવશ્રી આત્મધર્મ : ૬૧૮)*

Please inform us of any errors on AtmaDharma.com@gmail.com

# ૧૫. જૈનેન્દ્રસિદ્ધાંતકોષમાંથી યોગ્યતાના ભિન્ન ભિન્ન અર્થો તથા સંદર્ભો

(૧) પર્યાયોને પ્રાપ્ત કરવાની શક્તિ (૨) ક્ષયોપશમથી પ્રગટતી શક્તિ (૩) પ્રમાણ પરીક્ષા પાનું-૬૭ ઉપર કહ્યું છે કે **યોગ્યતારૂપ** જે વિશેષ તે પ્રત્યક્ષની જેમ પોતપોતાના વિષયભૂત જ્ઞાનાવરણીય તથા વીર્યાંતરાયના ક્ષયોપશમ વિશેષ જ છે. (૪) શ્લોકવાર્તિક પ્રમાણે ક્ષયોપશમ એટલે આ **યોગ્યતા.** (૫) જાણવારૂપ પોતાની **યોગ્યતાથી** જ જ્ઞાન ઘટ-પટાદિ પદાર્થોની જુદી જુદી રીતે વ્યવસ્થા કરી દે છે. (૬) પ્રમેય કમલ માર્તંડમાંથી-પ્રતિનિયત અર્થની વ્યવસ્થા કરનારી તે તે આવરણકર્મના ક્ષયોપશમરૂપ અર્થગ્રહણની શક્તિ **યોગ્યતા** કહેવાય છે. કહેવામાં આવ્યું છે કે ક્ષયોપશમ લક્ષણવાળી **યોગ્યતા** જ તે શક્તિ છે જે જ્ઞાનના પ્રતિનિયત અર્થની વ્યવસ્થા કરવામાં મુખ્ય કારણ છે. (૭) ન્યાયદીપિકામાં **યોગ્યતા** કોને કહેવાય એવા પ્રશ્નના ઉત્તરમાં કહ્યું છે કે જ્ઞાનને ઢાંકનાર કર્મરૂપ આવરણના ક્ષયોપશમને **યોગ્યતા** કહે છે. (૮) દ્રવ્યના પરિણમનમાં તેની **યોગ્યતા** જ કારણ છે. (૯) **શ્લોકવાર્તિકમાંથી : યોગ્યતા** એટલે સ્વાભાવિક શક્તિ. કાર્ય-કારણભાવના પ્રકરણમાં **યોગ્યતાનો** અર્થ કારણની કાર્ય ઉત્પન્ન કરવાની શક્તિ અને કાર્યની કારણથી ઉત્પન્ન થવાની શક્તિ જ છે. તે **યોગ્યતાને** પ્રત્યેક વિવક્ષિત કાર્ય થવામાં કારણોનો નિયમ કરવો એમ કહેવામાં આવે છે. જેવી રીતે જવના બીજમાંથી જવના અંકુર ઉત્પન્ન થવાની શક્તિ-**યોગ્યતા** હોય છે પરંતુ તેમાંથી અન્ય અનાજના અંકુરની ઉત્પત્તિ શક્ય નથી. આને જ **યોગ્યતા** કહેવાય છે. પ્રશ્ન : અહીં કહેવામાં આવેલ તે **યોગ્યતારૂપ** શક્તિનો પ્રતિનિયમ દરેકમાં કેવી રીતે થઈ શકે ? ઉત્તર : આ શક્તિઓનો પ્રતિનિયમ તે તે પદાર્થોના સ્વભાવથી જ થઈ જાય છે; કારણકે અસર્વજ્ઞોને શક્તિઓ પ્રત્યક્ષ નથી થતી. ■ ■ ■

# ૧૬. ધ્યેયપૂર્વક જ્ઞેય : પૂ. ગુરુદેવશ્રીનાં પ્રવચનો

(૧) આ તો પ્રભુનો મારગ ! અંતરનો. એ મારગ ન્યાય-લોજીકથી તો કહેવામાં આવે છે. પકડવો-ન પકડવો એની **યોગ્યતા** પ્રમાણે છે. (પાનું-૧૮) (૨) પાંચ ઈન્દ્રિયોથી જીવવું અને મન, વચન ને કાયા એ આઠ અને આયુષ્યને શ્વાસોચ્છ્વાસ-એ દશ પ્રાણ. એ દશ પ્રાણ જડ છે, એનાથી જીવવું એ તો પરમાં ગયા. પણ પોતાની પર્યાયમાં દશ પ્રાણની **યોગ્યતાથી** જીવે-એ પણ વ્યવહારમાં ગયું. એ પારિણામિક ભાવ કહ્યા, પણ વ્યવહારમાં ગયા. અશુદ્ધતામાં ગયા. (પાનું-પર) (૩) એ દશ પ્રાણ-એવી પોતાની પર્યાયમાં **યોગ્યતા** છે. એ **યોગ્યતા** કહેવી છે અહીંયાં. જડ પ્રાણાદિ લેવા નહીં અહીંયાં. જેટલી મુદત રહેવાની **યોગ્યતા** છે-એ એક સમયની **યોગ્યતા** છે. એ પર્યાયાશ્રિત છે, દ્રવ્ય-આશ્રિત નહીં. (પાનું-પર) (૪) ભવ્યત્વશક્તિમાં તો મોક્ષમાર્ગ થવાની લાયકાત છે છતાં તે મોક્ષમાર્ગરૂપ ભવ્યત્વપરિણામ કેમ ન થયાં ? તો કહે છે કે પોતાની ભવ્યત્વ કારણની **યોગ્યતા** પ્રગટ નહીં કરવાથી પ્રગટ નથી થતાં પણ અહીંયાં કર્મને એનું નિમિત્ત બતાવવું છે. (પાનું-પ૯) (પ) ભવ્ય-અભવ્યમાં જીવત્વ છે ત્રિકાળ છે એ જ ખરેખર આત્મા છે. તે જ ઉપાદેય ને આદરણીય છે. દશપ્રાણરૂપ જીવત્વ છે-તે પ્રાણ જડ નહીં પણ જે પર્યાયની **યોગ્યતા** એને અહીં પારિણામિક કહેલ છે. (પાનું-૭૩) (૬) સાંભળવાથી જ્ઞાન થાય છે એ વાત જૂઠી ! જ્ઞાન પોતાની પર્યાયથી થાય છે એ એક વાત. તારી પર્યાયની **યોગ્યતાથી** જ્ઞાન થયું, સાંભળવાથી નહિ. હવે એ જ્ઞાન પણ યથાર્થ જ્ઞાન નહિ. એનું લક્ષ છોડીને, ત્રિકાળી પરમસ્વભાવશક્તિ એમાં હો અને જે જ્ઞાન થાય છે એને યથાર્થ જ્ઞાન કહેવામાં આવે છે. (પાનું-૭૮) (૭) ઉપશમ પુરુષાર્થથી, પાણી છાંટીને પ્રકૃતિને અણઉદય કરી દીધી. અણઉદય હોવાની લાયકાત તો એની-પ્રકૃતિની જ સ્વયં

Version 001: remember to check AtmaDharma.com & AtmaDharma.org for updates



હતી. તો નિમિત્તથી એમ કહેવાય છે, પોતાનો પુરુષાર્થ પોતામાં રહ્યો. કર્મની પ્રકૃતિ અણઉદય થઈ એ એના પોતાના કારણે થઈ. (પાનું-૮૦) (૮) જ્યાં દૃષ્ટિ પડે છે અંદરમાં તો પરનું લક્ષ છૂટ્યું એમ વિકલ્પનું લક્ષ પણ છૂટ્યું, તો ત્રિકાળી શુદ્ધ જે ભગવાન આત્મા છે એની એકાગ્રતા થઈ-સેવના કરી (પર્યાયે) ત્યારે સેવના કરી એને દ્રવ્ય શુદ્ધ છે એમ કહેવામાં આવે છે. એને જ **યોગ્યતા** છે. બીજા શુદ્ધ છે-શુદ્ધ છે એમ કહે છે એને શુદ્ધ નહીં એમ અહીંયાં કહે છે. (પાનું-૧૫૦) (૯) એ છ દ્રવ્યોને જાણવાની વર્તમાન એક સમયની લાયકાત આત્માના જ્ઞાનમાં, એક સમયનો અંશ જે વર્તમાન-એ છ દ્રવ્યોને જાણવાને લાયક જ્ઞાનનો પર્યાય, અર્થાત્ છ દ્રવ્યને જાણવાની લાયકાતવાળી મારી એક સમયની પર્યાય-એ જ્ઞેય છે એય નહીં. એટલું જ્ઞેય છે, એ પણ નહીં. (પાનું-૨૦૩)

■ ■ ■

*જ્ઞાનની વર્તમાન પર્યાયનું સામર્થ્ય સ્વને જાણવાનું છે. આબાલ- ગોપાલ સૌને સદાકાળ અખંડ પ્રતિભાસમય ત્રિકાળી સ્વ જણાય છે, પણ તેની દૃષ્ટિ પરમાં પડી હોવાથી ત્યાં એકત્વ કરતો થકો, "જાણનાર જ જણાય છે" તેમ નહીં માનતાં રાગાદિ પર જણાય છે એમ અજ્ઞાની પર સાથે એકત્વપૂર્વક જાણતો-માનતો હોવાથી તેને વર્તમાન અવસ્થામાં અખંડનો પ્રતિભાસ થતો નથી અને જ્ઞાની તો "આ જાણનાર જણાય છે તે જ હું છું" એમ જાણનાર જ્ઞાયકને એકત્વપૂર્વક જાણતો-માનતો હોવાથી તેની વર્તમાન અવસ્થામાં (જ્ઞાનકળામાં) અખંડનો સમ્યક્ પ્રતિભાસ થાય છે. (પૂ. ગુરુદેવશ્રી આત્મધર્મ : ૩૯૨)*

Please inform us of any errors on AtmaDharma.com@gmail.com

# ૧૭. પંચાધ્યાયીની પં. ફૂલચંદજીની પ્રસ્તાવનામાંથી

(૧) કોઈ કોઈ અન્યનું ભલું કે બુરું નથી કરી શકતા. સારું-નરસું જે કાંઈ પણ થાય છે તે વસ્તુની **યોગ્યતા** ઉપર જ આધારિત છે. કોઈ અન્ય કોઈનું હિત કે અહિત કરી શકે છે તેવા અભિપ્રાયથી ગ્રંથરચના કરવામાં નથી આવતી પરંતુ ''સ્વાન્તઃ સુખાય'' તથા ''સર્વહિતાય''ની ભાવના હોય છે. (પાનું-૨-૩) (૨) સ્વામી સમન્તભદ્ર કહે છે કે માત્ર પુરુષાર્થ અથવા માત્ર દૈવ કાર્યકારી નથી પરંતુ ભેદથી બંને કાર્યકારી માનવામાં આવ્યા છે. પૌરુષનો અર્થ પુરુષની પ્રવૃત્તિ તથા દૈવનો અર્થ છે પુરાકૃત કર્મ અને **યોગ્યતા.** અષ્ટશતીમાં અકલંકદેવ કહે છે કે પૌરુષ અને કર્મ એ બંને નિમિત્ત છે અને **યોગ્યતા** ઉપાદાન છે. (પાનું-૨૪) (૩) પ્રત્યેક કાર્ય પોતપોતાના ઉપાદાનની યોગ્યતાનુસાર જ થાય છે. જે કાળે વસ્તુમાં જેવું પરિણમન થવા યોગ્ય હોય છે તેવું જ થાય છે અને નિમિત્ત પણ તેવું જ મળે છે. (પાનું-૨૭) (૪) ઉપાદાનમાં પરિણમન કરવાની જેવી **યોગ્યતા** હોય છે તે જ પ્રમાણે નિમિત્ત સહાયક બને છે. ઉપાદાનમાં કમજોરી હોય તો નિમિત્ત તે પ્રકારના પરિણમનમાં સહાયક બને છે અને કમજોરી દૂર કરીને પરિણમન થાય તો તે તેમાં સહાયક થાય. મુખ્ય વિચાર ઉપાદાનનો છે. (પાનું-૩૮) (૫) કાળલબ્ધિ જીવની પોતાની **યોગ્યતા** છે. પ્રત્યેક વસ્તુની જ્યારે જેવી **યોગ્યતા** હોય છે તે અનુસાર કાર્ય થાય છે. (પાનું-૪૪) (૬) સમ્યગ્દર્શન અનંતશક્તિ-સંપન્ન આત્માના વિશ્વાસનું કેન્દ્ર છે. તેના દ્વારા પ્રત્યેક પ્રાણી આત્માથી જડ તત્ત્વોની પૃથક્તાનો અનુભવ કરે છે. આત્મામાં તેવી **યોગ્યતા** હોવાથી સર્વપ્રથમ આ વિશ્વાસ ગુરુના નિમિત્તે પ્રસ્ફુટિત થાય છે. એના પછી સતત મનન અને અનુભવ દ્વારા તે વિશ્વાસ દ્રઢમૂળ થવા લાગે છે. (પાનું-૪૮) (૭) જીવ

Version 001: remember to check AtmaDharma.com & AtmaDharma.org for updates



અને પુદ્‌ગલ એ બંને દ્રવ્યો ક્રિયાવતી શક્તિ અને ભાવવતી શક્તિ ધરાવે છે. બાકીનાં ચાર દ્રવ્યો માત્ર ભાવવતી શક્તિ જ ધરાવે છે. પ્રદેશોના હલનચલનરૂપ પરિસ્પંદને ક્રિયા કહેવાય છે અને પ્રત્યેક વસ્તુમાં થતા તેના પ્રવાહરૂપ પરિણમનને ભાવ કહેવાય છે. પ્રદેશ ચલનાત્મક **યોગ્યતાનું** નામ ક્રિયા છે અને પરિણમનશીલ **યોગ્યતાનું** નામ ભાવ છે. આ ક્રિયારૂપ **યોગ્યતા** સિદ્ધાલયમાં સ્થિત જીવોમાં નથી જોવા મળતી, કારણકે તેમના પ્રદેશોનું કંપન નથી હોતું. (પાનું-૧૫૪) (૮) જીવમાં નિમિત્તવશ અશુદ્ધ થવાની અનાદિકાળથી **યોગ્યતા** છે. પુદ્‌ગલમાં પણ સ્વભાવથી જ એવી **યોગ્યતા** છે કે જેથી તે જીવની અશુદ્ધતાનું નિમિત્ત પામીને તેની સાથે બંધાય છે. મૂળમાં આવી **યોગ્યતાઓ** જ ઉભયબંધનું કારણ છે. (પાનું-૧૫૮) (૯) કાર્યની ઉત્પત્તિ સ્વભાવ, નિયતિ અને નિમિત્ત એ ત્રણના આધારે થાય છે. સ્વભાવનો એ અર્થ છે કે જે વસ્તુમાં જેવા કાર્યરૂપ થવાની **યોગ્યતા** હોય છે તેવું જ કાર્ય થાય છે. નિયતિનો એ અર્થ છે કે કાર્યરૂપ થવાની એ **યોગ્યતા** ક્રમબદ્ધ અને નિયમિત છે. એકકાળે જ્યારે એક જ કાર્ય થાય છે ત્યારે વસ્તુમાં એ કાળે એ પ્રકારની **યોગ્યતા** પણ એક જ પ્રકારની જોવા મળે છે અને નિમિત્તનો અર્થ એ છે કે તે **યોગ્યતા** નિમિત્ત સાપેક્ષ કાર્યરૂપ પ્રગટ થાય છે. (પાનું-૧૬૨) (૧૦) સાધારણ નિયમ એ છે કે પ્રત્યેક કાર્ય પોતાના ઉપાદાનની **યોગ્યતાનુસાર** જ થાય છે. જે કાર્યની ઉપાદાનમાં **યોગ્યતા** ન હોય તે કાર્ય તેનાથી કદીપણ થઈ શકતું નથી. તેથી આ નિયમ મુજબ એ નિશ્ચિત થાય છે કે જીવમાં પોતાનામાં જ એવી **યોગ્યતા** છે કે જેના કારણે તે બંધાય છે અને તેની આ **યોગ્યતા** અનાદિકાળથી છે. આને જ વૈભાવિકી શક્તિનું વિભાવરૂપ પરિણમન કહેવામાં આવે છે. પરંતુ આ વિભાવરૂપ પરિણમન અન્ય નિમિત્ત વિના નથી હોતું કેમકે પ્રત્યેક પદાર્થમાં તે તે પરિણામોના વિશેષ નિમિત્ત વિના જેટલા પરિણામો થાય

Please inform us of any errors on AtmaDharma.com@gmail.com

Version 001: remember to check AtmaDharma.com & AtmaDharma.org for updates



છે તે બધા સ્વાભાવિક જ હોય છે એવો નિયમ છે. અહીં આ વિભાવ પરિણમનમાં કારણભૂત (નિમિત્ત) સામગ્રીને જ કર્મ કહેવામાં આવે છે જે પ્રતિસમય બંધાતા રહે છે અને પોતાનું કાર્ય કરીને નિવૃત્ત થઈ જાય છે. (પાનું-૧૬૫) (૧૧) જીવ અને પુદ્ગલ બંનેમાં બંધની **યોગ્યતા** છે. આ **યોગ્યતા** તેમની પારિણામિકી છે, તેમ હોતાં તેમની જે પરગુણાકાર અર્થાત્ પરતંત્ર હોવારૂપ ક્રિયા થાય છે તે બંધ છે અને સ્વભાવચ્યુતિનું નામ અશુદ્ધતા છે. (પાનું-૧૭૩) (૧૨) **યોગ્યતાવશ** કાળાદિ લબ્ધિઓ પ્રાપ્ત થતાં જ્યારે સંસારસમુદ્રનો કિનારો નજીક આવી જાય છે અને ભવ્યત્વભાવનો પરિપાક થાય છે ત્યારે આ જીવ સમ્યક્ત્વને પ્રાપ્ત થાય છે. (પાનું-૨૧૦)

■ ■ ■

*કરવાની બુદ્ધિ છૂટી જાય એ ક્રમબદ્ધ છે. ક્રમબદ્ધમાં કર્તૃત્વબુદ્ધિ છૂટી જાય છે. પરમાં તો કાંઈ કરી શકતો જ નથી અને પોતામાં પણ જે થવાનું છે તે થાય છે એટલે પોતામાં પણ રાગ થવાનો છે તે થાય છે એને કરવો શું ? રાગમાંથી પણ કર્તૃત્વબુદ્ધિ છૂટી ગઈ, ભેદ અને પર્યાય ઉપરથી પણ દૃષ્ટિ છૂટી ગઈ ત્યારે ક્રમબદ્ધની પ્રતીતિ થઈ. ક્રમબદ્ધની પ્રતીતિમાં તો જ્ઞાતાદૃષ્ટા થઈ ગયો. નિર્મળ પર્યાય કરું એવી બુદ્ધિ પણ છૂટી ગઈ. રાગને કરું એ વાત તો ક્યાં રહી ? પણ જ્ઞાન કરું એ બુદ્ધિ પણ છૂટી જાય છે. કર્તૃત્વબુદ્ધિ છૂટી જાય અને એકલું જ્ઞાન રહી જાય છે. જેને રાગને કરવો છે, રાગને અટકાવવો છે, તેને આ ક્રમબદ્ધની વાત બેઠી જ નથી. રાગને કરવો અને રાગને છોડવો એ પણ આત્મામાં નથી. આત્મા એકલો જ્ઞાનસ્વરૂપ છે. (પૂ. ગુરુદેવશ્રી, આત્મધર્મ : ૬૦૩)*

Please inform us of any errors on AtmaDharma.com@gmail.com

# ૧૮. શ્રી અમૃતચંદ્ર આચાર્યદેવરચિત તત્ત્વાર્થસારમાંથી

(૧) જીવમાં પણ જે બંધ થાય છે તે ત્યાં સુધી જ થાય છે કે જ્યાં સુધી તેમાં પુદ્‌ગલનો સંબંધ રહે છે. તેથી બંધ કરવાની અસલી **યોગ્યતા** પુદ્‌ગલમાં જ છે. (પાનું-૧૬૬) (૨) જીવ-પુદ્‌ગલ દ્રવ્યો ગત્યાદિરૂપે પરિણમવાની **યોગ્યતા** રાખે છે અને ધર્માદિદ્રવ્ય તેમાં હેતુ છે. (પાનું-૧૭૮) (૩) જીવની જે બંધ અવસ્થા માનવામાં આવે છે તે માત્ર બદ્ધ હોવાની **યોગ્યતા** રહેવાથી જ. પરંતુ તે જીવના બંધક તરીકે તો પુદ્‌ગલ જ કહેવામાં આવે છે. (પાનું-૧૮૨) (૪) સકષાય બનતાં જીવ કર્મયોગ્ય પુદ્‌ગલોને બધી બાજુથી ગ્રહણ કરે છે તે જ બંધ છે. સદા સર્વ પ્રદેશોમાં બંધ થાય છે. કર્મપિંડોના ગ્રહણમાં નિમિત્ત યોગ છે અને કર્મરૂપ પરિણમાવવામાં નિમિત્ત કષાય છે. (પાનું-૨૮૫) (૫) કર્મ પોતપોતાની **યોગ્યતાનુસાર** બંધાય છે અને ઉદયમાં આવે છે. (પાનું-૩૦૫)

■ ■ ■

*પ્રશ્ન : અનાદિના અજ્ઞાની જીવને સમ્યગ્દર્શન પામ્યા પહેલાં તો એકલો વિકલ્પ જ હોય ને ?*

*ઉત્તર : ના. એકલો વિકલ્પ નથી. સ્વભાવ તરફ ઢળી રહેલા જીવને વિકલ્પ હોવા છતાં તે જ વખતે આત્મસ્વભાવના મહિમાનું લક્ષ પણ કામ કરે છે, ને તે લક્ષના જોરે જ તે જીવ આત્મા તરફ આગળ વધે છે; કાંઈ વિકલ્પના જોરે આગળ નથી વધાતું. રાગ તરફનું જોર તૂટવા માંડ્યું ને સ્વભાવ તરફનું જોર વધવા માંડ્યું, ત્યાં (સવિકલ્પ દશા હોવા છતાં) એકલો રાગ જ કામ નથી કરતો, પણ રાગના અવલંબન વગરનો, સ્વભાવ તરફના જોરવાળો એક ભાવ પણ ત્યાં કામ કરે છે, અને તેના જોરે આગળ વધતો વધતો, પુરુષાર્થનો કોઈ અપૂર્વ કડાકો કરીને નિર્વિકલ્પ આનંદના વેદન સહિત સમ્યગ્દર્શન પામી જાય છે. (પૂ. ગુરુદેવશ્રી ગુરુપ્રસાદ નવેંબર-૧૯૯૩)*

# ૧૯. પં. દેવકીનંદનજીકૃત પંચાધ્યાયી (ઉત્તરાર્ધ) ભાવાર્થમાંથી

(૧) પરનિમિત્ત કાંઈ જીવમાં વિકાર કરતું નથી કે કરાવતું નથી પણ જીવની પોતાની વર્તમાન પર્યાયની તેવી **યોગ્યતા** છે અને તે સ્વતઃ પોતાના અપરાધથી છે. (ગાથા-૬૦) જીવ અને પુદ્‌ગલ એ બંનેમાં વૈભાવિકી શક્તિ નામનો એક ગુણ છે તેના વિકારી પરિણમનથી જીવ અને કર્મોનો પરસ્પરમાં બંધ થાય છે. બંનેમાં વિશિષ્ટ પ્રકારથી પરિણમવાની તે સમયે **યોગ્યતા** હોવાથી લોહચુંબક અને સોયના પરસ્પર સંબંધની જેમ સંબંધ બંધ થાય છે. (ગાથા-૪૫) (૩) જીવમાં અશુદ્ધ પર્યાય થાય તે જ સમયે નવા કર્મો પોતાની **યોગ્યતાનુસાર** આશ્રવપણે સ્વયં પરિણમે છે. વાસ્તવિકપણે તો એક દ્રવ્ય બીજા દ્રવ્યને આકર્ષી શકતું નથી. (ગાથા-૧૩૨) (૪) અજ્ઞાનદશામાં સંજ્ઞી પંચેન્દ્રિય થવા યોગ્ય ભાવ પણ કોઈ કોઈ જીવ કોઈ વેળા જ કરે છે અને ત્યારે તેને **યોગ્યરૂપ** કર્મોનો મંદ ઉદય નિમિત્ત હોય છે. (ગાથા-૨૫૧) (૫) આત્માની પર્યાયની જે સમયે જેવી **યોગ્યતા** હોય તેવો આરોપ કર્મ ઉપર તે સમયે આવે છે. ઉપાદાન અને નિમિત્ત એ બંને કારણોને જણાવવા માટે આ શબ્દ વાપરવામાં આવે છે. એક દ્રવ્યની પર્યાય બીજા દ્રવ્યની પર્યાયની ઘાતક નથી. (ગાથા-૧૯૫) (૬) ઉપાદાનની પોતાની **યોગ્યતા** જ્યાં નથી ત્યાં તેને લાયક નિમિત્ત પણ હોતાં નથી. (ગાથા-૩૦૦) (૭) વિકારનો નાશ અને સંપૂર્ણ કંર્મોનો અભાવ એક સાથ દરેક દ્રવ્યના પર્યાયની તે સમયની **યોગ્યતાથી** થાય છે. (ગાથા-૩૬૫) (૮) જગતમાં સર્વ પદાર્થો સમયે સમયે પોતપોતાની **યોગ્યતાનુસાર** પરિણમે છે, એ નિયમમાં કદીપણ ભંગ થતો નથી તેથી જગતમાં અકસ્માત કાંઇ બનતું જ નથી. (ગાથા-૫૪૬) (૯) સમ્યકત્વની ઉત્પત્તિ અને કર્મના ઉપશમાદિક પોતપોતાની તે તે

Version 001: remember to check AtmaDharma.com & AtmaDharma.org for updates



સમયની **યોગ્યતાથી** થાય છે. જ્યારે દર્શનમોહકર્મની પોતાની **યોગ્યતાથી** તેનાં ઉપશમાદિક થાય છે ત્યારે તે જ સમયે જીવની પોતાની પર્યાયની **યોગ્યતાથી** સમ્યક્ત્વની ઉત્પત્તિ થાય છે. (ગાથા-૮૭૧) (૧૦) આત્મા અને તેની વૈભાવિકી શક્તિ પણ પોતપોતાના સ્વભાવથી શુદ્ધ છતાં સંસારદશામાં તે વિકારરૂપ પરિણમનને યોગ્ય હોય છે; અને જે વેળા તે વૈભાવિકી શક્તિ પોતાની તે તે ટાણાની યોગ્યતાનુસાર વિકારરૂપ સ્વતઃ પરિણમે છે તે વેળા તેને નિમિત્તરૂપ તે તે પ્રકારના કર્મોદયનું પણ પોતાના પરાવર્તનના નિયમાનુસાર સંયોગરૂપ સાનિધ્ય (સમીપતા) સ્વતઃ હોય છે. (ગાથા-૯૪૭) (૧૧) જીવ એક અને અખંડ દ્રવ્ય છે તથા તેના ગુણો જુદા જુદા થઈ વીખરાઈ જતા નથી પણ અભેદરૂપ રહે છે તોપણ દરેક ગુણ સ્વતંત્ર છે અને તેથી તે એકબીજાથી સ્વતંત્રપણે પરિણમે છે. જેમકે જીવમાં ક્ષાયિક સમ્યગ્દર્શનની પર્યાય પ્રગટે છે તોપણ તે વખતે ક્ષાયિક ચારિત્ર, ક્ષાયિક જ્ઞાન-દર્શન અને ક્ષાયિક વીર્ય પર્યાયો પ્રગટતા નથી પણ પોતપોતાની **યોગ્યતાનુસાર** પોતપોતાના સમયે પ્રગટે છે. દરેક દ્રવ્ય, તેના બધાય ગુણો અને તેની બધીય પર્યાયો સંપૂર્ણ સ્વતંત્ર છે. આ સંપૂર્ણ સ્વતંત્રતાનું જીવ શ્રદ્ધાન ન કરે તો તેને સમ્યગ્દર્શનરૂપ ધર્મ પ્રગટ થાય નહિ. (ગાથા-૧૦૦૯) (૧૨) જે જ્ઞાનની પર્યાય જેટલે અંશે જાણવાની **યોગ્યતા** ધરાવે છે તેટલે અંશે તે ઉઘાડરૂપ છે... જ્ઞાનની પર્યાય પોતાની **યોગ્યતાનુસાર** કાર્ય કરે છે, તેથી જે જે સમયે જે જે પદાર્થ જાણવા **યોગ્ય** તે જ્ઞાનપર્યાયમાં **યોગ્યતા** હોય તે તે પદાર્થ જણાયા વિના રહે જ નહિ, એટલે તે જ્ઞાન કાંઈ જ્ઞેયથી, જ્ઞેયના આધારથી કે ઈન્દ્રિય-મન-ગુરુ-શાસ્ત્ર કે કોઈ અન્ય પદાર્થના આધારથી કે સહાયતા આદિથી થતું નથી પણ પોતાની **યોગ્યતાનુસાર** થાય છે અને ત્યાં ઈન્દ્રિય-મન વગેરે પરપદાર્થો માત્ર નિમિત્તપણે સ્વયં ઉપસ્થિત હોય છે. (ગાથા-૧૦૧૫)

■ ■ ■

Please inform us of any errors on AtmaDharma.com@gmail.com

# ૨૦. ડો. પં. હુકમચંદજીના પુસ્તક નિમિત્તોપાદાનમાંથી સાભાર

(૧) જે તે સમયની પર્યાયની તે જ સમયે થવારૂપ **યોગ્યતા** ક્ષણિક ઉપાદાનકારણ છે અને તે પર્યાય કાર્ય છે. (પાનું-૮) (૨) અનન્તર પૂર્વક્ષણવર્તી પર્યાયનો વ્યય તથા તે સમયે તે પર્યાયની ઉત્પન્ન થવાની **યોગ્યતા** જ સમર્થ ઉપાદાનકારણ છે; જેના વિના કાર્યની ઉત્પત્તિ થતી નથી અને જેના હોવાથી નિયમથી કાર્યની ઉત્પત્તિ થાય છે. (પાનું-૯) (૩) શક્તિ બે પ્રકારની હોય છે- દ્રવ્યશક્તિ અને પર્યાયશક્તિ. પર્યાયશક્તિને જ કાર્યનું નિયામક કારણ સ્વીકાર કરવામાં આવેલ છે. આ પર્યાયશક્તિ અનન્તર પૂર્વક્ષણવર્તી પર્યાયના વ્યયરૂપ તેમજ તત્સમયની **યોગ્યતારૂપ** હોય છે. તેથી આ બંનેને જ ક્ષણિક ઉપાદાન એવું નામ આપવામાં આવે છે અને તેથી જ ક્ષણિક ઉપાદાનને કાર્યનું નિયામક કહેવામાં આવે છે. (પાનું-૧૧) (૪) બધા જીવ તથા પુદ્ગલો પોતાની ક્ષણિક ઉપાદાનગત **યોગ્યતા** અનુસાર ચાલે છે અથવા સ્થિર થાય છે, અને જ્યારે જ્યારે તેઓ પોતપોતાની **યોગ્યતાનુસાર** ચાલે છે કે સ્થિર થાય છે ત્યારે ત્યારે ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય દ્રવ્યો નિમિત્તમાત્ર થઈ જાય છે. આ રીતે નિયામક કારણ તો ઉપાદાનગત **યોગ્યતારૂપ** ક્ષણિક ઉપાદાન જ બન્યું, ત્રિકાળી ઉપાદાન અથવા નિમિત્ત નિયામક કારણ નથી. (પાનું-૧૬) (૫) ખરેખર કોઈ કાર્ય થવામાં અથવા ન થવામાં તેની **યોગ્યતા** જ સાક્ષાત્ સાધક બને છે. (પાનું-૧૮) (૬) એક જ સમવસરણમાં એકસાથે અનેક જીવો ધર્મોપદેશ સાંભળે છે પરંતુ બધા કાંઈ સમ્યગ્દષ્ટિ, વ્રતી અથવા સાધુ નથી બની જતા, બધા પોતપોતાની પર્યાયગત **યોગ્યતા**નુસાર પરિણમી જાય છે. (પાનું-૨૦) (૭) આ ભગવાન આત્મા પોતાની સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ નિર્મળ પર્યાયો તેમજ રાગાદિરૂપ વિકારી

Version 001: remember to check AtmaDharma.com & AtmaDharma.org for updates



પર્યાયોરૂપે પોતપોતાની સ્વસમયની **યોગ્યતા** અનુસાર સ્વયં પરિણમે છે તેમાં પર (નિમિત્ત)ની કોઈ અપેક્ષા નથી હોતી. (પાનું-૨૪) (૮) બાહ્યસામગ્રી તો કાર્યમાં નિમિત્તમાત્ર છે, જે કાંઈ કાર્ય થાય છે તે દ્રવ્યમાં રહેલ પર્યાયગત **યોગ્યતા** પ્રાપ્ત થતાં જ થાય છે, અષ્ટશતી ટીકામાં લખ્યું છે કે પહેલાં કરવામાં આવેલ કર્મ તથા **યોગ્યતા** એ બંનેને દૈવ કહેવામાં આવે છે. (પાનું-૨૮) (૯) જ્યારે દ્રવ્યસ્વભાવમાં પર્યાયગત **પાત્રતા**નો પરિપાક થાય છે ત્યારે નિમિત્ત પણ સહજ જ હાજર હોય છે તેથી નિમિત્ત ઉપરથી દૃષ્ટિ હટાવીને ત્રિકાળી ઉપાદાન જે નિજ ત્રિકાળી ધ્રુવ પરમાત્મા છે તેના ઉપર દૃષ્ટિ કેન્દ્રિત કરવાથી જ આત્માનુભવનો માર્ગ પ્રાપ્ત થાય છે. આ કાર્ય પણ પર્યાયગત યોગ્યતાના સદ્‌ભાવમાં સહજભાવે થાય છે. એના માટે પણ આકુળતા કરવાથી કાંઈ કામ નથી થતું, પ્રત્યેક કાર્ય સ્વસમયે સ્વયંની **યોગ્યતારૂપ** ઉપાદાન કારણથી જ થાય છે અને જ્યારે કાર્ય થાય છે ત્યારે તેને અનુકૂળ નિમિત્ત પણ હોય જ છે તેને શોધવા નથી જવું પડતું. (પાનું-૩૭) (૧૦) સત્સમાગમ સારી વાત છે તોપણ માત્ર સત્સમાગમથી જ બધું બની શકવાનું નથી. સત્સમાગમ તો નિમિત્તમાત્ર છે. જ્યાં સુધી આપણી અંતરથી તૈયારી નથી હોતી, ઉપાદાનગત **યોગ્યતાનો** પરિપાક નથી થતો, દૃષ્ટિ સ્વભાવસન્મુખ નથી થતી ત્યાં સુધી આત્મકલ્યાણનો માર્ગ હાથ નથી લાગતો. (પાનું-૩૯)

■ ■ ■

*પ્રશ્ન : મિથ્યા શ્રદ્ધાના કારણે જ્ઞાન વિપરીત કહેવાય છે ?*

*ઉત્તર : મિથ્યા શ્રદ્ધાના કારણે જ્ઞાનને વિપરીત કહેવું એ તો નિમિત્તથી કથન થયું. જ્ઞાન સ્વપ્રકાશક હોવા છતાં સ્વને પ્રકાશતું નથી તે જ્ઞાનનો પોતાનો દોષ છે. (પૂ. ગુરુદેવશ્રી પરમાગમસાર બોલ-૧૮૫)*

Please inform us of any errors on AtmaDharma.com@gmail.com

# ૨૧. જૈન પથપ્રદર્શકના નિમિત્ત-ઉપાદાન વિશેષાંક-૧૯૮૩માંથી સાભાર

(૧) વિશ્વમાં છ જાતિના દ્રવ્યો છે તે બધા પોતપોતાની ત્રિકાળી ધ્રુવ ઉપાદાન શક્તિ તથા ક્ષણિક **યોગ્યતારૂપ** ઉપાદાન શક્તિ (સામર્થ્ય) થી ભરેલ છે. ઠસોઠસ (लबालब) ભરેલા છે. (પાનું-૮) (૨) ઉપાદાન બે પ્રકારના હોય છે : (૧) ત્રિકાળી ઉપાદાન (૨) ક્ષણિક ઉપાદાન. જે તે સમયની પર્યાયની તે સમયે થવાની **યોગ્યતા** ક્ષણિક ઉપાદાન કારણ છે અને તે પર્યાય કાર્ય છે. ક્ષણિક ઉપાદાન કારણને સમર્થ ઉપાદાન કારણ પણ કહે છે. ''ખરેખર તો કોઈપણ કાર્ય થવામાં અથવા ન થવામાં તેની **યોગ્યતા** જ સાક્ષાત્ સાધક હોય છે.'' (ઈષ્ટોપદેશ). ખરેખર હકીકત તો એ છે કે કોઈ ખાસ વસ્તુનું નામ નિમિત્ત અથવા ઉપાદાન નથી. પ્રત્યેક વસ્તુ સ્વયં ઉપાદાનરૂપ હોય છે અને અનુકૂળ પરપદાર્થ અથવા તેની પરિણતિ નિમિત્ત કહેવાય છે. કાર્યનું થવું તો ઉપાદાનની **યોગ્યતા** પર જ નિર્ભર છે. જ્યારે કાર્ય થવાનો કાળ આવે છે ત્યારે નિમિત્ત સહજ મળે જ છે. (પાનું-૧૧-૧૨-૧૩) (૩) ઉપાદાન કારણ કેટલા પ્રકારનાં છે ? ત્રણ પ્રકારનાં : (૧) ત્રિકાળી ઉપાદાન (૨) અનન્તર પૂર્વક્ષણવર્તી પર્યાય સંયુક્ત દ્રવ્ય ક્ષણિક ઉપાદાન (૩) તત્સમયની પર્યાયની **યોગ્યતારૂપ** ક્ષણિક ઉપાદાન. જે કાર્ય થયું તે જ તે સમયની પર્યાયની **યોગ્યતારૂપ** ક્ષણિક ઉપાદાન કારણ અને તે પર્યાય કાર્ય-આ સાચું કારણ છે. ત્રણેય ઉપાદાન કારણોમાં કાર્યનું પરમાર્થ કારણ કોણ છે ? એમાં તત્સમયની પર્યાયની **યોગ્યતારૂપ** ક્ષણિક ઉપાદાન કારણ જ વાસ્તવમાં કાર્યનું પરમાર્થ કારણ છે. તત્સમયની **યોગ્યતાથી** પર્યાય થાય છે, કારણ કે પર્યાય પણ એક અપેક્ષાએ સત્ અને નિરપેક્ષ છે. પર્યાય પોતાના સ્વકાળે ઉત્પન્ન થાય છે-આમ સમજતાં પર્યાયની કર્તાબુદ્ધિ ઊડી જાય છે;

Version 001: remember to check AtmaDharma.com & AtmaDharma.org for updates



કારણ કે જે પર્યાય ઉત્પન્ન થઈ છે તેને શું ઉત્પન્ન કરવી ? પર્યાય તેના ક્રમમાં જ ઉત્પન્ન થઈ છે-એવો ક્રમબદ્ધનો સિદ્ધાંત સમજવાથી જેવી રીતે કેવળી ભગવાન-સર્વજ્ઞ પરમાત્મા તેના માત્ર જ્ઞાતા-દૃષ્ટા છે તે જ પ્રકારે હું પણ તેનો જ્ઞાતાદૃષ્ટા માત્ર છું-આવા નિર્ણયથી અનંત શાંતિની પ્રાપ્તિ થાય છે. નિમિત્ત-નૈમિત્તિક સંબંધ ભિન્ન ભિન્ન દ્રવ્યની એક જ સમયની પર્યાયમાં હોય છે. બંને દ્રવ્ય પોતપોતાની તત્સમયની **યોગ્યતા**ને કારણે જ સ્વતંત્રરૂપે સ્વયં પરિણમિત થાય છે. જગતના બધા પદાર્થો સ્વતંત્ર છે, તેમનું સમય-સમયનું પરિણમન તેમના ક્ષણિક ઉપાદાનની તત્સમયની **યોગ્યતાનુસાર** થાય છે અને તેને અનુકૂળ જ નિમિત્તની પણ હાજરી હોય છે. (પાના-૧૭-૧૮-૧૯). (૪) પુદ્‌ગલમાં કર્મરૂપ અવસ્થાને જીવ ઉત્પન્ન નથી કરતો, તે તો પુદ્‌ગલનું પરિણમન પુદ્‌ગલની જ **યોગ્યતાથી** થાય છે, પરંતુ જીવના પરિણામ તે વખતે નિમિત્તભૂત ન હોય તો તેમ નથી થતું-આ જ તેમનો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. (પાનું-૨૩) (૫) જૈનદર્શનમાં દ્રવ્યને પ્રતિસમય 'ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યાત્મક' માનવામાં આવ્યું છે. તેથી પરિણમનમાં ઉપાદાનની **યોગ્યતા** જ મુખ્ય છે. પરંતુ ઉપાદાનની **યોગ્યતાના** સદ્‌ભાવમાં પણ **નિમિત્ત વિના કાર્ય નથી થતું.** (એટલે કે ઉપાદાનમાં પોતાનાથી કાર્ય થાય છે ત્યારે કોઈ નિમત્ત સ્વયં પોતાથી ત્યાં ન હોય તેમ બનતું નથી.) ઉચિત નિમિત્તના સદ્‌ભાવમાં જ દ્રવ્યનું પરિણમન થાય છે, છતાં નિમિત્તના સદ્‌ભાવમાં પણ દ્રવ્યનું પરિણમન તો પોતાથી જ થાય છે કારણ કે ઉપાદાન પોતાના પરિણમનમાં સ્વતંત્ર છે. (પાનું-૨૮) (૬) જ્યારે અનાદિકાલીન મોહના નાશ માટે ઉદ્યમવંત જીવ પોતાના ત્રિકાળી ધ્રુવ ઉપાદાન કારણના આશ્રયથી વર્તમાન પર્યાયમાં-અનન્તર પૂર્વક્ષણવર્તી પર્યાયમાં મિથ્યાત્વાદિ અનુત્પન્ન દશાને પ્રાપ્ત થઈ તત્સમયની **યોગ્યતારૂપ** પુરુષાર્થથી સમ્યક્ત્વાદિનો ઉત્પાદ કરે છે ત્યારે મોહાદિ (દર્શનમોહ) સ્વયં પોતાની **યોગ્યતાથી** વ્યયને પ્રાપ્ત

Please inform us of any errors on AtmaDharma.com@gmail.com

થઈ જાય છે. કાર્ય-કારણની વ્યવસ્થામાં આપણે સમ્યગ્દર્શનરૂપ કાર્યની ઉત્પત્તિનો વિચાર કરીએ તો પરાશ્રયની બુદ્ધિ છોડીને સ્વસન્મુખતાના પુરુષાર્થથી સ્વયં સ્વસમયની યોગ્યતાથી આત્માનુભૂતિ અથવા સમ્યગ્દર્શનાદિરૂપ પરિણમન એક કાર્ય છે તથા તે કાર્યનું ઉપાદાનકારણ જીવપદાર્થ છે અને અંતરંગ નિમિત્તકારણ દર્શનમોહનીયાદિ કર્મોના ઉપશમાદિ તથા બાહ્ય નિમિત્ત જ્ઞાની ગુરુનો ઉપદેશ છે. (પાનું-૩૨) (૭) પોતાની **યોગ્યતા** અનુસાર જ ઉપલબ્ધિ-અનુપલબ્ધિ થાય છે, કારણકે જે શક્તિ કોઈ પદાર્થમાં ન હોય, તે કોઈ અન્ય દ્વારા ઉત્પન્ન થઈ શકતી નથી. જેમ રેતીમાં તેલ નથી હોતું તો તેમાંથી કોઈપણ વિધિથી તેલ કાઢી શકાતું નથી. (ક્ષણિક) ઉપાદાન સ્વયં પરિણમિત થઈને કાર્યનું ઉત્પાદક બને છે, કારણ કે તે પરિણમનશીલ છે. પર્યાય હંમેશાં દ્રવ્યમાંથી ઉત્પન્ન થાય છે અને દ્રવ્યમાં સમાય છે. નથી તે બહારથી આવતી કે નથી તે બહાર જતી; પરંતુ પરને લક્ષ્ય બનાવીને પ્રગટ થાય છે તો વિકારી થઈ જાય છે અને સ્વને લક્ષ્ય બનાવીને નીકળે છે તો શુદ્ધ કહેવાય છે, કારણ કે એકનું ચતુષ્ટય બીજાના ચતુષ્ટયરૂપ નથી બનતું તેથી તેમાં કર્તૃત્વનો પ્રશ્ન જ નથી ઊઠતો. પદાર્થનું જેવું પરિણમન થવા **યોગ્ય** હોય છે તેવી જ બુદ્ધિ થઈ જાય છે, તેવો જ વ્યવસાય થવા લાગે છે, તેવું જ નિમિત્ત મળી જાય છે. (પાનું-૩૬) (૮) કાર્યની ઉત્પત્તિમાં ત્રિકાળી ઉપાદાન સમર્થ કારણ નથી પરંતુ તત્સમયની **યોગ્યતારૂપ** ક્ષણિક ઉપાદાન જ વાસ્તવમાં સમર્થ ઉપાદાન છે અને તે જ કાર્ય અંગેનું સાચું નિયામક કારણ છે. (પાનું-૩૮) (૯) દુનિયામાં કોઈ નિમિત્ત નામની વસ્તુ નથી પરંતુ તે તો કાર્યની નિષ્પત્તિમાં અનુકૂળ હોવાથી નિમિત્ત એવું નામ પામે છે. ખરેખર જોવામાં આવે તો જેમને આપણે કાર્ય સંબંધી નિમિત્ત કહીએ છીએ તેઓ નિમિત્ત નથી. પરંતુ પોતે સ્વયં એક સ્વતંત્ર અને પૂર્ણ વસ્તુ છે જેઓ પોતે પોતામાં પોતાનું ઉપાદાન છે. નિમિત્ત તો આપણે ઉપાદાનની અપેક્ષાએ જ

Version 001: remember to check AtmaDharma.com & AtmaDharma.org for updates



કહી દઈએ છીએ. (પાનું-૪૧) ખરેખર તો પુણ્યના ઉદયથી પણ લક્ષ્મી વગેરેની અનુકૂળ સામગ્રી નથી મળતી... અનુકૂળ સામગ્રી આવવામાં પણ પુણ્યનો ઉદય તો નિમિત્તમાત્ર છે, ખરેખર તો સામગ્રી પોતાના સ્વયંના કારણે તત્સમયની **યોગ્યતારૂપ** ક્ષણિક ઉપાદાનથી એક ક્ષેત્રથી ગમન કરીને બીજા ક્ષેત્રે આવે છે. પુણ્યનો ઉદય અલગ છે અને સામગ્રી અલગ છે-બન્ને ભિન્ન ભિન્ન પદાર્થ છે. તે સામગ્રી પુણ્યના ઉદયથી નહીં પરંતુ પોતાની તત્સમયની **યોગ્યતાથી** સ્વયં આવી છે. અને તત્સમયની **યોગ્યતારૂપ** પ્રબળ કારણથી જતી રહેશે, પાપકર્મ તેમાં નિમિત્ત માત્ર હશે. (પાનું-૪૨) (૧૦) કાર્ય કારણને અનુરૂપ હોય છે અને નિમિત્ત કારણ કાર્યને અનુકૂળ હોય છે. ઉપાદાન કારણ બે પ્રકારનાં છે : (૧) ત્રિકાળી ઉપાદાન (૨) ક્ષણિક ઉપાદાન. ક્ષણિક ઉપાદાન કારણને સમર્થ ઉપાદાન કારણ પણ કહેવાય છે, તેથી અનન્તર પૂર્વક્ષણવર્તી પર્યાય તેમજ તત્સમયની **યોગ્યતા** અર્થાત્ તે સમયે તે પર્યાય થવાની યોગ્યતા-આ જ સમર્થ ઉપાદાન કારણ છે જેના હોવાથી નિયમથી કાર્ય થાય છે અને જેના ન હોવાથી કાર્ય થતું નથી. (પાનું-૪૧) સમર્થ કારણથી જ શક્ય કાર્ય થાય છે. તત્સમયની **યોગ્યતા** જ કાર્યનું નિયામક કારણ છે. આ જ નિમિત્ત-ઉપાદાનનું સાચું સ્વરૂપ-સહજ પ્રક્રિયા છે. આને સમજવાથી અહંકાર, આકુળતા તથા દૈન્યભાવનો અભાવ થઈને સમતા તથા શાંતિ પ્રાપ્ત થાય છે. (પાનું-૪૬) (૧૧) જૈનદર્શન સત્ અસત્ કાર્યવાદી છે. તેનો સિદ્ધાંત છે કે પ્રત્યેક પદાર્થમાં મૂળભૂત દ્રવ્ય-**યોગ્યતાઓ** હોવા છતાં પણ કેટલીક **પર્યાય-યોગ્યતાઓ** હોય છે. આ પર્યાય-**યોગ્યતાઓ** મૂળ **દ્રવ્યયોગ્યતાઓથી** બહારની નથી હોતી પરંતુ તેમાંથી જ વિશેષ અવસ્થાઓમાં સાક્ષાત્ વિકાસને પ્રાપ્ત થવાવાળી હોય છે. કાર્ય થયા પહેલાં તેનું અસ્તિત્વ, **યોગ્યતારૂપે** અર્થાત દ્રવ્યરૂપે જ હોય છે, પર્યાયરૂપે નહીં. અહીં મહત્ત્વ તત્પર્યાય-**યોગ્યતાનું** છે. પ્રત્યેક સમયે કારણ દ્રવ્યોમાં જેટલી તત્પર્યાય-**યોગ્યતાઓ** હોય છે તેમાંથી કોઈ એકનો વિકાસ પ્રાપ્ત કારણ



Please inform us of any errors on AtmaDharma.com@gmail.com

Version 001: remember to check AtmaDharma.com & AtmaDharma.org for updates



સામગ્રી અનુસાર થઈ જાય છે. ઉપાદાન વ્યવસ્થા આ **તત્પર્યાય-યોગ્યતાના** આધારે હોય છે, માત્ર **દ્રવ્ય-યોગ્યતાના** આધારે નહીં. (પાનું-૪૮) (૧૨) જેને નિમિત્ત કહેવામાં આવે છે, તે પોતાની શક્તિ અથવા **યોગ્યતાને** કારણે સ્વયં ઉપાદાન પણ છે. સંયોગ અવસ્થામાં પણ જીવમાં જે કાર્ય થાય છે તે પોતાની **યોગ્યતાથી** થાય છે તથા કર્મમાં પણ કાર્ય પોતાની **યોગ્યતાથી** નિષ્પન્ન થાય છે. (પાનું-૫૧) (૧૩) જોકે નિમિત્ત તથા ઉપાદાન બંનેનું પરિણમન સોએ સો ટકા સ્વ-સાપેક્ષ જ હોય છે; કારણકે વસ્તુસ્વભાવ પરાપેક્ષી છે જ નહિ; તોપણ તેનું કથન પર-સાપેક્ષ હોય છે; અર્થાત્ કથનમાં પરની અપેક્ષા આવે છે. આ બંનેનું પોતપોતાના સ્વકાળે પોતપોતાની **યોગ્યતાનુસાર** એક સાથે એક જ કાળમાં પરિણમન થતું જોઈને અજ્ઞાની જીવને એવો મિથ્યા પ્રતિભાસ થઈ જાય છે કે ઉપાદાનના કાર્યમાં નિમિત્તે કાંઈ કર્યું છે; જો કાંઈ ન કર્યું હોય તો તે ઉપાદાનમાં આજ સુધી પરિણમન કેમ નહોતું થયું ? (૫૪) (૧૪) શિક્ષક સમાનરૂપે વર્ગમાં બધા વિદ્યાર્થીઓને શીખવે છે. પરંતુ પ્રત્યેક વિદ્યાર્થીને તેની તાત્કાલિક **યોગ્યતાનુસાર** જ્ઞાનલાભ થાય છે. પ્રત્યેક દ્રવ્ય તથા તેના ગુણ સ્વતઃ સ્વયંની તત્સમયની **યોગ્યતાનુસાર** પરિણમન કરે છે. (પાનું-૫૭) (૧૫) જેટલા અંશે મોહનીય કર્મનો ઉદય હશે તેટલા જ અંશે આત્માનો ચારિત્ર્યગુણ પોતાની વર્તમાન **યોગ્યતાથી** નિયમથી વિકારી અવસ્થારૂપ પરિણમશે. જે ગતિનામ કર્મનો ઉદય હશે તેને અનુરૂપ આત્મા પોતાની **યોગ્યતાથી** તે ગતિરૂપ અવસ્થા ધારણ કરે છે. જેટલા અંશે રાગાદિક ભાવો આત્મામાં થશે તેટલા જ અંશે કાર્મણવર્ગણા પોતાની તત્સમયની **યોગ્યતાથી** કર્મરૂપ અવસ્થા ધારણ કરશે. કર્મ જીવને પરાણે (બળજબરીથી) વિકારી નથી કરતા. જ્યારે જીવ પોતાની તત્સમયની **યોગ્યતાથી** વિકારરૂપ થાય છે ત્યારે કર્મને નિમિત્ત કહેવામાં આવે છે. (પાનું-૬૨-૬૩) (૧૬) જે વસ્તુમાં પરની અપેક્ષા વિના કાર્ય નિષ્પન્ન

Please inform us of any errors on AtmaDharma.com@gmail.com

Version 001: remember to check AtmaDharma.com & AtmaDharma.org for updates



થાય છે તે શક્તિને ઉપાદાન કહેવાય છે. તથા કાર્યની સંપન્નતાના કાળે જે વસ્તુ પર અનુકૂળતાનો આરોપ (ઉપચાર) કરવામાં આવે છે તેને નિમિત્ત કહેવામાં આવે છે. સત્ય તો એ છે કે બધી પર્યાયો સ્વયં પરિણમન કરી રહી હોય છે. પાણી પોતાના કારણે પર્યાયની તત્સમયની **યોગ્યતાથી** ગરમ થયું છે, ઘડારૂપ માટી પોતાની પર્યાય **યોગ્યતાથી** પરિણમિત થઈ છે. પ્રત્યેક પદાર્થની પર્યાય પોતાના છ કારકોથી પોતાની સત્તામાં સત્‌રૂપે પોતાની ઉપાદાન શક્તિથી ઉત્પન્ન-ધ્વંસ થઈ રહી છે. નિમિત્તથી કાર્ય થવાનું માને તેની શ્રદ્ધા મિથ્યા છે અને નિમિત્તનું જ્ઞાન ન હોય તેનું જ્ઞાન મિથ્યા છે. (પાનું-૭૩-૭૪) (૧૭) આ જીવની અનાદિથી આ પ્રવૃત્તિ રહી છે કે તે પરિસ્થિતિને બદલવા ચાહે છે, મનઃસ્થિતિને નહીં; પરંતુ પરિસ્થિતિ બદલી નથી શકાતી પરંતુ તત્ત્વનિર્ણય દ્વારા નિમિત્ત-ઉપાદાનના યથાર્થ સ્વરૂપને સમજવાથી પરના કર્તૃત્વની મનઃસ્થિતિ બદલી શકાય છે. કાર્યની ઉત્પત્તિ ઉપાદાનથી થાય છે, નિમિત્તથી નહીં, પરંતુ નિમિત્ત વિના પણ નહીં. જે નિમિત્તને ન માને તે અજ્ઞાની છે અને જે નિમિત્તને કર્તા માને તે પણ અજ્ઞાની મિથ્યાદૃષ્ટિ છે. નિમિત્ત કાર્યને અનુકૂળ હોય છે અને ઉપાદાન કાર્યને અનુરૂપ હોય છે. જેમ હું શુદ્ધ છું, જ્ઞાયક છું, એક છું-એવા વિકલ્પોથી સમ્યગ્દર્શન નથી થતું પરંતુ સાધકને આવા વિકલ્પો આવ્યા વિના પણ નથી રહેતા. એ જ રીતે નિમિત્તથી કાર્ય નથી થતું તેમજ કાર્ય નિમિત્તની હાજરી વિના પણ નથી થતું. ઉપાદાનની તૈયારી-**યોગ્યતા** હોય તો નિમિત્ત મળે જ છે. જ્યારે ઉપાદાનની **યોગ્યતા** નથી હોતી ત્યારે કાર્ય પણ નથી થતું. મારીચિનું દૃષ્ટાંત (પાનું-૭૭ થી ૭૯) (૧૮) ઉપાદાનની **યોગ્યતાથી** કાર્ય થાય છે, કાર્યની ઉત્પત્તિમાં નિમિત્તની અપેક્ષા નથી. કાર્યની ઉત્પત્તિમાં અંતરંગ કારણ ઉપાદાનગત **યોગ્યતા જ** છે, નિમિત્ત નહીં. જોકે વ્યાવહારિક કાર્ય કરવામાં ઉપાદાન નિમિત્તને આધીન લાગે છે તોપણ દ્રવ્યના

Please inform us of any errors on AtmaDharma.com@gmail.com

Version 001: remember to check AtmaDharma.com & AtmaDharma.org for updates



પરિણમનને નિમિત્તાધીન માનવું મિથ્યા છે. (પાનું-૮૧-૮૩)
(૧૯) પદાર્થની પોતાની સહજશક્તિ અથવા મૂળ સ્વભાવ ઉપાદાન કારણ છે તેના ત્રણ પ્રકારોમાંથી તત્સમયની **યોગ્યતારૂપ** ક્ષણિક ઉપાદાન પોતે કારણ પણ છે અને કાર્ય પણ છે. આ કારણ કાર્યને અનુરૂપ પરિણમન કરે છે. ન્યાયદીપિકામાં આવ્યું છે કે તત્સમયની **યોગ્યતા** જ કાર્યનું નિયામક કારણ છે. (પાનું-૮૪-૮૯)
(૨૦) કાર્યની ઉત્પત્તિમાં સમર્થ કારણ ક્ષણિક ઉપાદાન જ છે. જે વખતે મોટરના પરમાણુઓમાં ગતિરૂપ અવસ્થાની **યોગ્યતા** હોય છે તે વખતે જ તે ગતિ કરે છે, પેટ્રોલથી નહિ, મોટરનો પ્રત્યેક પરમાણુ પોતાની સ્વતંત્ર ક્રિયાવતી શક્તિની **યોગ્યતાથી** ગમન કરે છે, તેમાં પેટ્રોલ નિમિત્તમાત્ર છે, કર્તા નહીં. જે વખતે મોટરમાં ગમનની **યોગ્યતા** હોય છે તે વખતે પેટ્રોલ જ તેમાં નિમિત્ત હોય છે, અન્ય નહીં. (પાનું-૯૦)

■ ■ ■

*દરેક ગુણની દરેક પર્યાયમાં છ કારકરૂપ થઈને પરિણમવાનું પોતાનું સ્વતંત્ર વીર્ય છે. પ્રત્યેક પર્યાય પોતે પોતાના સામર્થ્યથી જ પોતાની રચના કરે છે; આવો જ પર્યાય ધર્મ છે. અહાહા ! પર્યાયનું કારણ પરદ્રવ્ય તો નહિ, સ્વદ્રવ્ય-ગુણ પણ નથી. પર્યાય પોતે જ પોતાનું કારણ છે. (પૂ. ગુરુદેવશ્રી, પ્રવ. રત્ના. ભાગ-૧૧, પાનું-૭)*

Please inform us of any errors on AtmaDharma.com@gmail.com

# ૨૨. શ્રી પૂજ્યપાદ સ્વામી રચિત સમાધિતંત્ર (સમાધિશતક)માંથી

(૧) હું બીજાઓથી જે કાંઈ શીખવવા **યોગ્ય** છું તથા બીજાઓને હું જે કાંઈ શીખવું તે મારી ઉન્મત્ત (પાગલ) ચેષ્ટા છે; કારણ કે વાસ્તવમાં હું નિર્વિકલ્પક અર્થાત્ વચન-વિકલ્પોથી અગ્રાહ્ય છું. (ગાથા-૧૯) (૨) શરીરાદિથી ભિન્ન આત્માને સ્વીકારનાર અંતરાત્માને જ્યારે આ શરીરાદિ કાષ્ઠાદિ જેવા માલૂમ પડે છે, ત્યારે તેને મુક્તિની **યોગ્યતા** હોય છે એમ ગાથા-૬૭માં દર્શાવે છે. જે કોઈ ભવ્ય પ્રાણીને દ્રવ્યાર્થિકનયથી ભેદજ્ઞાન કરવાની ટેવ પડી જાય છે તેને જ પરમશાંતભાવ પ્રગટ થઈ શકે છે, બીજાઓને નહીં. આ શાંત ભાવથી પૂર્વબદ્ધ કર્મોની નિર્જરા થાય છે તથા એવો અતીન્દ્રિય આનંદ પ્રાપ્ત થાય છે જેવો સિદ્ધ અવસ્થામાં સિદ્ધોને હોય છે. (ગાથા-૬૭) (૩) ભગવાનની દિવ્યધ્વનિને દેવ, મનુષ્ય, તીર્યંચાદિ સર્વ જીવો પોતપોતાની ભાષામાં પોતાના જ્ઞાનની **યોગ્યતાનુસાર** સમજે છે. તે નિરક્ષર ધ્વનિને 'ૐકાર ધ્વનિ' કહે છે. શ્રોતાઓના કર્ણપ્રદેશ સુધી તે ધ્વનિ ન પહોંચે ત્યાંસુધી તે અનક્ષર જ છે અને જ્યારે તે શ્રોતાઓના કર્ણ વિષે પ્રાપ્ત થાય છે ત્યારે તે અક્ષરરૂપ થાય છે. (પાનું-૮) (૪) જે જીવ અજ્ઞાની બહિરાત્મા છે તેમાં અંતરાત્મા અને પરમાત્મા થવાની શક્તિ છે. ભવ્ય અને અભવ્ય જીવોમાં પણ કેવળજ્ઞાનાદિરૂપ પરમાત્મશક્તિ છે. જો તે શક્તિ તેમનામાં ન હોય, તો તેને પ્રગટ ન થવામાં નિમિત્તરૂપ કેવળજ્ઞાનાવરણાદિ કર્મ પણ ન હોવાં જોઈએ, પણ બહિરાત્માને (અભવ્યને પણ) કેવળજ્ઞાનાવરણાદિ કર્મ તો છે, તેથી સ્પષ્ટ છે કે તેમનામાં કેવળજ્ઞાનાદિ શક્તિપણે છે. અભવિને તે શક્તિ પ્રગટ કરવા જેટલી **યોગ્યતા** નથી (પાનું-૧૨) (૫) જીવને જ્યારે શરીરની ક્રિયા કરવાની ઈચ્છા થાય છે ત્યારે ઈચ્છાના નિમિત્તે વાયુ પોતાની

Version 001: remember to check AtmaDharma.com & AtmaDharma.org for updates



**યોગ્યતાથી** શરીરમાં ઉત્પન્ન થાય છે. તે વાયુના સંચાર નિમિત્તે શરીરયંત્રો અર્થાત્ શરીરની ક્રિયાઓ પોતપોતાની **યોગ્યતાથી** પોતાનું કામ કરે છે. આમ જીવની ઈચ્છા અને શરીરની ક્રિયાને સીધો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ નથી, પરંતુ જીવની ઈચ્છા અને વાયુને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે અને વાયુ તથા શરીરની ક્રિયાને નિમિત્ત નૈમિત્તિક સંબંધ છે. (પાનું-૧૫૨)

■ ■ ■

*જ્ઞાન અને રાગ વચ્ચે ભેદજ્ઞાન થવાનું એ લક્ષણ છે કે જ્ઞાનમાં રાગ પ્રત્યે તીવ્ર અનાદર ભાવ જાગે છે, તે જ્ઞાન અને રાગ વચ્ચે ભેદજ્ઞાન થવાનું લક્ષણ છે. આત્મામાં રાગની ગંધ નથી. રાગના જેટલા વિકલ્પો ઊઠે છે તેમાં બળું છું એમ દુઃખ, દુઃખ ને દુઃખ છે, ઝેર છે, તેમ પહેલા જ્ઞાનમાં નિર્ણય કરે તો ભેદજ્ઞાન પ્રગટે છે.*

*(પૂ. ગુરુદેવશ્રી, પરમાગમસાર, બોલ-૩૦૭)*

Please inform us of any errors on AtmaDharma.com@gmail.com

# ૨૩. યોગ્યતા સંબંધી પ્રકીર્ણ સંદર્ભો

(૧) જીવ કષાય સહિત હોવાથી કર્મને **યોગ્ય** પુદ્ગલ પરમાણુઓનું ગ્રહણ કરે છે તે બંધ છે. કર્મના નિમિત્તે જીવ સકષાય થાય છે એટલે કે જે જીવની અવસ્થામાં વિકારી થવા યોગ્ય **લાયકાત** હોય તેને કર્મનું નિમિત્ત હાજર હોય છે અને જે જીવને કર્મનો સંબંધ ન હોય તે જીવની પોતાની લાયકાત પણ સકષાયરૂપ થવાની હોતી નથી. જીવને કર્મ સાથે જે સંબંધ છે તે પ્રવાહે અનાદિથી ચાલ્યો આવે છે, પણ તે એક જ સમય પૂરતો છે. દરેક સમયે પોતાની **યોગ્યતાથી** જીવ નવો નવો વિકાર કરે છે તેથી તે સંબંધ ચાલુ રહે છે. પણ જડ કર્મો જીવને વિકાર કરાવતાં નથી. જીવ પોતાની **યોગ્યતાથી** વિકાર કરે તો થાય અને ન કરે તો ન થાય. વિકારની **યોગ્યતા** એક જ સમય પૂરતી હોવાથી સ્વભાવના લક્ષે તે ટળી શકે છે. (તત્ત્વાર્થસૂત્ર અ.-૮ સૂ.૨. ટીકા) (૨) **યોગ્ય** ઉપાદાન કારણના સંયોગથી જેવી રીતે પાષાણ વિશેષ સ્વર્ણ બની જાય છે, તેવી રીતે સુદ્રવ્ય, સુક્ષેત્ર વગેરે સામગ્રી મળતાં જીવ પણ ચૈતન્યસ્વરૂપ બની જાય છે. **યોગ્ય** (કાર્ય ઉત્પાદન સમર્થ) ઉપાદાન કારણ મળવાથી પાષાણ વિશેષ જેમાં સુવર્ણરૂપ થવાની પરિણમવાની યોગ્યતા હોય છે તે જેમ સ્વર્ણ બની જાય છે તેવી જ રીતે પ્રકૃતકાર્યને માટે ઉપયોગી દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની સંપૂર્ણતા થતાં સંસારી જીવ ચોક્કસ ચૈતન્યસ્વરૂપ થઈ જાય છે. (ઈષ્ટોપદેશ ગાથા-૨) (૩) તત્ત્વજ્ઞાનાદિની ઉત્પત્તિને માટે **અયોગ્ય** અભવ્યાદિક જીવ ધર્માચાર્યાદિકોના હજારો ઉપદેશથી પણ તત્ત્વજ્ઞાનને પામી શકતા નથી. કોઈપણ પ્રયત્ન કાર્યની ઉત્પત્તિ માટે સ્વાભાવિક ગુણની અપેક્ષા રાખે છે. અનેક પ્રયત્નો છતાં પણ બગલાને પોપટની જેમ ભણાવી-શીખવી શકાતું નથી. ખરેખર કોઈ કાર્ય થવામાં કે ન થવામાં તેની **યોગ્યતા** જ સાક્ષાત્ સાધક હોય છે. (ઈષ્ટો-૩૫) (૪) પર્યાયનો ઉત્પાદ પણ ત્રિકાળ

Version 001: remember to check AtmaDharma.com & AtmaDharma.org for updates



ધ્રુવને આધીન નથી. જો ધ્રુવને આધીન હોય તો તો બધા જીવો કેવળજ્ઞાનની પર્યાય જ ઉત્પન્ન કરે. પર્યાય ઉપર દૃષ્ટિ હોય ત્યાં સુધી કર્તાબુદ્ધિરૂપ મિથ્યાત્વ રહે છે. પરંતુ પર્યાયને સત્‌રૂપે જોતાં દૃષ્ટિ દ્રવ્ય ઉપર વળે છે-ઠરે છે અને ત્યારે અકર્તા-સ્વભાવ પ્રગટ થાય છે અને પર્યાય પણ આત્મારૂપ થઈ જાય છે. દ્રવ્યમાં શક્તિરૂપે રાગ નથી. ભાવિ ઉત્પાદરૂપ પર્યાય જ્યારે પ્રગટશે ત્યારે તેની તત્‌ સમયની **યોગ્યતા** કેવી હશે તેની **યોગ્યતા** પણ શક્તિરૂપે પડેલી પર્યાયમાં મોજૂદ છે. (સંતવાણીમાંથી) (૫) પુદ્‌ગલ પરમાણુઓમાં એવો કોઈ ત્રિકાળી ગુણ નથી કે તે કર્મરૂપે પરિણમે તો પણ તે કર્મરૂપે પરિણમે છે. એ જ રીતે જીવમાં પણ એવી કોઈ ત્રિકાળી શક્તિ નથી કે જે વિકાર ઉત્પન્ન કરે છતાં તેની પર્યાયમાં વિકાર થાય છે. આનું કારણ એ છે કે એવી જ એ પર્યાયોની **યોગ્યતા** છે, એવો જ એ પર્યાયોનો અહેતુક સ્વભાવ છે. (પરમાર્થ વચનિકા ઉપરના પ્રવચનમાંથી) (૬) જો જીવ નીચલી ભૂમિકામાં દોષોનો સર્વથા અભાવ કરવા ઈચ્છશે તો તે યથાર્થ નહિ બને અને જો દોષોની સાથે સાથે તેના પ્રત્યે ખેદ ન રહે તો તે પણ યથાર્થ નથી, કેમકે ભૂમિકાને **યોગ્ય** ભાવ તે ભૂમિકામાં ટળતા નથી પરંતુ જો ખેદ વર્તતો હશે તો ભૂમિકાને **યોગ્ય** મંદભાવ થઈને ક્રમથી તે ભાવો (દોષો)નો અભાવ થઈ જશે. (પ્રવચન સાગરનાં મોતી-૯૫) (૭) જોકે ગ્રૈવેયકમાં જનારા બધા જીવો અજ્ઞાની જ હોય તેમ નથી હોતું. ઘણાખરા તો જ્ઞાની હોય છે, પરંતુ અજ્ઞાનીને સંસારમાં સૌથી ઊંચું સ્થાન નવમી ગ્રૈવેયક સુધી જ હોય છે, તેનાથી ઊંચું સ્થાન તેને નથી મળતું. જેને પાંચ મહાવ્રતનું બરાબર પાલન હોય, દેવ-શાસ્ત્ર-ગુરુની વ્યવહાર શ્રદ્ધા સાચી હોય, શાસ્ત્રજ્ઞાન વ્યવહારે સાચું હોય, શુક્લલેશ્યા હોય-એવો જીવ નવમી ગ્રૈવેયકમાં જવાની **પાત્રતા** ધરાવે છે. (છ ઢાળા પ્રવચન) (૮) પૂજ્ય ગુરુદેવનો પંચમકાળે તીર્થંકરવત્‌ ઉપદેશ છે. તેમના નજીકના અંતેવાસીનું દુઃખ

Please inform us of any errors on AtmaDharma.com@gmail.com

Version 001: remember to check AtmaDharma.com & AtmaDharma.org for updates



ઊભું રહેતું નથી. જેની **યોગ્યતા** નથી તે દૂર વસે છે. ગુરુદેવને ખરા અંતઃકરણથી સ્વીકારે છે તે ભલે ક્ષેત્રથી દૂર વસે પણ ભાવથી નજીક છે. ભવ્ય જીવો જ અહીં અંદર પ્રવેશે છે. **યોગ્યતાવાળા** જીવો અહીં આવે છે. (ગુરુગુણ સંભારણા બોલ-૮૧) (૯) ખરેખર જ્ઞાની શુભાશુભને જાણતો નથી પણ પોતે તત્સંબંધી જે પોતાનું જ્ઞાન છે તેને જાણે છે. તે સમયે તે (શુભાશુભ) તેની **યોગ્યતાથી** ત્યાં ઉત્પન્ન થાય છે પણ જ્ઞાની તેને કરતો નથી. (ગુરુવાણી પાનું-૪૫) (૧૦) જાણનાર **જણાવાયોગ્યને** આકારે થયું છે જ્ઞાન છતાં જાણનારને જણાવા **યોગ્યને** કારણે એ જ્ઞાનની પર્યાય થઈ છે એમ નથી, કેમકે એ તો જ્ઞાનાકારરૂપે જ પરિણમન છે, જ્ઞેયાકાર થયો છે તે પોતાનો જ જ્ઞાનાકાર છે. એટલે કે પોતાનું પરિણમન જ એ જાતનું છે. (જ્ઞાયકભાવ પાનું-૪૧) (૧૧) જોકે આ આત્મા પોતાની ઉપાદાનગત **યોગ્યતાને** કારણે મોહ-રાગ-દ્વેષરૂપ (પર્યાયમાં) પરિણમિત થાય છે, તોપણ તેમાં મોહાદિ કર્મોનો ઉદય નિમિત્ત અવશ્ય હોય છે. એ જ રીતે કાર્માણવર્ગણાઓ પણ પોતે પોતાની ઉપાદાનગત **યોગ્યતાના** કારણે કર્મરૂપ પરિણમિત થાય છે, તો પણ તેમાં આત્માના રાગ-દ્વેષ મોહ ભાવ અવશ્ય નિમિત્ત થાય છે. આ રીતે આવો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ અનાદિથી છે. (વીતરાગ વિજ્ઞાન નવેં-૯૪ પાનું-૧૦) (૧૨) નિજ સ્વભાવને ભૂલીને આત્મા પરને પોતાનું માને છે એટલા માટે પરમાં રાગ કરે છે. નિમિત્તાધીન બુદ્ધિ હોવાથી, રાગાદિમાં એકત્વબુદ્ધિ હોવાથી, પર્યાયબુદ્ધિ હોવાથી રાગ થાય છે. આત્માના દ્રવ્ય-ગુણમાં રાગ કરવાની કોઈ શક્તિ નથી, પરંતુ પર્યાયમાં વિકાર થવાની **યોગ્યતા** હોવાથી રાગ થાય છે. (જ્ઞાનગોષ્ઠી : વીતરાગ વિજ્ઞાન ફેબ્રુ-૯૫ પાનું-૨૭) (૧૩) જડકર્મને વશ એનો અર્થ એવો ન સમજવો કે જડ કર્મ પરાણે (બળપૂર્વક) તેને પોતાને વશ કરે છે, પરંતુ આ જીવ પોતાની કમજોરીને કારણે પર્યાયગત **યોગ્યતા** એવી હોવાને કારણે કર્મોને

Please inform us of any errors on AtmaDharma.com@gmail.com

Version 001: remember to check AtmaDharma.com & AtmaDharma.org for updates



વશ વર્તે છે. (સમયસાર એક અનુશીલન પૂર્વાર્ધ પાનું-૬૪) (૧૪) જ્ઞાનના જ્ઞેયાકાર પરિણમનમાં જ્ઞેય કારણ બને તો જ જ્ઞાનમાં જ્ઞેયકૃત અશુદ્ધતા આવી શકે છે, પરંતુ જ્ઞાનનું પરિણમન તો સ્વયં પોતાની **યોગ્યતાથી** સ્વતંત્ર જ થાય છે તેથી જ્ઞાનમાં જ્ઞેયકૃત અશુદ્ધતા આવી શકતી નથી. (પાનું-૫૭) (૧૫) સવિપાક નિર્જરા થાય છે તે તેના સ્વરૂપ પ્રમાણે કર્મોનો ઉદય આવીને ખરી જાય છે. તે વખતે જીવના પરિણામમાં પોતાના કારણે તે પ્રકારની યોગ્યતા હોય છે અને આ નિર્જરામાં જે કર્મો ખરે છે તે તેની **યોગ્યતા** પ્રમાણે છે. (સમ્યગ્દર્શન પુસ્તિકા-વચનામૃત સંકલન-પાનું-૨) (૧૬) આત્મા રાગને કયા નયે કરે છે ? ઉત્તર : અરે ! એમ નથી. એ તો એ સમયની પર્યાયની પોતાની **યોગ્યતા** છે. એ પર્યાયનો વિભાવ સ્વભાવ છે તો રાગ થયો. પર્યાય સ્વભાવથી થયો છે. (દ્રવ્યસ્વભાવ-પર્યાયસ્વભાવ પાનું-૧૭) (૧૭) એકેન્દ્રિયથી અસંજ્ઞી પંચેન્દ્રિય સુધીના જીવોને તો વિચાર કરવાની શક્તિ જ નથી હોતી. નર્કગતિમાં શાસ્ત્ર અભ્યાસ થવાનો સંબંધ જ નથી. કોઈ જીવને પૂર્વવાસના હોય તો અંતરંગમાં કદાચિત્ થાય, દેવગતિમાં જે નીચજાતિના દેવો છે તે તો જે વિષયસામગ્રી મળી છે તેમાં જ અત્યંત આસક્ત છે, તેમને તે ધર્મવાસના જ ઉત્પન્ન થતી નથી, તથા ઉચ્ચપદવાળા જે દેવો છે તેમાંના કોઈને ધર્મવાસના ઉત્પન્ન થાય છે, તે વિશેષપણે મનુષ્યાદિ પર્યાયોમાં ધર્મસાધનની **યોગ્યતાથી** જ એવાં પદ પામે છે. (સત્તાસ્વરૂપ-પાનું-૩) (૧૮) સમસ્ત તત્ત્વાર્થોના જ્ઞાતા, વીતરાગ અને મુનીંદ્રોથી સ્તુત્ય એવા મોક્ષમાર્ગના નેતાની (આપ્તની) સિદ્ધિ થતાં શ્રેયમાં જોડાવાની **યોગ્યતાવાળા** ઉપયોગાત્મક આત્માને મોક્ષમાર્ગની જિજ્ઞાસા થતાં તત્ત્વાર્થ સૂત્રનું પ્રથમ સૂત્ર ''સમ્યગ્દર્શનજ્ઞાન ચારિત્રાણિ મોક્ષમાર્ગઃ'' પ્રવર્ત્યું છે. (સત્તાસ્વરૂપ પાનું-૯૫)

**इति अलम्**

Please inform us of any errors on AtmaDharma.com@gmail.com

Version 001: remember to check AtmaDharma.com & AtmaDharma.org for updates



(૧૯) સત્‌ના ઊંડા સંસ્કાર નાખ્યા હશે તો વર્તમાનમાં તું કદાચ ન પામી શકે તો બીજા ભવે પણ પામી શકીશ. આમ તો એક સમયની પર્યાય બીજી પર્યાયમાં આવતી નથી, પૂર્વ પર્યાયના સંસ્કાર નવી પર્યાયમાં આવતાં નથી પણ પૂર્વ પર્યાયમાં જેવા સંસ્કાર હોય તેવા જ, નવી પર્યાયમાં સંસ્કાર નવા પ્રગટ થાય છે. પૂર્વની પર્યાયનો તો વ્યય થઈ જાય છે અને અહીં કીધું કે બીજા ભવમાં સંસ્કાર પ્રગટ થશે તો આમાં તો ભવ પલટાઈ જાય છે છતાં વ્યવહારથી એમ કહેવાય છે કેમ કે જેને આ ભવમાં દૃઢ સંસ્કાર પડે છે તે જીવ જ એવી **યોગ્યતાવાળો** હોય છે કે તેને બીજા ભવમાં પણ સત્ પ્રગટ થાય જ. આગલા ભવની પર્યાયની વર્તમાન **યોગ્યતા** પણ એવા જ દૃઢ સંસ્કારવાળી નવી પ્રગટ થાય છે. (આત્મ-ધર્મ : ૬૨૨) (૨૦) જેને અંતરથી આત્માની લગની લાગી છે તેની નવી નવી પર્યાય પણ એટલા જ જોરદાર સંસ્કારવાળી પ્રગટ થાય છે. અંતરની લગનીવાળાને નવા સંસ્કાર પ્રગટ થયા વિના રહેતા જ નથી. જેમ પૂર્વભવનું જ્ઞાન થાય છે ત્યારે પૂર્વભવની પર્યાય તો નાશ પામી ગઈ છે પણ વર્તમાન પુરુષાર્થથી જ આ પર્યાયમાં પૂર્વનું જ્ઞાન થાય છે, પૂર્વનું કારણ નથી. તેમ સત્‌ના સંસ્કાર પણ વર્તમાન પર્યાયની **યોગ્યતા**થી નવા પૂર્વ જેવા જ જોરદાર પ્રગટ થાય છે. (આત્મધર્મ : ૬૨૨, પાનું-૨૧) (૨૧) અહીં જે કાંઈ થઈ રહ્યું હોય છે તેનું કોઈ ને કોઈ ચોક્કસ કારણ હોય જ છે. અહીં અકારણ કાંઈ થતું જ નથી હોતું. અહીં જે કાંઈ બની રહ્યું હોય છે તે બનવાયોગ્ય હોય તે જ બની રહ્યું હોય છે, પોત-પોતાના કારણે જ બની રહ્યું હોય છે, પોત-પોતાની સ્વયંની **યોગ્યતા**થી જ બની રહ્યું હોય છે. પ્રત્યેક દ્રવ્ય પોતાની પ્રત્યેક અવસ્થા માટે પોતે જ જવાબદાર હોય છે. જે કાંઈ પણ થયું અથવા થઈ રહ્યું હોય છે તેમ થવાની **પાત્રતા** સ્વયં તે દ્રવ્યમાં જ રહેલી

Please inform us of any errors on AtmaDharma.com@gmail.com

હોય છે. (જૈનપથપ્રદર્શક : ઑક્ટો. ૮૫નો અંક, પાનું-૮) (૨૨) કેવા છે કેવળી ભગવાન ? જેઓને સમસ્ત શક્તિઓ પ્રગટ થઈ ગઈ છે તથા જેઓ ઇન્દ્રાદિ દેવો દ્વારા પૂજ્ય છે તથા જેઓએ આત્માના ગુણોના ઘાતક ઘાતીકર્મોનો નાશ કરી નાખ્યો છે. ખરેખર આત્માના ગુણોનો ઘાત નથી થતો, પરંતુ તે ગુણોનો પર્યાયમાં ઘાત થાય છે. પર્યાયમાં પણ જડકર્મો દ્વારા ઘાત નથી થતો, જીવ પોતે જ પોતાની **યોગ્યતા**થી પર્યાયમાં હીન પરિણમન અથવા રાગ-દ્વેષરૂપ પરિણમન કરે છે, ત્યારે કર્મોએ ઘાત કર્યો એમ વ્યવહારથી કહેવામાં આવે છે. ('નિયમસાર' ગાથા-૧૫૯ ઉપરના પ્રવચનમાંથી) (૨૩) આ ક્રમબદ્ધ પર્યાયના નિયમમાં ક્ષણિક ઉપાદાનની વાત છે. દ્રવ્ય-ગુણ ધ્રુવ ઉપાદાન છે અને ક્રમબદ્ધ પર્યાય ક્ષણિક ઉપાદાન છે. નિમિત્ત આવે તો કાર્ય થાય અથવા હું બીજાને નિમિત્ત થાઉં તો પરમાં કાર્ય થાય એમ માનનાર ક્ષણિક ઉપાદાનને સમજતો નથી. શ્રદ્ધા, જ્ઞાન, આનંદ, વીર્ય આદિ બધા ગુણોની અવસ્થા તેના ક્ષણિક ઉપાદનના કારણે થાય છે. શ્રદ્ધાનું વીર્ય, જ્ઞાનનું વીર્ય, ચારિત્રનું વીર્ય, વીર્યનું વીર્ય, આનંદનું વીર્ય એકસાથે પોતપોતાની **યોગ્યતા** મુજબ પ્રગટ થાય છે - એમ સમજવું. ('શ્રી સમયસાર' ગાથા-૩૦૮-૩૧૧ ઉપરના પ્રવચનમાંથી આત્મધર્મ : અંક નં. ૬૨૫) (૨૪) જીવના કારણરૂપ તે જીવત્વશક્તિ છે, તે જીવત્વશક્તિ યથાર્થપણે ત્યારે માની કહેવાય કે સમયે સમયે પોતાની **યોગ્યતા** મુજબ ક્રમબદ્ધ એવી પોતાની પર્યાયરૂપે પરિણમતો જીવ જીવ જ છે એમ તે માનતો હોય. વિષમ બુદ્ધિવાળો પણ આડોઅવળો પરિણમતો નથી, તેને પણ ક્રમબદ્ધ તો થાય છે, પણ ક્રમબદ્ધને માનતો નથી. (ઉપરોક્ત અંક નં. ૬૨૫, પાનું-૪)

# યોગ્યતા

## 'દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર - પર્યાયદૃષ્ટિ વિનશ્વર'માંથી : પૂ. શ્રીનાં વચનામૃતો

(૧) આચાર્યદેવ કહે છે કે અમારી પર્યાયમાં અનંતા સિદ્ધોની સ્થાપના કરીએ છીએ અને જિજ્ઞાસુને કહે છે પ્રભુ ! તું શ્રોતા તરીકે અમારી પાસે સાંભળવા આવ્યો છો એથી એટલી તારી **લાયકાત** જોઈને અમે તારી પર્યાયમાં પણ અનંતા સિધ્ધોની સ્થાપના કરીએ છીએ. અનંતા સિદ્ધોને સ્થાપી શકે એવી તારી પર્યાયની **યોગ્યતા** જોઈએ છીએ. (બોલ-૩૬) (૨) પર્યાયમાં જોવાની છે પોતાની વર્તમાન **યોગ્યતા** અને દ્રવ્યમાં જોવાનું છે પોતાનું ત્રિકાળી સામર્થ્ય. પરમાં તો એને જોવાનું છે જ નહિ. કર્મને આધીન થઈને રાગ કરે છે એ પરતંત્રતા પણ ભોગવવાની તેની પર્યાયમાં **યોગ્યતા** છે અને તેજ વખતે તે રાગથી ભિન્ન દ્રવ્યસ્વભાવની શુદ્ધતાનું સામર્થ્ય સદાય એવું ને એવું જ છે એમ દેખે છે. (બોલ-૫૭) (૩) જ્ઞાનને ખંડખંડ જણાવનારી ભાવેન્દ્રિય તે પરજ્ઞેય હોવા છતાં તે ભાવેન્દ્રિયને જ્ઞાયકની સાથે એકતા માનવી તે મિથ્યાત્વ છે. ખંડખંડપણે પરને જાણવાની યોગ્યતાવાળો ભાવ એ પણ ખરેખર પરજ્ઞેય છે, તેની સાથે જ્ઞાયકની એકતા કરવી-માનવી તે પણ સંસાર છે. અગિયાર અંગ ને નવ પૂર્વની લબ્ધિ તે પણ ઈન્દ્રિયજ્ઞાન છે, તે જ્ઞાનને ખંડખંડરૂપ જણાવે છે. (બોલ-૧૧૦) (૪) ખરેખર તો વિકારી પર્યાય પર્યાયને કારણે થાય છે અને સંવર-નિર્જરાની પર્યાય પણ પર્યાયને કારણે થાય છે અને મોક્ષની પર્યાય પણ પર્યાયને કારણે થાય છે. મોક્ષમાર્ગને કારણે મોક્ષ થાય છે—એમ કહેવું એ પણ વ્યવહાર છે. ખરેખર તો પર્યાય પર્યાયની **લાયકાતના** કારણે થાય છે. (બોલ-૧૩૬) (૫) સ્વ-પરને જાણવાની **યોગ્યતા** પર્યાયની પોતાની છે તેથી તેને જાણે ત્યારે જ્ઞેય તેમાં જણાયા એમ નિકટપણાને લીધે કહેવામાં આવે

છે. જ્ઞાનની એક સમયની પર્યાય અનંતા દ્રવ્યોને જાણે છે ને પર્યાયમાં અનંતા દ્રવ્યો જણાવા**લાયક** છે એમ કહેવું તે પણ વ્યવહાર છે. ખરેખર તો જ્ઞાનની એક સમયની પર્યાય સ્વજ્ઞેયને - ભગવાન આત્માને જાણે ત્યાં અનંતા પરજ્ઞેયો તેમાં જણાઈ જાય એવી તે પર્યાયની શક્તિ છે. (બોલ-૧૪૯) (૬) શુભાશુભ પરિણામ તેના સ્વકાળે જે થવા **યોગ્ય** છે તે જ થાય છે. નહોતો થવાનો ને એને કરે કે થવાનો હતો ને ફેરવે એ દૃષ્ટિ જ ખોટી છે. રાગ એના સ્વકાળે કાળક્રમમાં થવા **યોગ્ય** જ થાય છે - એ દૃષ્ટિમાં જ જ્ઞાયકનો અનંતો પુરુષાર્થ છે. (બોલ-૨૩૬) (૭) અહાહા ! જે પર્યાયો થઈને ગઈ છે અને જે થઈ નથી એવી ભૂત-ભવિષ્યની પર્યાયોને સર્વજ્ઞ દ્રવ્યમાં **યોગ્યતારૂપ** જાણે છે એમ નહિ પણ તે તે પર્યાયો વર્તમાનવત્ પ્રત્યક્ષ હોય તેમ જાણે છે. એ સર્વજ્ઞના જ્ઞાનની દિવ્યતા છે. ભૂત-ભવિષ્યની અવિદ્યમાન પર્યાયો કેવળજ્ઞાનમાં વિદ્યમાન છે. (બોલ-૨૪૬) (૮) જ્ઞાન થવાની **યોગ્યતા** અનુસાર સમયસાર આદિ નિમિત્ત તો સહજ હોય છે. દરેક દ્રવ્યની પર્યાય તે તે સમયની **યોગ્યતાથી** જ સ્વતંત્ર કાર્યરૂપે પરિણમે છે તેમાં નિમિત્તભૂત અન્ય દ્રવ્ય અકિંચિત્કર છે. **"યોગ્યતા જ સર્વત્ર શરણરૂપ છે."** કોઈ દ્રવ્ય અન્ય દ્રવ્યને લાવી શકે કે અન્ય દ્રવ્યમાં ફેરફાર કરી શકે કે ક્ષેત્રાંતર કરી શકે છે તેમ માનનાર સર્વજ્ઞની આજ્ઞા બહાર છે, મિથ્યાદૃષ્ટિ છે. (બોલ-૨૯૬) (૯) અહાહા ! તે તે દ્રવ્યની તે તે કાળની પર્યાય **યોગ્યતા** અનુસાર જ થાય છે, તે તેનો સ્વકાળ છે ત્યારે થાય છે. તે થવા કાળે બાહ્ય ચીજને નિમિત્તપણાનો આરોપ આવે છે. જો એક દ્રવ્ય બીજા દ્રવ્યની પર્યાયને કરે તો બીજું દ્રવ્ય ક્યાં રહ્યું ? અનંત દ્રવ્યો અસ્તિરૂપ છે તે દરેકને ભિન્ન ભિન્ન અસ્તિરૂપે માને ત્યારે શ્રદ્ધા-જ્ઞાન સાચાં થશે. (બોલ-૩૩૯) (૧૦) ગુરુ કહે છે કે ભાઈ ! ધીરો પડ. દ્રવ્યદૃષ્ટિનો વિષય એવું જે આત્મદ્રવ્ય તેને સમ્યક્પણે સમજવા માટે જ આચાર્યદેવે નયનો અધિકાર લખ્યો છે. પ્રમાણજ્ઞાનનો

Version 001: remember to check AtmaDharma.com & AtmaDharma.org for updates



વિષય એવો જે દ્રવ્ય-ગુણ-પર્યાય સહિતનો આત્મા, તેના યથાર્થ જ્ઞાન વિના શુદ્ધ દ્રવ્યાર્થિક નયના વિષયભૂત દ્રવ્યસામાન્યનું અવલંબન શી રીતે લઈશ ? દ્રવ્ય-ગુણ તો ત્રિકાળ શુદ્ધ જ છે, પરંતુ **યોગ્યતારૂપ** અનંત ધર્મો છે એ જાણીને ત્રિકાળી વસ્તુસ્વભાવને મુખ્ય કરી તેનું અવલંબન લેવું તે નયોના કથનનું પ્રયોજન છે. (બોલ-૪૧૨) (૧૧) સિદ્ધાંત તો એમ કહે છે કે છએ દ્રવ્યની પર્યાયનો જન્મક્ષણ હોય છે, જે સમયે પર્યાય થવાનો કાળ છે તે જ સમયે પર્યાય થાય છે. એ પર્યાય પરદ્રવ્યથી ન થાય. નિમિત્તથી ન થાય, પોતાના દ્રવ્યથી પણ ન થાય, પણ પર્યાયની **યોગ્યતારૂપ** જન્મક્ષણે સ્વકાળથી પર્યાય થાય છે એમ ભગવાનનો પોકાર છે ને અનંત દ્રવ્યોનો આવો જ સ્વભાવ છે. (બોલ-૪૧૪) (૧૨) **યોગ્યતા,** કાળલબ્ધિ, ક્રમબદ્ધ આદિ બધાંનું જ્ઞાન દ્રવ્યદૃષ્ટિ કરતાં સાચું થાય છે. રુચિ રાખે પરમાં અને ક્રમબદ્ધને કાળલબ્ધિ ઉપર નાખે ઈ ન ચાલે. પોપાબાઈનું રાજ નથી. (બોલ-૫૦૪) (૧૩) વસ્તુનું સ્વરૂપ જ કોઈ એવું અચિંત્ય છે ! તેની દ્રવ્યશક્તિ, ગુણશક્તિ, પર્યાયશક્તિ અચિંત્ય છે ! વિકાર કેમ થયો એ પ્રશ્ન જ નથી. એવી જ કોઈ અચિંત્ય વસ્તુની પર્યાયગત **યોગ્યતા** છે. (બોલ-૫૩૦) (૧૪) કર્મથી તો વિકાર થાય નહીં પણ વિકાર પોતાની **યોગ્યતાથી** થાય એ **યોગ્યતામાં** પણ આત્મા વ્યાપતો નથી. જે કારણરૂપ ભગવાન, જેમાંથી કેવળજ્ઞાન આદિ પર્યાયો થાય છે, તેનું વિકારમાં વ્યાપવું અશક્ય જ છે. (બોલ-૫૭૫) (૧૫) પરમાણુ શુદ્ધ થયા પછી પાછો અશુદ્ધ થઈ જાય છે ને જીવ શુદ્ધ થયા પછી શુદ્ધ જ રહે છે. એટલે પરમાણુ બંધ સ્વભાવી જ છે અને જીવ મોક્ષ સ્વભાવી જ છે. પરમાણુમાં શુદ્ધ થવાની **યોગ્યતા** છે ને જીવમાં બંધ થવાની **યોગ્યતા** છે. (બોલ-૬૦૧) (૧૬) વિકારનો કર્તા કર્મ નથી—એમ કહીને કર્મ તરફની પરાધીન દૃષ્ટિ છોડાવવી છે. વિકારનો કર્તા જીવ નથી પણ કર્મ છે, કર્મ વ્યાપક થઈને વિકારને કરે છે—તેમ કહીને એક

Please inform us of any errors on AtmaDharma.com@gmail.com

Version 001: remember to check AtmaDharma.com & AtmaDharma.org for updates



સમયના ઉપાધિ ભાવથી ભેદજ્ઞાન કરાવીને દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરાવવી છે. વિકાર તે સમયની **યોગ્યતા**થી થવાનો હતો તે જ થયો છે—તેમ કહીને એક સમયના વિકારનું લક્ષ છોડાવી દૃષ્ટિને દ્રવ્ય તરફ દોરી છે. વિકાર પણ ક્રમબદ્ધમાં હતો તે થયો છે તેમાં તે ક્રમબદ્ધ પર્યાયના સ્વકાળનું સત્ પરિણમન બતાવી વિકારનું અકર્તાપણું બતાવીને જ્ઞાતા તરફ દૃષ્ટિ કરાવવી છે. (બોલ-૭૨૯) (૧૭) ભવનો અભાવ તો સ્વભાવની દૃષ્ટિ કરશે ત્યારે જ થશે પણ ત્યાર પહેલાં અસત્યનું પોષણ છોડીને સત્યના આદરનો ભાવ પણ જેને ન આવે તેને તો સ્વભાવમાં જવાની **પાત્રતા** પણ ક્યાંથી આવશે ? (બોલ-૮૮૩) (૧૮) સ્વર્ગમાં જવાને **યોગ્ય** પરિણામના પણ હજુ જેને ઠેકાણાં નથી, મનુષ્યમાં જવાને **યોગ્ય** પરિણામના પણ જેને ઠેકાણાં નથી અને ધર્મ પામવાને **યોગ્ય** પરિણામના તેને ઠેકાણાં હોય એમ બને નહીં. (બોલ-૧૦૮૫) (૧૯) વાળ ચીરવાની તો શું વાત ! પણ આ તો પરમાણુને ચીરવાની વાત છે, પરમાણુ શું પણ તેની અનંતી પર્યાયને ચીરવાની વાત છે. એક પર્યાયને બીજી પર્યાયની સહાય નથી. આત્માના અનંતાગુણની પર્યાયમાં એક પર્યાયને બીજી પર્યાય સહાયક નથી. પર્યાય પર્યાયની **યોગ્યતા**થી, ષટ્કારકથી સ્વતંત્ર પરિણમે છે. અહો ! આ તો જૈનદર્શનના પેટની સ્વતંત્રતાની મૂળ વાત છે. (બોલ-૧૧૦૩) (૨૦) કોઈ મનુષ્ય મૂંગો, બહેરો કે આંધળો હોય તેથી તે પંચેન્દ્રિય નથી એમ નથી. એ જાતનો લબ્ધ ઉઘાડ તો તેને હોય છે. પરંતુ ઉપયોગની **લાયકાત** નથી તેમ આત્મા વર્તમાન પર્યાયમાં અલ્પજ્ઞ હોવા છતાં શક્તિએ અલ્પજ્ઞ નથી, શક્તિમાં તો પૂરો સર્વજ્ઞ છે. (બોલ-૧૧૨૫) (૨૧)........પાત્ર થવું કઠણ છે. વાતો કરતાં શીખી ગયો એટલે હું સમજી ગયો એમ માને તો એમ નથી. આ તો બાપુ, સમજવું બહુ દુષ્કર છે. કેટલી **પાત્રતા**..... કેટલી સજ્જનતા.....કેટલી **લાયકાત** હોય ત્યારે ઈ સમજવાને લાયક થાય. (બોલ-૧૧૫૭)

# પરમાગમ સાર

## પૂ. ગુરુદેવશ્રીનાં વચનામૃતો

(૧) શુદ્ધ ચૈતન્યધ્રુવના ધ્યાને જેને સમ્યક્જ્ઞાન પ્રગટ્યું છે તેવા જીવને આવી પર્યાયની **યોગ્યતાઓ** (અનેક પ્રકારની) હોય છે તેવું જ્ઞાન થાય છે. પણ તે તે ધર્મોના જ્ઞાનથી કે તેના અવલંબનથી સમ્યગ્દર્શન થાય છે એમ નથી. આવા વિવિધ ધર્મોનું જ્ઞાન કરીને સાધક જીવને સદૈવ ત્રિકાળ ચૈતન્યમૂર્તિ ધ્રુવનું જ – દ્રવ્યસ્વભાવનું જ અવલંબન હોય છે. (બોલ-૫૨) (૨) અંદરની સાચી **પાત્રતા** હોય તો સાચાં નિમિત્તો સહજ મળી જાય. સાક્ષાત્ ભગવાન મળી જાય. સિંહ જેવા પ્રાણીને પણ અંદરની **પાત્રતા** તૈયાર થતાં જંગલમાં આકાશમાંથી મુનિઓ નીચે ઊતરી બોધ આપે છે. **પાત્રતા** હોય તો નિમિત્તનો યોગ ગમે તેમ મળી જાય છે. અંદરની **પાત્રતા** હોય ને સાચો યોગ ન મળે એમ ન બને. (બોલ-૧૭૭) (૩) આ વાત સમજવામાં અનંતો પુરુષાર્થ જોઈએ, ઘણી અંદરમાં **પાત્રતા** જોઈએ, બધેથી સુખબુદ્ધિ ઊડી જવી જોઈએ, એની ઘણી **પાત્રતા** જોઈએ. એની પર્યાયમાં ઘણી **યોગ્યતા** જોઈએ છે. શ્રીમદ્ કહે છે કે તું તારા દોષથી દુઃખી થઈ રહ્યો છે, તારો દોષ એટલો કે પરને પોતાનું માનવું ને પોતાને ભૂલી જવું. (બોલ-૨૨૯) (૪) જેમ રાગની મંદતા તે મોક્ષમાર્ગ નથી, જેમ વ્યવહાર સમ્યગ્દર્શન તે મોક્ષમાર્ગ નથી કે મોક્ષનું કારણ નથી તેમ તેની સાથે રહેલું પરસત્તાવલંબી જ્ઞાન પણ મોક્ષમાર્ગ નથી કે મોક્ષનું કારણ નથી. સ્વસત્તાને પકડવાની **લાયકાત**વાળું જ્ઞાન જ મોક્ષનું કારણ છે. જ્ઞાનાનુભૂતિ-આત્માનુભૂતિ એ જ મોક્ષનું કારણ છે. (બોલ-૩૨૭) (૫) તત્ત્વને બરાબર જાણવા છતાં પર તરફના ભાવમાં ઊંડે ઊંડે રાજીપો રહી જાય છે, પરલક્ષી જ્ઞાનમાં સંતોષાય છે અથવા આવડતના અભિમાનમાં અટકી જાય છે. બહાર પડવાના ભાવમાં રોકાઈ જાય છે. અંદર રહેવાના ભાવ નથી. તેથી અટકી જાય છે અથવા શુભ પરિણામમાં મીઠાશ રહી

Version 001: remember to check AtmaDharma.com & AtmaDharma.org for updates



જાય છે. એમ ખાસ પ્રકારની **પાત્રતા** વિના જીવ અનેક પ્રકારથી અટકી જાય છે. (બોલ-૪૭૭) (૬) ક્રમબદ્ધ પર્યાયનો સાચો નિર્ણય જ્ઞાયક ઉપર દૃષ્ટિ જાય ત્યારે થાય છે. રાગ જ્ઞેય છે એમ ક્યારે ભાસે ?–કે રાગથી ભિન્ન જ્ઞાતા થયો તેને રાગ જ્ઞેયપણે ભાસે છે. **યોગ્યતા** અનુસાર રાગ થાય તેનું ક્યારે સાચું જ્ઞાન થાય ?–કે જ્ઞાતા એની દૃષ્ટિમાં આવે ત્યારે **યોગ્યતા**નું સાચું જ્ઞાન થાય. રાગ ઉપર દૃષ્ટિ પડી હોય અને ક્રમબદ્ધમાં રાગ હતો, **યોગ્યતા**માં રાગ હતો–એમ બોલે તે ન ચાલે ! પર્યાય અંદરમાં વળીને દૃષ્ટિમાં દ્રવ્યને પકડે ત્યારે ક્રમબદ્ધ, **યોગ્યતા** આદિનું સાચું જ્ઞાન થાય છે. (બોલ-૪૮૩) (૭) ખાસ પ્રકારની **પાત્રતા** એટલે શું ?–કે જેને માત્ર આત્મા જ જોઈએ છે. એ સિવાય માન જોઈએ કે બહાર પડવાનો ભાવ–એ કાંઈ નથી એ ખાસ પ્રકારની **પાત્રતા** છે. (બોલ-૪૯૨) (૮) આત્માની અરુચિવાળા ઘણા લોકો કહે છે, આવી ભંગજાળમાં પડવું રહેવા દો. આપણે તો આત્માનું કલ્યાણ કરો. એક જ વાત રાખો તો કહે છે કે તેનામાં વ્યવહારે પણ **પાત્રતા** નથી. (બોલ-૬૪૬) (૯) 'સમયસાર' ગાથા-૪માં શ્રુત શબ્દ મૂક્યો છે તેનો હેતુ એ છે કે પોતાની મેળે વાંચી જાય તો કામ ન આવે, જ્ઞાની પાસેથી વાત સાંભળી હોવી જોઈએ. છતાં ત્યાં પરાધીનતા નથી. જેની **લાયકાત** હોય તેને જ્ઞાની મળ્યા વિના રહે નહિ. સત્‌ને સત્‌નું નિમિત્ત જોઈએ. અજ્ઞાની જીવ ધર્મમાં નિમિત્ત થઈ શકે નહિ. (બોલ-૬૬૨) (૧૦) જ્ઞાની કોઈ ભવમાં ન મળ્યાં હોય ને પોતાની મેળે સમકિત પામી જાય એવો નિસર્ગનો અર્થ નથી. પણ ધર્મ પામનારને તે ભવમાં જ્ઞાનીનું સમીપપણું નથી એમ નિસર્ગ બતાવે છે. જ્ઞાની વિના પોતાની મેળે ધર્મ પામી જાય એમ પણ નથી ને પોતાની **લાયકાત** હોય ને જ્ઞાની ન મળે એમ પણ ન બને, બન્ને સમકિત (નિસર્ગ અથવા અધિગમ)માં પુરુષાર્થ સરખો છે. (બોલ-૭૫૪) (૧૧) ઉપાદાન તરીકે તો પોતે પોતાના હર્ષ-શોકનો જ ભોક્તા છે, પણ તે વખતે નિમિત્ત તરીકે કેવો સંયોગ હોય છે તે બતાવ્યું છે. સ્વર્ગ-નરકાદિનો સંયોગ તે નિમિત્ત છે, ને તેવા

Please inform us of any errors on AtmaDharma.com@gmail.com

Version 001: remember to check AtmaDharma.com & AtmaDharma.org for updates



પ્રકારના હર્ષ-શોકને ભોગવવાનં **લાયકાત**વાળા જીવોને તેવો સંયોગ હોય છે. (બોલ-૭૫૭) (૧૨) **પાત્રતા** વિના ગુરુગમ મળે નહિ ને ગુરુગમ વિના સત્ય સમજાતું નથી. કહ્યું છે કે—અનંતકાળમાં સત્પુરુષની સેવા નથી કરી. તેનો અર્ં એ છે કે પોતાની **પાત્રતા** નહોતી તેથી નિમિત્તનો આરોપ પણ ન આવ્યો રુચિપૂર્વક સત્ સાંભળ્યું નથી, પરિચય તથા સેવા કરેલ નથી. પોતાની **પાત્રતા** વિના સત્નિમિત્ત મળ્યું હોવા છતાં તે નિમિત્તકારણ પણ ન કહેવાયું. સ્વતંત્રતા સમજે તો સાચું જ્ઞાન થાય. (બોલ-૭૬૭) (૧૩) કેવળી ભગવાનની દિવ્ય ધ્વનિમાં બધું રહસ્ય એકસાથે આવે છે. ઉત્કૃષ્ટ શ્રોતાની જેટલું સમજવાની **યોગ્યતા** હોય તે બધું ય ભગવાનની વાણીમાં એક સાથે આવે છે. (બોલ-૭૭૦) (૧૪) વિષય કષાયનો લંપટી હોય ને સરળ મંદકષાયનાં પરિણામ પણ ન હોય તેને ધર્મની **પાત્રતા** પણ નથી, એટલે મંદકષાયનાં સરળ પરિણામ થવાં પણ દુર્લભ છે. હજી ધર્મ તો જુદી ચીજ છે....વીતરાગી દેવ-ગુરુનો સમાગમ મળવો મહાદુર્લભ છે. ધર્મનું યથાર્થ સ્વરૂપ સમજાવનારા જ્ઞાની પુરુષોનો સમાગમ મહા ભાગ્યથી મળે છે. સત્ સમજવાની **યોગ્યતા** હોય ત્યારે આવી વાણી સાંભળવા મળે અને સત્ સમાગમ પામીને પણ અંતરમાં સમ્યગ્દર્શન પામવું તે તો પરમ દુર્લભ છે. (બોલ-૭૭૬) (૧૫) જેની તેની પાસે ધર્મ સાંભળવો તે **પાત્રતા** નથી. જેની તેની પાસે ધર્મ સાંભળવો તે સંભળાવનાર કરતાં સાંભળનારની **પાત્રતા** ઓછી-હલકી છે, એમ પોતાની હલકી **યોગ્યતા** બતાવે છે. વક્તા કેવો છે તેના પ્રમાણમાં સાંભળનારની **યોગ્યતા** કેવી છે તે સાબિત થાય છે કેમ કે તે શ્રોતા વક્તાની ઊંધી માન્યતા-શ્રદ્ધાને અનુમોદનારા છે. કરે-કરાવે અને અનુમોદે તે ત્રણેનું ફળ એક જ છે. (બોલ-૮૪૦) (૧૬) બીજા ઉપદેશ સાંભળે તેથી આત્માને લાભ નથી. પણ પોતાના જ્ઞાનની નિર્મળતાથી પોતાને લાભ છે. કોઈ સાંભળે નહિ ને સમજે નહિ તો વિષાદ શા માટે કરે છે ? અનંત તીર્થંકરો થઈ ગયા પણ બધાનો મોક્ષ થયો નહિ. સૌ પોતપોતાની **લાયકાત**થી સમજે છે માટે પરનું કામ નથી. શાસ્ત્રનો

Please inform us of any errors on AtmaDharma.com@gmail.com

Version 001: remember to check AtmaDharma.com & AtmaDharma.org for updates



ભાવ જાણી પોતાનું ભલું કરવું. (બોલ-૮૭૭) (૧૭) સમ્યગ્દષ્ટિ પ્રતિજ્ઞા કરે છે તે તત્ત્વજ્ઞાનપૂર્વક કરે છે. મિથ્યાદષ્ટિની જેમ ઉતાવળ કરીને જ્ઞાની પ્રતિમા લેતા નથી સ્વરૂપના આચરણનો કણ–શાંતિનો કણ પ્રગટ થયો હોય છે. તે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ જોઈને પ્રતિજ્ઞા કરે છે. કાળ કેવો છે ? હઠ વગર, આક્ષેપ વગર, પરના દોષ જોયા વગર પોતાનાં પરિણામ જોઈને પોતાની **યોગ્યતા** દેખાય એ પૂર્વક સમ્યગ્દષ્ટિ પ્રતિજ્ઞા અને પચ્ચખ્ખાણ કરે છે. (બોલ-૮૮૨) (૧૮) ભૂતકાળમાં જે પર્યાયમાં અશુદ્ધતા થઈ હતી એવી **લાયકાત** પર્યાયદષ્ટિએ આત્મામાં હતી જ નહિ એમ નથી. પણ વર્તમાનદષ્ટિ ફરી એટલે જાણ્યું કે ભૂતકાળની પર્યાય થઈ હતી તે તો થઈ પણ મારો સ્વભાવ અને શક્તિ તો શુદ્ધરૂપે જ થવાનો છે એમ સમજવું જોઈએ. જેવું વસ્તુનું સ્વરૂપ છે એવું ન સમજે તો તે જ્ઞાન મિથ્યા છે, એટલે અસત્ય છે. સત્‌જ્ઞાન, સત્‌દર્શન, સત્‌ચારિત્ર તે મોક્ષમાર્ગ છે માટે પ્રથમ સાચું જ્ઞાન જેમ છે એમ કરવું જોઈએ. (બોલ-૯૪૩) (૧૯) સાત તત્ત્વને જાણ્યા વિના આત્માની શ્રદ્ધા થતી નથી. એક જીવને જાણતાં સાત આવી જાય છે. જીવ એકલો સામાન્ય નથી પણ તેનાં વિશેષો સહિત છે. જીવ–અજીવ સામાન્ય છે, ને આસ્રવાદિ પાંચ તેનાં વિશેષો છે. આ જાણ્યા વિના અજ્ઞાની લોકો વ્રત-તપમાં ધર્મ માને છે. નય-નિક્ષેપ-પ્રમાણ દ્વારા રાગસહિત વસ્તુનું જ્ઞાન કરવું તે પ્રથમ **યોગ્યતા** છે. પછી સ્વભાવનાં લક્ષે રાગનો અભાવ થાય છે. આ પ્રયોજનભૂત રકમ છે. તે છૂટી જાય તો પછી કાંઈ પણ કાર્યકારી નથી. (બોલ-૯૭૧) (૨૦) નિમિત્ત-નૈમિત્તિક સંબંધને ન માને તો તે મિથ્યાદષ્ટિ છે. સ્ત્રીનો દેહ હોય અને મુક્તિ થાય એમ અજ્ઞાની માને છે, તે નિમિત્ત-નૈમિત્તિક સંબંધને માનતો નથી. સ્ત્રીને ત્રણકાળમાં છઠ્ઠું ગુણસ્થાન આવતું નથી. એવો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. એવી જ સ્ત્રી-દેહમાં રહેલા જીવની **યોગ્યતા** છે. એમ ન માને તે ગૃહીત મિથ્યાદષ્ટિ છે. વીતરાગમાર્ગ અલૌકિક છે. લોકો પોતાની કલ્પનાથી માને છે એવો તે માર્ગ નથી. આંખમાં કણું ચાલે પણ સાચા માર્ગમાં થોડી પણ ભૂલ ચાલે નહિ એમ સમજવું. (બોલ-૯૮૦)

● ● ●

Please inform us of any errors on AtmaDharma.com@gmail.com

# વિભાગ-૨

# પર્યાય સંબંધી કેટલુંક ગુરુવાણીમાંથી

# પ્રાસ્તાવિક

જે કાર્યરૂપ સ્વયં પરિણમિત થયા તેને કર્તા કહેવાય છે. ઉપાદાન પોતે જ કાર્યરૂપ પરિણમિત થાય છે. પર્યાય પણ ક્ષણિક ઉપાદાન છે, સ્વયં સત્ છે તેથી અહેતુક છે. આમ પર્યાય નિજ ષટ્કારકથી સ્વયં પરિણમિત થાય છે એવો પંચાસ્તિકાય ગાથા-૬૨નો ભાવ સ્વીકારમાં આવી શકે છે. પ્રવચનસાર ગાથા-૯૯ થી૧૦૨માં જન્મક્ષણ અને સ્વઅવસરની વાતો આવે છે. આકાશના પ્રદેશો-વિસ્તારક્રમના ઉદાહરણથી પ્રવાહક્રમ સમજાવેલ છે. પર્યાય અકારણ આગળ-પાછળ નથી થતી અને જો તેમ થાય તો ક્રમભંગ થઈ જતાં પર્યાય અહેતુક નથી રહેતી. સમયસારજી શાસ્ત્ર ગાથા-૩૦૮ થી ૩૧૧માં ક્રમનિયમિત પરિણમન સમજાવ્યું છે તેમાંથી પરમ ઉપકારી અપૂર્વ અતિશયધારી પૂજ્ય ગુરુદેવશ્રીએ ક્રમબદ્ધની સ્પષ્ટતા કરી છે. સોનગઢમાં દિ૰-૧૨-૧૧-૧૯૮૦ ના રોજ બપોરના ૩ થી ૪ દરમિયાન વચનામૃત ભવનના શિલાન્યાસ વખતના પૂ. ગુરુદેવશ્રીના પ્રવચનમાં જે પંચ મહારત્નો તેઓશ્રી દ્વારા પ્રસારિત થયેલ તેમાં એક બોલ છે કે "જે દ્રવ્યની જે પર્યાય, જે સમયે, જે ક્ષેત્રે, જે વિધિથી, જેવી થવાની હોય તે જ પર્યાય, તે જ સમયે, તે જ ક્ષેત્રે, તે જ વિધિથી, તેવી જ થાય છે. તેમાં ઈન્દ્ર, નરેન્દ્ર કે જિનેન્દ્ર પણ ફેરફાર કરી શકવાને શક્તિમાન નથી." આમાં પર્યાયની ક્રમબદ્ધતાની પરિપૂર્ણ સ્પષ્ટતા છે. પ્રવચનમાં જ એક બોલ છે કે "ઉત્પાદ, વ્યય અને ધ્રુવ ત્રણેય સ્વતંત્ર છે." ક્રમબદ્ધ પર્યાય અંગે ખ્યાતિપ્રાપ્ત પંડિતો સાથે ઘણી ચર્ચાના અંતે એટલું કબૂલવામાં આવેલ કે પર્યાય એક પછી એક થાય છે એ તો સ્વીકાર્ય છે પરંતુ આના પછી આ જ પર્યાય થાય એ સમ્મત નથી. નિમિત્તાધીન દૃષ્ટિએ આ અસમ્મતિ કરાવેલ. પરંતુ સમય વીતતાં અને આ વિષય વધુ ખેડાતાં મોટાભાગના

Version 001: remember to check AtmaDharma.com & AtmaDharma.org for updates



પંડિતોએ ક્રમબદ્ધનો સ્વીકાર કરેલ. ક્રમબદ્ધ અંગે પૂ. ગુરુદેવશ્રી બોલેલા કે જેને અનંતભાવ બાકી હોય તેની સમજણમાં ક્રમબદ્ધ આવી જ ન શકે.

દ્રવ્યમાં પારિણામિકભાવે જે યોગ્યતારૂપ-શક્તિરૂપ સામર્થ્ય પડ્યું છે તે સમયે સમયે તેના પ્રત્યેકના સ્વઅવસરે અભિવ્યક્ત થાય છે તે પર્યાય છે. પ્રત્યેક ગુણની પોતપોતાની વિશેષતા જે પ્રત્યેક સમયે તેના સ્વકાળે પ્રગટ્યા કરે છે તે ગુણપર્યાય છે. અને અનંત ગુણાત્મક દ્રવ્ય હોવાથી ગુણભેદની વાસના મટાડવા માટે ગુણ પરિણમે છે તેમ ન લેતાં द्रवति इति द्रव्यम् કહીને છએ દ્રવ્યમાં સામાન્ય એવા દ્રવ્યત્વગુણને મુખ્ય કરીને સમુચ્ચયરૂપે પ્રત્યેક સમયની અનંતની અભિવ્યક્તિરૂપ અનંત પર્યાયો હોય છે એમ સમજાવવામાં આવે છે. પર્યાય ઉત્પાદ-વ્યયરૂપ ક્ષણિક સત્ છે અને તેનું જીવન - તેનો કાળ એક સમયમાત્ર છે. બીજા સમયે તે ઉત્પાદરૂપ પર્યાયનો વ્યય થઈ જાય છે. હવે વ્યય પણ ઉત્પાદની જેમજ સત્રૂપ હોવાથી ઉત્પાદરૂપ પર્યાય નાશ પામવા છતાં જે શક્તિરૂપ યોગ્યતામાંથી ઉત્પાદ આવ્યો હતો તે રૂપ વ્યય પારિણામિકભાવરૂપ થઈને ચિત્સામાન્યમાં યોગ્યતારૂપે રહી જાય છે. તેથી એમ કહેવામાં આવે છે કે પર્યાય વ્યય થઈને અંદર યોગ્યતારૂપે દ્રવ્યમાં પારિણામિક-ભાવરૂપ થઈ જાય છે. દ્રવ્યમાં પર્યાય નથી ભળતી પણ તેની યોગ્યતા રહી જાય છે. કેવળી ભગવાનના કેવળજ્ઞાનમાં ભૂત-ભવિષ્યની પર્યાયો દ્રવ્યમાં યોગ્યતારૂપ જણાય છે એમ નથી પરંતુ વર્તમાનવત્ પ્રત્યક્ષ જણાય છે એમ જે કહેવામાં આવે છે તે કેવળજ્ઞાન પર્યાયની સમર્થતા તેમજ દિવ્યતા દર્શાવે છે.

પરિણામમાં અપરિણામી જ્ઞાયકભગવાનનાં દર્શન થઈ જવા એ અપૂર્વ પુરુષાર્થ છે. પોતાની બુદ્ધિમાં ક્રમબદ્ધની વ્યવસ્થાને વ્યવસ્થિત કરવી તે જ સાચો પુરુષાર્થ છે.

‘‘આપ્તમીમાંસા’’માં આવે છે કે ધર્મીદ્રવ્ય એ ધર્મપર્યાય એ

Please inform us of any errors on AtmaDharma.com@gmail.com

Version 001: remember to check AtmaDharma.com & AtmaDharma.org for updates



બે ચીજ ભિન્ન છે જે દ્રવ્યમાં જે પર્યાય થવાનો ધર્મ છે તે દ્રવ્યમાં તે પર્યાય થયા વિના રહેવાની નથી. જે જે પર્યાય થવાની છે તે પ્રકારનો દ્રવ્યનો અનાદિ સ્વભાવ જ છે એટલે પ્રાપ્તની પ્રાપ્તિ છે. દ્રવ્યમાં જે પર્યાય થવાનો સ્વભાવ છે તે જ પર્યાય વ્યક્ત થાય છે. વસ્તુનો આવો ધર્મ અનાદિ-અનંત છે. પૂ. ગુરુદેવશ્રી તો ફરમાવે છે કે જે પર્યાયને નથી સ્વીકારતો તે છ દ્રવ્યને જ નથી સ્વીકારતો.

જૈનેન્દ્ર સિદ્ધાંત કોષમાં પર્યાય સંબંધી વિશ્લેષણ કરતાં કહ્યું છે કે - ભાવાત્મક પર્યાયને અર્થપર્યાય અને પ્રદેશાત્મક આકારોને વ્યંજન પર્યાય કહેવાય છે. આ ધ્રુવ અને ક્ષણિક બંને અંશોથી જ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યરૂપ વસ્તુની અર્થક્રિયા સિદ્ધ થાય છે. પર્યાય દ્રવ્યાત્મક પણ હોય છે અને ગુણાત્મક પણ હોય છે તેમને દ્રવ્યપર્યાય અને ગુણપર્યાય કહેવાય છે.

વસ્તુ સામાન્ય-વિશેષાત્મક છે તેમાં સામાન્ય તો નિત્ય અપરિણામી ધ્રુવ રહેતું દ્રવ્ય છે અને વિશેષ એ સમયે સમયે પલટતું પર્યાયરૂપ પડખું છે. એક જ વસ્તુના નિત્ય નહિ પલટવારૂપ અને નિરંતર પલટવારૂપ અનિત્યતા સંપન્ન એવા બે પડખા એક જ સત્તાસ્વરૂપ રહેલ છે. બંધારણ અપેક્ષાએ દ્રવ્ય-પર્યાય એક જ ક્ષેત્રે હોવા છતાં પ્રયોજનસિધ્ધિ માટે - પર્યાયદૃષ્ટિ છોડાવવા માટે અને ધ્રુવ જ્ઞાયકની દૃષ્ટિ કરાવવા માટે પર્યાયનું ક્ષેત્ર ભિન્ન છે (શ્રી સમયસારજી શાસ્ત્ર, સંવર અધિકારની ગાથા ૧૮૧ થી ૧૮૩), પર્યાય દ્રવ્યથી સર્વથા ભિન્ન છે (શ્રી પ્રવચનસારજી શાસ્ત્ર ગાથા-૧૭૨, અલિંગગ્રહણ નો બોલ નં.-૧૯), પોતાના પ્રદેશમાં છે તે વિવક્ષાથી પર્યાય દ્રવ્યથી કથંચિત્ ભિન્ન છે (સમયસારજી શાસ્ત્ર ગાથા-૩૨૦ ઉપરની શ્રી જયસેનાચાર્યની ટીકા), પર્યાય દ્રવ્યની ઉપર ઉપર તરે છે (પૂ. ગુરુદેવશ્રી) આવાં વિધાનો ઠેર ઠેર શાસ્ત્રમાં, ટીકાઓમાં, પૂ.શ્રીનાં પ્રવચનોમાં વાંચવા મળે છે. આમ વિવક્ષાવશ દ્રવ્ય સાથેના પર્યાયના

Please inform us of any errors on AtmaDharma.com@gmail.com

Version 001: remember to check AtmaDharma.com & AtmaDharma.org for updates



સંબંધને જેમ છે તેમ જાણવો અને સ્વીકારવો આવશ્યક છે.

પર્યાય ક્ષણિક ઉપાદાનરૂપ, સત્, અહેતુક છે. પ્રત્યેક પર્યાય નિજ ષટ્કારથી સ્વયં સ્વાધીનપણે સમયે સમયે પરિણમે છે તેને નિમિત્તની તો અપેક્ષા નથી પરંતુ પોતાના દ્રવ્ય-ગુણની પણ અપેક્ષા નથી તથા પર્યાયનું ક્રમબદ્ધ પરિણમન હોવાથી તેને ફેરવવાની કર્તાબુદ્ધિનો ધ્વંસ થઈ આત્માનો અકર્તાસ્વભાવ અથવા અસ્તિથી જ્ઞાતા સ્વભાવ સિદ્ધ કરવામાં આવ્યો છે. પૂ. ગુરુદેવશ્રીની આવા નિકૃષ્ટ કાળમાં, આ ક્ષેત્રે જન્મેલા ભવ્ય જીવો માટેની આ એક અત્યંત કિંમતી લહાણી છે. આવી અમૃતવર્ષા અતિ આસન્નભવ્ય જીવોના જ કાને પડે છે અને એવા જીવો જ એનો સ્વીકાર કરે છે.

પર્યાયનું ક્ષણિક ઉપાદાનરૂપ સત્પણું, તેનું ષટ્કારકરૂપ નિરપેક્ષ પરિણમન તથા પર્યાયોનું ક્રમબદ્ધ પરિણમન ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચનોના ભિન્ન ભિન્ન ૧૮ ગ્રંથોના આશરે ૬૪૦૦ પાનાંઓમાંથી અતિ વિસ્તાર ન થઈ જાય તેની ખાસ જાગૃતિ રાખીને કુલ-૨૭૭ અવતરણો આ વિભાગમાં સમાવિષ્ટ કરવામાં આવ્યા છે. યોગ્યતા પર્યાયની હોય છે તેથી ''યોગ્યતા''ની આ બીજી આંવૃત્તિમાં પર્યાય સંબંધી કેટલુંક સ્પષ્ટીકરણ આવશ્યક લાગવાથી જોડવામાં આવેલ છે.

**વજુભાઈ અજમેરા**
**સંકલનકાર**

Please inform us of any errors on AtmaDharma.com@gmail.com

Version 001: remember to check AtmaDharma.com & AtmaDharma.org for updates



# પર્યાય સંબંધી કેટલુંક ગુરુવાણીમાંથી

| | પુસ્તક | પૃષ્ઠ સંખ્યા |
|---|---|---|
| ૧. | પ્રવચન રત્નાકર ભાગ-૧ | ૨૭૦ |
| ૨. | પ્રવચન રત્નાકર ભાગ-૧ | ૨૩૩ |
| ૩. | પ્રવચન રત્નાકર ભાગ-૧ | ૨૫૨ |
| ૪. | પ્રવચન રત્નાકર ભાગ-૧ | ૨૮૪ |
| ૫. | પ્રવચન રત્નાકર ભાગ-૧ | ૩૯૩ |
| ૬. | પ્રવચન રત્નાકર ભાગ-૧ | ૪૪૬ |
| ૭. | પ્રવચન રત્નાકર ભાગ-૧ | ૫૬૧ |
| ૮. | પ્રવચન રત્નાકર ભાગ-૧ | ૫૩૪ |
| ૯. | પ્રવચન રત્નાકર ભાગ-૧ | ૪૨૭ |
| ૧૦. | પ્રવચન રત્નાકર ભાગ-૧ | ૪૬૩ |
| ૧૧. | પ્રવચન રત્નાકર ભાગ-૧ | ૨૮૦ |
| ૧૨. | પ્રવચન નવનીત ભાગ-૧ | ૩૪૪ |
| ૧૩. | પ્રવચન નવનીત ભાગ-૧ | ૩૦૫ |
| ૧૪. | પ્રવચનસાર પ્રવચનો | ૫૪૦ |
| ૧૫. | ધ્યેયપૂર્વક જ્ઞેય | ૨૩૮ |
| ૧૬. | પ્રવચન રત્નચિંતામણી ભાગ-૧ | ૩૯૨ |
| ૧૭. | અધ્યાત્મ પ્રવચન રત્નત્રય | ૧૭૯ |
| ૧૮. | જ્ઞાન ગોષ્ઠી | ૨૫૪ |
| | કુલ | ૬૩૯૫ |

| | | મુદ્દા |
|---|---|---|
| (૧) | પર્યાય સત્ સ્વયં મુદ્દા | ૨૩૮ |
| (૨) | ષટ્કારક પરિણમન | ૧૪ |
| (૩) | ક્રમબધ્ધ પર્યાય | ૨૫ |
| | કુલ | ૨૭૭ |

Please inform us of any errors on AtmaDharma.com@gmail.com

# પર્યાયના સ્વતંત્ર અસ્તિત્વ સંબંધી શાસ્ત્રીય સંદર્ભો

* પર્યાયનું સ્વરૂપ 'શ્રી નિયમસારજી' શાસ્ત્ર ગાથા-૧૪માંથી : परि समन्तात् भेदमेति गच्छतीति पर्य्यायः અર્થાત્ જે સર્વ તરફથી ભેદને પામે તે પર્યાય છે.

* જિનેન્દ્રના શબ્દબ્રહ્મમાં અર્થોની વ્યવસ્થા : 'શ્રી પ્રવચનસારજી' ગાથા-૮૭ : दव्वाणि गुणा तेसिं पज्जाया अट्ठसण्णया भणिया । દ્રવ્યો, ગુણો ને પર્યયો સૌ 'અર્થ' સંજ્ઞાથી કહ્યા; દ્રવ્યો, ગુણો અને તેમના પર્યાયો 'અર્થ' નામથી કહ્યાં છે.

* 'શ્રી પ્રવચનસારજી શાસ્ત્ર'ગાથા-૯૩ :

હરિગીત :- છે અર્થ દ્રવ્યસ્વરૂપ, ગુણ-આત્મક કહ્યાં છે દ્રવ્યને;
વળી દ્રવ્ય-ગુણથી પર્યયો; પર્યાયમૂઢ પરસમય છે.–૯૩

આ ગાથાની શ્રી જયસેનાચાર્ય મહારાજની ટીકામાં છે કે तेहिं पुणो पज्जाया तैः पूर्वोक्त लक्षणैः द्रव्यैः गुणैः च पर्याया भवन्ति । व्यतिरेकिणः पर्याया अथवा क्रमभुवः पर्याया इति पर्याय-लक्षणम् ।

* 'શ્રી નિયમસારજી શાસ્ત્ર'માં જ ગાથા-૧૪, ૧૫માં સ્વભાવપર્યાય, વિભાવપર્યાય, અર્થપર્યાયો, વ્યંજનપર્યાયો તથા સ્વભાવપર્યાયના કારણશુદ્ધ સ્વભાવપર્યાય અને કાર્યશુદ્ધ સ્વભાવપર્યાયો તેમજ અગુરુલઘુગુણની ષટ્ગુણવૃદ્ધિ - હાનિરૂપ સ્વભાવ શુદ્ધ અર્થપર્યાય વગેરે ઘણા વિસ્તારથી વર્ણન કરીને પર્યાય એક સ્વતંત્ર અસ્તિત્વધારી સત્ત્વ છે એમ સિદ્ધ કરેલ છે.

* 'શ્રી પ્રવચનસારજી શાસ્ત્ર'ગાથા-૧૦૭માં કહ્યું છે કે :

સત્દ્રવ્ય, સત્પર્યાય, સત્ગુણ – સત્ત્વનો વિસ્તાર છે;
નથી તે-પણે અન્યોન્ય તેહ અતત્પણું જ્ઞાતવ્ય છે. – ૧૦૭

દ્રવ્ય, ગુણ, પર્યાય ત્રણેય સત્ છે; એક જ સત્ત્વનો વિસ્તાર છે.

* 'અષ્ટસહસ્રી'નો શ્લોક-૫૮ :-

त्यक्त अत्यक्त आत्मरूपं यत् पूर्वापूर्वेण वर्तते ।
कालत्रयेऽपि तद्द्रव्यमुपादानमिति स्मृतम् ॥
यत्स्वरूपं त्यजत्येव यन्नात्यजति सर्वथा ।
तन्नोपादानमर्थस्य क्षणिकं शाश्वतं यथा ॥

અર્થ : દ્રવ્યનો ત્યક્તસ્વભાવ તો પરિણામ-વ્યતિરેક સ્વભાવ છે અને અત્યક્ત સ્વભાવ ગુણરૂપ-અન્વય સ્વભાવ છે. તે ગુણ તો પૂર્વે હતા તે જ રહે છે, પરિણામ અપૂર્વ-અપૂર્વ થાય છે. આ દ્રવ્યનું ઉપાદાન  છે તે પરિણામને તો તજે છે પણ ગુણને સર્વથા તજતું નથી; તેથી **પરિણામ ક્ષણિક ઉપાદાન છે અને ગુણ શાશ્વત ઉપાદાન છે, વસ્તુ ઉપાદાનથી સિદ્ધ છે.**

('ચિદ્‌વિલાસ' પાનું-૩૬ ઉપરથી)

# પર્યાય - ક્ષણિક સત્રૂપ ઉપાદાન

गुण पर्यायवत् द्रव्यम् : દ્રવ્ય ગુણ-પર્યાયોનો સમૂહ છે. ભૂત-ભાવિની પર્યાયો દ્રવ્યમાં પારિણામિકભાવે શક્તિરૂપે-યોગ્યતારૂપે રહેલ છે. પર્યાય દ્રવ્યમાંથી આવે છે અને વ્યય પામીને પારિણામિકભાવે યોગ્યતારૂપ રહી જાય છે. પર્યાય ક્ષણિક ઉપાદાનરૂપ છે, એક સમયનું સત્ છે તેથી નિરપેક્ષ, અહેતુક અને સ્વતંત્ર સ્વયં સ્વાધીનપણે ઉત્પાદ-વ્યયને પામે છે. પ્રત્યેક પર્યાય એક સમયનું જીવન લઈને ઉત્પાદ પામી બીજે સમયે વ્યય પામી જાય છે. પર્યાય પણ અર્થ-વસ્તુ છે. દ્રવ્ય–ગુણ ત્રિકાળ ધ્રુવ સત્રૂપ અસ્તિત્વ છે તેમ પર્યાય એક સમયનું ક્ષણિક સત્રૂપ અસ્તિત્વ છે. એક આખી વસ્તુનાં બે પડખાં છે – એક ધ્રુવ-અપરિણામી ટકતું પડખું અને બીજું સમયવર્તી ક્ષણિક પરિણમતું પડખું. કાર્ય હંમેશાં પરિણામ-પર્યાયમાં જ થાય છે. દ્રવ્ય-ગુણ અક્રિય ધ્રુવ છે. પ્રત્યેક દ્રવ્યની પર્યાયની જન્મક્ષણ હોય છે – સ્વકાળ હોય છે. તે પર્યાયની કાળલબ્ધિ કહેવાય છે.

(૧) સ્વ આત્માનું ઈષ્ટપણું સિદ્ધ કરીને નમસ્કાર કર્યા. પર્યાયમાં તેનો સ્વીકાર કર્યો એ જ તેને નમસ્કાર છે. અનંત ગુણોની પર્યાય અંદરમાં જ્યારે દ્રવ્ય તરફ ઢળે છે ત્યારે જ્ઞાન અને સુખ થાય છે. **(પ્રવ. રત્ના, ભાગ ૧, પાનું ૮/૯)**. (૨) અહીં જે શુદ્ધ દ્રવ્ય ઉપાદેય કહ્યું તે પર્યાય સહિત ન માનવું. શુદ્ધજીવ જે ઉપાદેય છે તેની સાથે શુદ્ધ પર્યાયને ભેળવીને જે ઉપાદેય માને તે અશુદ્ધનય થયો. દ્રવ્ય દ્રવ્યથી પ્રકાશતું નથી, દ્રવ્ય ગુણોથી પ્રકાશતું નથી. કારણ કે બન્ને ધ્રુવ છે તે સ્વાનુભૂતિની પર્યાય દ્વારા પ્રકાશે છે. (પાનું-૧૦/૧૧). (૩) અનુભવનરૂપ ક્રિયા તે વ્યવહાર છે, તેમાં નિશ્ચય ધ્રુવ આત્મા જણાય છે. અનુભૂતિ–તે અનિત્ય પર્યાય, નિત્યને જાણે છે. નિત્ય નિત્યને શું જાણે ? પર્યાયને દ્રવ્ય જે ધ્યેય છે તે પર્યાયમાં જણાય છે. (પાનું-૧૨) (૪) પોતાને પોતાથી જાણે

Version 001: remember to check AtmaDharma.com & AtmaDharma.org for updates



છે, એટલે જ્ઞાનની પર્યાયથી ત્રિકાળ જ્ઞાન (જ્ઞાયક) જણાય છે. જ્ઞાનની પર્યાયથી ત્રિકાળ ધ્રુવ જણાય છે. પર્યાય દ્રવ્યને જાણે છે તેથી પોતે પોતાને જાણે છે – સ્વાનુભૂતિથી પ્રકાશે છે એમ કહે છે. સ્વરૂપ પ્રત્યક્ષ જ વસ્તુ છે તેથી જ તે પર્યાયમાં પ્રત્યક્ષ થાય છે. વસ્તુસ્વરૂપ પ્રત્યક્ષ જ જ્ઞાનમાં છે તેથી પ્રત્યક્ષ પર્યાયથી જણાય છે. અનુભૂતિની પર્યાયમાં ત્રિકાળી આત્મા જણાય છે. અનિત્ય એવી અનુભૂતિની પર્યાય નિત્યને જાણે છે. જાણનાર જ્ઞાનીને પર્યાય છે, પણ જાણે છે દ્રવ્યને. અનુભૂતિની પર્યાયને આશ્રય દ્રવ્યનો છે. પર્યાયને પર્યાયનો આશ્રય નથી. કાર્ય પર્યાયમાં થાય છે, પણ તે કાર્યમાં કારણ ત્રિકાળી વસ્તુ છે. કાર્યમાં કારણનું જ્ઞાન થાય છે. ભાઈ ! આ તો બધા મંત્રો છે. (પાનું-૧૩) (૫) સર્વજ્ઞ અરિહંત એ પર્યાયમાં 'પરમાત્મા' છે, આત્મા પર્યાય વિનાનો એકલો 'પરમાત્મસ્વરૂપ' જ છે. (પાનું-૧૬) (૬) ગુણોમાં સમય-સમયવર્તી પરિણમન થવું તે પર્યાય છે. દરેક ગુણમાં સમયે સમયે પર્યાય થાય છે. ગુણની સમયવર્તી ત્રણેકાળ પર્યાયો હોય છે, જે અનંત છે. (પાનું-૨૩) (૭) સમ્યગ્દર્શન થતાં દ્રવ્યના બધાં નિર્મળ પરિણામ દ્રવ્ય તરફ ઢળે છે, એકલી શ્રદ્ધાની પર્યાય જ ઢળે છે એમ નથી. પર્યાય સદ્ભૂત વ્યવહાર છે, અને ત્રિકાળી ધ્રુવ દ્રવ્ય નિશ્ચય છે; બે મળીને પ્રમાણનો વિષય થઈ ગયો અને પ્રમાણ પોતે વ્યવહારનયનો વિષય છે એમ પંચાધ્યાયીમાં લીધું છે. દ્રવ્યને નિર્મળ પર્યાય સાથે લઈને દૃષ્ટિનો વિષય બનાવે એ તો ઘણું સ્થૂળ થઈ ગયું. એ તો વિપરીત અને ઊંધી દૃષ્ટિ છે. (પાનું-૩૫) (૮) નિર્મળ પર્યાયમાં ધ્યાન કોનું છે ? દ્રવ્યનું, કે જે સ્વરૂપે પૂર્ણ, આનંદસ્વરૂપ, એકરૂપ છે, એને વિષય બનાવીને પર્યાય ધ્યાન કરે છે. પરમ અધ્યાત્મતરંગિણીમાં ત્રણ ઠેકાણે આવે છે કે "ધ્યાન વિષય કુરુ"- પર્યાયમાં દ્રવ્યને વિષય બનાવ. એનો અર્થ એ નથી કે આ પર્યાય છે તેને દ્રવ્યમાં વાળું છું, પણ પર્યાય દ્રવ્ય તરફ વળી એ દ્રવ્યનું ધ્યાન છે. પર્યાય

Please inform us of any errors on AtmaDharma.com@gmail.com

Version 001: remember to check AtmaDharma.com & AtmaDharma.org for updates



અંદર ધ્રુવ સ્વભાવમાંથી આવી છે ને ? ધ્રુવમાંથી ધ્રુવપર્યાય-સિદ્ધ પર્યાય થઈ છે. (પાનું-૩૬) (૯) પર્યાય છે એ વ્યવહાર છે, એનો વિષય ત્રિકાળી ધ્રુવ દ્રવ્ય છે. ચિદ્‌વિલાસમાં આવે છે ને કે 'નિત્યને અનિત્ય જાણે છે.' એટલે કે ક્ષણિક પર્યાય તે ધ્રુવને જાણે છે. વસ્તુ અનાદિથી આવી છે. દ્રવ્ય અને નિર્મળ પર્યાય બે થતાં નિશ્ચયનયનો વિષય ન રહ્યો, વ્યવહારનયનો વિષય થઈ ગયો. ધ્રુવ દ્રવ્ય જે ધ્યેય તેને જ્ઞાનની પર્યાય જાણે છે, શ્રદ્ધાની પર્યાય ધ્રુવને ધ્યેય બનાવીને શ્રદ્ધે છે ત્યારે કહે છે કે પર્યાય જે ભેદ અને વ્યવહાર છે તે અભેદને જાણે છે. ભૂતાર્થને જાણે છે પર્યાય, પણ એ પર્યાય દ્રવ્યમાં નથી. અહા ! પર્યાય પર્યાયની છે. પર્યાયને દ્રવ્યની કહેવી એ તો પરથી ભિન્ન પાડવા માટે છે. ઉત્પાદ, વ્યય, ધ્રુવ ત્રણેય સત્‌ છે. પર્યાય કોની છે એમ ભેદ પાડીને સમજાવવું હોય ત્યારે દ્રવ્યની કહેવાય. નિરપેક્ષથી કહેવું હોય તો પર્યાય પર્યાયની છે, અને દ્રવ્ય દ્રવ્યનું છે. (પાનું-૪૦) (૧૦) દ્રવ્યાર્થિકનયનો વિષય એવો જે ધ્રુવ આત્મા તેના લક્ષે જે પરિણમન થયું તે પર્યાય છે, તેને અહીં આત્મા કહેવામાં આવ્યો છે. અહીં સ્વપર્યાયરૂપ પરિણમનને આત્મા કહ્યો છે. સમ્યગ્દર્શનનો વિષય જે ત્રિકાળી, ધ્રુવ આત્મા એની અહીં વાત નથી. (પાનું-૫૮) (૧૧) નિયમસાર ગાથા-૫૦માં આચાર્યશ્રી કુંદકુંદદેવે સ્વયં એમ કહ્યું છે કે નિર્મળ પર્યાય પણ પરદ્રવ્ય છે. વિકારી પર્યાય તો પરદ્રવ્ય છે, પણ નિર્મળ પર્યાયને પણ પરદ્રવ્ય કહેવામાં આવી છે. મોક્ષમાર્ગની જે નિર્મળ પર્યાય પ્રગટી તે પરદ્રવ્ય છે. પર્યાય છે ને ? તેથી તેને પરદ્રવ્ય કહી છે ત્યાં દૃષ્ટિનું ધ્યેય એકમાત્ર ધ્રુવ દ્રવ્ય બતાવવું છે એટલે નિર્મળ પર્યાયને પરદ્રવ્ય કહી દીધી છે; તે સ્વદ્રવ્ય નહીં, કારણ કે નિર્મળ પર્યાય પણ આશ્રય કરવા લાયક નથી. સમ્યગ્દર્શનનો વિષય એકલો ધ્રુવ, ધ્રુવ, ધ્રુવ, ત્રિકાળી છે. તેમાં નિર્મળ પર્યાયને પણ સાથે ભેળવે તો દૃષ્ટિ એકદમ વિપરીત થઈ જાય. મોક્ષમાર્ગની પર્યાયમાંથી પણ

Please inform us of any errors on AtmaDharma.com@gmail.com

Version 001: remember to check AtmaDharma.com & AtmaDharma.org for updates



નવી પર્યાય આવતી નથી. ભગવાનની ગાદીએ બેસીને જે વાત ચાલે ત્યારે તો ભગવાન કહે છે એમ અંદરથી આવે છે. (પાનું-૬૦) (૧૨) એમ ન માનવું કે પર્યાયમાં શુદ્ધતા-અશુદ્ધતા કાંઈ ચીજ જ નથી કારણ કે સ્યાદ્વાદ પ્રમાણે શુદ્ધતા અને અશુદ્ધતા બન્ને વસ્તુના ધર્મ છે, અને વસ્તુધર્મ છે તે વસ્તુનું સત્ત્વ છે. અશુદ્ધતા એ પણ આત્માની પર્યાયનું સત્ત્વ છે. સર્વથા અસત્ય છે, જૂઠું છે એમ નથી. માર્ગ સૂક્ષ્મ અને ગંભીર છે, ભાઈ ! એને અપેક્ષાથી ન સમજે તો ગોટા ઊઠે એવું છે. વિકારી અવસ્થાને પણ જીવે ધારી રાખી છે. જેમ દ્રવ્ય-ગુણને ધારી રાખ્યા છે તેમ અશુદ્ધતાને પણ પર્યાયમાં જીવે ધારી રાખી છે. અશુદ્ધતા છે જ નહીં એમ કહે તો પર્યાય ઊડી જાય છે અને અશુદ્ધતાનો આશ્રય લેવા જાય તો ધર્મ થતો નથી. અશુદ્ધતા પરદ્રવ્યના સંયોગથી થાય છે એ જ ફેર છે. વિકારીભાવ છે તો જીવનું પર્યાયસત્ત્વ અને તે પોતાના ષટ્કારકથી સ્વતંત્રપણે પર્યાયમાં થાય છે. પરના સંયોગથી વિકાર થાય છે એમ કહેવું એ તો નિમિત્તની પ્રધાનતાથી કથન છે, ખરેખર પરને લઈને વિકાર થતો નથી. અશુદ્ધતા પોતાની પર્યાયે ધારી રાખી છે તેથી તે પર્યાયધર્મ છે એમ કહ્યું છે. આમ સ્યાદ્વાદનું શરણ લઈ એટલે જ્યાં જેવી અપેક્ષા છે તેનું યથાર્થ જ્ઞાન કરી શુદ્ધનયનું આલંબન કરવું. સ્વરૂપની પ્રાપ્તિ થયા પછી શુદ્ધનયનું આલંબન પણ નથી રહેતું એટલે જ્યાં પર્યાયમાં પૂર્ણસ્વરૂપ પ્રગટ થઈ ગયું - ત્યાં શુદ્ધનયનું આલંબન પૂરું થઈ ગયું. પછી આલંબન કરવાનું પ્રયોજન રહ્યું નહીં, આલંબન પણ રહ્યું નહીં. (પાનું-૧૦૩ થી ૧૦૫) (૧૩) દ્રવ્ય અને પર્યાય બન્ને આત્માની ચીજ છે, પર્યાય છે તે પણ વસ્તુ છે, અવસ્તુ નથી. પર્યાય તો સ્વદ્રવ્યનો અંશ છે તેથી સ્વવસ્તુ છે, પોતાની છે, પોતામાં છે, નિશ્ચય છે તો તેને વ્યવહાર કેમ કહેવાય ? અહીં પર્યાયદૃષ્ટિ છોડાવી દ્રવ્યદૃષ્ટિ કરાવવાનું પ્રયોજન છે. તેથી અભેદને મુખ્ય કરી ઉપદેશ છે. અભેદ દૃષ્ટિમાં

Please inform us of any errors on AtmaDharma.com@gmail.com

Version 001: remember to check AtmaDharma.com & AtmaDharma.org for updates



ભેદને ગૌણ કહેવાથી જ અભેદ સારી રીતે માલૂમ પડી શકે છે. તેથી પર્યાયને ગૌણ કરીને અસત્યાર્થ કહી છે, અભાવ કરીને નહીં. વર્તમાન પર્યાય ભિન્ન રહીને દ્રવ્યની પ્રતીતિ કરે છે. તે એમાં ભળે ક્યાંથી ? પર્યાય ભિન્ન રહે છે, તે દ્રવ્યમાં ભળતી નથી, એક થતી નથી. (પાનું-૧૧૩-૧૧૪) (૧૪) જેમ ગુણીમાં ગુણ છે, ને ગુણભેદને ગૌણ કહ્યો તેમ કોઈ એમ કહે કે ગુણીમાં પર્યાય છે અર્થાત્ દ્રવ્યમાં પર્યાય છે અને તેને ગૌણ કરી તો તે બરાબર નથી. પર્યાયમાં પર્યાયને ગૌણ કરી છે. પર્યાય તો દ્રવ્યથી ભિન્ન છે. પર્યાય દ્રવ્યમાં નથી. પર્યાય ભિન્ન રહીને દ્રવ્યને વિષય કરે છે. પર્યાય તો પર્યાયમાં છે. (પાનું-૧૧૫) (૧૫) કોઈને એમ લાગે કે પર્યાય સ્વતંત્ર છે અને વળી જ્ઞાયકનો આશ્રય કરે તે શું છે ? તો કહે છે કે વર્તમાન પર્યાય સ્વતંત્રપણે કર્તા થઈને રાગનું લક્ષ છોડી અંતરમાં સ્વભાવ સન્મુખ થઈને, જ્ઞાયક પૂર્ણાનંદ તરફ વળે, ઢળે તેને આશ્રય કરે છે એમ કહેવામાં આવે છે. દ્રવ્યની પ્રાપ્તિ થાય છે તે પર્યાયમાં થાય છે. અનાદિથી પર્યાય રાગની પ્રાપ્તિમાં પડી છે, એ મિથ્યાત્વ છે. ત્યાં જે જ્ઞાનની પર્યાય અંતર વળીને જ્ઞાયકની સન્મુખ થાય, સત્ પૂર્ણાનંદની તરફ ઢળે તે આત્માની પ્રાપ્તિ છે, તે સમ્યગ્દર્શન્ છે. (પાનું-૧૩૫) (૧૬) પર્યાય છે તે એક સમયનું સત્ છે. એ ત્રિકાળી ધ્રુવ સત્ નથી. આત્મામાં બે પ્રકાર - એક પર્યાય અને બીજો ધ્રુવ. તત્ત્વાર્થસૂત્રમાં કહ્યું છે ને કે उत्पादव्ययध्रौव्ययुक्तं सत् – એમાં પર્યાય ઉત્પાદ-વ્યયરૂપ છે. એક સમયમાં ઉત્પન્ન થઈ, બીજે સમયે વ્યય થાય, તે પર્યાય છે અને ત્રિકાળ એકરૂપ રહે તે ધ્રુવ છે. (પાનું-૧૪૦) (૧૭) અહીં દ્રવ્યને અશુદ્ધ કહ્યું એનો આશય એમ છે કે ૧. પર્યાયમાં પૂર્ણ શુદ્ધતા નથી તેથી રાગાદિ અશુદ્ધતા પણ છે અને ૨. પર્યાયગત અશુદ્ધતા સ્વયં દ્રવ્યની છે, પરને લઈને અશુદ્ધતા કે શુદ્ધતા થઈ છે એમ નથી. (પાનું-૧૬૨) (૧૮) ધર્મ તો એકમાત્ર ત્રિકાળી

Please inform us of any errors on AtmaDharma.com@gmail.com

Version 001: remember to check AtmaDharma.com & AtmaDharma.org for updates



ચૈતન્ય ભગવાન પૂર્ણાનંદના આશ્રય વિના બીજી કોઈ રીતે ન થાય. વસ્તુ તો અખંડ પૂર્ણ કૃતકૃત્ય છે. કરવું એ પર્યાયમાં આવ્યું. મોક્ષમાર્ગ કરવો છે, થાય છે, એ વ્યવહાર થયો (પાનું-૧૬૪) (૧૯) દ્રવ્ય શુદ્ધ છે તો પર્યાયમાં અશુદ્ધતા આવી ક્યાંથી ? સમાધાન એમ છે કે પર્યાયમાં અશુદ્ધતાનો ધર્મ છે, એવી યોગ્યતા છે. અશુદ્ધતા કર્મને લઈને આવી નથી, અશુદ્ધતા પર્યાયનો ધર્મ છે. દ્રવ્ય પર્યાયમાં અશુદ્ધપણે પરિણમેલું છે તેથી અશુદ્ધ દ્રવ્ય કહ્યું છે. એટલે પ્રમાણનું જે દ્રવ્ય છે તે અશુદ્ધ છે. (પાનું-૧૭૨) (૨૦) પર્યાય નથી તો દ્રવ્ય એકલું રહી જાય. તો એકાંત થઈ જાય. પર્યાય પર્યાયપણે છે. તે શુદ્ધ જીવવસ્તુમાં નથી. એવી શુદ્ધજીવ વસ્તુનો અનુભવ થાય છે તો પર્યાયમાં. પર્યાય વસ્તુથી ભિન્ન રહી આખી વસ્તુને જાણી લે છે. પર્યાય દ્રવ્યમાં-શુદ્ધ જીવવસ્તુમાં નથી, પણ પર્યાયમાં આખું દ્રવ્ય જણાઈ જાય છે. દ્રવ્ય જે વસ્તુમાત્ર અખંડ છે એ ત્રિકાળી સત્ છે. પણ એ સત્‌ને જાણનારી પર્યાય છે ને ? આત્મા છે ધ્રુવ કૂટસ્થ. ધ્રુવ એ કૂટસ્થ છે. પણ જાણ્યું કોણે ? તો પર્યાયે. અનિત્ય પર્યાય તે નિત્યને જાણે છે, અને તે પર્યાય દ્રવ્યને અડ્યા વિના નિત્યને જાણે છે. આવી વાત છે. એક વાત ફરે તો આખી વાત ફરી જાય છે. (પાનું-૨૦૫) (૨૧) જ્ઞાનમાં પ્રથમ એવો નિર્ણય કરે કે હું તો અનંતગુણનો પિંડ ચૈતન્યમાત્ર વસ્તુ છું. આ નિર્ણય કરનારી તો પર્યાય છે, પણ તે પર્યાય એમ જાણે છે કે – હું તો ત્રિકાળી ધ્રુવ છું. પર્યાય એવો નિર્ણય કરે છે કે – સકળ નિરાવરણ, અખંડ-ખંડ નહિ, એક-ભેદ નહીં, પ્રત્યક્ષ-પરોક્ષ નહીં. પ્રતિભાસમય–જાણવામાં આવે છે એવો, અવિનશ્વર નિત્ય ધ્રુવ શુદ્ધ પારિણામિક પરમભાવલક્ષણ, નિજ પરમાત્મદ્રવ્ય તે જ હું છું. પર્યાય એમ જાણે છે કે હું આ છું, હું પર્યાય છું એમ જાણતી નથી. નિર્ણય-કાર્ય પર્યાયમાં થાય છે, ધ્રુવમાં નહીં. ધ્રુવ તો ત્રિકાળ નિરાવણ કારણરૂપ છે, તેને કારણ પરમાત્મા કહે છે. (પાનું-૨૧૪)

Please inform us of any errors on AtmaDharma.com@gmail.com

Version 001: remember to check AtmaDharma.com & AtmaDharma.org for updates



(૨૨) રાગની પર્યાય વ્યય પા[મી]ને અંદર ધ્રુવમાં ભળી જાય છે ને ? ના, બિલકુલ ભળતી નથી. [ર]ાગનો નાશ થાય છે ત્યારે તે અંદર પારિણામિક ભાવરૂપ થઈ જા[ય] છે. આત્મામાં જે વર્તમાન રાગ થાય તે બીજા સમયે નાશ પામી જાય છે. તે યોગ્યતારૂપે પારિણામિકભાવરૂપ થઈ જાય છે. પણ અમ નથી કે તે અશુદ્ધતારૂપે દ્રવ્યમાં ભળીને રહે છે. પર્યાયની અશુદ્ધતા દ્રવ્યમાં જતી નથી. તેવી જ રીતે ક્ષાયોપશમિકભાવ હો કે ક્ષાયિકભાવની પર્યાય હો, તેની સ્થિતિ પણ એક સમય છે. બીજે સમયે તેનો વ્યય થતાં તે પારિણામિક ભાવરૂપ થઈ જાય છે. (પાનું-૨૫૦-૨૫૧) (૨૩) અખંડ અનાકુળ-સ્વરૂપ ભગવાન આત્માનો આશ્રય લઈને જે અનુભવની દશા પ્રગટ થાય એ–જેમ વસ્તુ અવિનાશી છે તેમ–અવિનાશી છે. એનો પણ (એક અપેક્ષાએ) નાશ થતો નથી. અષ્ટપાહુડના ચારિત્રપાહુડની ચોથી ગાથામાં મોક્ષમાર્ગના પરિણામને – 'અક્ષય–અમેય' કહ્યા છે. (પાનું-૨૭૦) (૨૪) જ્ઞાતા દ્રવ્યનું પર્યાયમાં જ્ઞાન થાય ત્યાં દ્રવ્ય પર્યાયમાં આવે નહિ, પણ પર્યાયમાં જ્ઞાતા દ્રવ્યનું પૂરું જ્ઞાન થાય. આત્માને જાણવો એનો અર્થ એમ છે કે એક સમયની જ્ઞાનપર્યાયમાં આ જ્ઞેય પૂર્ણ અખંડ ધ્રુવ શુદ્ધ પ્રભુ જેવો છે તેવો પરિપૂર્ણ જણાય ત્યારે આત્માને જાણ્યો એમ કહેવાય. **(પ્રવ. રત્ના., ભાગ-૨, પાનું-**૨૭) (૨૫) વસ્તુ-આત્મા દ્રવ્ય-પર્યાયસ્વરૂપ છે. ત્યાં પર્યાય ધ્રુવ ઉપયોગરૂપ નિત્યાનંદ સ્વભાવને લક્ષ કરી ન ઊપજે તો ધર્મ કેવી રીતે થાય ? વર્તમાન પર્યાયે ઉપયોગમાં દયા, દાન, વ્રતાદિના રાગને લક્ષમાં લઈ અને એ રાગ તે મારું અસ્તિત્વ એમ માન્યું તો એ તો પુદ્‌ગલનો અનુભવ થયો. ભગવાન આત્માનો અનુભવ તો રહી ગયો. (પાનું-૮૭) (૨૬) જે પર્યાયે, તે જેની છે એવા સ્વને (આત્માને) જ્ઞેય ન બનાવતાં જે એનામાં (આત્મામાં) નથી એવા રાગને જ્ઞેય બનાવીને માન્યું કે તે (રાગ) હું છું એ પર્યાય મિથ્યાત્વની પર્યાય છે. એને મિથ્યાદૃષ્ટિ કહ્યો છે. જે પર્યાયે, તે જેની છે એવા પૂર્ણાનંદના

Please inform us of any errors on AtmaDharma.com@gmail.com

Version 001: remember to check AtmaDharma.com & AtmaDharma.org for updates



નાથ ભગવાન આત્મા ત્રિકાળી ધ્રુવને દૃષ્ટિમાં લઈને એ (આત્મા) હું છું એમ સ્વીકાર કર્યો એ પર્યાય સત્ય થઈ, કેમકે એમાં સત્યનો સ્વીકાર છે. એ પર્યાય સમ્યગ્દર્શન છે, ધર્મ છે. (પાનું-૮૮-૮૯) (૨૭) પર્યાયને અંતર્મુખ વાળતાં તે સામાન્ય એક અખંડ સ્વભાવમાં જ એકત્વ પામે છે. આ અખંડમાં એકત્વ થાઉં એવું પણ રહેતું નથી. પર્યાય જે બહારની તરફ જતી હતી તેને જ્યાં અંતર્મુખ કરી ત્યાં તે (પર્યાય) સ્વયં સ્વતંત્ર કર્તા થઈને અખંડમાં જ એકત્વ પામે છે. પર્યાયને રાગાદિ પર તરફ વાળતાં મિથ્યાત્વ પ્રગટ થાય છે અને અંતર્મુખ વાળતાં પર્યાયનો વિષય અખંડ જ્ઞાયક થઈ જાય છે (કરવો પડતો નથી). પરની દિશાના લક્ષ તરફ દશા છે એ દશા સ્વલક્ષ પ્રતિ વાળતાં શુદ્ધતા વા ધર્મ પ્રગટ થાય છે. (પાનું-૧૨૬) (૨૮) શક્તિમાંથી વ્યક્તિ પ્રકાશમાનરૂપ જ હોય છે. જ્ઞાનસ્વભાવ પોતાથી પ્રાપ્ત થાય છે, રાગની મંદતાથી નહિ. આને એકાંત કહો તો તે એકાંત જ છે. સમ્યક્ એકાંત વિના અનેકાંતનું જ્ઞાન પણ યથાર્થ થતું નથી. સમ્યક્ એકાંતમાં આવ્યા વિના પર્યાય, રાગ અને નિમિત્તિનું જ્ઞાન—અનેકાંતપણાનું જ્ઞાન યથાર્થ થતું નથી. (પાનું-૧૩૦) (૨૯) વેદન પર્યાયમાં છે, ત્રિકાળી ધ્રુવ દ્રવ્યમાં નથી. દ્રવ્ય તો અક્રિય છે. તેથી દ્રવ્ય પર્યાયને સ્પર્શતું નથી. ભાઈ ! આ તો વસ્તુસ્થિતિની અલૌકિક વાતો છે. (પાનું-૨૨૩) (૩૦) ખરેખર તો જે મોક્ષમાર્ગ પ્રગટ થયો એ એની જન્મક્ષણ છે. સ્વભાવનો સમુદ્ર ભગવાન પોતે - એની દૃષ્ટિ-જ્ઞાન કરીને જે ચારિત્ર પ્રગટ કર્યું એ પર્યાયની ઉત્પત્તિની જન્મક્ષણ છે, એને બીજા કશાની અપેક્ષા નથી. (પાનું-૨૨૯) (૩૧) એક સમયની પર્યાય છે તે વ્યક્ત છે, પ્રગટ છે અને વસ્તુ (આત્મા) છે તે અવ્યક્ત છે. અવ્યક્ત એટલે કે પર્યાય જે પ્રગટ-વ્યક્ત છે તેમાં વસ્તુ આવતી નથી માટે તે અવ્યક્ત છે. વસ્તુ છે તે પર્યાયમાં આવતી નથી, પણ એનું જ્ઞાન પર્યાયમાં આવે છે. ખરેખર તો જ્ઞાનની પર્યાય છે એમાં જ્ઞાયક

Please inform us of any errors on AtmaDharma.com@gmail.com

Version 001: remember to check AtmaDharma.com & AtmaDharma.org for updates



ચૈતન્ય જ જણાઈ રહ્યો છે. જ્ઞાનનો નિશ્ચયથી સ્વપ્રકાશક સ્વભાવ હોવાથી, જ્ઞાયક એમાં જણાઈ જ રહ્યો છે, પરંતુ અજ્ઞાનીની દૃષ્ટિ જ્ઞાયક ઉપર નથી. **(પ્રવ. રત્ના., ભાગ-૩, પાનું-૧૩)** (૩૨) જે જ્ઞાયક અખંડ ચૈતન્યશક્તિ નિત્યાનંદરૂપ ધ્રુવ-ધ્રુવ-ધ્રુવ એકાકાર એ જ ખરેખર આત્મા છે. પર્યાયમાં એનો સ્વીકાર કરીને આ ચૈતન્યતત્ત્વ એ જ હું છું એમ વેદન કર્યા વિના આ હું છું એમ વિકલ્પમાં ધારણા કરી હતી. પરંતુ પ્રત્યક્ષ વેદન કરીને એમાં અહંપણું એણે ન કર્યું. સ્વભાવની અંતરમાં જઈને "આ હું છું" એવી પ્રતીતિ કરી નહિ. અંતરમાં જઈને એટલે કાંઈ વર્તમાન પર્યાય ધ્રુવમાં એક થઈને એવો તેનો અર્થ નથી. અંતરમાં જઈને એટલે સ્વસન્મુખ થઈને. પર્યાય જ્યારે ધ્રુવની સન્મુખ થાય છે ત્યારે પરિપૂર્ણ તત્ત્વનો પ્રતિભાસ થાય છે. પર્યાયમાં અખંડનો પ્રતિભાસ થાય છે. અખંડ વસ્તુ છે તે પર્યાયમાં આવતી નથી. પણ અખંડ પ્રતિભાસમય જે આત્મા તેનું જ્ઞાન પર્યાયમાં આવે છે. પર્યાયમાં પરમાત્મસ્વરૂપનું જ્ઞાન થઈ જાય છે અને એવું જણાય ત્યારે પર્યાયમાં પરમાત્મપણું કાર્યપણે પરિણમે છે. પર્યાય છે તે ખંડ છે, અંશ છે. તે જ્યારે વસ્તુ તરફ ઢળે છે ત્યારે તેમાં અખંડ પ્રતિભાસમય વસ્તુ આખી જણાય છે. પર્યાય છે એ તો વ્યવહાર આત્મા છે. મોક્ષમાર્ગની પર્યાય એ પણ વ્યવહાર છે. નિશ્ચય આત્મા તો ત્રિકાળી શુદ્ધ ધ્રુવ-ધ્રુવ-ધ્રુવ પર્યાયની સક્રિયતારહિત નિષ્ક્રિય વસ્તુ છે. (પાનું-૧૪) (૩૩) અનાદિથી પર તરફ વલણ જઈ રહ્યું છે એને અંતર્મુખ વાળવું એ જ પુરુષાર્થ છે. જે પર્યાય રાગાદિ ઉપર ઢળેલી છે એને તો કાંઈ અંદર વાળી શકાય નહિ. પણ જ્યાં દૃષ્ટિ દ્રવ્ય ઉપર જાય છે ત્યાં તે જ ક્ષણે પર્યાય સ્વયં અંતરમાં ઢળેલી હોય છે. ત્યારે તેને અંતરમાં વાળી એમ કહેવાય છે. (પાનું-૨૪) (૩૪) જ્ઞાનની પર્યાયનો સ્વપરપ્રકાશક સ્વભાવ છે. સ્વ એવું જે દ્રવ્ય તે જ તેના જ્ઞાનમાં આવે છે. પરંતુ અજ્ઞાનીનું વલણ સ્વદ્રવ્ય ઉપર

Please inform us of any errors on AtmaDharma.com@gmail.com

Version 001: remember to check AtmaDharma.com & AtmaDharma.org for updates



નથી તેથી જ્ઞાનની પર્યાયમાં–પ્રગટ અવસ્થામાં જાણનારો પોતે જણાય છે એવું તેને ભાન થતું નથી, એવી તેને પ્રતીતિ ઊપજતી નથી. ભગવાન ! તારું જે પૂર્ણ અસ્તિત્વ છે તે એક સમયની પર્યાયમાં સદાય જણાય છે. ભાઈ ! આ તો સર્વજ્ઞની વાણી છે, આ તો પરમાગમ છે. (પાનું-૩૬) (૩૫) પર્યાય છે જ નહિ એમ કોઈ કહે તો એનું જ્ઞાન ખોટું છે. પર્યાય છે એમ જ્ઞાન રાખીને દ્રવ્યનો આશ્રય કરે એ જ યથાર્થ છે. વ્યવહારની ઉપેક્ષા કરવી એ જ એની અપેક્ષા છે. પર્યાયમાં જે રાગ છે તેની ઉપેક્ષા કરીને દ્રવ્યની અપેક્ષા કરવી. વ્યવહારની ઉપેક્ષા કરી ત્યાં જ એની અસ્તિ સિદ્ધ થઈ ગઈ, અર્થાત્ એની એટલી અપેક્ષા આવી ગઈ. (પાનું-૫૦) (૩૬) દિવ્ય ધ્વનિ છે તે તેના કારણે ભાષાવર્ગણામાં ભાષારૂપ (શબ્દરૂપ) પર્યાય થવાની જન્મક્ષણ છે તેને લઈને થાય છે. જ્ઞાન કાંઈ શબ્દની પર્યાયનું કર્તા નથી પર્યાયકાળે જ્ઞાન તેમાં નિમિત્ત છે તેથી ઉપચારથી જ્ઞાન શબ્દનો કર્તા છે એમ કહ્યું છે. કેવળજ્ઞાનની પર્યાય પોતે પોતાથી થાય છે. લોકાલોક છે માટે કેવળજ્ઞાનની પર્યાય થાય છે એમ છે જ નહિ. કેવળજ્ઞાનની પર્યાયનું પરિણમન (લોકાલોકથી નિરપેક્ષ) સ્વયં સ્વતંત્ર છે અને લોકાલોકની હયાતી (કેવળજ્ઞાનથી નિરપેક્ષ) સ્વયં સ્વતંત્ર છે. કેવળજ્ઞાન લોકાલોકને જાણે છે એમ કહેવું એ તો અસદ્‌ભુત વ્યવહારનયનો વિષય છે. ખરેખર તો પોતાની પર્યાયને જ જાણે છે. (પાનું-૬૫) (૩૭) એક સમયની જ્ઞાનપર્યાયનું અસ્તિત્વ માને ત્યારે છ દ્રવ્યનું અસ્તિત્વ માન્યું કહેવાય અને છ દ્રવ્યનું જ્ઞાન જે વ્યક્ત પર્યાયમાં થાય છે એની દૃષ્ટિ છોડી ત્રિકાળ અવ્યક્તની દૃષ્ટિ કરે ત્યારે એણે સ્વદ્રવ્યને માન્યું કહેવાય. ધર્મ કેમ થાય એની આ વાત છે. ભાઈ ! તારી પર્યાયમાં છ દ્રવ્ય જણાય છતાં છ દ્રવ્યને લઈને એ પર્યાય છે એમ નથી. આવી એક સમયની જે જ્ઞાનની પર્યાય, જેમાં ત્રિકાળી આત્મા વ્યાપતો નથી એ પર્યાયમાં તું છ દ્રવ્યરહિત શુદ્ધ અવ્યક્ત આત્માને જાણ. એને જાણતાં તને સમ્યગ્દર્શનજ્ઞાન અને ધર્મ થશે. આવી વાત સાંભળવાની પણ જેને ફુરસદ મળે નહિ તે સમજે ક્યારે અને

Please inform us of any errors on AtmaDharma.com@gmail.com

Version 001: remember to check AtmaDharma.com & AtmaDharma.org for updates



તેનો પ્રયોગ કરે ક્યારે ? (પાનું-૬૯) (૩૮) આ લોકાલોકને એક સમયની પર્યાય જાણે તે પર્યાયનું પોતાનું સામર્થ્ય છે. તે પર્યાય એમ વિચારે છે કે હું જ્ઞાયક છ દ્રવ્યથી ભિન્ન છું. જાણે સાતમું દ્રવ્ય ! છ દ્રવ્યથી હું ભિન્ન છું એમ વિચારનારી પર્યાય સ્વદ્રવ્ય તરફ ઢળે છે. વિકલ્પમાં એમ વિચારે છે ત્યાં સુધી સૂક્ષ્મ ભેદનો અંશ છે પણ જ્યાં પર્યાય સ્વદ્રવ્યમાં ઢળે છે એટલે એ ભેદ પણ છૂટી જાય છે. ભાઈ ! આ તો ગૂઢભાવો સાદી ભાષામાં કહેવાય છે. પર્યાય એમ જાણે છે કે હું એક, અખંડ, ધ્રુવ ચૈતન્યસ્વભાવી અવ્યક્ત ચીજ છું. વ્યક્ત પર્યાય અવ્યક્તને આવો જાણે છે. અવ્યક્ત, અવ્યક્તને કેમ જાણે ? બાપુ ! જૈન દર્શન તો વિશ્વદર્શન છે. (પાનું-૭૦) (૩૯) ચિત્સામાન્યમાં ચૈતન્યની સર્વ વ્યક્તિઓ નિમગ્ન છે માટે આત્મા વ્યક્ત છે. જે પર્યાય ભવિષ્યે વ્યક્ત થવાની છે અને જે વ્યક્ત થઈ ગઈ તે બધી પર્યાયો ચૈતન્યસામાન્યમાં અંતર્લીન છે. વર્તમાન પર્યાય ચૈતન્યમાં નિમગ્ન નથી. જો વર્તમાન પર્યાય પણ તેમાં નિમગ્ન હોય તો જાણવાનું કાર્ય કોણ કરે ? ભૂતકાળની અને ભવિષ્યકાળની બધી પર્યાયો દ્રવ્યસામાન્યમાં પારિણામિકભાવે છે. દ્રવ્યની પ્રતીતિ કરનારી પર્યાય દ્રવ્યમાં ઘૂસી જાય તો પ્રતીતિ કરનાર કોઈ રહેતું નથી. તેથી પ્રગટ વર્તમાન પર્યાય દ્રવ્યથી ભિન્ન રહીને પ્રતીતિ કરે છે. આવી વાત છે. (પાનું-૭૩) (૪૦) અહાહા ! અનંત કેવળજ્ઞાનની પર્યાયો એક જ્ઞાનગુણમાં (શક્તિરૂપે) પડી છે, શ્રદ્ધાની અનંત પર્યાયો એક શ્રદ્ધાગુણમાં પડી છે, નિર્મળ ચારિત્રની અનંત પર્યાયો એક ચારિત્રગુણમાં પડી છે, તથા અતીન્દ્રિય આનંદની અનંત પર્યાયો એક આનંદ ગુણમાં પડી છે. આમ પ્રત્યેક ગુણની અનંત પર્યાયો તે તે ગુણમાં શક્તિરૂપે પડી છે. અવ્યક્ત ત્રિકાળી દ્રવ્યનું અને વ્યક્ત પર્યાયનું એકસાથે જ્ઞાન જે પર્યાયમાં થાય તે પર્યાયને દ્રવ્ય સ્પર્શતું નથી. અહા ! વસ્તુ સૂક્ષ્મ અને ગંભીર છે. અહીં દ્રવ્ય અને પર્યાયને જુદાં સિદ્ધ કરે છે. જ્ઞાયક એવો આત્મા પરદ્રવ્યથી તો ભિન્ન છે જ, પરંતુ પોતાને જાણનારી-દેખનારી પર્યાયથી પણ ભિન્ન છે એમ સિદ્ધ કરે છે. (પાનું-૭૫)

Please inform us of any errors on AtmaDharma.com@gmail.com

(૪૧) અનંત સિદ્ધો અને સ્વદ્રવ્ય પર્યાયમાં જણાય છે. એટલે કે પર્યાયમાં પર્યાયનો પ્રતિભાસ થાય છે અને પર્યાયમાં દ્રવ્યનો પ્રતિભાસ થાય છે. એક સમયની પર્યાયમાં આખા દ્રવ્યનો પ્રતિભાસ થાય છે. એવું દ્રવ્ય-પર્યાયનું એકસાથે મિશ્રપણે એક સમયમાં જ્ઞાન હોવા છતાં પર્યાયને દ્રવ્ય સ્પર્શતું નથી. ગજબ વાત છે ! જેને અંતરમાં બેસે તેનું ભવભ્રમણ મટ્યા વગર રહે નહિ એવી વાત છે. (પાનું-૭૬) (૪૨) દ્રવ્ય-પર્યાયપણે પોતે પોતાથી જ પ્રત્યક્ષ જણાઈ રહ્યો હોવા છતાં વ્યક્તપણા પ્રતિ ઉદાસીનપણે પ્રદ્યોતમાન છે. અર્થાત્ પર્યાયના વેદન પ્રત્યે ઉદાસીન છે. એ વેદનની પર્યાય દ્રવ્ય ભણી નજર કરે છે, દ્રવ્ય તરફ જ વળે છે પણ પર્યાયમાં અટકતી નથી. ત્યાં પર્યાયના વેદનમાં ન અટકતાં જ્યાં ધ્રુવ વસ્તુ છે ત્યાં ગુલાંટ ખાઈ જાય છે. બહુ સૂક્ષ્મ બોલ છે ! દ્રવ્ય ભણી લક્ષ કરનાર પર્યાય પ્રગટ આનંદના વેદનમાં પણ લક્ષ કરતી નથી. બીજી રીતે કહીએ તો એક સમયનું જે આનંદનું વેદન તેમાં પોતે ઊભો રહેતો નથી. (પાનું-૭૬) (૪૩) દરેક દ્રવ્યની કાળલબ્ધિ હોય છે. છયે દ્રવ્ય કાળલબ્ધિ સહિત છે. એટલે કે દ્રવ્યની જે સમયે જે પર્યાય થાય છે તે તેની કાળલબ્ધિ છે. તે સમયે નિમિત્ત હો ભલે, પણ નિમિત્તના કારણે પર્યાય થઈ છે એમ નથી. પર્યાય સ્વકાળે પોતાથી જ થાય છે, નિમિત્તથી નહિ - એમ કહેવું તે અનેકાંત છે, સ્યાદ્વાદ છે. બે કારણથી કાર્ય થાય છે એમ કહ્યું હોય ત્યાં તો નિમિત્તનું જ્ઞાન કરાવવાનું પ્રયોજન છે. નિશ્ચયથી તો તે તે સમયનું કાર્ય પોતાથી જ થયું છે. આ નિશ્ચય રાખીને નિમિત્તનું જ્ઞાન કરાવવા વ્યવહારથી કહેવાય છે કે બે કારણથી કાર્ય થયું છે, અને ત્યારે પ્રમાણજ્ઞાન થાય છે. (પાનું-૯૪).

(૪૪) પ્રશ્ન : જો વિકાર પરથી ન થાય અને પોતાથી થાય તો તે સ્વભાવ થઈ જશે ?

ઉત્તર : વિકારપણે થવાનો પર્યાયનો સ્વભાવ છે. स्वस्य भवनं

Version 001: remember to check AtmaDharma.com & AtmaDharma.org for updates



स्वभावः । પોતાથી તે પર્યાય થાય છે માટે તે સ્વભાવ છે. વિકાર પણ તે સમયનું સત્ છે કે નહીં ? (હા, છે.) તો નિશ્ચયથી સત્‌ને કોઈ હેતુ હોઈ શકે નહિ. ઉત્પાદ, વ્યય, ધ્રુવ ત્રણેય સત્ છે. ભલે ઉત્પાદક કે વ્યય વિકારરૂપ હો, પણ તે સત્ છે અને સત્ અહેતુક હોય છે. તે કાળનું તે સ્વતંત્ર સત્ છે તો તેમાં અસત્‌ની (તેનાથી અન્યની) અપેક્ષા કેમ હોય ? પરંતુ અહીંયાં તો તે સત્‌ને ત્રિકાળી સત્‌ની અપેક્ષા પણ નથી. વિકારી પર્યાય પોતાની અપેક્ષાએ વર્તમાન સત્ હોવા છતાં, તેને અપેક્ષાએ પુદ્‌ગલનાં પરિણામ કહ્યાં છે. (પાનું-૧૧૪)

(૪૫) દ્રવ્ય-ગુણ તો ધ્રુવ, કૂટસ્થ છે, અક્રિય છે. એમાં કોઈ ક્રિયા, પરિણમન, બદલવું નથી. ક્રિયા તો પરિણતિપર્યાયમાં છે. રાગની ક્રિયા તો દ્રવ્ય-ગુણમાં નથી પણ નિર્મળતાની ક્રિયા પણ દ્રવ્ય-ગુણમાં નથી. ક્રિયા પર્યાયમાં છે, તેથી જે પર્યાય અંદર દ્રવ્યસ્વભાવ તરફ વળે છે તે પર્યાય એમ નક્કી કરે છે કે ઉપયોગગુણ વડે આત્મા સર્વ પરદ્રવ્યોથી ભિન્ન છે, અધિક છે. આવી માખણ-માખણની વાત છે. (પાનું-૧૩૪-૧૩૫). (૪૬) કાર્તિકેય સ્વામીએ એક ગાથામાં કહ્યું છે કે–પૂર્વપરિણામયુક્ત દ્રવ્ય તે કારણ છે. અને ઉત્તરપરિણામયુક્ત દ્રવ્ય તે કાર્ય છે તો પછી નિમિત્ત (પરદ્રવ્ય) કારણ છે એ ક્યાં રહ્યું ? વ્યવહારથી કહેવું હોય તો પૂર્વપરિણામ કારણ અને ઉત્તરપરિણામ કાર્ય કહેવાય. તથા નિશ્ચયથી જોઈએ તો, એ જ પરિણામ કારણ અને એ જ પરિણામ કાર્ય છે. (પાનું-૧૩૬) (૪૭) અનંત આનંદ-જ્ઞાન આદિ અનંત ગુણની નિર્મળ પર્યાયનો ઉત્પાદ-વ્યય થવો અથવા ગુણના આશ્રયે ઉત્પાદ-વ્યય થવો એ આત્માની પ્રસિદ્ધિ છે. પરંતુ પરના આશ્રયે જે રાગાદિ થાય છે તે આત્માની પ્રસિદ્ધિ નથી. આવું આકરું પડે પણ શું થાય ? (પાનું-૧૫૮) (૪૮) એક બાજુ એમ કહે કે પુણ્ય-પાપ આદિ ભાવ જીવની પર્યાયમાં થાય છે અને જીવ તેનો કર્તા-ભોક્તા

Please inform us of any errors on AtmaDharma.com@gmail.com

Version 001: remember to check AtmaDharma.com & AtmaDharma.org for updates



છે. એ તો પર્યાયનું જ્ઞાન કરાવવા જ્ઞાનની અપેક્ષાએ કથન છે. જ્યારે અહીં દૃષ્ટિની અપેક્ષાથી એમ કહે છે કે રાગ-દ્વેષાદિની ઉત્પત્તિ અને વ્યય પુદ્‌ગલની સાથે સંબંધ રાખે છે. સ્વભાવની દૃષ્ટિએ જોતાં તે રાગ-દ્વેષાદિ પરનાં છે. જો તે રાગ-દ્વેષાદિ ભાવો જેમ પુદ્‌ગલની સાથે ઉત્પાદ-વ્યયપણે વ્યાપ્ત થતા દેખાય છે તેમ આત્માની સાથે પણ એકપણે દેખાય તો આત્મા પુદ્‌ગલમય થઈ જાય, જીવપણે રહે નહિ, અર્થાત્ રાગ વિનાનો અખંડ આનંદકંદસ્વરૂપ જે આત્મા તેનો નાશ થઈ જાય. (પાનું-૧૫૯) (૪૯) પ્રવચનસારની ૧૮૯મી ગાથામાં શુદ્ધનયથી રાગ જીવનો છે એમ કહ્યું છે. શુદ્ધનયથી એટલે કે સ્વદ્રવ્યની પર્યાય-રાગ પોતાથી પોતાના આશ્રયે (કારણે) થાય છે, કર્મથી નહિ. તેથી સ્વાશ્રિત રાગની પર્યાયને નિશ્ચયથી જીવની છે એમ કહ્યું છે. આત્મા વ્યાપક થઈને તે શુભભાવના રાગનો કર્તા થાય છે માટે શુભ રાગ તે આત્માનું વ્યાપ્ય છે એમ ત્યાં કહ્યું છે કેમકે ત્યાં પર્યાય સ્વતઃ સિદ્ધ કરવી છે. જ્યારે અહીં દ્રવ્યસ્વભાવ સિદ્ધ કરવો છે. તેથી કહ્યું ને કે ગુણસ્થાનાદિ કર્મના વિપાકપૂર્વક થાય છે તેથી પુદ્‌ગલ જ છે, સદાય અચેતન છે, જીવ નથી (પાનું-૨૦૮) (૫૦) અંતઃતત્ત્વ ચૈતન્યસ્વરૂપ ભગવાન આત્મા પરમાત્મ સ્વરૂપ છે. અત્યારે જ પરમાત્મસ્વરૂપે બિરાજમાન છે, હોં. એ પરમાત્મસ્વરૂપનું કાર્ય શું રાગ હોય ? ના. રાગ છે તો જીવની પર્યાયમાં અને તે પોતાનો જ અપરાધ છે, પણ તે કાંઈ ચૈતન્યસ્વભાવથી નીપજેલું કાર્ય છે ? ના. તે કારણે, દ્રવ્ય-ગુણના આશ્રય વિના પર્યાયમાં સ્વયં અધ્ધરથી ઉત્પન્ન થયેલા રાગને પુદ્‌ગલનું કાર્ય કહ્યું છે. (પાનું-૨૧૯) (૫૧) ભાઈ ! "આત્મા નથી દેખાતો," "મને હું નથી દેખાતો" એવો નિર્ણય કર્યો કોણે ? એવો નિર્ણય કર્યો શામાં ? એવો નિર્ણય પોતે જ્ઞાનની પર્યાયમાં કર્યો છે, અને એ જ જ્ઞાન આત્મા છે. એ જ્ઞાનની પર્યાયને પકડીને અંદર જા તો આનંદનો નાથ ભગવાન જરૂર દેખાશે. બાપુ ! આ તો જન્મ-

Please inform us of any errors on AtmaDharma.com@gmail.com

Version 001: remember to check AtmaDharma.com & AtmaDharma.org for updates



મરણના ચકરાવાનો અંત લાવવાની અપૂર્વ વાત છે. બાકી બીજું બધું (વ્રત, તપ આદિ) તો ઘણું કર્યું છે. (પાનું-૨૩૦) (૫૨) ખરેખર તો દ્રવ્ય પર્યાયને કરે છે એ પણ પર્યાયાર્થિક નયથી કથન છે એમ જાણવું. માટીથી ઘડો થયો છે એમ કહેવામાં એ પરથી થયો નથી એમ બતાવવું છે. બાકી ધ્રુવ માટી ઘડાની પર્યાયને કરે નહીં. અહાહા ! ભગવાન ધ્રુવ આત્મા (નિશ્ચયથી) પર્યાયને અડતો નથી, અને પર્યાયને કરતો નથી. (પાનું-૨૫૦).

(૫૩) પ્રશ્ન : જ્ઞાનરૂપે તો અજ્ઞાની પણ હંમેશાં પરિણમે છે ?

ઉત્તર : ના, એમ નથી. અજ્ઞાની એક સમય પણ જ્ઞાનપણે પરિણમતો નથી. એ તો કહ્યું ને કે જ્ઞાનની પર્યાયમાં ધ્રુવ જ્ઞાનસ્વરૂપી આત્મા જણાય છે, પણ આ ધ્રુવ જ્ઞાન તે હું - એમ તે ક્યાં જાણે છે અને માને છે ? એ તો જે રાગ અને પર જણાય છે એ જ મારાં જ્ઞેય છે એમ માને છે. પરંતુ જ્ઞાનની પર્યાયમાં 'આ જ્ઞાયક છે તે હું છું'–એમ જ્ઞાયકને જાણવાપણે અને રાગ તથા પરથી લક્ષ દૂર કરીને દૃષ્ટિ સ્વ ભણી વાળવારૂપે અજ્ઞાની પરિણમતો નથી. (**પ્રવ. રત્ના., ભાગ-૪,** પાનું-૧૪).

(૫૪) સમય સમયનું ઉપાદાન સ્વયંસિદ્ધ પોતાથી છે, નિમિત્તના કારણે નહિ, પૂર્વપર્યાયના કારણે નહિ અને પોતાના દ્રવ્ય-ગુણના કારણે પણ નહિ. અહો ! આવું સત્‌ સ્વયં નિજ સમૃદ્ધિથી ભરેલું છે. વાંચતી વખતે કે સાંભળતી વખતે જે જ્ઞાનની પર્યાય થાય છે તે પોતાને લઈને સ્વયં પોતાથી થાય છે, નિમિત્તને લઈને નહિ. જ્ઞાનની પર્યાયના ઉત્પાદનો સ્વકાળ છે, એની નિજક્ષણ છે એટલે તે પર્યાય સ્વતંત્રપણે પોતાથી ઉત્પન્ન થાય છે. ભાઈ ! આ તો વીતરાગ પરમેશ્વર જિનેશ્વરદેવના દરબારની વાતો છે. (પાનું-૪૦) (૫૫) પર્યાયને ત્રિકાળીમાં અભેદ કરવી તે ધર્મ છે-મોક્ષમાર્ગ છે. પર્યાયને અભેદ કરવી એટલે દ્રવ્ય સન્મુખ કરવી એવો એનો અર્થ

Please inform us of any errors on AtmaDharma.com@gmail.com

છે. કાંઈ દ્રવ્ય અને પર્યાય એક થઈ જાય એમ અર્થ નથી. પર્યાય દ્રવ્યસન્મુખ થતાં સ્વભાવની જાતની પર્યાય થઈ અને રાગથી ભિન્ન પડી ગઈ. એટલે તે દ્રવ્યથી અભિન્ન થઈ એમ કહેવામાં આવે છે. (પાનું-૪૨) (૫૬) ખરેખર રાગનો કર્તા આત્મા નથી, પણ પર્યાયમાં પરિણમન છે એ અપેક્ષાએ તેને કર્તા કહ્યો છે. ત્યાં નિશ્ચય રાખીને વાત છે, તથા પ્રમાણનું જ્ઞાન કરાવવા નિમિત્તને ભેળવીને કહ્યું કે એ કર્તા છે. આ પ્રમાણે કાર્યનાં બે કારણો સિદ્ધ કર્યાં—એક, ઉપચરિત અથવા નિમિત્ત કારણ અને બીજું, ઉપાદાન કારણ. ઉપાદાન કારણ છે તે યથાર્થ છે. રાગનો જે વિકલ્પ ઊઠે છે તેનું નિશ્ચયથી આત્મા કારણ નથી. પણ પર્યાયમાં થાય છે તેથી તેને કારણ ગણ્યું છે. ખરેખર રાગનું કારણ રાગની પર્યાય પોતે જ છે. (પાનું-૪૫) (૫૭) પર્યાયથી પાર જે ત્રિકાળી ભગવાન ભિન્ન છે તે શુદ્ધ છે અને તે શુદ્ધનો જે પર્યાયે નિર્ણય કર્યો તે પર્યાય તે શુદ્ધમાં (દ્રવ્યમાં) નથી. પર્યાય પર્યાયમાં રહીને દ્રવ્યશુદ્ધ છે એમ અનુભવ કરે છે. (પાનું-૬૨) (૫૮) પર્યાય જ્યાં દ્રવ્ય. સન્મુખ ઢળી એટલે તે દ્રવ્યથી અભેદ થઈ. ખરેખર તો પર્યાય પર્યાયમાં તન્મય છે, દ્રવ્યમાં નહિ. તન્મય એટલે પર્યાય દ્રવ્યાભિમુખ થઈ, દ્રવ્ય પ્રતિ ઢળી છે એમ અર્થ છે. વિજ્ઞાનઘન થયો એટલે શું ? કે જ્ઞાનની પર્યાય જે અસ્થિર બહિર્મુખ હતી તે દ્રવ્યમાં અંતર્મુખ વળીને સ્થિર થઈ તેને વિજ્ઞાનઘન થયો કહેવામાં આવે છે. (પાનું-૬૮-૬૯) (૫૯) અસ્તિકાયની અપેક્ષાએ વિકારની પર્યાય પણ પોતાથી પોતામાં પોતાને કારણે થાય છે, પરથી નહિ. એ તો દ્રવ્ય-ગુણ-પર્યાય એમ ત્રણે થઈને અસ્તિકાય સિદ્ધ કરવાની વાત છે. હવે અહીં દ્રવ્યદૃષ્ટિ પ્રગટ કરીને પર્યાયદૃષ્ટિ છોડવાની વાત છે. પંચાસ્તિકાયમાં દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણે પોતાથી છે એમ કહ્યું છે. વિકારી પર્યાય પણ પોતાથી અને નિર્મળ પર્યાય પણ પોતાથી થાય છે, પરથી નહિ એમ પર્યાયને ત્યાં સ્વતંત્ર સિદ્ધ કરી છે. હવે અહીં જ્યાં ત્રિકાળી શુદ્ધ એક દ્રવ્યસ્વભાવ ઉપર

Version 001: remember to check AtmaDharma.com & AtmaDharma.org for updates



દૃષ્ટિ કરવી છે ત્યાં વિકારી પરિણામનો કર્તા પુદ્‌ગલ છે, જીવ તેનો કર્તા નથી એમ કહ્યું છે. અહો ! જન્મ-મરણને મટાડનારો વીતરાગ પરમેશ્વરનો માર્ગ અદ્‌ભુત અલૌકિક છે. ભાઈ ! ખૂબ શાંતિથી એકવાર તું સાંભળ. (પાનું-૧૦૦) (૬૦) ખરેખર તો વ્યવહારનો જે રાગ છે તે જ કાળે જ્ઞાનની પર્યાય પોતાને જાણતી પોતાથી પરિણમે છે. રાગ હો, દેહની સ્થિતિ હો; પણ એ બધું પરમાં જાય છે. જે કાળે જે પ્રકારનો રાગ થયો, જે પ્રકારે દેહની સ્થિતિ થઈ તે કાળે તે જ પ્રકારે જાણવાની જ્ઞાનની પર્યાય સ્વતંત્ર પોતાથી થાય છે. (પાનું-૧૦૫) (૬૧) જે દ્રવ્યનું સ્વરૂપ છે એ જ પર્યાયનું સ્વરૂપ છે. પર્યાય એની જાતની છે ને ! પર્યાય અને દ્રવ્ય બન્ને એક થયાં છે એમ નથી. પર્યાય પર્યાયમાં રહીને દ્રવ્યને જાણે છે. દ્રવ્યમાં ભળીને જાણતી નથી; પરંતુ પરથી ભિન્નપણું છે એ અપેક્ષાએ દ્રવ્ય અને પર્યાય અભિન્ન છે એમ કહ્યું છે. અપેક્ષા બરાબર સમજવી જોઈએ. આ પ્રમાણે દ્રવ્યનું સ્વરૂપ વા સત્ત્વ તે જ પર્યાયનું સ્વરૂપ વા સત્ત્વ છે, આમ હોઈને એટલે કે દ્રવ્ય-પર્યાયની અભિન્નતા હોઈને દ્રવ્ય પર્યાયમાં વ્યાપે છે અને પર્યાય દ્રવ્ય વડે વ્યપાઈ જાય છે. (પાનું-૧૧૫) (૬૨) પર્યાયની સત્તા અને દ્રવ્યની સત્તા બે જુદી નથી. જેમ પરદ્રવ્યની સત્તા જુદી છે તેમ દ્રવ્ય અને તેની નિર્મળ પરિણતિની સત્તા જુદી નથી. આમ તો દ્રવ્યની સત્તા અને પર્યાયની સત્તા બે ભિન્ન છે. એ અંદર-અંદરની (પરસ્પરની) અપેક્ષાએ વાત છે. પણ પરની અપેક્ષાએ તો દ્રવ્ય અને પર્યાયની સત્તા અભિન્ન એક છે. ખરેખર તો ત્રિકાળી ધ્રુવ દ્રવ્યનાં સત્તા અને ક્ષેત્ર તેની નિર્મળ પર્યાયનાં સત્તા અને ક્ષેત્રથી ભિન્ન છે. પણ એ તો અંદર-અંદર પરસ્પરની દ્રવ્ય અને પર્યાયની અપેક્ષાએ વાત છે. પરંતુ અહીં તો એમ સિદ્ધ કરવું છે કે પર્યાય અને દ્રવ્યનું ક્ષેત્ર એક છે, કેમકે અભિન્ન સત્તાવાળા પદાર્થમાં વ્યાપ્યવ્યાપકપણું હોય છે. (પાનું-૧૧૬) (૬૩) **ભાઈ ! હજુ પર્યાયની**

**સ્વતંત્રતા જેને બેસતી નથી તેને દ્રવ્ય જે વ્યક્ત નથી તેની સ્વતંત્રતાની વાત કેમ બેસે ?** પોતાની જે પ્રગટ પર્યાય તે સ્વતંત્ર છે, પરને લઈને નથી. અને કર્મનું બંધન થાય તે કર્મને લઈને છે, જીવને લઈને નથી. આવી સમયસમયની પર્યાયની સ્વતંત્રતાની વાત જેને ન બેસે તેને આનંદકંદ પ્રભુ ત્રિકાળી શુદ્ધ સૂક્ષ્મ ચૈતન્યસ્વભાવની સ્વતંત્રતા દૃષ્ટિમાં નહિ બેસે અને તેને સમ્યગ્દર્શન પ્રગટ નહિ થાય. (પાનું-૧૬૩-૧૬૪) (૬૪) નિશ્ચયથી પર્યાયનું કર્તા દ્રવ્ય નથી, કેમ કે પર્યાયની આદિમાં પર્યાય છે. સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રની પર્યાયની આદિમાં આત્મા છે એ તો પર્યાયને દ્રવ્યમાં અભેદ ગણીને કહ્યું છે. સમ્યગ્દર્શનની પર્યાયમાં આખા દ્રવ્યની શ્રદ્ધા આવે છે, દ્રવ્ય આવતું નથી. સમ્યગ્જ્ઞાનની પર્યાયમાં દ્રવ્ય જેવું પરિપૂર્ણ છે તેવું જ્ઞાન આવે છે. ખરેખર તો દ્રવ્ય સંબંધીનું જ્ઞાન જે પર્યાયમાં આવે છે તે પર્યાયનું જ્ઞાન પર્યાયમાં આવે છે. વળી દ્રવ્ય છે માટે દ્રવ્યનું જ્ઞાન પર્યાયમાં થાય છે એમ નથી. જ્ઞાનની પર્યાયમાં એટલી તાકાત છે કે દ્રવ્યનું જ્ઞાન, પોતાનું જ્ઞાન અને લોકાલોકનું જ્ઞાન તે એક સમયમાં કરી લે છે. (પાનું-૧૮૯-૧૯૦) (૬૫) ભગવાન ! તારી એક સમયની જ્ઞાનપર્યાયમાં સ્વપરપ્રકાશક સામર્થ્ય છે કે નહિ ? અરે ભાઈ ! અજ્ઞાનમાં પણ એક સમયની પર્યાયમાં સ્વપરપ્રકાશક સ્વભાવ છે. પરપ્રકાશક સ્વભાવ એકલો રહે એમ કદી બનતું નથી. દરેક સમયે દરેક પર્યાયમાં સ્વપરપ્રકાશક સ્વભાવ હોવાથી જ્ઞાનમાં અનુભૂતિસ્વરૂપ ભગવાન જાણવામાં આવે છે. પણ અજ્ઞાનીની ત્યાં દૃષ્ટિ નથી. તેથી રાગ અને પર્યાયને હું જાણું છું એવો તેને ભ્રમ થાય છે. (ખરેખર તો તે જ્ઞાનને જાણે છે.) ખરેખર તો એમ છે કે આત્મામાં જે પર્યાય થાય છે તે સંયોગ છે, અને તેનો વ્યય થાય તે વિયોગ છે. પોતાના દ્રવ્યની જે પર્યાય થાય છે તે સંયોગ છે. ત્રિકાળી સ્વભાવની અપેક્ષાએ પર્યાયને સંયોગ કહેવાય છે. વર્તમાન પર્યાય જે ઉત્પન્ન થઈ તે સંયોગ અને વ્યય

Version 001: remember to check AtmaDharma.com & AtmaDharma.org for updates



પામી તે વિયોગ છે. ઉત્પાદ તે સંયોગ અને વ્યય તે વિયોગ છે. પંચાસ્તિકાયની ૧૮મી ગાથામાં આ વાત લીધી છે. જ્યાં પોતાની પર્યાયના ઉત્પાદ-વ્યયને સંયોગ-વિયોગ કહ્યાં ત્યાં પર ચીજની તો વાત જ શું ? એ તો પર જ છે. (પાનું-૨૧૮) (૬૬) પરિણમે તે કર્તા છે. અને પરિણામ કર્મ છે; કર્મ એટલે કાર્ય છે અને જે પરિણતિ છે તે ક્રિયા છે. પ્રથમની પર્યાય પલટીને વર્તમાન પર્યાય થઈ તે ક્રિયા છે. દ્રવ્ય કર્તા અને તેના પરિણામ એ તેનું કર્મ એ પણ ઉપચારથી છે અને દ્રવ્ય પરનો કર્તા તો ઉપચારથી-વ્યવહારથી પણ નથી. અહીં તો પરથી ભિન્ન પાડવાની વાત છે એટલે એમ કહ્યું કે જે પરિણમે છે તે કર્તા અને જે પરિણામ છે તે કર્મ છે. ખરેખર તો જે પરિણમે છે તે પર્યાય છે, દ્રવ્ય તેનું કર્તા નથી. પરિણતિનું ઉપાદાનકારણ પરિણતિ પોતે છે; પરિણતિ ધ્રુવથી થઈ છે એમ નથી. પરિણતિ પરિણતિથી થઈ છે. (પાનું-૨૩૯) (૬૭) નિશ્ચયનથી તો પર્યાયનું ક્ષેત્ર ભિન્ન છે અને ધ્રુવ દ્રવ્યનું ક્ષેત્ર ભિન્ન છે. જેટલા ક્ષેત્રથી પર્યાય ઊઠે છે એટલું ક્ષેત્ર ધ્રુવથી ભિન્ન ગણવામાં આવ્યું છે. બહુ સૂક્ષ્મ વાત છે, ભાઈ ! પોતાની કેવળજ્ઞાનની પર્યાય, પોતાની સમ્યગ્દર્શનની પર્યાયનું ક્ષેત્ર દ્રવ્યના ક્ષેત્રથી ભિન્ન છે. બે વચ્ચે ભેદ છે. દ્રવ્યનો ધર્મ અને પર્યાયનો ધર્મ બન્ને ભિન્ન છે, સ્વતંત્ર છે. લોકોને સત્ય વાત સાંભળવા મળી નથી એટલે 'ચોર કોટવાળને દંડે' એ ન્યાયે સત્ય વાતને જૂઠી ઠરાવવા લાગ્યા છે; શું થાય ? (પાનું-૨૪૧) (૬૮) ચેતનની નિર્મળ પર્યાય થવામાં અચેતન રાગ કારણ થાય એમ કેમ બને ? તે ભાવ જ્ઞાનમાં નિમિત્ત હો, પણ એનાથી નિશ્ચય મોક્ષમાર્ગ પ્રગટે એમ કદીય બને નહિ. દૃષ્ટિની અપેક્ષાએ તો સ્વાનુભવની જે નિર્વિકલ્પ દશા એ પણ જીવ નથી. એ દશા તો જીવનો પર્યાયભાવ છે. પર્યાયનો ભાવ છે તે ત્રિકાળી શુદ્ધ દ્રવ્યમાં નથી. સમ્યક્ દર્શનનો વિષય તો ત્રિકાળી શુદ્ધ દ્રવ્ય છે. સમ્યગ્દર્શનની પર્યાય કે મોક્ષમાર્ગની પર્યાય તે

Please inform us of any errors on AtmaDharma.com@gmail.com

Version 001: remember to check AtmaDharma.com & AtmaDharma.org for updates



સમ્યગ્દર્શનનો વિષય નથી. મોક્ષમાર્ગની પર્યાય તે મોક્ષમાર્ગનો વિષય નથી. અનુભૂતિની પર્યાય ત્રિકાળી ધ્રુવસામાન્યને વિષય કરે છે. આવું વસ્તુસ્વરૂપ છે. (**પ્રવ. રત્ના., ભાગ-૫,** પાનું-૩૦) (૬૯) જ્ઞાનની પર્યાયનો સ્વપરપ્રકાશકપણાનો સ્વભાવ છે. તેથી જ્ઞાનની પર્યાયમાં પોતાનો દ્રવ્યસ્વભાવ અનુભવવામાં-જાણવામાં આવે છે. પરંતુ અજ્ઞાનીની દૃષ્ટિ પોતાના ત્રિકાળી દ્રવ્યસ્વભાવ ઉપર જતી નથી. રાગ અને વ્યવહાર ઉપર એની દૃષ્ટિ રહેલી છે. તેથી 'આ રાગને હું જાણું છું.' એમ ભ્રાંતિથી જાણે છે. સ્વપરપ્રકાશક જ્ઞાનને એકલું પરપ્રકાશક માને તે મિથ્યાત્વ છે. રાગને માનવો અને સ્વભાવને ન માનવો તે એકાંત મિથ્યાત્વ છે, મિથ્યા ભ્રાંતિ છે. (પાનું-૩૩) (૭૦) થોડા પ્રદેશ સર્વથા નિર્મળ થઈ જાય એમ નહિ પરંતુ સર્વ પ્રદેશમાં એક અંશ નિર્મળ થાય છે. ચોથા ગુણસ્થાનમાં જ્ઞાનાદિ ગુણો એકદેશ પ્રગટ થઈ જાય છે અને તેરમા ગુણસ્થાને સર્વદેશરૂપ પ્રગટ થઈ જાય છે. આત્મામાં અનંત ગુણો છે. સમ્યક્ દર્શન થતાં તેની પ્રતીતિ થઈ ત્યાં જેટલા ગુણો છે તે બધાનો એક અંશ પર્યાયમાં પ્રગટ અનુભવમાં આવે છે. તેથી તે જાણે છે કે-'અનાદિનિધન, નિરંતર સ્વાદમાં આવતો સમસ્ત અન્યરસથી વિલક્ષણ, અત્યંત મધુર જે ચૈતન્યરસ તે જ એક જેનો રસ છે એવો આ આત્મા છે અને કષાયો તેનાથી ભિન્ન રસવાળા છે; તેમની સાથે જે એકપણાનો વિકલ્પ કરવો તે અજ્ઞાનથી છે.' (પાનું-૭૮) (૭૧) જ્ઞાન વ્યવહારને જાણે છે તો પણ તે પોતાની પર્યાયની તાકાતથી જાણે છે. તે સમયની જ્ઞાનની પર્યાય તે જ પ્રકારના ઉત્પાદરૂપે પોતાથી ઉત્પન્ન થતી હોય છે. દ્રવ્યના લક્ષે જે જ્ઞાનની સ્વપરપ્રકાશક પર્યાય ઉત્પન્ન થાય તે પોતાથી થાય છે. નિત્ય ચૈતન્ય ધાતુ તે ધ્રુવ અને નિજરસથી વિકસિત થઈ જે દશા તે પોતાની પર્યાય છે. (પાનું-૯૫) (૭૨) જ્ઞાન ધ્રુવ સત્ અને જ્ઞાનની પર્યાય જે ઉત્પન્ન થઈ તે ઉત્પાદ સત્ છે. તે પર્યાય સત્ પ્રગટ થઈ તે પોતાથી થઈ છે, વ્યવહારનો

Please inform us of any errors on AtmaDharma.com@gmail.com

રાગ છે માટે પ્રગટ થઈ છે એમ નથી. અહા ! **આવી વાત જેનાં ભાગ્ય હોય તેને સાંભળવા મળે છે. આવી વાત બીજે ક્યાંય છે નહિ. આ તો સત્‌ના ભણકાર લઈને નીકળેલી વાણી છે.** અહા ! આત્મા સત્, તેનો સ્વભાવ સત્ અને તેની નિજરસથી વિકસિત થતી જ્ઞાનની પર્યાય સત્. ત્રણેય સત્ સ્વતઃ સિદ્ધ છે, પરને લઈને નથી. અહા ! ચૈતન્યની જે પર્યાય સ્વભાવના આશ્રયે પ્રગટ થઈ તે ચૈતન્યધાતુ અને ક્રોધાદિને ભિન્ન જાણે છે. અહો ! **આ તો વીતરાગના મંત્રો છે ! આમાં પંડિતાઈ કામ લાગે તેમ નથી; આને સમજવા અંતરંગ રુચિની જરૂર છે.** (પાનું-૯૬) (૭૩) આત્મામાં અનંત ગુણો છે. તેમાં જ્ઞાનગુણની એક સમયની એક પર્યાયમાં ત્રિકાળી દ્રવ્ય, ત્રિકાળી ગુણો અને તેની ત્રણકાળની પર્યાયોને તથા લોકાલોકની દ્રવ્ય-ગુણસહિત ત્રણકાળની પર્યાયોને જાણે તેવું અચિંત્ય સામર્થ્ય છે. આવી પર્યાયની સત્તાનો સ્વીકાર અંતરંગમાં સર્વજ્ઞસ્વભાવ જે પડ્યો છે તેનું લક્ષ કર્યા વિના થઈ શકતો નથી. અને આવી પર્યાયની સત્તાના સ્વીકાર વિના ભગવાને જે દીઠું તેમ થશે એમ કેવી રીતે યથાર્થ કહી શકાય ? જે એક સમયની પર્યાયની આવી તાકાત છે એવી અનંત અનંત પર્યાયનો પિંડ એક જ્ઞાનગુણ છે અને આવો જ્ઞાનગુણ જે દ્રવ્યમાં છે એ ભગવાન સર્વજ્ઞસ્વભાવી આત્માની દૃષ્ટિ થતાં સમ્યગ્દર્શન પ્રગટ થાય છે. ત્યારે સર્વજ્ઞસ્વભાવની પ્રતીતિ થતાં સર્વજ્ઞની પ્રતીતિ થાય છે અને એનું જ નામ પુરુષાર્થ છે. પુરુષાર્થ કોઈ બીજી ચીજ નથી. (પાનું-૧૨૫-૧૨૬) (૭૪) ભાઈ ! આ તો ભગવાનનાં લોજિક અને કાયદા છે. આ સમજ્યા વિના ધર્મ નહિ થાય. કેવળજ્ઞાનની એક સમયની પર્યાય લોકાલોકને જાણે છે અને પોતાના સ્વદ્રવ્યને જાણે છે. પરંતુ તે પર્યાય સ્વદ્રવ્યમાં પ્રવેશ કરીને સ્વને જાણતી નથી તથા તે પર્યાય લોકાલોકને સ્પર્શ કરીને લોકાલોકને જાણતી નથી. આવી જ્ઞાનની એક સમયની પર્યાયની તાકાત છે. તેવી રીતે

Version 001: remember to check AtmaDharma.com & AtmaDharma.org for updates



શ્રદ્ધા, ચારિત્ર ઇત્યાદિ અનંતગુણની પર્યાયની તાકાત છે. જ્ઞાનની ભવિષ્યની અનંતી પર્યાયો જ્ઞાન ગુણમાં શક્તિરૂપે પડી છે. આવા અનંતગુણનો પિંડ પ્રભુ આત્મા છે. તેની નિર્મળ નિર્વિકલ્પ પ્રતીતિ તે સમ્યગ્દર્શન છે. આ સમ્યગ્દર્શન અલૌકિક ચીજ છે ભાઈ ! આ સમકિતની પર્યાયમાં સ્વની અને પરની, સમસ્ત લોકાલોકની યથાર્થ પ્રતીતિ સમાઈ જાય છે. અનંતગુણનો પિંડ પ્રભુ આત્મા નિજ સ્વજ્ઞેયનું જ્ઞાન કરી પ્રતીતિ કરે તે પ્રતીતિનો મહિમા અપરંપાર છે. (પાનું-૧૨૮) (૭૫) દ્રવ્યમાં જે ધ્રુવપણે (સ્વકાળ નિયત) પર્યાય છે તેને પ્રાપ્ત કરી માટે તે પ્રાપ્ય, પૂર્વ અવસ્થા બદલીને થઈ માટે વિકાર્ય અને નવી ઊપજી માટે નિર્વર્ત્ય—એમ ત્રણે એક જ સમયની પર્યાયના ભેદ છે. તે વસ્તુની પરિપૂર્ણ સ્વતંત્રતા જાહેર કરે છે. (પાનું-૧૭૩) (૭૬) વિશ્વનો પ્રત્યેક પદાર્થ સ્વતંત્ર છે. પ્રતિસમય પદાર્થની જે અવસ્થા થાય તે તેના કાળે તેનાથી થાય છે. તે કાર્ય થવાની તે જન્મક્ષણ છે. પદાર્થની તે પર્યાયને કોઈ અન્ય કરે તે વાત તદ્દન ખોટી છે. પુદ્‌ગલદ્રવ્યસ્વરૂપ કર્મબંધની જે સમયે જે પર્યાય થાય તે તેનાથી પોતાથી થાય છે અને તે તેની જન્મક્ષણ છે. પરમાણુમાં તે પર્યાય ઉત્પન્ન થવાનો સ્વકાળ છે તેથી ત્યાં તે કર્મબંધની પર્યાય ઉત્પન્ન થાય છે. આત્મા તે કર્મબંધની પર્યાયને ગ્રહતો કે ઉપજાવતો નથી. જીવે રાગ કર્યો માટે તે કર્મબંધરૂપ કાર્ય થયું છે એમ નથી. રાગ તો નિમિત્ત માત્ર છે. (પાનું-૧૭૪) (૭૭) સ્વામી કાર્તિકેય અનુપ્રેક્ષામાં આવે છે કે સર્વજ્ઞ ભગવાને જે પ્રમાણે જોયું તે પ્રમાણે તે તે કાળે તે તે પર્યાય ત્યાં થશે. તેને ફેરવવા કોઈ ઇન્દ્ર, નરેન્દ્ર કે જિનેન્દ્ર સમર્થ નથી. જેને પર્યાયની સ્વતંત્રતાનો સાચો નિર્ણય નથી તેને દ્રવ્યદૃષ્ટિ પ્રગટ થતી નથી. અહાહા ! સમયે સમયે થતી પ્રત્યેક દ્રવ્યની પ્રત્યેક પર્યાય સ્વતંત્રપણે થાય છે એવી જેને શ્રદ્ધા નથી તેને પર્યાયરહિત ત્રિકાળી શુદ્ધ દ્રવ્ય તરફ દૃષ્ટિ જતી નથી. (પાનું-૨૧૮-૨૧૯) (૭૮) કાળદ્રવ્ય ન હોય તો જીવાદિ સર્વ દ્રવ્યોમાં પરિણમન નહિ થાય અને તો કોઈ દ્રવ્ય રહેશે નહિ. આ કાળદ્રવ્યની (નિમિત્તની) સિદ્ધિ કરવા માટેનું કથન

Please inform us of any errors on AtmaDharma.com@gmail.com

Version 001: remember to check AtmaDharma.com & AtmaDharma.org for updates



છે. આમાં જીવાદિ દ્રવ્યો પોતાના પરિણમન માટે કાળદ્રવ્યની અપેક્ષા રાખે છે એમ સિદ્ધ નથી કરવું, પણ કાળદ્રવ્યની અસ્તિ છે એમ સિદ્ધ કરવું છે. ભાઈ ! પરિણમન તો પ્રત્યેક દ્રવ્યનો સ્વતઃસિદ્ધ સ્વભાવ છે. શું કોઈ દ્રવ્ય કદીય પરિણમનથી ખાલી હોય છે ? પરિણમનની ધારા તો પ્રત્યેક દ્રવ્યમાં પ્રતિસમય પ્રવર્તતી અનાદિથી સ્વતઃ ચાલે છે. અને અનંતકાળ સુધી ચાલશે. કાળદ્રવ્ય છે તો સ્વદ્રવ્યમાં પરિણમન થાય છે એમ છે જ નહિ. પર્યાય પોતે જ ષટ્‌કારકરૂપે પરિણમે છે એમ પંચાસ્તિકાય ગાથા-૬૨માં પાઠ છે ત્યાં પર્યાયનું સ્વતંત્ર પરનિરપેક્ષ અસ્તિત્વ સિદ્ધ કર્યું છે. (**પ્રવ. રત્ના., ભાગ-૬,** પાનું-૩૩-૩૪) (૭૯) સમ્યગ્દર્શન એ આત્માની પ્રતીતિરૂપ વીતરાગી પર્યાય છે. આત્મા શુદ્ધ ચિદાનંદકંદ પ્રભુ સદા વીતરાગસ્વભાવી છે. તેના શ્રદ્ધાનરૂપ જે ભવન-પરિણમન તે સમકિત છે. તે વીતરાગી પર્યાય છે. જીવ જ્ઞાયકભાવે-વીતરાગ સ્વભાવે છે અને રાગસ્વભાવે-કર્મસ્વભાવે નથી એવી સ્વભાવ-વિભાવની ભિન્નતાના શ્રદ્ધાનરૂપ જે વીતરાગી પરિણતિ થવી તે સમકિત છે. જીવાદિ પદાર્થોના જ્ઞાનસ્વભાવે જ્ઞાનનું થવું-પરિણમવું અર્થાત્ જ્ઞાનની પર્યાયનું એક જ્ઞાયકના લક્ષે જ્ઞાનરૂપે પરિણમવું એને સમ્યક્ જ્ઞાન કહે છે. એમાં પુણ્ય-પાપની ભગવાન જ્ઞાયકમાં નાસ્તિ છે એવું જ્ઞાન ભેગું આવી જાય છે. જ્ઞાનસ્વભાવના લક્ષે પરિણમતું જ્ઞાન તે જ્ઞાન છે. (પાનું-૧૧૮-૧૧૯) (૮૦) શુદ્ધ દ્રવ્યના લક્ષે નિર્મળ વીતરાગ પરિણમન થયું તેથી દ્રવ્યનું-આત્માનું પરિણમન કહ્યું, બાકી પરિણમન તો પર્યાયમાં થાય છે અને તેને દ્રવ્યસ્વભાવનીય અપેક્ષા નથી. (વીતરાગનું પરિણમન દ્રવ્યસ્વભાવના લક્ષે થાય છે બસ એટલું જ). પર્યાય અપેક્ષાએ દ્રવ્ય પરિણમે છે એમ કહેવાય છે અને દ્રવ્યની અપેક્ષાએ દ્રવ્ય પરિણમતું નથી કેમ કે દ્રવ્ય તો ત્રિકાળ ધ્રુવ અક્રિય અચળ છે. (પાનું-૧૨૪) (૮૧) ચૈતન્યસ્વભાવની ભાવના એટલે એકાગ્રતારૂપ જે દશા પ્રગટી તે પૂર્ણ એકાગ્રતાને સાધે છે. એની સાથે ક્રીડા માંડી છે ને ! તેથી તે પૂર્ણ એકાગ્રતા ... જ. ગજબની વાત છે ! અંતરમાં બેસવી કઠણ છે; જે...

Version 001: remember to check AtmaDharma.com & AtmaDharma.org for updates



**આરા નજીક છે તેને તે ગોઠી જશે. બાપુ ! સત્યનો માર્ગ કોઈ અચિંત્ય અલૌકિક છે.** જેના ફળમાં જે અનંતી ભૂતકાળની પર્યાયો ગઈ એનાથી અનંતગણી ભવિષ્યની પર્યાયો અનંત જ્ઞાન, અનંત સુખ અને અનંત આનંદના વેદનયુક્ત પર્યાયો ફળે છે તે મોક્ષનો ઉપાય મહા અલૌકિક છે. (પાનું-૨૧૩) (૮૨) અહીં પ્રથમ આસ્રવો જીવની પર્યાયમાં થાય છે એમ સિદ્ધ કરવું છે. આસ્રવો વાસ્તવિક ચૈતન્યનું સ્વરૂપ તો નથી, પણ તેઓ જીવની પર્યાયમાં ચિદ્વિકારપણે થાય છે માટે તેઓ ચિદાભાસ છે. જ્યાં આસ્રવો જડ, અશુચિ અને દુ:ખનું કારણ કહ્યા ત્યાં આસ્રવોનું કર્તાપણું છોડાવી શુદ્ધ ચૈતન્યની દૃષ્ટિ કરાવવી છે. ત્યારે અહીં તેઓ પોતાની-જીવની પર્યાયમાં થાય છે એમ સિદ્ધ કરીને કર્મના ઉદયને લઈને તેઓ થાય છે એમ નથી એમ સિદ્ધ કરવું છે. (પાનું-૨૨૬) (૮૩) દૃષ્ટિની પર્યાય ભગવાન પૂર્ણાનંદના નાથને સ્વીકારે તે પાચન છે. શ્રી જયસેનાચાર્યની ટીકામાં આવે છે કે આત્મામાં પાચક, પ્રકાશક અને દાહકનો - એમ ત્રણ ગુણો છે. અનંતગુણના પાસાથી સદાય શોભાયમાન અંદર ચૈતન્ય હીરો પ્રકાશી રહ્યો છે. તેને પ્રતિસમય અનંતગુણની પર્યાયો પ્રગટે છે. તેમાં સમ્યગ્દર્શનની પર્યાયની ભગવાન પૂર્ણાનંદના નાથને પચાવવાની શક્તિ છે, સમ્યગ્જ્ઞાનની પ્રકાશકની શક્તિ છે અને સમ્યક્ચારિત્ર અથવા સ્વરૂપસ્થિરતાની રાગાદિને બાળવાની દાહકશક્તિ છે. આવી પાચક, પ્રકાશક અને દાહક શક્તિ જેને પ્રગટ થઈ છે તે જ્ઞાની છે. (પાનું-૨૩૫) (૮૪) સમ્યક્ મતિ-શ્રુતજ્ઞાનમાં પણ એટલી તાકાત છે કે પરજ્ઞેયને જાણતાં તે પરજ્ઞેયમાં તન્મય થઈને જાણતું નથી. પોતાના જ્ઞાનમાં તદ્રૂપ થઈને પોતાને જાણે છે તેમાં પરજ્ઞેય જણાઈ જાય છે. પરજ્ઞેયને જાણે છે એમ કહેવું એ અસદ્ભૂત વ્યવહાર છે. જણાય છે તે યથાર્થ છે. આત્માનો સ્વ-પરપ્રકાશક સ્વભાવ પોતાનો પોતાથી જ છે, પરને લીધે નથી. પરજ્ઞેયને જાણનારું પરિણમન પોતાનું પોતાથી જ થયું છે, પરજ્ઞેયને કારણે થયું નથી.

Please inform us of any errors on AtmaDharma.com@gmail.com

Version 001: remember to check AtmaDharma.com & AtmaDharma.org for updates



પરજ્ઞેયને જાણવાના કાળે ખરેખર પરજ્ઞેય જણાય છે એમ નથી પણ ખરેખર તત્સંબંધી પોતાનું સ્વપરપ્રકાશક જ્ઞાન જ જણાય છે. પરજ્ઞેયને જાણનારું જ્ઞાન પરજ્ઞેયમાં તદ્રૂપ નથી પણ પોતામાં જ તદ્રૂપ રહીને, પરજ્ઞેયને ભિન્ન રાખીને જાણે છે માટે અસદ્‌ભૂત વ્યવહારનયથી જાણે છે એમ કહ્યું છે; ત્યાં જાણપણાનો અભાવ છે એમ અર્થ નથી. સર્વજ્ઞપણાની– સ્વપરપ્રકાશકપણાની શક્તિ સ્વની સ્વતઃ છે, પરને લઈને છે એમ નથી–એ વાત છે. (પાનું- ૨૫૪/ ૨૫૫). (૮૫) સમ્યગ્દર્શન થયા પહેલાં આત્મા અખંડ પૂર્ણ શુદ્ધ છે, પર્યાયમાં મલિનતાનો અંશ છે પણ વસ્તુમાં મલિનતા નથી– એવો પ્રથમ વિકલ્પ દ્વારા નિર્ણય કરવો. આત્મા જ્ઞાનસ્વરૂપ છે એમ પ્રથમ નિર્ણય કરવો. આત્મામાં એક વીર્ય ગુણ છે; તે દ્રવ્ય, ગુણ અને પર્યાય ત્રણેમાં વ્યાપેલો છે. આથી પર્યાયમાં પણ વીર્ય છે તે વિકલ્પ દ્વારા પ્રથમ એમ નિર્ણય કરે છે કે – હું શુદ્ધ, બુદ્ધ, અખંડ ચૈતન્યઘન છું, સદા અબદ્ધસ્પૃષ્ટ સામાન્ય એકરૂપ છું. આવો નિર્ણય (પ્રથમ) આવે પણ એ વિકલ્પરૂપ નિર્ણય અનુભવને આપે એમ નહિ. જેને નિર્વિકલ્પ અનુભવ થાય તેને પ્રથમ આવો નિર્ણય હોય છે બસ એટલું જ. (પાનું-૨૭૭) (૮૬) નિયત એટલે જે સમયે દ્રવ્યની જે પર્યાય થવાની હોય તે તે કાળે જ થાય તે નિશ્ચય છે. ચિદ્વિલાસ, આત્માવલોકન તથા સ્વામી કાર્તિકેય અનુપ્રેક્ષામાં ત્રણેમાં આ વાત આવે છે. જે સમયે દ્રવ્યની જે પર્યાય થવાની હોય તે તે સમયે જ થાય એ નિશ્ચય છે એમાં નિમિત્ત વિના થાય એ વાત આવી ગઈ. [પર્યાય સ્વકાળે જ થાય એમાં નિમિત્ત આવે તો થાય એ વાત રહેતી નથી.] નિમિત્ત વિના તો શું ધ્રુવ ને વ્યય વિના ઉત્પાદ છે એ નિશ્ચય છે. નિમિત્ત તો પરદ્રવ્ય છે, પણ જે સમયે જે ઉત્પાદ થાય છે તેને ધ્રુવની એટલે કે પોતાના નિયત દ્રવ્યની પણ અપેક્ષા નથી. પરદ્રવ્યને તો બીજું દ્રવ્ય અડે છે જ ક્યાં ? ઉત્પાદને દ્રવ્યની અપેક્ષા નથી એમ કહીને શું સિદ્ધ

Please inform us of any errors on AtmaDharma.com@gmail.com

Version 001: remember to check AtmaDharma.com & AtmaDharma.org for updates



કરવા માગો છો ? ઉત્પાદ સત્ છે અને જે સત્ છે તે અહેતુક છે. ઉત્પાદના ઉત્પન્ન થવામાં દ્રવ્ય હોવા છતાં દ્રવ્યની અપેક્ષા નથી. તેવી જ રીતે ઉત્પાદને વ્યયની અપેક્ષા નથી. ત્રણે –ઉત્પાદ, વ્યય અને ધ્રુવ સ્વતંત્ર સત્ છે. બીજી રીતે લઈએ તો આત્મામાં એક પ્રભુત્વશક્તિ છે. તે પ્રભુત્વશક્તિનું રૂપ એક-એક પર્યાયમાં છે. તેથી સમ્યગ્દર્શન આદિ બધી પર્યાયો સ્વતંત્રપણે પોતે પોતાના અખંડ પ્રતાપથી શોભાયમાન છે અને નિમિત્તની-પરદ્રવ્યની અપેક્ષા તો નથી પણ પોતાના દ્રવ્યની પણ અપેક્ષા નથી. દ્રવ્યની અપેક્ષા આવી ત્યાં વ્યવહાર થઈ ગયો. અહીં તો નિશ્ચય સિદ્ધ કરવું છે. ધર્મીને ધર્મની અને ધર્મને ધર્મીની નિશ્ચયથી અપેક્ષા નથી. બંને ભિન્ન છે એમ નહિ માનવામાં આવે તો બંને પોતાથી છે. એમ સિદ્ધ નહિ થાય. એકવાર નિશ્ચય સિદ્ધ કર્યા પછી આ પર્યાય દ્રવ્યની છે એમ કહેવું તે વ્યવહાર છે કેમ કે તેમાં અપેક્ષા આવી ગઈ. જે સમયે જે પર્યાય થવાની હોય તે પર્યાયની જન્મક્ષણ છે. ભાઈ ! આનો સ્વીકાર કરવામાં અનંત પુરુષાર્થ રહેલો છે; કેમ કે પ્રત્યેક પર્યાય પોતાની જન્મક્ષણે થાય છે એવો નિર્ણય દ્રવ્યસ્વભાવના–જ્ઞાયકભાવના આશ્રયે થાય છે. એકએક પર્યાય નિયત છે એમ જાણવાનું તાત્પર્ય વીતરાગતા છે; કેમ કે દ્રવ્યના આશ્રયે તે નિર્ણય થતાં પર્યાયમાં વીતરાગતા પ્રગટ થાય છે તે સમયે વીતરાગતા થવાનો જ કાળ છે ને થાય છે, કોઈ વ્યવહારને લઈને કે પૂર્વની પર્યાયને લઈને થાય છે એમ નથી. **ભાઈ ! આમાં (આડું-અવળું કરવાની) તારી પંડિતાઈ કામ નહિ આવે. આ તો ભેદજ્ઞાન કરવાની અંતરની જુદી જ વાત છે.** (પાનું-૨૮૨/૨૮૩) (૮૭) દૃષ્ટિ દ્રવ્યમાં નિમગ્ન થાય છે એનો અર્થ પર્યાય દ્રવ્યમાં ભળી જાય છે એમ નથી. પૂર્વનાં જે પરિણામ રાગમાં એકાકાર હતાં તેનો વ્યય થઈ વર્તમાન પરિણામ નિજ જ્ઞાયકભાવ તરફ ઢળ્યાં ત્યાં એ પરિણામ દ્રવ્યમાં લીન-નિમગ્ન થયા એમ કહેવામાં આવે છે. (પ્રગટ) પર્યાયમાં પૂર્ણ દ્રવ્યનું જ્ઞાન તથા

Please inform us of any errors on AtmaDharma.com@gmail.com

Version 001: remember to check AtmaDharma.com & AtmaDharma.org for updates



પ્રતીતિ આવે પણ એ પર્યાય દ્રવ્યમાં ભળી જાય એમ અર્થ નથી. (પાનું-૩૨૩) (૮૮) શુદ્ધ આત્માના પ્રદેશો અને આસ્રવના પ્રદેશો તદ્દન ભિન્ન ભિન્ન છે. છે તો અસંખ્ય પ્રદેશો, પણ જેટલા અંશમાં આસ્રવ ઊઠે છે તે પ્રદેશોને ભિન્ન કહ્યા છે. આત્માના અસંખ્ય પ્રદેશમાં વિકાર થાય છે, પણ જેટલા અંશમાંથી વિકાર ઊઠે છે તે પ્રદેશને ભિન્ન ગણવામાં આવ્યા છે. અસંખ્ય પ્રદેશમાં બે ભાગ પડે છે – દ્રવ્ય એ પર્યાય નહિ અને પર્યાય એ દ્રવ્ય નહિ. ખરેખર તો નિર્મળ પર્યાયના પ્રદેશો (અંશો) પણ (ધ્રુવ આત્માથી) જુદા છે પણ અહીં એની વાત નથી, અહીં મલિન પર્યાયની વાત છે. વળી એવી જ રીતે જેટલા અંશમાં આસ્રવ થાય છે અને જેટલા અંશમાં સંવર-નિર્મળતા થાય છે એ બેના (આસ્રવ અને સંવરના) પ્રદેશો પણ ભિન્ન ભિન્ન છે. ગજબ વાત છે ભાઈ ! આ માથાના વાળ નથી હોતા ? એમાં કોઈ કોઈ વાળમાં છેડે બે ફાંટા હોય છે. વાળ એક અને ફાંટા-છેડા બે. એમાં બે છેડા ભિન્ન ન પડે, બે ફણગા હોય છતાં ચીરી ન શકાય. અહીં (જ્ઞાનમાં) ચિરાય છે એની વાત છે. અલૌકિક વાત છે ભાઈ ! (પાનું-૩૭૧) (૮૯) વીતરાગસ્વભાવી પ્રભુ આત્માનાં દ્રવ્ય, ગુણ અને પર્યાય ત્રણે સત્ છે. વીતરાગસ્વભાવી સત્તાનું પરિણમન પણ સત્ છે ભાઈ ! અને તે અહેતુક છે; દ્રવ્ય-ગુણ પણ એનું કારણ નથી. હવે આમ જ્યાં એની ઉત્પત્તિમાં દ્રવ્ય-ગુણ પણ કારણ નથી ત્યાં જગતના પ્રતિકૂળ સંજોગો એનો નાશ કેવી રીતે કરે ? (પાનું ૩૯૯) (૯૦) આત્મામાં પર તરફના વલણવાળી વૃત્તિનું ઉત્થાન થયું તે રાગ છે. હવે પર તરફના વલણવાળી વૃત્તિ નાશ પામી જતાં જે જ્ઞાન છે તે નિશ્ચલ થઈ અંદર સ્વભાવમાં ઠર્યું છે – સ્થિત થયું છે. જુઓ, આનું નામ ભેદવિજ્ઞાન છે, સંવર છે અને સંવરપૂર્વક નિર્જરા છે. વાસ્તવમાં તો જ્ઞાન, જ્ઞેયપણે (રાગાદિપણે) પરિણમે તે જ એનું ખરું આવરણ છે. જ્ઞાનનું વિપરીતપણે પરિણમવું એ તેનું ભાવ-આવરણ છે, અને

Please inform us of any errors on AtmaDharma.com@gmail.com

Version 001: remember to check AtmaDharma.com & AtmaDharma.org for updates



દ્રવ્ય-આવરણ (જડકર્મ) તો એમાં નિમિત્ત માત્ર છે. જ્યારે જ્ઞાન જ્ઞાનમાં સ્થિત થઈ જ્ઞાનભાવે પરિણમે છે ત્યારે ભાવ-આવરણ દૂર થઈ જાય છે અને ત્યારે સ્વયં દ્રવ્ય-આવરણ પણ દૂર થઈ જાય છે. **(પ્રવ. રત્ના., ભાગ-૭,** પાનું-૬) (૯૧) છયે દ્રવ્યમાં એક પછી એક એમ ધારાવાહી પર્યાય થાય છે જેને આયત સમુદાય કહે છે. ત્યાં પ્રતિસમય, દ્રવ્યમાં જે પર્યાય થવાની હોય છે તે જ અંદરથી આવે છે – થાય છે. આવો જે યથાર્થ નિર્ણય કરે છે તે સમ્યગ્દૃષ્ટિ છે. સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા (ગાથા ૩૨૧ થી ૩૨૩)માં આવે છે કે ભગવાન સર્વજ્ઞદેવે જે કાળે જે દ્રવ્યમાં જ્યાં જેમ પરિણમન થવાનું જાણ્યું છે તે કાળે તે દ્રવ્યમાં ત્યાં તેમ જ પરિણમન થાય છે. આવું જે યથાર્થ શ્રદ્ધાન કરે છે તે સમકતી છે અને એમાં જે શંકા કરે છે તે મિથ્યાદૃષ્ટિ છે. (પાનું-૧૦૫) (૯૨) પોતાની જ્ઞાનની પર્યાયમાં જે વિશેષો-ભેદ પડે છે તે ભિન્ન-ભિન્ન જ્ઞેયના નિમિત્તે પડે છે. પરંતુ જ્યારે જ્ઞાનસામાન્યનો અર્થાત્ અખંડ એકરૂપ ત્રિકાળી શુદ્ધ જ્ઞાયકભાવનો સ્વાદ લેવામાં આવે છે ત્યારે બધા ભેદભાવ ગૌણ થઈ જાય છે; એક જ્ઞાન જ જ્ઞેયરૂપ થાય છે; પોતાનું ત્રિકાળી સ્વરૂપ જ પર્યાયમાં જ્ઞેયરૂપ થાય છે. અહાહાહા.......! સ્વરૂપનો સ્વાદ લેવામાં આવતાં પરનું જાણવું જે અનેક પ્રકારે છે તે બધું ગૌણ થઈ જાય છે અને એક શુદ્ધ ચિન્માત્ર સ્વરૂપ જ જ્ઞેયરૂપ થાય છે. (પાનું-૧૬૫) (૯૩) જ્ઞાનની વર્તમાન પર્યાય વડે ત્રિકાળી જ્ઞાયકને જાણવામાં આવતાં તે પર્યાય બીજા અનંત દ્રવ્ય-ગુણ-પર્યાયને પણ જાણે છે અને તેથી જાણે હવે બધું જ જાણી લીધું, હવે કાંઈ જ જાણવાનું બાકી નથી – એમ મત્ત થઈ ગઈ છે. અહા ! **જેણે એકને (શુદ્ધ જ્ઞાયકને) જાણ્યો તેણે પર્યાયમાં બધું જાણ્યું.** આત્માની જ્ઞાન પર્યાયમાં પોતાનું શુદ્ધ ત્રિકાળી પરિપૂર્ણ સ્વરૂપ જણાયું તો તે પર્યાયમાં વિશ્વના જેટલા પદાર્થો છે તે બધાયનું જ્ઞાન પણ સમાઈ જાય છે. સમ્યગ્જ્ઞાનનું કોઈ અચિંત્ય

Please inform us of any errors on AtmaDharma.com@gmail.com

Version 001: remember to check AtmaDharma.com & AtmaDharma.org for updates



સામર્થ્ય છે ! અહા ! જેને પોતાની સર્વજ્ઞશક્તિનું, પરમાત્મશક્તિનું અંતરમાં ભાન થયું તેની જ્ઞાન-પર્યાયનું અદ્‌ભુત ચમત્કારી સામર્થ્ય છે કે તે જગતના સમસ્ત સ્વ-પર પદાર્થોને - દ્રવ્ય-ગુણ-પર્યાયને પી લે છે, જાણી લે છે. (પાનું-૧૯૦/૧૯૧) (૯૪) આત્મજ્ઞાનનો અર્થ શું છે ? આત્મજ્ઞાન એટલે પર્યાયનું જ્ઞાન એમ નહિ, પરંતુ ત્રિકાળી, દ્રવ્યનું જેમાં જ્ઞાન થાય તે આત્મજ્ઞાન છે. જોકે જ્ઞાન પોતે છે તો પર્યાય, પણ જ્ઞાન કોનું ? કે ત્રિકાળી દ્રવ્યસ્વરૂપ આત્માનું. (પાનું-૧૯૩) (૯૫) શ્રી જયસેનાચાર્યે ગાથા-૩૨૦ની ટીકામાં તો આ કહ્યું છે કે – જ્ઞાની-ધર્મી એમ ભાવના ભાવે છે કે– "સકળ નિરાવરણ, અખંડ, એક, પ્રત્યક્ષ પ્રતિભાસમય, અવિનશ્વર, શુદ્ધ પારિણામિક પરમભાવ લક્ષણ, નિજ પરમાત્મદ્રવ્ય તે જ હું છું." પર્યાય પણ હું નહિ. તો પછી રાગ તો ક્યાંય રહી ગયો. લ્યો, આ તો પર્યાય એમ ભાવે ધ્યાવે છે કે – 'સકળ......નિજ પરમાત્મદ્રવ્ય તે જ હું છું.' આવી વાત છે. (પાનું-૨૨૦) (૯૬) જેમ આત્મામાં જ્ઞાનગુણ છે, આનંદગુણ છે તેમ "ભાવ" નામનો પણ તેમાં ગુણ છે. ૪૭ શક્તિના પ્રકરણમાં આ વાત આવે છે. હવે જેને અખંડ એકરૂપ ચિદ્રૂપ પ્રભુ આત્માનું ભાન થયું છે તેને તે ભાનમાં અંદર જે ભાવશક્તિ છે તેની પણ પ્રતીતિ આવી છે. તો તે ભાવશક્તિનું કાર્ય શું છે ? તો કહે છે કે ભાવશક્તિના કારણે તેને વર્તમાન કોઈ નિર્મળ પર્યાય થાય, થાય ને થાય જ; કરવી પડે એમ નહિ. ગજબ વાત છે ભાઈ ! ભાવશક્તિનો ધરનારો ગુણી-પ્રભુ આત્મા શુદ્ધ અને ભાવશક્તિ પણ શુદ્ધ. અને તેનું કાર્ય શું ? તો એનું કાર્ય એ છે કે સમયે સમયે આત્મામાં નિર્મળ પર્યાય થાય જ છે, હોય જ છે. કોઈ ગુણ છે તો તેનું કાર્ય પણ હોય ને ? તેની પર્યાય હોય ને ? તો ભાવશક્તિનું કાર્ય શું છે ? તો કહે છે – જેને શક્તિ અને શક્તિમાન પ્રભુ આત્માની પ્રતીતિ થઈ છે તેને સમયે સમયે થવાવાળી નિર્મળ પર્યાય થયા વિના રહે જ

Please inform us of any errors on AtmaDharma.com@gmail.com

Version 001: remember to check AtmaDharma.com & AtmaDharma.org for updates



નહિ, થાય જ. મલિન પરિણામને જાણવાવાળી પર્યાય પણ શુદ્ધ ભાવશક્તિના કારણે થાય જ છે. ભાવશક્તિના કારણે ઉત્પન્ન થયેલી નિર્મળ પર્યાય, જે પ્રકારનો રાગ બાકી છે તેને જાણતી સહજ પોતાથી ઉત્પન્ન થાય છે. (પાનું-૩૧૧)

(૯૭) પ્રશ્ન :- દ્રવ્ય વેદકને પર્યાય વેદ્ય એમ છે કે નહિ ? ઉત્તર :- ના, એમ નથી. પર્યાયમાં જ વેદ્ય-વેદક છે. વેદાવાયોગ્ય જ્ઞાન-આનંદની પર્યાય છે ને વેદનાર પણ તે પર્યાય જ છે. દ્રવ્ય તો દ્રવ્ય છે. દ્રવ્યને ક્યાં વેદવું છે ? પ્રવચનસારની ૧૭૨મી ગાથાના અલિંગગ્રહણના ૨૦મા બોલમાં કહ્યું છે કે– પ્રત્યભિજ્ઞાનનું કારણ સામાન્ય દ્રવ્ય-ભગવાન આત્મા–તેને આત્મા વેદતો નથી; આત્મા તો પોતાની જે શુદ્ધ પર્યાય છે તેને વેદે છે. માટે શુદ્ધ પર્યાય તે આત્મા છે એમ ત્યાં કહ્યું છે. ભલે દૃષ્ટિ દ્રવ્ય ઉપર છે પણ વેદન તો પર્યાયમાં છે. આત્મા વેદે છે એટલે પર્યાય વેદે છે એમ અર્થ છે. આત્મા દ્રવ્યને વેદે છે ક્યાં ? આત્મા (પર્યાય) દ્રવ્ય-સામાન્યને તો અડતોય નથી. ભાઈ ! જે વેદન છે એ તો પર્યાયનું વેદન છે (પાનું-૪૪૯) (૯૮) સમકિતીની અભેદ, એક ચૈતન્યરૂપ આત્મા ઉપર દૃષ્ટિ હોવાંથી તેની પર્યાયમાં અભેદપણું વેદ્ય-વેદક વર્તે છે. અહાહા....! શુદ્ધ ચૈતન્યસ્વરૂપના લક્ષે તેને જે નિર્મળ નિરાકુળ આનંદની દશા પ્રગટી તેને વેદનારોય (પર્યાય) પોતે ને વેદનમાં આવનારી પર્યાય પણ પોતે; આવું ઝીણું અહીં કહે છે વેદ્ય-વેદક અભેદ હોય છે એવી વસ્તુસ્થિતિના બળથી–એ શું કહ્યું સમજાણું ? કે આનંદસ્વરૂપ ભગવાન આત્માની પર્યાયમાં આનંદનું થવું એટલે કે આનંદની ભાવના અને આનંદનું વેદન–બધું એકસાથે એક સમયમાં ભેગું છે. (પાનું-૪૫૧) (૯૯) અહીં જ્ઞાયકસ્વભાવની મુખ્યતા કેમ લીધી ? કારણ કે પર્યાયમાં જ્ઞાનનો અંશ પ્રગટ છે તો (તે અંશ દ્વારા) આખો જ્ઞાયકભાવ આત્મા છે એમ દૃષ્ટિ કરાવવા અહીં એક જ્ઞાયકભાવની મુખ્યતા લીધી છે. જ્યારે આનંદ તો

Please inform us of any errors on AtmaDharma.com@gmail.com

Version 001: remember to check AtmaDharma.com & AtmaDharma.org for updates



જ્ઞાયકભાવની દૃષ્ટિ થાય છે ત્યારે પ્રગટ થાય છે. (પાનું-૪૯૩) (૧૦૦) **દર્શનશુદ્ધિ કોઈ અજબ ચીજ છે ! એની પ્રગટતા થતાં જીવની રુચિની દિશા પલટી જાય છે; પરમાંથી ખસી તેની રુચિ સ્વમાં જાગ્રત થાય છે.** અહા ! ધર્મીને જગત આખું તુચ્છ ભાસે છે. જેને આત્મા ઈષ્ટ થયો તેને જગત ફીકું-ફચ લાગે છે. (પાનું-૫૨૬) (૧૦૧) ભગવાન આત્મા સચ્ચિદાનંદસ્વરૂપ પ્રભુ સદા ચૈતન્ય ઉપયોગસ્વરૂપ છે. તેનો પરિણમનરૂપ ઉપયોગ જે જ્ઞાન તેમાં રાગની એકતા કરવી તે બંધનું કારણ છે એમ કહે છે. રાગ હો, પણ એ બંધનું કારણ નથી, પરંતુ રાગમાં એકતાબુદ્ધિ હોય તે બંધનું કારણે છે. અહીં દર્શનશુદ્ધિથી એકદમ વાત ઉપાડી છે. મિથ્યાદૃષ્ટિને રાગમાં એકતાબુદ્ધિ છે તે જ બંધનું કારણ છે એમ સિદ્ધ કરવું છે ને ? (**પ્રવ., રત્ના, ભાગ-૮.** પાનુ-૧૭) (૧૦૨) ત્રિકાળી સત્યાર્થ સદા વીતરાગ સ્વભાવી-ચૈતન્યસ્વભાવી એક ભગવાન આત્માનો આશ્રય કરતાં વીતરાગતા પ્રગટ થાય છે એટલે ત્રિકાળી ધ્રુવ નિજ પરમાત્મ દ્રવ્યમાં જ દૃષ્ટિ કરવી એ ચારેય અનુયોગનો સાર છે. આ તારા હિતની વાત છે. ભાઈ ! પરમ સત્રૂપ સાહ્યબો સચ્ચિદાનંદરૂપ પ્રભુ અંદર નિત્ય પરમાત્મસ્વરૂપ સાક્ષાત્ બિરાજમાન છે. આવા નિજ પરમાત્મસ્વભાવના આશ્રયે પર્યાયમાં નિરાકુળ આનંદરૂપ પરમાત્મપદ પ્રગટ થાય છે અને તે એનું હિત છે. એને સુખનું પ્રયોજન છે ને ? તો સુખધામ પ્રભુ આત્મા ત્રિકાળ છે એનો આશ્રય કરવાથી સુખની દશા પ્રગટ થાય છે. (પાનું-૧૮) (૧૦૩) દ્રવ્ય તો વ્યવહાર ઉપાદાનકારણ છે, નિશ્ચય ઉપાદાન તો વર્તમાન પર્યાય છે. વસ્તુના ઉપાદાનના બે ભેદ અષ્ટસહસ્રીના ૫૮મા શ્લોકની ટીકા, પૃ.-૨૧૦ ઉપર દર્શાવતાં કહે છે કે– પરિણામ ક્ષણિક ઉપાદાન-છે અને ગુણ (શક્તિ) શાશ્વત (ધ્રુવ) ઉપાદાન છે. ધ્રુવને ઉપાદાન કહ્યું એ તો એની શક્તિ છે તે વ્યવહાર સિદ્ધ કર્યો, પણ પ્રગટ પર્યાયમાં જે નિર્મળ દશા પ્રગટ થાય તે ક્ષણિક ઉપાદાન-

Please inform us of any errors on AtmaDharma.com@gmail.com

Version 001: remember to check AtmaDharma.com & AtmaDharma.org for updates



વર્તમાન ઉપાદાન છે તે યથાર્થ નિશ્ચય છે. તે ક્ષણિક ઉપાદાન અર્થાત્ વર્તમાન પર્યાયની તે સમયે યોગ્યતા જે હોય તે પ્રમાણે પર્યાય-કાર્ય થાય. વર્તમાન પર્યાય નિમિત્તના આધારે તો નહિ પણ દ્રવ્યના ત્રિકાળી ધ્રુવ ઉપાદાનના આધારે પણ થતી નથી. (પાનું-૧૩૩) (૧૦૪) ઝીણી વાત છે ભાઈ ! શું તારી સત્તામાં થતા પરિણામ પરની સત્તામાં પ્રવેશી શકે છે કે તે પરનું કાર્ય કરી દે ? ના, કદીય નહિ. તેમ શું પરસત્તા તારામાં પ્રવેશી શકે છે કે પર તારું કાર્ય કરી દે ? એમ પણ નહિ, પ્રત્યેક જીવ અને પ્રત્યેક પરમાણુની પોતપોતાની પર્યાયની જન્મક્ષણ છે. અહા ! પ્રતિસમય તેમાં જે જે અવસ્થા થાય છે તેની ઉત્પત્તિનો કાળ છે. હવે આમાં કોઈ બીજો એમ કહે કે હું એને ઉપજાવી દઉં કે બદલાવી દઉં તો તે અજ્ઞાની મિથ્યાદૃષ્ટિ છે, કેમ કે બીજાનો બીજામાં પ્રવેશ જ નથી. (પાનું-૧૫૧) (૧૦૫) અત્યારે ઉપાદાન અને નિમિત્તની બહુ મોટી ચર્ચા ચાલે છે ને ? ઉપાદાન એટલે દ્રવ્યની પોતાની પર્યાયની તત્કાલીન યોગ્યતા; તે એની જન્મક્ષણ છે અને એનાથી પર્યાય જન્મે છે, ઉત્પન્ન થાય છે, પણ નિમિત્તથી થાય છે એમ ત્રણકાળમાં નથી. પ્રત્યેક દ્રવ્યની જે સમયમાં જે પર્યાય થવા યોગ્ય હોય તે સમયમાં તે જ થાય છે; તે સમયે પરવસ્તુ નિમિત્ત હોય; પણ નિમિત્ત ઉપાદાનની પર્યાયને કરે છે વા તેમાં કાંઈ વિલક્ષણતા કરે છે એ સાવ ખોટી વાત છે. (પાનું-૧૬૧) (૧૦૬) જ્ઞાનની પર્યાયમાં વર્તમાન પરને પ્રકાશવાનું-પ્રત્યક્ષ કરવાનું સામર્થ્ય છે તો તે સ્વને પ્રત્યક્ષ કેમ ન કરે ? કરે. જો એમ છે તો પછી તે જ્ઞાનની પર્યાય ભવિષ્યની પર્યાયને પણ અત્યારે (-વર્તમાનમાં) કેમ ન જાણે ? વર્તમાન જ્ઞાન પર્યાય અનંતા દ્રવ્ય, ગુણ ને પર્યાયને જાણે છે તો પોતાની અનંત ભવિષ્યની પર્યાયને પણ કેમ ન જાણે ? શું કીધું ? જ્ઞાનમાં પરને જાણવાનું સામર્થ્ય પ્રત્યક્ષ નક્કી થાય છે તો એનામાં સ્વને જાણવાનું પણ સામર્થ્ય નક્કી થાય છે.

Version 001: remember to check AtmaDharma.com & AtmaDharma.org for updates



અને તો પછી એ શ્રુતજ્ઞાનની પર્યાય ભવિષ્યને પણ વર્તમાન જાણે છે એમ કેમ નક્કી ન થાય ? ન્યાય સમજાય છે કાંઈ ? અહાહા ! કેવળજ્ઞાની પ્રત્યક્ષ જાણે છે અને શ્રુતજ્ઞાની પરોક્ષ જાણે છે. જે જ્ઞાનની પર્યાય પરને પ્રકાશે છે તે સ્વને કેમ ન પ્રકાશે ? અને જો સ્વદ્રવ્યને પ્રકાશે છે તો પછી પોતાની વર્તમાન, ભૂત ને ભવિષ્યની પર્યાયને કેમ ન જાણે ? જાણે; **લ્યો, આ વસ્તુસ્થિતિ છે. શું ? કે કરવાનું કંઈ નહિ ને જાણવાનું બાકી કાંઈ નહિ.** (પાનું-૧૬૫) (૧૦૭) શ્રીમદ્ રાજચંદ્રે કહ્યું છે કે-''મિથ્યાત્વનું લક્ષણ એ છે કે પરચીજને પોતાની માનવી અને પોતાની ચીજને ભૂલી જવી.'' અહા ! એણે શાસ્ત્રનાં જાણપણાં કર્યાં, પરલક્ષી પરપ્રકાશક જ્ઞાન કર્યું, પણ એ જ્ઞાન ક્યાં પોતાનું હતું ? અહા ! પરલક્ષી જ્ઞાન કાંઈ પોતાનું જ્ઞાન નથી, જ્ઞાનનું જ્ઞાન નથી. (પાનું-૧૭૬) (૧૦૮) આત્મામાં વર્તમાન જ્ઞપ્તિક્રિયા-ધર્મની ક્રિયા જે થઈ તે સ્વતઃ સત્ ને અહેતુક છે. એટલે એમાં એનું તત્કાલ કારણ દ્રવ્યને પણ ન લીધું, પણ એનો ઉત્પાદ સ્વતઃ ઉત્પાદથી છે અને તત્કાલીન પર્યાયની યોગ્યતા જ તેનું કારણ છે. (ધર્મની ક્રિયાને દ્રવ્યનો-ભગવાન ત્રિકાળીનો-આશ્રય છે એ બીજી વાત છે, પણ ત્રિકાળી દ્રવ્ય એની ઉત્પત્તિનું સીધું કારણ નથી) (પાનું-૧૮૯) (૧૦૯) ભગવાન જ્ઞાયકભાવ દ્રવ્ય, જ્ઞાનગુણ અને અનંતગુણની નિર્મળ પર્યાય જ્ઞપ્તિક્રિયા-એ પોતાનું સ્વ ને પોતે એનો સ્વામી છે. આ જ્ઞાનની પ્રધાનતાથી સ્વજ્ઞેયની વાત છે. દૃષ્ટિની પ્રધાનતામાં તો જે એકનો આશ્રય કરવા યોગ્ય છે, તથા જે એકમાત્ર ધ્યેય છે એવો ત્રિકાળી ધ્રુવ અભેદ એક શુદ્ધ નિશ્ચયસ્વરૂપ ભગવાન જ્ઞાયક જ મુખ્ય છે. અહા ! જેમાં ગુણભેદ કે પર્યાયનો પ્રવેશ નથી એવો ભગવાન જ્ઞાયક જ આનું આશ્રયસ્થાન છે. આવો મારગ ભગવાન વીતરાગનો છે તેને અત્યારે લોકોએ રાગથી રગદોળી દીધો છે. **અહા ! આવું પરમ સત્ય બહાર આવ્યું તે પોતાને ગોઠતું નહિ હોવાથી તેઓ વિરોધનો વંટોળ**

Please inform us of any errors on AtmaDharma.com@gmail.com

Version 001: remember to check AtmaDharma.com & AtmaDharma.org for updates



**ઊભો કરે છે પણ શું થાય ? (સત્ય તો જેમ છે તેમ જ છે.)** (પાનું-૧૯૪-૧૯૫) (૧૧૦) આત્મા ત્રિકાળી ધ્રુવ ભગવાન આખી ચીજ એમાં (જ્ઞાનની પર્યાયમાં) આવી જતી નથી પણ શુદ્ધ આત્મવસ્તુ પોતાના જ્ઞાનની પર્યાયમાં કારણ-આશ્રય થઈને તે જેવી-જેવડી છે તેનું જ્ઞાન પર્યાયમાં આવી જાય છે. અહાહા ! જ્ઞાનનો આશ્રય-હેતુ શુદ્ધ આત્મા છે એટલે શું ? એટલે કે જ્ઞાનની પર્યાયમાં અનંત-અનંતગુણ સામર્થ્યથી યુક્ત પરિપૂર્ણ પ્રભુ શુદ્ધ આત્મા જેવડો છે તેવો જણાય છે. તેને અહીં અભેદથી કહ્યું કે શુદ્ધ આત્મા જ્ઞાન છે. (પાનું-૨૭૦) (૧૧૧) શ્રદ્ધાની પર્યાયમાં આત્મા (ત્રિકાળી દ્રવ્ય) આવતો નથી, અને પર્યાય આત્માથી (દ્રવ્યથી) થતી નથી પણ પોતાના ઉપાદાનની જાગૃતિથી સ્વતઃ થાય છે. સમ્યગ્દર્શન ધ્રુવ ત્રિકાળી ભગવાન આત્માએ પ્રગટ કર્યું છે એમ નથી પણ સમ્યગ્દર્શનની પર્યાયનો આશ્રય-હેતુ-કારણ-નિમિત્ત શુદ્ધ આત્મા (ત્રિકાળી દ્રવ્ય) છે તેથી, શુદ્ધ આત્માદર્શન છે. એમ અભેદ કરીને કહ્યું છે. વસ્તુ-સ્થિતિએ તો દ્રવ્ય ને પર્યાય બન્ને સ્વતંત્ર છે. (પાનું-૨૭૨) (૧૧૨) એકલો આત્મા શુદ્ધ ચૈતન્ય ઘન પ્રભુ પોતાની મેળે રાગાદિરૂપે પરિણમતો નથી. કેમ ? કેમ કે પોતાને ત્રિકાળી શુદ્ધ એક જ્ઞાયકસ્વભાવ પણાને લીધે રાગાદિનું નિમિત્તપણું-કારણપણું નથી. અહાહા ! આત્મા પોતે પર્યાયરૂપથી બદલવાના સ્વભાવવાંળો હોવા છતાં, શુદ્ધ-પવિત્ર સ્વભાવ પણાને લીધે તેને રાગાદિ વિકારનું કારણપણું નહિ હોવાથી એકલો પોતાની મેળે રાગાદિ વિકારપણે પરિણમતો નથી. (પાનું-૨૯૬) (૧૧૩) વસ્તુ જે અંદર દેહથી ભિન્ન, પુણ્ય-પાપના વિકારથી ભિન્ન અને એક સમયની બંધ-મોક્ષરૂપ પર્યાયથી ભિન્ન અખંડ એકરૂપ રહેલી છે. તે દ્રવ્ય છે, એ દૃષ્ટિએ એને જુઓ તો તે અપરિણમનરૂપ છે. જેમાં અજ્ઞાન-જ્ઞાનરૂપ કે મિથ્યાત્વ-સમ્યક્ત્વરૂપ પલટના નથી એવો ત્રિકાળ અનાદિ-અનંત શાશ્વત એવો ને એવો એકસદશ ચિન્માત્ર ભાવ રહેલો છે તે દ્રવ્ય (આત્મા) અપરિણમનસ્વરૂપ છે. આત્મામાં બે પ્રકાર : એક ત્રિકાળ ધ્રુવતા ને એક વર્તમાન પલટતી દશા. આ વિચાર પલટે છે ને ? એ એની પલટતી દશામાં છે, વસ્તુ જે ધ્રુવ ત્રિકાળ છે એમાં પલટના-બદલવું નથી उत्पादव्ययध्रौव्ययुक्तम्

Please inform us of any errors on AtmaDharma.com@gmail.com

સત્‌ એમ સૂત્ર છે ને ? મતલબ કે એક ત્રિકાળી ધ્રુવ દ્રવ્ય ને બીજી ઉત્પાદ-વ્યયરૂપ પર્યાય–એમ આ વીતરાગનું કહેલું સત્ત્વ છે. (પાનું-૩૧૨) (૧૧૪) પોતે રાગ વગરની ચીજ જ્ઞાનસ્વરૂપ પ્રભુ આત્મા છે તે પરથી હઠી અંદર સ્વસ્વરૂપમાં જાય છે ત્યારે સ્વને સ્વ-જ્ઞાનસ્વરૂપ જાણે છે ને રાગને આંધળો અજ્ઞાનમય પર જાણે છે. આ પ્રમાણે સ્વપરની વહેંચણી કરતું સ્વપરપ્રકાશક જ્ઞાન જે શક્તિરૂપે અંદર છે તે પર્યાયમાં પ્રગટ થાય છે. આ મોક્ષનો મારગ અને આ ધર્મ છે. અહો ! રાગથી ભિન્ન પડીને જ્ઞાન જ્ઞાનમાં આવ્યું ને સ્થિર થયું તે ધર્મ છે. (પાનું-૩૭૦) (૧૧૫) આત્માનું ચૈતન્ય લક્ષણ છે અને બંધનું લક્ષણ રાગાદિ છે, તોપણ માત્ર જ્ઞેય-જ્ઞાયકભાવની અતિ નિકટતાથી તેઓ એક જેવા થઈ રહ્યા દેખાય છે, એટલે શું ? કે જે સમયે જ્યાં પોતાની જ્ઞાનપર્યાય પ્રગટ થાય છે તે જ સમયે ત્યાં રાગાદિ ભાવો ઉત્પન્ન થાય છે. બંનેના ભાવ તો ભિન્ન ભિન્ન છે, પણ બન્નેનાં કાળ અને ક્ષેત્ર એક છે તેથી તેઓ એક જેવા થઈ રહ્યા દેખાય છે. એક છે, અથવા એક થાય છે એમ નહિ, પણ અજ્ઞાની એક માને છે તેથી એક જેવા થઈ રહ્યા છે એમ કહ્યું છે. (પાનું-૪૧૨-૪૧૩) (૧૧૬) જ્ઞાનની એક સમયની પર્યાયમાં છ દ્રવ્યનું જ્ઞાન થાય એટલું સામર્થ્ય છે, અને એવી એવી અનંતં પર્યાયોનો પિંડ એક જ્ઞાનગુણ છે; જેવો જ્ઞાનગુણ છે એવા એવા એવા અનંત ગુણો અનંત પર્યાયોના સામર્થ્યવાળા છે, અને એવા અનંત ગુણનો અભેદ એક પિંડ આત્મદ્રવ્ય છે. (પાનું-૪૩૯) (૧૧૭) સત્‌ ચિત્‌ જે આત્મા તે વસ્તુ, એનો ત્રિકાળી જે ચૈતન્યભાવ તે સ્વભાવ, એની સન્મુખ થઈ વર્તમાનમાં આ ચૈતન્યમાત્ર ભાવ તે હું–એમ અનુભવવો એનું નામ આત્માનું 'ગ્રહણ કરવું' છે. ચિત્‌ એ દ્રવ્યસ્વભાવ, ચેતના એ ગુણસ્વભાવ અને અનુભવ કરવો તે પર્યાયસ્વભાવ–એમ દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણે આવી ગયાં. (પાનું-૪૪૯) (૧૧૮) મોક્ષમાર્ગની પર્યાય છે તેના પ્રદેશો ત્રિકાળીના ક્ષેત્રથી ભિન્ન ગણવામાં આવ્યા છે. આ વાત ચિદ્‌વિલાસમાં આવે છે. પ્રવચનસારમાં પણ કહ્યું છે કે–ઉત્પાદ ઉત્પાદથી છે, ધ્રુવ કે વ્યયથી નહિ, વ્યય વ્યયથી છે; ઉત્પાદ કે ધ્રુવથી નહિ; ને ધ્રુવ

Version 001: remember to check AtmaDharma.com & AtmaDharma.org for updates



ધ્રુવથી છે, ઉત્પાદ કે વ્યયથી નહિ. **બહુ ઝીણી વાત છે ભાઈ ! તત્ત્વ બહુ સૂક્ષ્મ છે પ્રભુ ! પર્યાયની સ્થિતિ એક સમયની છે, જ્યારે દ્રવ્ય ત્રિકાળ છે.** પર્યાયનો ભાવ જે પ્રદેશમાં ઉત્પન્ન થાય છે તે પ્રદેશનો અંશ ભિન્ન છે ને ત્રિકાળી દ્રવ્યના પ્રદેશ ભિન્ન છે. અહા ! પર્યાયનું વીર્ય પર્યાયથી છે, પર્યાયની ઉત્પત્તિ પર્યાયથી છે. પર્યાયનું ટકવું પર્યાયથી છે. પર્યાયના ષટ્કારક પર્યાયમાં પર્યાયથી છે. આમ નિશ્ચયથી પર્યાય દ્રવ્યથી ભિન્ન છે. માટે અશુદ્ધ પર્યાય હોતાં ત્રિકાળી દ્રવ્ય આખું અશુદ્ધ થઈ જાય છે એમ નથી. પર્યાયની અશુદ્ધતાના કાળમાં પણ દ્રવ્ય તો એકરૂપ શુદ્ધ જ છે. (પાનું-૪૫૬) (૧૧૯) આ જૈન પરમેશ્વર ભગવાન કેવળીનો ઢંઢેરો છે કે પર્યાયે-પર્યાયે બંધ-મોક્ષની પર્યાયની રચનાથી રહિત ત્રિકાળી શુદ્ધ ચૈતન્યદ્રવ્ય છે તે ભિન્ન છે. અહા ! આવી પોતાની ચીજનો આદર અને સ્વીકાર કરી તેમાં લીન થતાં પર્યાયમાંથી મલિનતાનો નાશ થાય છે અને નિર્મળતા ઉત્પન્ન થાય છે. આનું નામ ધર્મ અને મોક્ષનો મારગ છે. (**પ્રવ. રત્ના, ભાગ-૯** પાનું-૭) (૧૨૦) દ્રવ્ય-પર્યાયસ્વરૂપ વસ્તુ આખી આત્મા છે. તેમાં જ્ઞાન, દર્શન, આનંદ આદિ અનંત ગુણથી રચાયેલું જે ત્રિકાળી ધ્રુવ દ્રવ્યમાન છે તે દ્રવ્ય છે અને પ્રતિસમય ઉત્પાદ-વ્યયરૂપ પલટતી જે અવસ્થા છે તે પર્યાય છે. તેમાં ગુણો છે તે અક્રમ અર્થાત્ એકસાથે રહેનારા સહવર્તી છે અને પર્યાયો ક્રમવર્તી છે. (પાનું-૧૪) (૧૨૧) પર્યાય અશુદ્ધ હોય તો દ્રવ્ય પણ અશુદ્ધ થઈ જાય એ માન્યતા યથાર્થ નથી. વસ્તુ જે દ્રવ્ય છે એ તો અનાદિ અનંત એકરૂપ પવિત્રતાનો પિંડ છે. વિકારી-નિર્વિકારી સર્વ પર્યાયોના કાળે દ્રવ્ય તો શાશ્વત એકરૂપ શુદ્ધ છે. અરે ! તીવ્ર મિથ્યાત્વના કાળે પણ દ્રવ્ય-વસ્તુ તો જેવી છે તેવી શુદ્ધ જ છે.

પ્રશ્ન : તો શુદ્ધ-અશુદ્ધ દ્રવ્ય એમ કહે છે ને ?

સમાધાન : હા, પણ એ તો પર્યાય-અપેક્ષાએ વાત છે. શુદ્ધતા અને અશુદ્ધતા એ તો પર્યાયની વાત છે ભાઈ ! (પાનું-૧૬)

(૧૨૨) ત્રિકાળી શુદ્ધ જીવ-વસ્તુ એ તો ધ્રુવ અપરિણામી છે, તેમાં બદલવું નથી. પણ વર્તમાન પર્યાય છે તે એની બદલતી દશા છે. પર્યાયનો કર્તા જીવ નથી. પર્યાય પોતાના ષટ્કારક

Please inform us of any errors on AtmaDharma.com@gmail.com

Version 001: remember to check AtmaDharma.com & AtmaDharma.org for updates



પરિણમનથી સ્વયં સ્વતઃ સહજપણે સ્વકાળે ઊપજે છે. ત્યાં દ્રવ્યથી પર્યાયને ભિન્ન બતાવી દ્રવ્યદૃષ્ટિ કરાવવાનું પ્રયોજન છે. ત્રિકાળી દ્રવ્યસ્વભાવ સિદ્ધ કરવો છે ને ? તો કહ્યું કે દ્રવ્ય પર્યાયનું કર્તા નથી, દ્રવ્ય પર્યાયનું દાતા નથી, આવો અક્રિય એકરૂપ દ્રવ્ય-સ્વભાવ છે. જ્યારે અહીં પરદ્રવ્ય પર્યાયનું કર્તા નથી, દાતા નથી એમ સિદ્ધ કરવું છે. તો દ્રવ્યપર્યાયને અભેદ કરીને વાત કરી છે કે જીવ ક્રમબદ્ધ એવા પોતાનાં પરિણામોથી ઉપજતો થકો જીવ જ છે, અજીવ નથી ભાઈ ! વસ્તુવ્યવસ્થા તો નિયત અને સ્વાધીન જ છે. એમાં ફેરફાર કરવાની તું ચેષ્ટા કરે એને શું તું પુરુષાર્થ કહે છે ? બાપુ ! એ પુરુષાર્થ નથી પણ તારા મિથ્યા વિકલ્પ છે. વાસ્તવમાં તો દ્રવ્યની પર્યાય તેના કાળે, પરના કર્તાપણા વિના. સ્વતંત્ર-સ્વાધીનપણે પોતાથી ક્રમબદ્ધ ઉત્પન્ન થાય છે એમ જેણે યથાર્થ માન્યું તે પુરુષાર્થી છે, કેમ કે એમ માનનાર પરથી હઠીને સ્વાભિમુખ થાય છે અને સ્વાભિમુખ થવું ને રહેવું એ જ સમ્યક્ પુરુષાર્થ છે. (પાનું-૧૬-૧૭). (૧૨૩) વાસ્તવમાં જે સમયે જે પર્યાય થાય તે પર્યાય તે સમયનું સત્ છે. તે કોઈથી આઘું-પાછું ન થાય. ભાઈ ! તે પર્યાય પરના કારણે તો થતી નથી પણ તેને પૂર્વ પર્યાયનીય અપેક્ષા નથી. સ્વામી **કાર્તિકેયાનુ પ્રેક્ષામાં** આવે છે ને ? કે પૂર્વપર્યાયયુક્ત દ્રવ્ય તે કારણ અને ઉત્તરપર્યાયયુક્ત દ્રવ્ય તે કાર્ય–એય વ્યવહારની વાત છે. ભાઈ ! સામાન્ય જે વસ્તુ છે તે, તે સમયના પર્યાયરૂપ વિશેષમાં ઉપજે છે અને તે પર્યાય-વિશેષ તે સમયનું સત્ છે. (પાનું-૧૮) (૧૨૪) સમય સમયની પર્યાય જે જે થવાની હોય તે તે કાળે તે જ થાય છે, એમાં બીજાની અપેક્ષા નથી. જરૂર નથી અહો ! આવું પર્યાયનું તત્ત્વ નિરપેક્ષ છે ! દ્રવ્ય અને ગુણની તો શું વાત ? ત્રિકાળી ધ્રુવ દ્રવ્ય તો પર્યાય વિનાનું પરમ નિરપેક્ષ તત્ત્વ છે. (પાનું-૨૨) (૧૨૫) અનાદિ-અનંત સદા એકરૂપ પરમસ્વભાવભાવ સ્વરૂપ નિજ પરમાત્મદ્રવ્ય તે ધ્રુવ ત્રિકાળ છે, ને મોક્ષમાર્ગ તે પરમ સ્વભાવભાવના આશ્રયે પ્રગટેલી વર્તમાન પર્યાય છે.

Please inform us of any errors on AtmaDharma.com@gmail.com

Version 001: remember to check AtmaDharma.com & AtmaDharma.org for updates



એક ત્રિકાળભાવ અને એક વર્તમાન પર્યાયભાવ, આવા દ્રવ્ય-પર્યાયરૂપ બંને સ્વભાવો વસ્તુમાં એકસાથે છે. વસ્તુ કદી પર્યાય વિનાની હોય નહિ. દરેક સમયે તે નવી નવી પર્યાયે પરિણમ્યા કરે છે. તે પર્યાય જો અંતર્મુખ સ્વભાવભાવમાં ઢળેલી હોય તો તે મોક્ષનું કારણ છે, ને બહિર્મુખ પરભાવમાં ઢળેલી હોય તો તે બંધનું કારણ છે. આમ બંધ-મોક્ષની રમતો તારી પર્યાયમાં જ સમાય છે, બીજું કોઈ તારા બંધ-મોક્ષનું કારણ નથી. (પાનું-૧૩૩-૧૩૪) (૧૨૬) મોક્ષમાર્ગની જે પર્યાય છે કે જેમાં અપૂર્વ અપૂર્વ આનંદનો સ્વાદ આવે છે, તે પર્યાય પણ દ્રવ્યથી કથંચિત ભિન્ન છે. અતીન્દ્રિય આનંદનો પૂરણ સ્વાદ આવે તે મોક્ષ છે અને તે પણ એક પર્યાય છે. તે પર્યાય દ્રવ્યથી કથંચિત્ ભિન્ન છે. હવે દ્રવ્ય શું ? ગુણ શું ? પર્યાય શું ?—આવું પોતાનું દ્રવ્ય-પર્યાયસ્વરૂપ કદી લોકોએ જાણવાની દરકાર જ કરી નથી. (પાનું-૧૩૭) (૧૨૭) પ્રત્યેક પર્યાયની મુદત જ એક સમયની છે. કેવળજ્ઞાનની પર્યાય પણ બીજા સમયે બીજી થાય છે; જાત એ, પણ બીજા સમયે બીજી થાય છે. કેવળજ્ઞાનની પર્યાય બીજા સમયે રહી ન શકે, કેમ કે તે એક સમયની મુદતવાળી ક્ષણવિનાશી ચીજ છે. ભાઈ ! આ તો અંદરની વાતુ છે બાપા ! જો તારે સત્ શોધવું હોય તો તે સત્ શાશ્વત અંદરમાં છે. એને શોધનારી પર્યાય પણ એ સત્‌થી કથંચિત્ ભિન્ન છે, અર્થાત્ પર્યાયમાં જેને અહંભાવ છે તેને તે હાથ ન લાગે એવી ચીજ છે. ભાઈ ! તારે શેમાં અહંપણું કરવું છે ? કોને અધિકપણે માનવું છે ? હું પર્યાયથી અધિક-ભિન્ન છું એમ માનતાં અંદર દ્રવ્ય અંદર જે અધિક છે તેનો અનુભવ થાય છે. (પાનું-૧૪૦) (૧૨૮) પલટતી પર્યાય ને ત્રિકાળ ટકતું દ્રવ્ય—આવું વસ્તુસ્વરૂપ છે. દ્રવ્ય અપેક્ષાએ વસ્તુ અપરિણામી અક્રિય અને પર્યાય અપેક્ષાએ પરિણમનશીલ સક્રિય છે. શ્રી સર્વજ્ઞદેવે આવું દ્રવ્ય-પર્યાયરૂપ વસ્તુનું સ્વરૂપ ઉપદેશ્યું છે. તેમાં કહે છે-દ્રવ્ય-પર્યાય સર્વથા અભિન્ન નથી, કંથચિત્ ભિન્ન છે. અહા ! સર્વથા ભિન્ન નહિ, સર્વથા અભિન્ન નહિ-આવું વસ્તુનું સ્વરૂપ છે. સર્વથા ભિન્ન હોય તો વસ્તુ અવસ્થા વગરની થઈ જતાં વસ્તુ જ ન રહે, તથા સર્વથા અભિન્ન હોય તો પર્યાયનો નાશ થતાં

Please inform us of any errors on AtmaDharma.com@gmail.com

Version 001: remember to check AtmaDharma.com & AtmaDharma.org for updates



દ્રવ્યનો જ નાશ થઈ જાય અર્થાત્ વસ્તુ જ ન રહે. માટે દ્રવ્ય-પર્યાય કથંચિત ભિન્ન છે એ યથાર્થ છે. દ્રવ્ય અવિનાશી, પર્યાય વિનાશી-એમ દ્રવ્ય-પર્યાય બંને સર્વથા એક નથી આત્મામાં એક પર્યાયઅંશ છે, અજ્ઞાન ટળીને જ્ઞાન થવું, અશુદ્ધતા ટળીને શુદ્ધતા થવી ઈત્યાદિ નવું નવું કાર્ય પર્યાયમાં જ થાય છે. ત્યાં જે પર્યાયનું અસ્તિત્વજ ન માને તેને તો નવું કાંઈ કાર્ય થતું જ નથી, અર્થાત તેને પોતાના અજ્ઞાનભાવને લીધે સંસાર મટતો જ નથી. વળી કોઈ એકલી પર્યાય સામું જ જોયા કરે ને દ્રવ્યના શુદ્ધસ્વભાવનું લક્ષ ન કરે તેને પણ અશુદ્ધતા ટળીને શુદ્ધતા થતી નથી. દ્રવ્યને ન માને તોય શુદ્ધતા ન સધાય, ને પર્યાયને ન માને તોય શુદ્ધતા ન સધાય (પાનું-૧૪૩) (૧૨૯) જેમ જ્ઞાન સ્વભાવી ત્રિકાળી આત્મદ્રવ્ય સહજ સત્ છે, એનો જ્ઞાન સ્વભાવ ત્રિકાળ સત્ છે તેમ એની એક સમયની પર્યાય પણ વર્તમાન સત્ જ છે. જેમ ત્રિકાળીને કરવો નથી તેમ વર્તમાન વર્તતી પર્યાયને પણ કરવી નથી, બહુ ઝીણી વાત પ્રભુ ! જેમ વસ્તુ આત્મા ત્રિકાળ સત્ છે તેમ નિર્જરા ને મોક્ષની પર્યાય પણ તે તે કાળે સત્ જ છે. હવે સત્‌પણે છે એને શું કરવું ? એને માત્ર જાણે છે. (પાનું-૧૮૫) (૧૩૦) પ્રશ્ન : આ જાણવું એમાં ગર્ભિત કર્તાપણું આવ્યું કે નહિ ? ઉત્તર : અહા ! જાણવાનું કરું એમ પણ નહિ. એ જાણવાની પર્યાય તે કાળે સહજપણે સત્‌રૂપ છે, અને થાય છે. (પાનું-૧૮૬) (૧૩૧) વિકારી ભાવ કર્મને લઈને થાય છે, વા કર્મ વિકારને કરે છે ને કર્મ ખસી જાય તો ધર્મ થાય એમ જે માને છે તે પર્યાય સત્ છે ને તે પોતાથી થાય છે એમ માનતો નથી. તેને પર્યાયને દ્રવ્યની સ્વતંત્રતાની ખબર નથી. વાસ્તવમાં દરેક સમયે જે પર્યાય થવાની હોય તેજ થાય છે. વસ્તુ ત્રિકાળ નિત્ય છે ને તેની પ્રતિસમય થનારી પર્યાય જે થવાની હોય તે થાય છે પરને લઈને કે કર્મને લઈને તે થતી નથી, બદલતી નથી. આવી વસ્તુસ્થિતિ છે. (પાનું-૨૮૮) (૧૩૨) કોઈ દ્રવ્ય કોઈ બીજા દ્રવ્યમાં પ્રવેશ કરતું જ નથી તો તે બીજાનું કર્મ કઈ રીતે કરે ? માટે પરિણામનો કર્તા પરિણામ પોતે છે, દ્રવ્ય તેનું કર્તા

Please inform us of any errors on AtmaDharma.com@gmail.com

Version 001: remember to check AtmaDharma.com & AtmaDharma.org for updates



નથી. પણ અહીં તો પરદ્રવ્યથી ભિન્ન લેવું છે ને ? તો કહ્યું કે- પરિણામ પોતાના આશ્રયભૂત પરિણામીનું જ હોય છે, અન્યનું નહિ. (પાનું-૩૨૬) (૧૩૩) બાપુ ! જ્યાં સુધી આવી પર્યાયની સ્વતંત્રતા બેસે નહિ ત્યાં સુધી દ્રવ્ય-ગુણની સ્વતંત્રતા કેમ બેસે ? અને દ્રવ્ય-ગુણની સ્વતંત્રતા જ્ઞાનમાં ભાસ્યા વિના દૃષ્ટિ ઉપર દ્રવ્ય કેમ જાય ? ન જાય ને તો દ્રવ્યની દૃષ્ટિ થયા વિના સમ્યગ્દર્શન પણ ન જ થાય. દ્રવ્યમાં પર્યાય પોતાથી સ્વતંત્ર થાય છે. તેના છ એ કારકો સ્વતંત્ર છે. (પાનું-૩૪૦-૩૪૧) (૧૩૪) ખરેખર તો જ્ઞાનનું પરિણમન તે કાર્ય અને ભગવાન આત્મા તેનો કર્તા-એમ કહીએ એ પણ ભેદ-ઉપચાર છે. વાસ્તવમાં જ્ઞાનની પરિણતિનો કર્તા તે પરિણતિ પોતે છે, આત્માને તેનો કર્તા કહેવો તે ભેદોપચાર છે, વ્યવહાર છે. આવી ગજબ વાત છે પ્રભુ ! સત્ જ આવું છે. **ભગવાને જેવું ભાળ્યું તેવું ભાખ્યું છે, અને તે આ છે અહા ! આમાં તો પર્યાય-પર્યાયની સ્વતંત્રતાનો ઢંઢેરો પીટ્યો છે.** અહા! જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા-તેની જ્ઞાનની પર્યાય ક્રમબદ્ધ થાય તે સ્વતંત્ર છે. રાગ છે માટે જ્ઞાન થાય છે એ તો ક્યાંય દૂર કહ્યું, દ્રવ્ય (ત્રિકાળી) છે માટે તેની જ્ઞાનની પર્યાય થાય છે એમ પણ નથી, કેમકે દ્રવ્ય તો સદાય છે, છતાં પરિણતિ એકરૂપ થતી નથી, ભિન્ન ભિન્ન થાય છે. પર્યાય ભિન્ન ભિન્ન થાય છે એ પર્યાયનું પોતાનું સ્વતંત્ર કાર્ય છે એમ સિદ્ધ કરે છે. આવી વાત બહુ ઝીણી ! (પાનું-૩૭૪) (૧૩૫) આત્મા આખી વસ્તુ જે છે તે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યમય એમ ત્રિ-સત્ત્વસ્વરૂપ છે. તેમાં ઉત્પાદ-વ્યયરૂપ છે તે પર્યાય છે, અને ત્રિકાળી એકરૂપ ધ્રુવ છે તે દ્રવ્ય છે. આ ત્રિકાળી ધ્રુવ દ્રવ્ય તે નિશ્ચયનયનો વિષય છે. અંશ છે ને ? એક સમયની પર્યાય તે અંશ છે, ને ત્રિકાળી ધ્રુવ દ્રવ્ય પણ અંશ છે, પણ ધ્રુવ દ્રવ્ય છે તે પૂર્ણ છે, શુદ્ધ એકરૂપ છે. અહા ! આવું જે ત્રિકાળી શુદ્ધ દ્રવ્ય ચૈતન્ય - સામાન્ય ધ્રુવ એક જ્ઞાયકભાવરૂપ – તે જેણે દૃષ્ટિમાં સ્થાપ્યું છે તે સમ્યગ્દૃષ્ટિ છે. (પાનું-૩૯૨) (૧૩૬) **દેવાધિદેવ સર્વજ્ઞ પરમાત્મા ગણધરો, ઈન્દ્રો ને મુનિવરોની**

Please inform us of any errors on AtmaDharma.com@gmail.com

Version 001: remember to check AtmaDharma.com & AtmaDharma.org for updates



**સભામાં જે ફરમાવતા હતા તે વાત અહીં આ આવી છે. બહુ સૂક્ષ્મ ને ગંભીર ! સમજાય તેટલી સમજો** બાપુ ! કહે છે અનંત આત્માઓ, અનંતાનંત રજકણો– એ પ્રત્યેક દ્રવ્યમાં પ્રતિસમય થતી પર્યાયવિકારી કે નિર્વિકારી-પોતાથી ઉત્પન્ન થાય છે. વિકાર ઉત્પન્ન થાય તે પણ તે તે પર્યાયનો સ્વભાવ છે, કર્મ તેમાં નિમિત્ત હો, પણ કર્મનું એમાં કાંઈ કર્તવ્ય નથી. સર્વ દ્રવ્યોનો સ્વભાવથી જ ઉત્પાદ થાય છે. પ્રત્યેક દ્રવ્યમાં પ્રતિસમય પોતાની પર્યાયની યોગ્યતાના સ્વભાવથી જ ઉત્પાદ થાય છે. **(પ્રવ. રત્ના. ભાગ-૧૦,** પાનું-૮) (૧૩૭) નિશ્ચયનયથી વિચારવામાં આવે તો....... - આ નિશ્ચયનય એટલે વર્તમાન પર્યાય જીવની છે એને અહીં નિશ્ચયનય કહ્યો છે. શુદ્ધ નિશ્ચયનયની અહીં વાત નથી. શુદ્ધ નિશ્ચયનયથી તો દ્રવ્યમાં રાગાદિક ઉદયભાવ છે જ નહિ, સંસાર છે જ નહિ. અહીં તો દ્રવ્યની પર્યાય તે નિશ્ચય અને કર્મ છે તે વ્યવહાર. પર્યાયની યોગ્યતા તે નિશ્ચય અને કર્મનું નિમિત્ત છે તે વ્યવહાર એમ વાત છે. દ્રવ્ય તે નિશ્ચય ને પર્યાય તે વ્યવહાર એ વાત અત્યારે અહીં નથી. પર્યાયની ઉત્પત્તિ તે દ્રવ્યના સત્ત્વમાં છે એમ વાત છે. **જેને હજુ પર્યાયની સ્વતંત્રતાની વાત બેસતી નથી તેને દ્રવ્યની સ્વતંત્રતાની દૃષ્ટિ થઈ શકે નહિ. પર્યાયના ષટ્‌કારકની સ્વતંત્રતાનું જેને ભાન નથી તેને અંદર વસ્તુ સ્વસહાય સ્વતંત્ર છે એમ બેસી શકે નહિ.** (પાનું-૧૯) (૧૩૮) **અહા ! એકવાર તો એમ અંદરમાં આવ્યું હતું કે જાણે જ્ઞાનની પર્યાય જે છે એક જ વસ્તુ છે. બીજી ચીજ જ નથી. એક જ્ઞાનની પર્યાયનું અસ્તિત્વ એ આખા લોકાલોકનું અસ્તિત્વ છે.** એક સમયની જાણવા-દેખવાની સ્વ-પરપ્રકાશક પર્યાય એમાં આત્મદ્રવ્ય એના અનંતા ગુણો એની ત્રણે કાળની પર્યાયો તથા છ દ્રવ્યોના દ્રવ્ય-ગુણ-પર્યાય બધું એક સમયમાં જણાય છે. આખું જગત એક સમયમાં જણાય છે છતાં એક સમયની પર્યાયમાં પોતાના દ્રવ્ય-ગુણ કે છ દ્રવ્યો આવતા નથી. પૂર્ણ પર્યાય પ્રગટ થઈ એ દ્રવ્યમાંથી પ્રગટ થઈ એમ વ્યવહારથી કહેવાય; નિશ્ચયથી દેખો તો પર્યાય, પર્યાયથી થઈ છે, દ્રવ્યથી નહિ. પૂરણ અનંતજ્ઞાનની પર્યાય પ્રગટી તે સર્વ

Please inform us of any errors on AtmaDharma.com@gmail.com

Version 001: remember to check AtmaDharma.com & AtmaDharma.org for updates



લોકાલોકને જાણતી થકી પ્રગટી છે છતાં દ્રવ્ય-ગુણ તો એવાં ને એવાં ત્રિકાળ એકરૂપ પડ્યાં છે; તેમાં કોઈ ઉણપ કે અધિકતા થઈ નથી. આમ સર્વ પડખેથી વસ્તુસ્વરૂપ યથાર્થ જાણવું જોઈએ. (પાનું-૪૭) (૧૩૯) આત્મામાં અનંતા ગુણ અને પર્યાયનાં અનંતા પાસાં છે. વિકારી-અવિકારી પર્યાયોનો સમુદાય તે દ્રવ્ય—એમ મોક્ષમાર્ગપ્રકાશકમાં સાતમા અને નવમા અધિકારમાં કહ્યું છે. અહા ! શુદ્ધ-અશુદ્ધ પર્યાયનો પિંડ તે દ્રવ્ય છે. અશુદ્ધ પર્યાય પણ અંદર દ્રવ્યમાં છે, તે દ્રવ્યની વસ્તુ છે. પૂર્વે અશુદ્ધતા હતી, ને વર્તમાન અશુદ્ધતા છે એમ જે ન માને તેને (-તે નિશ્ચયાભાસીને) આ કહ્યું છે કે શુદ્ધ પર્યાયો અને અશુદ્ધ પર્યાયોનો પિંડ તે દ્રવ્ય છે. અહો ! મોક્ષમાર્ગપ્રકાશકમાં સ્યાદ્વાદ શૈલીથી તત્ત્વનું સ્વરૂપ—દ્રવ્ય-પર્યાયની શુદ્ધતા-અશુદ્ધતા જેમ જે રીતે છે તેમ અત્યંત સ્પષ્ટ કરવામાં આવેલ છે. (પાનું-૧૬૬) (૧૪૦) અનાદિથી આ જીવ પર્યાયદૃષ્ટિ રહી ચોરાસીના અવતારમાં રજળે છે. તેને નાશવંત પર્યાયનો આશ્રય છોડાવી ત્રિકાળી ધ્રુવ એક શુદ્ધ ભાવનો આશ્રય કરાવવાના પ્રયોજનથી ત્યાં નિયમસારમાં સર્વ પર્યાયોને પરદ્રવ્ય કહી હેય કહી અને એક ત્રિકાળી ધ્રુવ શુદ્ધભાવ ઉપાદેય કહ્યો સમયસારની ૧૧મી ગાથામાં પણ પર્યાયને અસત્યાર્થ કહી તેનો આશય એવો છે કે પર્યાયને ગૌણ કરી, પેટામાં રાખી, વ્યવહાર કહીને નથી એમ કહ્યું છે, અને સમ્યગ્દર્શનનો વિષય જે ધ્રુવ એક ચિદાનંદઘન પ્રભુ તેને મુખ્ય કરી, નિશ્ચય કહી તેને ભૂતાર્થ-સત્યાર્થ કહેલ છે. આમાં પ્રયોજન એક ધ્રુવનો આશ્રય કરાવવાનું છે. અહીં બીજી વાત છે. અહીં પરદ્રવ્યથી ભિન્નતા સિદ્ધ કરવી છે. તો સમ્યગ્દર્શન અને સંયમ આદિ પોતાની જે પર્યાય છે તે પોતે આત્મા જ છે એમ શૈલીથી વાત છે. પોતાની પર્યાય તે પોતે જ છે, પર નથી એ શૈલીથી અહીં વાત છે ભાઈ ! જ્યાં જે અપેક્ષાથી વાત હોય તેને ત્યાં યથાર્થ સમજવી જોઈએ. સમયસાર ગાથા ૧૧માં ધ્રુવ એક ત્રિકાળી દ્રવ્ય તે નિશ્ચય અને પર્યાય તે વ્યવહાર એમ કહ્યું છે, અહીં જેની જે પર્યાય તે નિશ્ચય તેની છે, પરની નથી એમ લેવું છે. (પાનું-૧૯૧) (૧૪૧) અનંતગુણમય બેહદ સ્વભાવથી ભરેલો

Please inform us of any errors on AtmaDharma.com@gmail.com

Version 001: remember to check AtmaDharma.com & AtmaDharma.org for updates



ભગવાન આત્મા–તેની પ્રતીતિ કરવા માટે વિકલ્પ કામ ન આવે, કેમ કે વિકલ્પ હદવાળી મર્યાદિત ચીજ છે, તેની પ્રતીતિ કરનારી પર્યાય બેહદ ચીજ છે. શું કીધું ? અચિન્ત્ય બેહદ જેનો સ્વભાવ છે એવા ભગવાન આત્માની પ્રતીતિ કરનારી પર્યાય કે જેને સમ્યગ્દર્શન કહીએ તે અચિન્ત્ય બેહદ શક્તિવંત છે. અહાહા......! વસ્તુ ત્રિકાળી ધ્રુવદ્રવ્ય એક સમયની પર્યાયમાં આવી જાય એમ નહિ, પણ એની પ્રતીતિ પર્યાયમાં આવી જાય છે. અહો ! તે પર્યાય (સમ્યગ્દર્શન) બેહદ ચીજ છે. અષ્ટપાહુડમાં ચારિત્રને અક્ષય-અમેય કહેલ છે. શું કહીએ ? **વાણીમાં પૂરું આવી શકે નહિ, કંઈક ઈશારા આવે. આવું જ વસ્તુસ્વરૂપ છે.** (પાનું-૨૨૦) (૧૪૨) પ્રત્યેક વસ્તુનું સ્વરૂપ સામાન્યવિશેષાત્મક છે. વસ્તુ છે તે પ્રત્યેક ત્રિકાળરૂપ સામાન્યપણે છે અને પર્યાયરૂપ વિશેષપણે છે. આત્મા, પરમાણુ આદિ પ્રત્યેક દ્રવ્ય સામાન્ય અને વિશેષ એમ બેય સ્વભાવે છે. ત્રિકાળ ધ્રુવપણે રહે તે સામાન્ય, અને પલટીને વર્તમાન-વર્તમાન અવસ્થાએ થવું તે વિશેષ. આ સામાન્ય અને વિશેષ બન્નેય વસ્તુનો સ્વભાવ છે. આવું વસ્તુનું સ્વરૂપ જાણ્યા વિના ધર્મ કેમ થાય ? અત્યારે તો મૂળ તત્ત્વની વાત લુપ્ત થઈ ગઈ અને લોકો બિચારાબાહ્ય ક્રિયાકાંડમાં પડી ગયા છે. (પાનું-૩૪૫) (૧૪૩) આ હું ત્રિકાળી ધ્રુવ છું એમ નિર્ણય કોણ કરે છે ? તો કહે છે... અનિત્ય એવી પર્યાય તે નિત્યનો નિર્ણય કરે છે. નિર્ણય પર્યાય કરે છે. ધ્રુવ કાંઈ નિર્ણય કરતું નથી. નિત્યનો-ધ્રુવનો કે અનિત્યનો નિર્ણય નિત્ય-ધ્રુવ ન કરે, નિર્ણય તો અંદર ઢળેલી અનિત્ય-પર્યાયમાં જ થાય છે. (પાનું-૩૫૫) (૧૪૪) અનંતગુણનો પિંડ પ્રભુ આત્મા છે. તેની પ્રત્યેક સમયે થતી પર્યાય સ્વથી છે, પરથી નથી. એનો અર્થ જ એ છે કે પર નિમિત્તને લઈને પર્યાય થતી નથી. પર નિમિત્ત નથી એમ નહિ પરંતુ જેમ અનંત દ્રવ્યો ત્રિકાળ અસ્તિપણે છે એને કોઈની અપેક્ષા નથી, તેમ એની પર્યાયનું એક સમયનું અસ્તિત્વ છે તેને કોઈની અપેક્ષા નથી. એક સમયની પયાર્ય પણ સ્વસહાય જ પ્રગટ થાય છે. અહા ! પર્યાયના એક સમયના અસ્તિત્વને નિમિત્તની અપેક્ષા તો નથી, ખરેખર તો પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-ભાવનીય

Please inform us of any errors on AtmaDharma.com@gmail.com

Version 001: remember to check AtmaDharma.com & AtmaDharma.org for updates



એને અપેક્ષા નથી. જુઓ, દ્રવ્ય-ક્ષેત્ર-ભાવ તો સદા એકરૂપ એકસદ્દશ છે, છતાં પર્યાયમાં તો વિવિધતા-અનેકવિધતા છે, માટે પર્યાય પર્યાયના કારણે જ પ્રગટ થાય છે એ નિશ્ચય છે. (પાનું-૩૬૨) (૧૪૫) પ્રત્યેક દ્રવ્યની સમય સમયની અવસ્થા તો જે સમયે જે થવાની હોય તે જ થાય છે. ભૂત, ભવિષ્ય ને વર્તમાન—ત્રણે કાળની જેટલી પર્યાયો છે એ બધી પર્યાયોના સમુદાયને દ્રવ્ય કહે છે, અને જે કાળે જે ભાવમાંથી જે પર્યાય આવવાની હોય તે જ આવે છે. ભગવાનના જ્ઞાનમાં પણ એમ જ ભાસ્યું છે કે પ્રગટ થવાના સામર્થ્યરૂપ જે શક્તિ છે તે શક્તિમાંથી વ્યક્તિ-પર્યાય સમયે સમયે પ્રગટે છે (પાનું-૪૪૪) (૧૪૬) સ્વનું લક્ષ કરીને સ્વતંત્રપણે જ્યાં પર્યાય પ્રગટી ત્યાં એમાં એને ખ્યાલ આવી જાય છે કે હું મારાથી છું ને પરથી નથી, અર્થાત્ કર્મનો ઉદય મંદ પડ્યો કે એનો અભાવ થયો માટે સ્વ તરફનો પુરુષાર્થ થયો છે એમ એમાં ભાસતું નથી. અંદરમાં જે પર્યાય વળે છે તે સ્વથી વળે છે. (પાનું-૪૬૦). (૧૪૭) જ્ઞાનની વર્તમાન પર્યાય જે આત્માનું લક્ષણ છે તે પ્રગટ છે, ને તે વડે અપ્રગટ (શક્તિરૂપ) લક્ષ્ય (શુદ્ધ આત્મા) જણાય છે. અહાહા.....! જાણનાર-જાણનાર એવું ત્રિકાળી જ્ઞાયક સ્વરૂપ તો પ્રગટ નથી, પણ તેના લક્ષણરૂપ જે વર્તમાન દશા છે તે પ્રગટ છે, તેમાં આ હું લક્ષ્ય-ભગવાન આત્મા છું-એમ જણાય છે. આમ લક્ષણની પ્રસિદ્ધિ વડે લક્ષ્યની પ્રસિદ્ધિ થાય છે માટે આત્માને જ્ઞાનમાત્રપણે વ્યપદેશ કરવામાં આવ્યો છે. જ્ઞાનગુણથી અહીં વાત કરી તેમાં જ્ઞાનગુણ તો ત્રિકાળ છે, તેથી તે કાંઈ આત્માને પકડતો નથી, પરંતુ તેની અંતર્મુખાકાર વર્તમાન પ્રગટ દશા ભગવાન આત્માને પકડે છે. (**પ્રવ. રત્ના, ભાગ-૧૧,** પાનું-૨-૩) (૧૪૮) આત્મામાં જ્ઞાન, દર્શન, આનંદ, અસ્તિત્વ, વસ્તુત્વ, આદિ અનંત ગુણ અને તેની સમયસમયની અનંત પર્યાયો પરસ્પર ભિન્ન ભિન્ન છે. એટલે શું ? કે એક ગુણ બીજા ગુણરૂપ નથી. ભલે એક ગુણમાં બીજા ગુણનું રૂપ છે પણ એક ગુણ બીજા ગુણરૂપ નથી. તેમ એક ગુણની અવસ્થા-પર્યાય બીજા ગુણના કારણે થાય એમ પણ નથી. આ અંદરની વાત છે. અહાહા....! દરેક ગુણની પ્રત્યેક પર્યાયમાં છકારક

Please inform us of any errors on AtmaDharma.com@gmail.com

Version 001: remember to check AtmaDharma.com & AtmaDharma.org for updates



રૂપ થઈને પરિણમવાનું પોતાનું સ્વતંત્ર વીર્ય છે. પ્રત્યેક પર્યાય પોતે પોતાના સામર્થ્યથી જ પોતાની રચના કરે છે, આવો જ પર્યાયધર્મ છે. અહાહા.....! પર્યાયનું કારણ પરદ્રવ્ય તો નહિ, સ્વદ્રવ્ય-ગુણ પણ નથી. પર્યાય પોતે જ પોતાનું કારણ છે. સૂક્ષ્મ વાત છે જરી. એક જ સમયે પોતે જ કારણ ને કાર્ય છે. કારણ-કાર્યના ભેદ પાડીએ એ તો ખરેખર વ્યવહાર છે, કહેવા માત્ર છે. અહાહા.....! દ્રવ્ય સત્‌ પ્રત્યેક ગુણ સત્‌, ને પ્રતિસમય પ્રગટ થતી પર્યાય પણ પોતાના સ્વરૂપથી સત્‌ છે. (પાનું-૭-૮) (૧૪૯) વસ્તુપણે બધાય ગુણ અભેદ છે, તેથી દ્રવ્ય અભેદ પરિણમતાં સાથે બધા જ ગુણોનો અંશ એકસાથે ઊઘડી જાય છે. એક ગુણ નિર્મળ પરિણમે અને બીજા ગુણ સર્વથા મલિન રહે અંશે પણ નિર્મળ ન થાય એમ બનતું નથી. લ્યો, જ્ઞાનમાત્ર ભાવની અંતઃપાતિની અનંત શક્તિઓ ઊછળે છે એનો આ આશય છે, આ અર્થ છે–કે દ્રવ્ય અભેદ પરિણમતાં સર્વ અનંત શક્તિઓ નિર્મળ પરિણમી જાય છે. નિર્મળતામાં હીનાધિકતાના ભેદ પડે એ અહીં મુખ્ય નથી. (પાનું-૯) (૧૫૦) પ્રભુ ! તું એક અનંત શક્તિવંત દ્રવ્ય-વસ્તુ છો. તારામાં અનંત શક્તિઓ-ગુણો છે. તે બધા ગુણો અક્રમ એટલે એક સાથે છે, અને તે ગુણોનું જે પરિણમન થાય છે તે ક્રમે થાય છે. એક સમયમાં એક ગુણની એક પર્યાય એમ અનંત ગુણની એક સમયમાં અનંત પર્યાયો થાય છે. તે બધી પર્યાયો ક્રમથી સમયે સમયે પ્રગટ થાય છે. પર્યાયો પલટે છે, ને દ્રવ્ય-ગુણ કૂટસ્થ છે. આમ અક્રમવર્તી ગુણો અને ક્રમવર્તી પર્યાયોનો સમૂહ તે આત્મદ્રવ્ય છે. જળમાં જેમ તરંગ ઊઠે છે, તેમ દ્રવ્યમાંથી પર્યાય દ્રવે છે. 'द्रवति इति द्रव्यम्' દ્રવે છે તે દ્રવ્ય છે. અહાહા.....! પર્યાય અંદર દ્રવ્યમાંથી દ્રવે છે. (પાનું-૧૦) (૧૫૧) જીવનશક્તિમાં ધ્રુવ ઉપાદાન અને ક્ષણિક ઉપાદાન બંને આવી જાય છે. ત્રિકાળી જીવનશક્તિ તે ધ્રુવ ઉપાદાન છે, અને પર્યાયમાં દર્શન, જ્ઞાન, ચારિત્રનું નિર્મળ પરિણમન થયું તે ક્ષણિક ઉપાદાન છે. અહાહા......! દ્રવ્યની દૃષ્ટિ થતાં જીવનશક્તિનું નિર્મળ પરિણમન થયું ત્યારે પર્યાયમાં નિર્મળ જ્ઞાન, નિર્મળ આનંદ, નિર્મળ પ્રભુતા, નિર્મળ સ્વચ્છતા ઇત્યાદિ અનંત ગુણની નિર્મળ

Please inform us of any errors on AtmaDharma.com@gmail.com

Version 001: remember to check AtmaDharma.com & AtmaDharma.org for updates



દશા પ્રગટ થાય છે. આનું નામ ધર્મ અને આનું નામ મોક્ષમાર્ગ છે. અને આ ક્ષણિક ઉપાદાન છે. (પાનું-૧૪) (૧૫૨) ભગવાન કેવળી દ્રવ્યોની વર્તમાન વર્તતી પર્યાયને જાણે પણ ત્રિકાળવર્તી સર્વ પર્યાયોને ન જાણે કેમ કે એક સમયની વર્તમાન પર્યાય વર્તે છે, પણ ભૂત-ભવિષ્યની પર્યાયો વર્તમાન વર્તતી નથી. પણ આ માન્યતા બરાબર નથી, કેમ કે ભગવાન કેવળીની જ્ઞાનશક્તિ સંકોચરહિત ખીલીને એવી પૂર્ણજ્ઞાનરૂપ, કેવળજ્ઞાનરૂપ થઈ છે કે એક સમયમાં ત્રણે કાળની સમસ્ત પર્યાયોને ભગવાન કેવળી સર્વજ્ઞદેવ પ્રત્યક્ષ જાણે છે. ભગવાન કેવળી વર્તમાન વર્તતી એક સમયની પર્યાયને જ દેખે છે, ને ભૂત-ભાવિની પર્યાયોને દેખતા નથી એમ છે જ નહિ. એમ માને એને ચૈતન્યની શક્તિની ખબર જ નથી. ભાઈ ! આમાં એક ન્યાય ફરે તો એમાં આખી વસ્તુ ફરી જાય. લોકાલોક એક જ છે, પણ એનાથી અનંતગુણા લોકાલોક હોય તો પણ સંકોચ વિના વિકાસ થઈને કેવળજ્ઞાન તે બધાને જાણી લે એવું તેનું સ્વરૂપ છે ભાઈ ! એક એક ગુણની એક એક પર્યાય સંકોચ વિના પૂર્ણ વિકાસરૂપ થઈ વિલસે એવો આત્માની અસંકોચવિકાસશક્તિનો સ્વભાવ છે. **ભગવાન ! અંદર તારું સ્વરૂપ તો જો ભાઈ ! વસ્તુ સ્થિતિ જ આવી છે. અમે તો સાક્ષાત્ ભગવાન પાસે સાંભળ્યું છે. પરંતુ વાત આવી સૂક્ષ્મ છે એટલે લોકોને બેસવી કઠણ પડે છે.** (પાનું-૭૭) (૧૫૩) જેમ દ્રવ્ય-ગુણ અન્ય વડે કરાય નહિ તેમ પર્યાય પણ અન્ય વડે કરાતી નથી એવો આ વસ્તુનો અલૌકિક સ્વભાવ છે. પર્યાય સમયે સમયે નીપજતું નવું કાર્ય છે એ બરાબર, પણ તેથી કાંઈ તે બીજા વડે કરાય છે એમ ક્યાંથી આવ્યું ? કારણ વિના કાર્ય ન હોય એ ખરું, પણ તે કારણ પોતામાં હોય કે પરમાં ? કાર્ય પોતામાં ને કારણ પરમાં-એમ છે નહિ, એ જિનમત નથી. (પાનું-૮૦) (૧૫૪) દ્રવ્ય સત્, ગુણ સત્ ને પર્યાય પણ સત્ છે, ત્રણે સ્વતંત્ર છે. તેથી નિશ્ચયે પર્યાય પોતાથી ઉત્પન્ન થાય છે, કોઈ બીજું (અન્ય દ્રવ્ય) કારણ છે માટે તે ઉત્પન્ન થાય છે એમ છે નહિ. નિશ્ચયથી તો એમ છે કે સમ્યગ્દર્શન કે કેવળજ્ઞાનની જે પર્યાય ઉત્પન્ન થઈ

Please inform us of any errors on AtmaDharma.com@gmail.com

Version 001: remember to check AtmaDharma.com & AtmaDharma.org for updates



તે તેની જન્મક્ષણ છે. તેની ઉત્પત્તિનો તે કાળ હતો માટે તે પર્યાય ત્યાં ઉત્પન્ન થઈ છે; તે તેની કાળલબ્ધિ છે. તે સમયે ભવ્યતાનો ભાવ ઉત્પન્ન થવાનો કાળ હતો માટે તે પર્યાય પોતાથી પ્રગટ થઈ છે, પરનું એમાં જરાય કારણપણું નથી. જેણે અકાર્યકારણરૂપ દ્રવ્ય સ્વભાવ સ્વીકાર્યો તે પર્યાય પણ અંતર્મુખ થઈને દ્રવ્યમાં અભેદ થયેલી છે, તેથી તે પર્યાય પણ પરનું કાર્ય-કારણ નથી. (પાનું-૮૧) (૧૫૫) પોતામાં પ્રગટ થતી આવી પર્યાય પૂર્ણ શુદ્ધ હો કે અપૂર્ણ શુદ્ધ હો, તે પર્યાય પૂર્ણ દ્રવ્યને સિદ્ધ કરે છે. સમ્યગ્દર્શનની પર્યાય હો તો પણ તે પર્યાય પૂર્ણ દ્રવ્યને સિદ્ધ કરે છે માટે તે પર્યાયને પણ પૂર્ણ કહેવામાં આવે છે. **હવે આવો મારગ જૈન પરમેશ્વરનો ! આ કાંઈ કલ્પનાથી ઊભો કરેલો મારગ નથી, આ તો વસ્તુસ્વરૂપ છે ભાઈ !** (પાનું-૯૦) (૧૫૬) દ્રવ્યની જે સત્તા-અસ્તિત્વ છે તે ધ્રૌવ્ય-ઉત્પાદ-વ્યયથી આલિંગિત છે. મતલબ કે ધ્રૌવ્ય-ધ્રુવતા ને ઉત્પાદ-વ્યય કાંઈ ત્રણ ભિન્ન-ભિન્ન સત્તા નથી, પણ ત્રણે મળીને એક સત્તા-અસ્તિત્વ છે. અહાહા ! ત્રણેયથી આલિંગિત એક અસ્તિત્વમાત્રમયી પરિણામશક્તિ છે. આ તો તત્ત્વજ્ઞાનનો વિષય-બહુ સૂક્ષ્મ બાપુ ! જો ધ્રૌવ્યન હોય તો પરિણામ શામાં થાય ? ને જો ઉત્પાદ-વ્યય ન હોય તો પરિણામ કેવી રીતે થાય ? ધ્રૌવ-ઉત્પાદ વ્યય-ત્રણેય એકીસાથે હોયા વિના પરિણામશક્તિ બની શકે નહિ. (પાનું-૧૦૩) (૧૫૭) પ્રદેશત્વ ગુણની પર્યાયને વ્યંજન પર્યાય કહે છે; પ્રદેશત્વ સિવાયના અન્ય ગુણોની પર્યાયને અર્થ પર્યાય કહે છે. વ્યંજન પર્યાય અને અર્થપર્યાયની ક્રમવર્તી પર્યાય અને અક્રમવર્તી ગુણો–એ બેના સમુદાયને અહીં આત્મા કહ્યો છે. અસંખ્ય પ્રદેશમાં જે વ્યંજન પર્યાય છે તેમાં નિષ્ક્રિયત્વશક્તિ વ્યાપે છે; તે પ્રદેશ ત્યાં સ્થિર થઈ ગયા. જેટલી અસ્થિરતા છે તેનો આ વ્યંજન પર્યાયમાં અભાવ છે. બહુ ઝીણી વાત પ્રભુ ! (પાનું-૧૨૬) (૧૫૮) એક પરમાણુ છૂટો છે તે શુદ્ધ હોય છે, સ્કંધમાં ભળતાં તે વિભાવરૂપે થાય છે. સ્કંધમાં વૈભાવિક પર્યાય થાય છે. કર્મરૂપ પર્યાય છે તે વૈભાવિક પર્યાય છે; કર્મપણે થાય એવો કોઈ ગુણ પરમાણુમાં નથી. વિભાવરૂપ પર્યાય પોતાથી સ્વતંત્ર

Please inform us of any errors on AtmaDharma.com@gmail.com

Version 001: remember to check AtmaDharma.com & AtmaDharma.org for updates



થાય છે. પરમાણુ સ્વતંત્રપણે, કોઈ ગુણ વિના, પર્યાયમાં કર્મરૂપે-વિભાવરૂપે પરિણમે છે. તેવી રીતે ભગવાન આત્મામાં વિકાર થાય એવો કોઈ ગુણ નથી, બલ્કે વિકારપણે ન થાય એવો આત્માનો અતત્ત્વ સ્વભાવ-ગુણ છે. વિકાર થાય એ તો પરના લક્ષે સ્વતંત્ર થયેલી વૈભાવિક દશા છે, તે કાંઈ શક્તિના કાર્યરૂપ નથી. આવી ઝીણી વાત ભાઈ ! (પાનું-૧૪૫) (૧૫૯) શક્તિના વર્ણનમાં પર્યાયના પરિણમન સહિતની વાત છે. પરિણમનમાં એકેક શક્તિ અને શક્તિવાન દ્રવ્યની પ્રતીતિ થાય છે. શુદ્ધ પરિણમન વિના ત્રિકાળી શુદ્ધ દ્રવ્યની પ્રતીતિ-સિદ્ધિ થતી નથી. પર્યાયરૂપ પરિણમન વિના કોની પ્રતીતિ ? શેમાં પ્રતીતિ ? વર્તમાન સહિત ત્રિકાળી દ્રવ્ય અને શક્તિની પ્રતીતિ પર્યાયમાં થાય છે. જીવને જ્યાંસુધી દ્રવ્ય ઉપર દૃષ્ટિ ન હોય ત્યાંસુધી તેને શક્તિનું પરિણમન નથી. તેથી તેની પ્રતીતિમાં ત્રિકાળી દ્રવ્યની હયાતી નથી, તેને તો રાગની જ હયાતી છે. (પાનું-૧૫૭) (૧૬૦) અજ્ઞાનીને પણ પોતાની વર્તમાન ઊંધાઈનીજ મલિનતા છે, કાંઈ પૂર્વની મલિનતા વર્તમાનમાં વિદ્યમાન નથી, પૂર્વની મલિનતાનો તો વર્તમાનમાં અભાવ જ છે. અહો ! આમાં પ્રતિસમય વર્તમાન વર્તતી પર્યાયનો 'ભાવ' અને તેમાં બીજી પર્યાયોનો 'અભાવ'-એમ બતાવીને તો પર્યાય-પર્યાયની સ્વતંત્રતા સિદ્ધ કરી છે, ને વર્તમાન પર્યાયને વર્તમાન ત્રિકાળી દ્રવ્યનું જ આલંબન બતાવ્યું છે. આ તો ગજબ વાત છે ભાઈ ! વર્તમાન વિદ્યમાન પર્યાયનું વર્તવાપણું તે 'ભાવ' ને ત્યારે બીજી પર્યાયનું નહિ વર્તવાપણું, અવિદ્યમાનપણું તે 'અભાવ'. અહા ! આવી બંને શક્તિઓ આત્મામાં એકસાથે ત્રિકાળ વર્તે છે. (પાનું-૧૫૮) (૧૬૧) આત્મા સર્વથા શુદ્ધ જ છે, અંદર ક્યાંય ભૂલ નથી તો ઉપદેશ શા માટે આપ્યો ? માટે ભૂલ છે, ને ભૂલ છે તે પર્યાય છે. ભૂલનો નાશ થાય તે ય પર્યાય છે. દ્રવ્યનો તો નાશ થતો નથી. માટે પર્યાય સિદ્ધ થાય છે. દ્રવ્ય-ગુણનો સ્વીકાર પણ પર્યાયમાં જ થાય છે. અહીં છ બોલમાં પર્યાયના ઉત્પાદ-વ્યય એ દ્રવ્યના સ્વભાવરૂપ છે એમ તેનું સુંદર તાદૃશ વર્ણન કર્યું છે. ભગવાન આત્માની પર્યાયમાં પોતાના ભાવનું ભવન ન હોય તો પર્યાય કેમ હોય ? એવી પર્યાયનું

Please inform us of any errors on AtmaDharma.com@gmail.com

Version 001: remember to check AtmaDharma.com & AtmaDharma.org for updates



સ્વરૂપ જ શું ? પર્યાય દ્રવ્યના આશ્રયે પરિણમી તો પર્યાય દ્રવ્યમાં તન્મય થઈ. તન્મય થઈ એટલે શું ? પર્યાય, દ્રવ્યરૂપ થઈ જાય, કે દ્રવ્ય પર્યાયરૂપ થઈ જાય એમ નહિ. પણ પરસન્મુખતા હતી તે સ્વસન્મુખતા થઈ, પરમાં એકત્વ માન્યું હતું તે સ્વમાં એકત્વ માની પ્રગટ થઈ-આને તન્મય થઈ એમ કહેવાય છે. પર્યાય તો પર્યાયરૂપ રહીને દ્રવ્યનું જ્ઞાન-શ્રદ્ધાન કરે છે. (પાનું-૧૭૦) (૧૬૨) ઉપશમનો તો થોડો કાળ છે, બાકી ક્ષયોપશમ અને ક્ષાયિકભાવ હોય છે. ક્ષયોપશમ અને ક્ષાયિક તે પરિણતિ છે. તે અંતરમાં જાય ત્યારે પારિણામિક ભાવરૂપે થઈ જાય છે. કારણ કે વર્તમાન જે એક સમયની અવસ્થા છે તેનો બીજે જ સમયે વ્યય થઈ અંદર જાય છે. “જલકા તરંગ જલમેં ડૂબતા હૈ”- એમ પોતાની પર્યાય વ્યય થઈ અંદર જાય છે, ને અંદર ગઈ તે પારિણામિકભાવે થઈ જાય છે. જે જન્મક્ષણ તે જ(પૂર્વ) પર્યાયનો નાશક્ષણ છે. અભાવ-અભાવશક્તિની જે નિર્મળ પર્યાય પ્રગટ થઈ તે તેની જન્મક્ષણ છે. તે પર્યાય પોતાના સ્વકાળે પ્રગટ થઈ છે, તે એની કાળલબ્ધિ છે, તે પરિણમન ક્રમબદ્ધ-પોતાના સ્વ-અવસરે થયું છે. (પાનું-૧૭૪)

(૧૬૩) શક્તિનું એકરૂપ તે દ્રવ્ય છે. દ્રવ્ય પરિણમતાં ભેગા ગુણો પરિણમે છે. આમાં રહસ્ય છે. ગુણ ઉપર દૃષ્ટિ દેવાથી ગુણનું પરિણમન થતું નથી, પણ ગુણનો આશ્રય જે એક દ્રવ્ય છે તે દ્રવ્ય ઉપર દૃષ્ટિ દેવાથી દ્રવ્યનું પરિણમન થાય છે, ને તેમાં ભેગું ગુણનું પરિણમન સમાઈ જાય છે. દ્રવ્યથી અલગ ગુણનું સ્વતંત્ર પરિણમન થતું નથી. અર્થાત્‌ દ્રવ્ય (નિર્મળ) ન પરિણમે અને ગુણ પરિણમી જાય એમ બનતું નથી. ગુણભેદની દૃષ્ટિ કરવાથી ગુણનું પરિણમન સિદ્ધ થતું નથી. ગુણના લક્ષે ગુણ (નિર્મળ) પરિણમતો નથી, ભેદના લક્ષે તો રાગ જ થાય છે. પરિણમન શક્તિ દ્રવ્યમાંથી ઊઠે છે, ગુણમાંથી નહિ. દ્રવ્યના આશ્રયે ગુણ છે, ગુણના આશ્રયે ગુણ નથી. વળી ગુણ-પર્યાયવાળું દ્રવ્ય છે એમ કહ્યું છે. પર્યાયવાળું દ્રવ્ય જ કહ્યું, પણ ગુણ ન કહ્યો. અભેદ એક ત્રિકાળી શુદ્ધ દ્રવ્યની દૃષ્ટિ કરવાથી, દ્રવ્યની સન્મુખ થઈ પરિણમવાથી આખું દ્રવ્ય નિર્મળ પરિણમે છે. ગુણનું સ્વતંત્ર પરિણમન થતું નથી, પણ દ્રવ્યની પરિણતિ

Please inform us of any errors on AtmaDharma.com@gmail.com

Version 001: remember to check AtmaDharma.com & AtmaDharma.org for updates



ભેગી ગુણની પરિણતિ ઊઠે છે. આમ-આ રીતે ગુણ-ગુણીના ભેદની દૃષ્ટિ છોડવાનું પ્રયોજન સિદ્ધ થાય છે. (પાનું-૧૮૦) (૧૬૪) અપૂર્વ આનંદની દશા થાય તેનો કર્તા આનંદગુણ છે. આનંદગુણ દ્રવીને આનંદની દશારૂપ થાય છે. આમ દરેક ગુણમાં ષટ્કારકનું પરિણમન હોવાથી તે તે ગુણની પર્યાયનો કર્તા તે તે ગુણ છે. ખરેખર તો પર્યાયનો કર્તા પર્યાય જ છે, પણ અહીં એ વાત નથી. અહીં તો વ્યાપ્યમાં વ્યાપક થઈને પરિણમે છે કોણ ?—એમ લેવું છે. તેથી ગુણની પર્યાય થાય તેનો કર્તા ગુણ છે ને અભેદથી દ્રવ્ય છે. (પાનું-૧૯૧) (૧૬૫) ઉત્પાદ-વ્યયરૂપ ભાવો એટલે પર્યાયો ક્ષણિક છે, તેનો સમયે સમયે નાશ થઈ જાય છે, છતાં ભગવાન આત્મા ત્રિકાળી ચૈતન્યવસ્તુ ધ્રુવપણે રહે છે, નાશ પામતો નથી. ધ્રુવ આત્મસ્વભાવ તો એવો ને એવો ત્રિકાળ ટકી રહે છે. આ ધ્રુવ ટકતા ભાવમાંથી જ નવું નવું કાર્ય ઊપજે છે. આ રીતે ધ્રુવપણે ટકીને નવું નવું કાર્ય કરવાની આત્માની અપાદાનશક્તિ છે. ધ્રુવ અને ક્ષણિક એમ બે પ્રકારે ઉપાદાન છે. જે ત્રિકાળી ગુણ છે તે ધ્રુવ ઉપાદાન છે, ઉત્પાદ-વ્યયથી આલિંગિત ભાવ તે ક્ષણિક ઉપાદાન છે. વર્તમાન પરિણામ ત્યક્તરૂપ ભાવ છે, ધ્રુવ અત્યક્ત સ્વભાવ છે. ધ્રુવ કાયમ રહે છે. ક્ષણિક ઉપાદાન ક્ષણે ક્ષણે પલટે છે. અહીં નિર્મળની વાત છે. ક્ષણિક નિર્મળ પર્યાય ઉત્પન્ન થાય છે તે પોતાના ઉપાદાનથી થાય છે. અપાદાનશક્તિનો બીજો અર્થ ઉપાદાનશક્તિ છે. ચિદ્વિલાસમાં અષ્ટસહસ્રીનો આધાર આપી તથા પંચસંગ્રહમાં પં. શ્રી દીપચંદજીએ તેનું ઘણું વર્ણન કર્યું છે. જ્ઞાનદર્પણ (પાનું-૫૬)માં પણ છે. (પાનું-૨૦૨-૨૦૩) (૧૬૬) અનાદિથી પર્યાયમાં જે પર્યાયની અને રાગની પ્રાપ્તિ છે, તે પર્યાય 'આત્મા'માં અંતર્મુખ થઈને સ્વસંવેદન કરે, તો જે (આત્મ) વસ્તુ છે તે પ્રાપ્ત થાય. **(પ્રવ. નવનીત, ભાગ-૧**, પાનું-૬૫) (૧૬૭) સ્વદ્રવ્યમાં પૂર્ણ આનંદ અને પૂર્ણ જ્ઞાન ભર્યું છે, એમાં આ રક્ષા કરો. એની રક્ષા કરી લીન થા તો તને ત્વરાથી કેવળજ્ઞાન-પરમાત્મદશા થઈ જશે. તું તો પરમાત્મસ્વરૂપ જ છો. જો પરમાત્મસ્વરૂપ ન હોય તો પરમાત્મા પર્યાયમાં પ્રગટ ક્યાંથી થશે ? જે પર્યાયમાં પરમાત્મા થાય છે, તે શું બહારથી

Please inform us of any errors on AtmaDharma.com@gmail.com

Version 001: remember to check AtmaDharma.com & AtmaDharma.org for updates



આવે છે ? - શક્તિમાંથી વ્યક્તિ થાય છે. (પાનું-૮૧) (૧૬૮) આ આત્મા જેટલો બહારમાં પ્રયત્ન કરે છે, રાગમાં પ્રયત્ન કરે છે, તેનાથી અનંતગણો પ્રયત્ન સ્વ તરફના ઝુકાવમાં થવો ઘટે છે કે જ્યાં પ્રભુનાં પગલાં પડ્યાં છે. ધ્રુવ....ધ્રુવ વિદ્યમાન છે. દરેક સમયની પર્યાય ઉપર ઉપર છે અને તે 'ધ્રુવ' પર્યાયની સમીપમાં, અંદર આખો વિદ્યમાન છે. (પાનું-૮૨) (૧૬૯) એક દ્રવ્યમાં જે પર્યાય થાય એ પર્યાયને દ્રવ્યનો પણ આશ્રય નહીં ! આશ્રય કહેવાય છે એ તો લક્ષ કરે છે એટલે, પણ લક્ષ કરે છે તે સ્વતંત્ર પોતે લક્ષ કરે છે કે ચીજ છે માટે લક્ષ કરે છે ? શું કહેવું છે તે સમજાણું ? વર્તમાન પર્યાય સ્વભગવાન આત્મા-તરફ લક્ષ કરે છે, તેથી એમ બોલાયું કે એને (આત્માને) આશ્રયે (સમકિત) થાય. પણ લક્ષ કર્યું છે કોણે ? તે દ્રવ્ય છે, માટે એની પર્યાયે લક્ષ કર્યું ? એ પર્યાયનું સ્વતંત્રપણું એવું છે કે લક્ષ કરવાને યોગ્ય પર્યાય હતી માટે લક્ષ થયું છે. એ પર્યાયને જ્યાં દ્રવ્યનો પણ આશ્રય નથી એટલે કે દ્રવ્યના કર્તા-કર્મ ષટ્‌કારકને કારણે—એને લઈને—પર્યાયનું ષટ્‌કારક પરિણમન નથી. ત્યાં હવે એને પરદ્રવ્યની પર્યાયનું-પરદ્રવ્યનું કારણ માનવું—એ તદ્દન મિથ્યાત્વ-ભ્રમ છે. (પાનું-૮૪-૮૫) (૧૭૦) જે સમયે જે પર્યાય થશે, તેને આઘી-પાછી કરવી, એ વસ્તુની મર્યાદામાં નથી. વસ્તુની સ્થિતિ એવી છે. તારી પર્યાયમાં જ્યારે વીતરાગતાની પર્યાય થશે, તે પર્યાયના સ્વકાળે થશે. તો 'તે સ્વકાળે થશે' એવી 'પર્યાય'નો જ્યાં નિર્ણય કરે છે, તો તે ત્રિકાળી નિજ વીતરાગ સ્વભાવનો નિર્ણય કરે, તો ત્યાં સ્વકાળે વીતરાગી પર્યાય ઊપજે છે. **અહાહા ! ઝીણી વાત છે,** પ્રભુ ! (પાનું-૧૨૬) (૧૭૧) પર્યાય પર્યાયની છે અને દ્રવ્ય દ્રવ્યનું છે. કેમ કે- બે વાચ્ય છે, તો અંદર બે વાચક છે. વાચક-વાચ્ય બન્ને સ્વતંત્ર છે. પર્યાય પણ સ્વતંત્ર અને દ્રવ્ય પણ સ્વતંત્ર છે. (પાનું-૧૩૧) (૧૭૨) પર્યાય 'સત્‌' છે. ઉત્પાદવ્યયરૂપ 'સત્‌' છે ને ! ઉત્પાદ-વ્યય સત છે વ્યય અભાવરૂપે 'સત્‌' છે. ત્રણે સત્‌ છે. ઉત્પાદ સત્‌ છે. વ્યય સત્‌ છે. ભાવ સત્‌ છે. અભાવ સત્‌ છે. અને ધ્રુવ સત્‌ છે—એ ત્રણે સતમાં કોઈની અપેક્ષા એકેને નથી.

Please inform us of any errors on AtmaDharma.com@gmail.com

Version 001: remember to check AtmaDharma.com & AtmaDharma.org for updates



એવું ૧૦૧-ગાથા 'પ્રવચનસાર'માં આવ્યું છે. (પાનું-૧૪૫) (૧૭૩) વર્તમાન મોક્ષનાં પરિણામ-કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંત આનંદ, અનંત વીર્ય-પુરુષાર્થ, એવાં પરિણામથી પણ વસ્તુ તો શૂન્ય છે. દ્રવ્યમાં એ છે જ નહીં, એ તો પર્યાયમાં છે. બંધ-મોક્ષનાં કારણ એ તો પર્યાયમાં છે. મોક્ષ પર્યાયમાં છે. મોક્ષનું કારણ પર્યાયમાં છે. તો મોક્ષ અને મોક્ષનું કારણ–એ પર્યાયથી દ્રવ્ય શૂન્ય છે. સમ્યગ્દર્શનનો વિષય જે દ્રવ્ય છે એ મોક્ષના પરિણામથી પણ શૂન્ય છે. બંધ-મોક્ષનાં 'કારણ' અને બંધ-મોક્ષનાં 'પરિણામ'-એમ લેવું. (પાનું-૨૩૬) (૧૭૪) સમયસાર ૧૧મી ગાથામાં તો પર્યાયને જે અસત્ય કહી તે તો ત્યાંથી (પર્યાયથી) દૃષ્ટિ હઠાવવા માટે તેને ગૌણ કરીને પર્યાયમાત્રને અસત્યાર્થ કહી અને ત્યાં શુદ્ધનયના વિષયભૂત પદાર્થની દૃષ્ટિ કરાવવા, મુખ્ય તે નિશ્ચય, અને તેને સત્યાર્થ કહ્યો. પણ પર્યાય સર્વથા અસત્યાર્થ છે, બધી પર્યાયો જ નથી. એવી માન્યતા તો વેદાંત થઈ જાય છે. અર્થાત્ પર્યાય નથી, વ્યવહાર નથી અને વ્યવહારનયનો વિષય 'પર્યાય' નથી એ તો વેદાંત થઈ જાય છે, નિશ્ચયાભાસી-વેદાંતી થઈ જાય છે. (પાનું-૨૬૮-૨૬૯) (૧૭૫) પર્યાય જે નિર્મળ પર્યાય અર્થાત્ મોક્ષમાર્ગની પર્યાય, જે શુદ્ધ ઉપયોગ અને વીતરાગી પર્યાય જે મોક્ષનું કારણ, તે વીતરાગી પર્યાય શુદ્ધ પારિણામિક ભાવલક્ષણ શુદ્ધાત્મદ્રવ્યથી કથંચિત્ ભિન્ન છે. જયસેન આચાર્યની અપેક્ષા જરી જ્ઞાનપ્રધાન કથનની છે તેથી 'કથંચિત્ ભિન્ન' કહ્યું. જ્યારે અમૃતચંદ્ર આચાર્ય તો પ્રવચનસાર ગાથા-૭૨, અલિંગગ્રહણ બોલ-૧૯માં એમ કહે છે કે : ભગવાન આત્મા પર્યાયથી ભેદલક્ષણવાળો, એ પર્યાયને સ્પર્શતોય નથી. અર્થાત્ પર્યાયરૂપ વિશેષભાવને દ્રવ્ય સ્પર્શતું નથી, આલિંગન કરતું નથી પર્યાય દ્રવ્યને આલિંગન કરતી નથી અને દ્રવ્ય પર્યાયને આલિંગન કરતું નથી. ઝીણી વાત છે, ભાઈ ! એમ અપેક્ષાથી કથન છે. પ્રભુ આત્મા જે નિત્યાનંદ ધ્રુવ, એની સન્મુખ થઈને જે મોક્ષમાર્ગનાં પરિણામ થાય છે, એ અપેક્ષાથી જરી કથંચિત્ ભિન્ન કહ્યું. પણ સમુચ્ચયથી જ્યાં લેવું છે : અલિંગગ્રહણમાં ત્યાં અમૃતચંદ્રાચાર્ય તો એમ કહે છે કે : પર્યાયનો ભેદ-પર્યાય દ્રવ્યને સ્પર્શતી નથી અને દ્રવ્ય પર્યાયને સ્પર્શતું નથી. (પાનું-૨૮૭)

Please inform us of any errors on AtmaDharma.com@gmail.com

Version 001: remember to check AtmaDharma.com & AtmaDharma.org for updates



(૧૭૬) 'ધવલા'માં તો પર્યાયને વિસદૃશ-વિરુદ્ધ કહી છે અને ગુણ-દ્રવ્યને સદૃશ-અવિરુદ્ધ કહ્યા છે. અર્થાત્‌ દ્રવ્યને અવિરુદ્ધ કહ્યું છે અને પર્યાયને અસદૃશ-વિરુદ્ધ કહી છે. કારણ કે ઉત્પાદ-વ્યય એટલે એક સમયની પર્યાય ઉત્પન્ન થાય છે અને પૂર્વની પર્યાય વ્યય થાય છે, તેથી એ તો વિસદૃશ થઈ અને ત્રિકાળી રહેવાવાળું ધ્રુવ સદૃશ છે. (તો વિસદૃશ ને સદૃશ પરસ્પર સ્પર્શતાં નથી.) (પાનું-૨૯૧) (૧૭૭) આત્મામાં જે ધ્રુવતા ત્રિકાળ છે, એની સાથે પર્યાય (કારણ પર્યાય) પણ એક ત્રિકાળી-ધ્રુવ છે, એ પર્યાયથી દ્રવ્ય અભિન્ન છે. પણ જે ઉત્પાદ-વ્યયરૂપ મોક્ષમાર્ગની પર્યાય છે, એનાથી દ્રવ્ય કથંચિત્‌ ભિન્ન છે એમ અહીં કહ્યું અને 'અલિંગગ્રહણ'માં કહ્યું કે પર્યાય સર્વથા ભિન્ન છે, દ્રવ્યને સ્પર્શતી નથી. કારણપર્યાય ત્રિકાળી-ધ્રુવ છે અને ક્રમબદ્ધપર્યાય ઉત્પાદ-વ્યયવાળી છે, છતાં જે સમયે ઉત્પન્ન થવાની હશે તે સમયે જ ઉત્પન્ન થશે, આઘીપાછી નહીં. ગુણ વિના પર્યાયની સત્તા સ્વતંત્ર છે. ગુણની સત્તા અને પર્યાયની સત્તા તદ્દન ભિન્ન છે. (પાનું-૨૯૭) (૧૭૮) અહીંયાં તો આત્માનું જે ધ્રુવસ્વરૂપ ત્રિકાળી, એને શુદ્ધભાવ કહે છે. એના આશ્રયથી જે નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ નિર્મળ પર્યાય, શુદ્ધ પર્યાય, મોક્ષનો માર્ગ  પ્રગટ્યો એ પણ અહીંયાં શુદ્ધભાવ નથી. અહીંયાં તો એ શુદ્ધ પર્યાય પણ હેય છે, આશ્રય કરવા લાયક નથી—એમ બતાવવું છે. ક્ષાયિક સમકિત હોય અને કેવળજ્ઞાન હોય, મોક્ષતત્ત્વની પર્યાય ક્ષાયિકભાવે હોય - એ પણ જીવાદિ તત્ત્વ, પરદ્રવ્યમાં જાય છે. જેમ પરદ્રવ્યમાંથી પોતાની-વીતરાગી-નિર્મળપર્યાય પ્રગટ ન થાય, તેમ પર્યાયમાંથી પણ નિર્મળ પર્યાય પ્રગટ ન થાય, તેથી એ પર્યાયને અહીં પરદ્રવ્ય કહેવામાં આવી છે. **(પ્રવ. નવનીત, ભાગ-૨**, પાનું-૨-૩) (૧૭૯) અંતર્મુખ ધ્રુવ ચીજ, પરમસ્વભાવ, જ્ઞાયકભાવ, ધ્રુવભાવ, ભૂતાર્થભાવ, પરમપારિણા- મિકભાવરૂપ જે દ્રવ્ય છે એને પર્યાય સ્પર્શતી નથી. પર્યાય દ્રવ્યને સ્પર્શતી નથી. ચાહે તો પર્યાય

Please inform us of any errors on AtmaDharma.com@gmail.com

Version 001: remember to check AtmaDharma.com & AtmaDharma.org for updates



ક્ષાયિકભાવની હોય ! કેમ કે પર્યાય, એ તો વ્યક્ત છે, પ્રગટ છે અને વસ્તુ અવ્યક્ત છે. પર્યાયની અપેક્ષાએ વસ્તુ અવ્યક્ત પણ વસ્તુ અપેક્ષાએ તો વસ્તુ વ્યક્ત-પ્રગટ છે. પર્યાય દ્રવ્યને સ્પર્શતી નથી તે કારણે પર્યાય માત્ર દ્રવ્યમાં નથી. સમ્યગ્દૃષ્ટિનો વિષય-ધ્યેય, જે ધ્રુવ....ધ્રુવ દ્રવ્યસ્વભાવ એમાં એ ક્ષાયિક આદિ ચાર ભાવ છે જ નહીં. (પાનું-૧૧) (૧૮૦) પર્યાય અભૂતાર્થ છે, જૂઠી છે, એમ કેમ કહ્યું ? કે પ્રયોજન સિદ્ધિ માટે. તો એ પ્રયોજન સિદ્ધિ, ધ્રુવને મુખ્ય કરીને નિશ્ચય કરીને એનો આશ્રય કરે તો થાય છે. એ કારણે મુખ્યને નિશ્ચય કહીને ઉપાદેય કહ્યું અને પર્યાયને ગૌણ કરીને, વ્યવહાર કહીને હેય કહી. હેય કહી અથવા અસત્યાર્થ કહી. પર્યાયને આત્મા ન કહ્યો. નિર્ણય કરવાવાળી પર્યાયને આત્મા ન કહ્યો, કારણ કે નિર્ણય કરે છે એ પર્યાય છે, તેને અભૂતાર્થ કહી. નિત્યનો નિર્ણય અનિત્ય કરે છે. નિત્યનો નિર્ણય, નિત્ય-ધ્રુવ શું કરે ? વસ્તુ જે ત્રિકાળ છે તે જ ખરેખર આત્મા છે. પણ ખરેખર આત્મા છે તેનો નિર્ણય સમ્યક્ત્વની પર્યાય કરે છે અને સમ્યગ્જ્ઞાન કરે છે છતાં એ જ્ઞાનમાં કારણપરમાત્મા આવતો નથી. એ શ્રદ્ધાની પર્યાયમાં કારણપરમાત્મા આવતો નથી. પણ કારણપરમાત્માનું જેટલું સામર્થ્ય છે એટલું જ્ઞાનમાં અને પ્રતીતિમાં આવી જાય છે. (પાનું-૨૦) (૧૮૧) ઉત્પાદના આશ્રયે ઉત્પાદ થાય છે. ભાષા તો વ્યવહાર સમજાવવામાં આવે ત્યારે એમ આવે કે - દ્રવ્યનો આશ્રય કર્યો તો પર્યાય શુદ્ધ થઈ. પણ એનો અર્થ એવો છે પ્રભુ ! આશ્રય કોણે કર્યો ? પર્યાયે પર્યાયની તાકાતથી આશ્રય કર્યો છે કે દ્રવ્યની તાકાતથી આશ્રય કર્યો છે ? પર્યાય સત્ છે અને સત્ છે એને કોઈનો હેતુ નથી, કોઈની અપેક્ષા નથી. એનું નામ સત્ કહેવામાં આવે છે. સમ્યગ્દર્શનની પર્યાય આત્માનું અવલંબન કરે છે તે ખરેખરમાં તો પોતાના સામર્થ્યથી કરે છે. ભલે, દ્રવ્યનું પોતાનું સામર્થ્ય છે; પણ એ દ્રવ્યના સામર્થ્યની શ્રદ્ધા, પર્યાયના સામર્થ્યથી

Please inform us of any errors on AtmaDharma.com@gmail.com

Version 001: remember to check AtmaDharma.com & AtmaDharma.org for updates



પર્યાયમાં આવી જાય છે. દ્રવ્યમાં જેટલું સામર્થ્ય છે એટલું પર્યાયમાં જ્ઞાન આવી જાય છે. પણ સ્વનો આશ્રય, પર્યાયના સામર્થ્યથી પર્યાયે લીધો છે. અહા...હા ! બહુ ઝીણું આ તો...બાપુ ! (પાનું-૨૫) (૧૮૨) જે ધ્રુવ છે તેનો નિર્ણય કરવાવાળી તો પર્યાય છે અને ધ્રુવનું વેદન તો થતું નથી. વેદન તો પર્યાયનું થાય છે. તો પર્યાય છે એવું સિદ્ધ કર્યું. આત્મા જે સામાન્ય છે તે સામાન્ય, પર્યાયને સ્પર્શતું નથી. પર્યાયનું વેદન પર્યાયમાં છે. વેદન તો એને પરિણતિનું છે. ત્રિકાળી પારિણામિકભાવ-જ્ઞાયકભાવરૂપ જે સમ્યગ્દર્શનનો વિષય છે એ કાંઈ વેદનમાં આવતો નથી. વેદનમાં તો સમ્યગ્દર્શન, જ્ઞાન, શાંતિ આદિ પર્યાય આવે છે. (પાનું-૨૮-૨૯) (૧૮૩) 'શુદ્ધભાવ' અધિકાર છે ને ! એ 'શુદ્ધભાવ' ત્રિકાળીધ્રુવને જ કહ્યો છે, આ 'શુદ્ધભાવ' પર્યાયની વાત નથી. એ 'શુદ્ધભાવ'-પરમજ્ઞાયકભાવ, ભૂતાર્થભાવ, પરમપારિણામિકભાવ, જેમાં પર્યાય છે જ નહીં. પર્યાય પર્યાયમાં છે. પરંતુ એવી જો પર્યાય પર્યાયમાં છે જ નહીં, વિકૃત અવસ્થા છે જ નહીં અને નિર્મળ અવસ્થા છે જ નહીં, તો એ નિર્ણય કર્યો કોણે ? એ નિર્ણય કરનારી તો પર્યાય છે. સમજાણું કાંઈ ? (પાનું-૫૧) (૧૮૪) દ્રવ્ય અને ગુણ વચ્ચે અતદ્‌ભાવરૂપ અન્યત્વ છે, એટલે દ્રવ્યમાં ગુણ નથી અને ગુણમાં દ્રવ્ય નથી. જે ભાવ દ્રવ્યનો છે તે ભાવ ગુણનો નથી. તેમજ જે ભાવ ગુણનો છે તે ભાવ દ્રવ્યનો નથી. અરે ! જે ભાવ પર્યાયનો છે તે દ્રવ્યનો નથી અને જે ભાવ દ્રવ્યનો છે તે પર્યાયનો નથી. માટે પર્યાય અને દ્રવ્યની વચ્ચે અતદ્‌ભાવરૂપ અન્યત્વ છે, અભાવરૂપ અન્યત્વ નહીં. થોડો સૂક્ષ્મ વિષય છે, ભાઈ ! આ તો વીતરાગમાર્ગ, બાપુ ! ઝીણો બહુ. (પાનું-૭૪) (૧૮૫) સંવર અધિકારમાં પર્યાયને આધાર કહી, કેમ કે પર્યાયથી એ દ્રવ્ય જાણવામાં આવે છે. કાંઈ દ્રવ્ય વડે દ્રવ્ય જાણવામાં આવતું નથી. અને વીતરાગ પર્યાય જે સ્વસન્મુખ થઈ, એનાથી આત્મા અનુભવમાં આવ્યો, માટે વીતરાગી

Please inform us of any errors on AtmaDharma.com@gmail.com

Version 001: remember to check AtmaDharma.com & AtmaDharma.org for updates



પર્યાયને 'ઉપયોગ' કહ્યો અને એમાં ઉપયોગ - આત્મા છે, એટલે કે ઉપયોગમાં ઉપયોગ છે અને એના આધારે આત્મા છે એમ કહ્યું. કારણ કે એનાથી ઉપયોગથી આત્મા જાણવામાં આવ્યો. જાણવામાં ન આવે ત્યાં સુધી 'આ આત્મા છે', અને 'આ ગુણ-પર્યાય છે' એવું આવ્યું ક્યાંથી ? (પાનું-૭૫) (૧૮૬) પ્રવચનસાર ગાથા-૧૦માં લીધું છે કે : વસ્તુરૂપ આશ્રય વિના પરિણામ કોના આધારે રહે ? વ્યવહારથી ૯મી ગાથામાં એમ કહ્યું કે : "શુભ કે અશુભમાં પ્રણમતાં શુભ કે અશુભ આત્મા બને, શુદ્ધે પ્રણમતાં શુદ્ધ, પરિણામસ્વભાવી હોઈને." એ ત્રણે લીધાને ! જે રીતે પર્યાય પરિણમે છે તે રૂપે દ્રવ્ય પર્યાયમાં તન્મય થઈ જાય છે. પછી ૧૦મીમાં કહ્યું કે, આ જે પરિણામ છે તેનો આશ્રય દ્રવ્ય છે. એ પરિણામ વિના દ્રવ્ય ન હોય **પરિણમે છે એ પર્યાય છે, પરિણામ છે.** તો તેનો આશ્રય કોણ ? કે દ્રવ્ય. નહીંતર આમ તો વિકારનો આશ્રય તો નિમિત્ત છે, વિકાર પરના લક્ષે થાય છે. પરંતુ અહીં એ નથી લેવું. અહીં તો પરિણમનાર (પર્યાય) પોતે જ તેનો આશ્રય છે. (પાનું-૮૧) (૧૮૭) દ્રવ્યમાં તો પર્યાય છે જ નહીં, કેવળજ્ઞાનની પર્યાય પણ દ્રવ્યમાં નથી. પર્યાય-ક્ષાયિકભાવ તો એક અંશ છે. દ્રવ્ય તો પરમપારિણામિક-સ્વભાવભાવ છે. પરમ સ્વભાવભાવમાં ક્ષાયિક ભાવ નથી. જ્યાં જ્ઞાનની પર્યાય અંદર સ્વસન્મુખ થઈ તો તે જ્ઞાનની પર્યાય એમ કહે છે કે, 'આ પર્યાય મારામાં નથી.' એ પર્યાય એમ કહે છે કે, 'હું પણ એમાં ધ્રુવમાં નથી'-મારામાં એ ધ્રુવ નથી, ને એમાં હું નથી. (પાનું-૮૬) (૧૮૮) "સહજ જ્ઞાન સદા જયવંત છે." આ વાત પર્યાયની નથી. 'આ જયવંત છે' એ જાણનારી પર્યાય કહે છે. જાણનારી પર્યાય એમ કહે છે કે : "આ સહજ જ્ઞાન ત્રિકાળ જયવંત વર્તે છે." કારણદૃષ્ટિ છે એ ત્રિકાળ અંદર છે. સમ્યગ્દર્શન, એ દૃષ્ટિ તો પર્યાય છે. પણ એનો જે વિષય છે એમાં

Please inform us of any errors on AtmaDharma.com@gmail.com

Version 001: remember to check AtmaDharma.com & AtmaDharma.org for updates



જે કારણ 'દૃષ્ટિ' સહજ ત્રિકાળ જયવંત વર્તે છે. (પાનું-૧૧૯) અંદર ચેતના પણ ત્રિકાળ જયવંત વર્તે છે. ત્રિકાળ જ્ઞાનચેતના છે એ પર્યાયમાં જ્યારે ખ્યાલમાં આવ્યું ત્યારે એ પર્યાયચેતના કહે છે કે આ ચેતના ત્રિકાળ અંદર જયવંત વર્તે છે, ધ્રુવચેતના જયવંત વર્તે છે. (પાનું-૧૨૧) (૧૮૯) વસ્તુસ્વરૂપ નિઃશલ્ય પરમાત્મા હોવા છતાં પણ એ પર્યાયમાં ત્રણ શલ્યપણે વર્તે છે. 'વર્તે છે' તેને છોડવું છે. આત્મા શલ્યપણે પરિણમે ? કે - હા. વ્યવહારનયે પરિણમે. ડૉ. ગાંગુલીનો એક પ્રશ્ન વારંવાર આવતો કે - આત્મા રાગરૂપે થાય ? આહા....હા ! તત્ત્વની કાંઈ ખબર ન મળે. તત્ત્વ જે દ્રવ્યસ્વભાવ, શક્તિરૂપ સ્વભાવ, આત્મા સાથે તાદાત્મ્ય ગુણના સ્વભાવરૂપ વસ્તુ, એ તો તદ્દન નિર્દોષ-પવિત્ર છે; પણ એ આત્મા જ પોતે પોતાનું સ્વરૂપ ભૂલી અને પર્યાયમાં મિથ્યાત્વભાવ, માયાશલ્ય, નિદાનશલ્ય એ પર્યાયમાં પરિણત થાય છે. વસ્તુમાં નથી અને પર્યાયમાં છે એ વ્યવહાર કહો કે ઉપચાર કહો. (પાનું-૨૬૫) (૧૯૦) એક ગુણની એક સમયની પર્યાય અને એવી ત્રિકાળી (ભૂત-ભવિષ્ય-વર્તમાન) પર્યાયો તે આખો ગુણ. અને એવા અનંત ગુણોની ત્રિકાળી પર્યાયો તે અનંત ગુણો. તે અનંતી પર્યાયોનો સમુદાય-વિશેષોને લક્ષ્યમાં ન લ્યો તો જીવનું વિસ્તારસામાન્ય દ્રવ્ય છે તે જ પોતે આયતસામાન્યનું દ્રવ્ય છે. લંબાઈની અપેક્ષાએ એક પછી એક પછી એક તે પર્યાય છે. કેમ કે અનંતી પર્યાયોનો પિંડ તે ગુણ છે અને અનંતા ગુણોનો - વિસ્તારનો એકરૂપ પિંડ તે દ્રવ્ય છે. વિસ્તારસામાન્ય અને આયતસામાન્ય સમુદાય તેનું દ્રવ્ય તો તેનું તે જ છે. નિર્ણય કરનારી તો પર્યાય છે. વર્તમાન પ્રગટ પર્યાય નિર્ણય કરે છે. ભૂત-ભવિષ્યની પર્યાયો તો અંદર દ્રવ્યમાં પડી છે. (**પ્રવચનસાર પ્રવચનો,** પાનું-૧૩-૧૪) (૧૯૧) દરેક પદાર્થ દ્રવે એટલે જેમ પાણીમાંથી તરંગ ઊઠે એ દ્રવે છે એમ કહેવાય. એમ દરેક દ્રવ્યમાં દ્રવ્યત્વ નામનો એક ગુણ છે, કે જેને લઈને દ્રવ્ય દ્રવે... દ્રવે......દ્રવે એટલે પરિણમે. દરેક દ્રવ્યનું-પર્યાયનું પરિણમવું એના દ્રવ્યત્વને લઈને છે. બીજા દ્રવ્યનું પરિણમવું બીજા દ્રવ્યને લઈને છે એમ છે નહીં. છએ દ્રવ્યમાં પર્યાયત્વ નામનો પણ એક ગુણ છે જેને લઈને પર્યાય

Please inform us of any errors on AtmaDharma.com@gmail.com

Version 001: remember to check AtmaDharma.com & AtmaDharma.org for updates



થાય. પર્યાયત્વ નામનો સામાન્ય ગુણ છે. બધામાં છે. (પાનું-૨૮૬) (૧૯૨) દ્રવ્યની એક-એક પર્યાય અનાદિ-અનંત છે. એમાં વર્તમાન પર્યાય પ્રગટ ન હોય, તો તો એનું કર્તા-કરણપણું દ્રવ્યમાં છે એ રહેતું નથી. એવી રીતે વાત સિદ્ધ કરી છે કે જે ભૂતની ને ભવિષ્યની પર્યાયો, તે દ્રવ્યમાં શક્તિરૂપે રહી, પણ વર્તમાન પર્યાય છે એ જો દ્રવ્યમાં ભળી જાય, તો પર્યાય, દ્રવ્યનું કર્તા છે પણ રહેતું નથી. જો પ્રગટ પર્યાય ન હોય અને વર્તમાન પર્યાય પણ અંદર ભળી જાય, તો દ્રવ્યની ઉત્પાદપર્યાય વિના કર્તા-કરણ-સાધન દ્રવ્યને સિદ્ધ કરવા રહેતું નથી. તો દ્રવ્ય જ સિદ્ધ થતું નથી. (પાનું-૧૩૦) (૧૯૩) સમ્યગ્દર્શનની પર્યાય, પ્રગટ ન હોય તો એ પર્યાય તો દ્રવ્યને સિદ્ધ કરે છે, તો દ્રવ્ય જ સિદ્ધ નહીં થઈ શકે. સમ્યગ્દર્શનની પર્યાય, સમ્યક્ જ્ઞાનની પર્યાય, સમ્યક્ ચારિત્રની પર્યાય પ્રગટ પરિણમનમાં બહાર ઉત્પાદપણે ન હોય, તો એ (આત્મા) દ્રવ્ય જ સિદ્ધ થતું નથી અને પૂર્વની પર્યાયનો વ્યય ન હોય તો પણ દ્રવ્ય સિદ્ધ થતું નથી અને ધ્રુવપણું ન હોય તો પણ દ્રવ્ય સિદ્ધ થતું નથી. અહીં તો મગજમાં એમ આવ્યું કે : જે ધ્રુવ ત્રિકાળી, સચ્ચિદાનંદ, પ્રભુ પૂરણ છે આત્મા એના તરફ પર્યાય ત્યાં વળે છે ત્યારે ‘આ દ્રવ્ય છે’ એમ ત્યાં સિદ્ધ થાય છે. ભાઈ ! પર્યાયમાં દ્રવ્ય જાણવામાં ન આવે તો આ દ્રવ્ય છે એમ સિદ્ધ ક્યાંથી થયું ? દ્રવ્ય છે એમ આવ્યું ક્યાંથી ? (પાનું-૧૩૨) (૧૯૪) **દરેક દ્રવ્યની પ્રગટ પર્યાય છે. અને એ જેમ દ્રવ્ય છે તેમ પર્યાય પણ છે.** પર્યાય ન હોય તો જાણે કોણ ? પર્યાય પોતે જ જાણનાર છે. કાર્ય તો પર્યાયમાં થાય છે, દ્રવ્યમાં થાતું હશે ? અનિત્ય નિત્યનો નિર્ણય કરે છે. નિત્ય, નિત્યનો નિર્ણય કરતું નથી. (પાનું-૧૪૭) (૧૯૫) દ્રવ્ય પરિણમતાં-દૃષ્ટિ દ્રવ્ય ઉપર રાખતાં (એકાગ્ર થતાં) અનંતાગુણો જેટલા છે તેની શક્તિની વ્યક્તતા, પરિણમનપણે પ્રગટ પરિણમે છે. દ્રવ્ય પરિણમે છે ઈ અત્યારે કહેવું છે. ખરેખર પરિણમે છે પર્યાય, પણ અત્યારે અભેદથી દ્રવ્ય પરિણમે છે એમ કહેવું છે. ગુણ પરિણમતો નથી એટલું સિદ્ધ કરવું છે. ખરેખર પરિણમે છે તો પર્યાય, ગુણ અને દ્રવ્ય તો ધ્રુવ છે. આખા ચૈતન્યદ્રવ્ય ઉપર

Please inform us of any errors on AtmaDharma.com@gmail.com

Version 001: remember to check AtmaDharma.com & AtmaDharma.org for updates



દૃષ્ટિ પડતાં દ્રવ્ય પરિણમે છે એમ. એટલે કોઈ ગુણ પરિણમ્યા વિના રહેતો નથી. (પાનું-૪૨૬) (૧૯૬) વસ્તુ જે છે એમાં અન્વયશક્તિઓ-ગુણો છે. વસ્તુ જેમ અનાદિ-અનંત છે, એમ ગુણો અનાદિ-અનંત છે. એ શક્તિઓને અવલંબીને જે વ્યતિરેક પર્યાયો થાય છે એ નવી થઈ છે એમ નહીં. ઈ છે એમાંથી થઈ માટે તેને સત્ સંબદ્ધ કહેવામાં આવે છે.

શ્રોતા : શું દ્રવ્યમાં પર્યાયનું બંડલ વાળીને પડ્યું છે ?

ઉત્તર : ઈ અન્વયશક્તિ છે એમાંથી આવે છે. આત્મામાં અનંત ગુણો છે એમાંથી જે આવે છે ઈ સદ્ભાવ સંબદ્ધ કહેવામાં આવે છે. વસ્તુમાં પર્યાય જે ઉત્પન્ન થાય છે ઈ અન્વય શક્તિઓના સંબંધથી થાય છે. હતી તે સત્ સંબદ્ધથી થઈ છે. 'છે એમાંથી થઈ છે !' (પાનું-૪૫૩) (૧૯૭) સ્વવસ્તુની અપેક્ષાએ- ભગવાન ત્રિકાળી ધ્રુવ દ્રવ્ય અપેક્ષાએ એક સમયની પર્યાય-રાગ અને નિમિત્ત એ બધું અવસ્તુ છે. એટલે ખરેખર મિથ્યાદૃષ્ટિનો વિષય જ અવસ્તુ છે. અવસ્તુ થઈ ગઈ—પર્યાય-રાગ-નિમિત્ત—અવસ્તુ છે. એક સમયની પર્યાય યથાર્થ વિષય જો હોય તો એને મિથ્યાત્વ આવત જ નહીં. (**ધ્યેયપૂર્વક જ્ઞેય,** પાનું-૮) (૧૯૮) દૃષ્ટિવંતે વસ્તુને દૃષ્ટિમાં લીધી, તો એ પરિણતિ છે. ઈ દ્રવ્યમાં અભેદ થઈ ગઈ. તો ઈ શુદ્ધ પરિણતિ-સમ્યગ્દર્શનની પર્યાય, દ્રવ્યથી અભેદ થઈ ગઈ. અભેદનો અર્થ : પર્યાય ને દ્રવ્ય બન્ને એક થઈ જતા નથી પણ જે પર્યાય પરસન્મુખતામાં એકતા કરતી હતી તે સ્વસન્મુખ થઈ એકતા થઈ એ અપેક્ષાએ અભેદથી 'શુદ્ધજ્ઞાન પરિણત જીવ પણ.' પરિણમી છે તો પર્યાય. કાંઈ ધ્રુવ પરિણમતું નથી. જે ત્રિકાળ ધ્રુવ છે તે પરિણમતું નથી. પણ સમજાવવું કેમ ? (પાનું-૯/૧૦) (૧૯૮) પર્યાયમાં પર્યાયથી આનંદ આવે છે. એવી વાત છે ! પર્યાય પણ સત્ છે કે નહીં ? સત્ છે તો એને બીજાનું-દ્રવ્યનું અવલંબન શું ? સુખનો સાગર ભગવાન ! પણ પર્યાયમાં સુખનો-આનંદનો અનુભવ એ ધર્મ. એ પર્યાયમાં છે-એ સુખનો અનુભવ પર્યાયમાં હોય છે. દ્રવ્યનો અનુભવ નથી હોતો. દ્રવ્ય તો ધ્રુવ છે, કૂટસ્થ છે, એકરૂપ છે, સામાન્ય છે. અભેદ છે. અહીંયાં તો કેવળજ્ઞાન પર્યાયને પણ કૂટસ્થ

Please inform us of any errors on AtmaDharma.com@gmail.com

Version 001: remember to check AtmaDharma.com & AtmaDharma.org for updates



કહે છે. 'પંચાસ્તિકાય'માં છે. (પાનું-૫૩) (૨૦૦) ભગવાન ત્રિલોકનાથ ! પરમાત્મા ! પરમેશ્વરના મુખે દિવ્યધ્વનિ જે આવી એ આ આવી છે કે ભગવાન આત્માના બે અંશ - એક ત્રિકાળીધ્રુવ અંશ અને એક સમયની પર્યાય - અવસ્થા અંશ. તો, પર્યાયનો પણ અંશ છે તેમાં બે પ્રકાર - એક વિકારી પર્યાયનો અંશ, બંધના કારણરૂપ. એ પણ ધ્રુવમાં નહીં. અને એક મોક્ષના કારણરૂપ શુદ્ધ નિર્મળ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર-મોક્ષના માર્ગની વીતરાગી પર્યાય, એ પણ ધ્રુવમાં નહીં. કારણ કે એ ક્રિયા છે ને ધ્રુવ અક્રિય-નિષ્ક્રિય છે. (પાનું-૧૩૯) (૨૦૧) પર્યાય અને દ્રવ્યની એવી વાત છે ભાઈ ! પર્યાય પણ છે. પર્યાય છે એમાં દ્રવ્ય આવતું નથી. કોને એવી પ્રતીતિ થઈ ? કે જેની દ્રવ્ય ઉપર દૃષ્ટિ, શુદ્ધનયની દૃષ્ટિ થઈ. એ કહે છે : દ્રવ્ય જ હું છું, પર્યાય મારામાં છે નહીં. હું પર્યાયમાં આવતો નથી ને હું પર્યાયમાં ઊપજતોય નથી. જેમની દૃષ્ટિ અને જ્ઞાનની પર્યાય, દ્રવ્યમાં પેઠી છે—પ્રસરી ગઈ છે, એને કહે છે હે યોગી ! એ જીવનું ધ્રુવપણું પર્યાયમાં આવતું નથી ! જે પર્યાય તારી દ્રવ્યમાં પ્રસરી ગઈ છે પણ એ પર્યાયમાં દ્રવ્ય આવતું નથી. ભગવાન ધ્રુવ તો ત્યાં ને ત્યાં રહે છે એમ કહે છે. (પાનું-૧૫૨) (૨૦૨) **પ્રત્યક્ષપ્રતિભા સમય** છે ને ! શું કહે છે સાંભળો. અંતર જે ચીજ છે ધ્રુવ ! એની નિર્મળ પર્યાય ધ્રુવ-ધ્રુવ-ધ્રુવ. એ ધ્રુવમાં ધ્રુવ લક્ષમાં આવી ગયેલ છે, એમ કહે છે. પ્રત્યક્ષનો ભાસ થાય છે ધ્રુવમાં ! વસ્તુ જે ધ્રુવ પ્રત્યક્ષ પ્રતિભા-સમય છે. પ્રતિભાસ નામ ધ્રુવ જે છે એવા ભાવમાં, ધ્રુવભાવમાં પ્રતિભાસ ધ્રુવનો આવી ગયો છે ! પર્યાય છે. પરિણમન છે. પણ એ પર્યાય ધ્યાન કોનું કરે છે ? કે ધ્રુવનું ! ધ્રુવ, ધ્રુવનું ધ્યાન શું કરે ? **હજી તો કોઈ પર્યાય છે એમ માને નહીં, ધ્રુવ શું છે એ માને નહીં, એને તો અનુભૂતિ થતી જ નથી.** પર્યાયમાં ધ્રુવ પ્રતિભાસમય છે, પ્રત્યક્ષ જે ચીજ (આત્મવસ્તુ) છે એવું જ્ઞાનમાં આવ્યું છે. (પાનું-૧૬૦-૧૬૧) (૨૦૩) એક સમયની પર્યાયમાં છ દ્રવ્યને જાણવાપણે પર્યાય પરિણમે, પણ એટલું જ્ઞેય નથી. એવી તો અનંતી પર્યાયનો સમુદાય એક જ્ઞાનગુણ છે. છ દ્રવ્યને જાણે

Please inform us of any errors on AtmaDharma.com@gmail.com

Version 001: remember to check AtmaDharma.com & AtmaDharma.org for updates



ઈ તો એની એક સમયની પર્યાયનો સ્વભાવ ! એક સમયની દશાનો સ્વભાવ ! પણ એટલો એ નહીં. કારણ તે તો ઈ પર્યાય જેટલો થઈ ગયો. પણ સર્વસ્વ ચેતના-સર્વસ્વ વસ્તુ ! એકલો જ્ઞાનચૈતન્યધ્રુવ-બિંબ પ્રભુ એવો જ્ઞેય છે. તારા જ્ઞાનમાં એ જ્ઞેય છે. પર્યાયથી છ દ્રવ્ય જણાયા એટલાને ન જો ! એ જ્ઞેય ને જ્ઞાયક સંબંધ પર્યાયમાં વ્યવહારથી છે. આત્મા જાણનારને પર જણાય, એવો સંબંધ તો પર્યાય હારે વ્યવહારથી છે, વસ્તુની હારે (સાથે) એને સંબંધ છે. નહીં. (પાનું-૨૧૪) (૨૦૪) આત્મા, પરને કરે કે પરથી આત્મામાં કાંઈ થાય, એ વાત તો જવા દે. એ વાત તો છે નહીં. પણ પર જ્ઞાનની પર્યાયમાં જણાય–જ્ઞાન પરને જાણે કે પરજ્ઞેય જ્ઞાનની પર્યાયમાં આવે-પેસે એમ પણ છે નહીં. વસ્તુ-દ્રવ્ય એક જ્ઞાયકભાવપણે છે તે પોતે જ્ઞાનની પર્યાયપણે-જાણનક્રિયારૂપે થાય છે તે પોતાની સ્વપરપ્રકાશકની ક્રિયા છે. એમાં પર જણાય છે એમ કહેવું તે વ્યવહાર છે બસ....! પર જણાતું નથી. પોતાની જાણનક્રિયા જાણવારૂપે છે તે જણાય છે ! જ્ઞેયોના આકાર એટલે જ્ઞેયોના વિશેષો-એની જ્ઞાનમાં ઝલક આવે છે અર્થાત્ તે સંબંધીનું જ્ઞાન પોતામાં પોતાથી પરિણમે છે. તે જ્ઞાન જ્ઞેયાકાર દેખાય છે એમ કહ્યું પણ તે જ્ઞેયાકાર થયું નથી, એ તો જ્ઞાનાકાર - જ્ઞાનના જ તરંગો છે. (પાનું-૨૩૪) (૨૦૫) પર્યાયનો એક અંશ કાઢી નાખો તો દ્રવ્ય સિદ્ધ ન થાય, કેમ કે પર્યાયનો એક અંશ કાઢી નાખતાં આખો એક ગુણ સિદ્ધ ન થાય, અને એક ગુણ સિદ્ધ નહિ થતાં, અનંત ગુણોનું એકરૂપ દ્રવ્ય પણ સિદ્ધ નહિ થાય. અનંતી પર્યાયોનો પિંડ તે ગુણ છે અને અનંતા ગુણોનો પિંડ તે દ્રવ્ય છે. માટે એક પર્યાય કાઢી નાખો તો એક ગુણ સિદ્ધ નહીં થાય અને એક ગુણ સિદ્ધ નહિ થતાં, અનંત ગુણોનું એકરૂપ એવું દ્રવ્ય - તે દ્રવ્ય સિદ્ધ નહિ થાય. (**પ્રવચન રત્નચિંતામણિ, ભાગ-૧**, પાનું-૩૦) (૨૦૬) (જ્ઞાનીની) વર્તમાન પર્યાય એમ જાણે છે કે - આ ત્રિકાળી ધ્રુવ વસ્તુ છે તે હું છું. પર્યાય હું છું એમ જે અનાદિનું હતું તે પલટીને હવે વર્તમાન દશા - પર્યાય એમ જાણે-અનુભવે છે કે આ ત્રિકાળી ધ્રુવ વસ્તુ સચ્ચિદાનંદસ્વરૂપ ભગવાન હું છું. ભગવાન આત્મા ચિદાનંદ

Please inform us of any errors on AtmaDharma.com@gmail.com

Version 001: remember to check AtmaDharma.com & AtmaDharma.org for updates



પ્રભુ ત્રિકાળ ધ્રુવ કારણ નિયમ છે એનો જ્ઞાનમાં સ્વીકાર કરતાં એમાંથી કાર્યનિયમનો પ્રવાહ આવે છે. (પાનું-૪૬) (૨૦૭) ભગવાન આત્મા પોતે શુદ્ધરત્નત્રયરૂપ પરિણતિએ - સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રપણે પરિણમ્યો છે એમ અહીં કહે છે.

પ્રશ્ન : આત્મા તો અપરિણામી છે ને ?

સમાધાન : ભાઈ, અહીં પર્યાયનું પરિણમન લેવું છે ને ? જે પર્યાય પરિણમે છે તે એની (દ્રવ્યની) છે એમ લેવું છે, કેમ કે એ પર્યાય દ્રવ્ય-ગુણનો અંશ ત્રિકાળી દ્રવ્યનો અંશ છે તે પરિણમે છે. અહીં તો પરિણમેલો આત્મા કહ્યો છે ને ? ભાઈ, આત્મા તે ધ્રુવ દ્રવ્ય છે, ને પરિણમેલી તે પર્યાય છે, અને તે બન્નેને અભેદ કરીને કહ્યું છે કે આત્મા જ મોક્ષનો ઉપાય છે. આથી કાંઈ પર્યાય અને દ્રવ્ય એક ક્યાં થઈ ગયા ? (પાનું-૫૯) (૨૦૮) આત્મામાં જે વર્તમાન જાણવા-દેખવાના ભાવ છે તે પરિણામ અસ્તિ છે ને ? તો, તે જાણવા-દેખવાના પરિણામ કાંઈ સામે જાણવા-દેખવાની ચીજ છે તેને લઈને અહીં જીવમાં થાય છે એમ નથી; પણ પોતે અંદર ભગવાન આત્મા ચૈતન્યવસ્તુ ત્રિકાળ છે તેની ચૈતન્ય-જ્ઞાન ને દર્શન - એવી શક્તિને અનુસરીને તે થાય છે. આ રીતે તો જીવના દ્રવ્ય-ગુણ ને પર્યાયની સ્વતંત્રતા છે, સ્વતંત્ર અસ્તિ છે. (પાનું-૧૪૬) (૨૦૯) વસ્તુનું પૂરું અંસ્તિત્વ જ સ્વયંસિદ્ધ છે, તેથી તેનું તે તે સમયનું વર્તમાન સત્ તેના ત્રિકાળને અનુસરીને જ થાય છે. અંદર ભગવાન આત્માની જે જ્ઞાનગુણની અક્ષય-અમેય ખાણ છે તેને અનુસરીને વિચારણા ચાલે છે, અને આ વિચારણા મતિજ્ઞાનની એક 'ઈહા' નામની પર્યાય છે. આવી સૂક્ષ્મ વાત બાપા ! દ્રવ્ય-સત્તા ને ગુણ-સત્તા ત્રિકાળ છે તેમાંથી વર્તમાન પર્યાય સત્તાનું હોવાપણું આવે છે. ત્રિકાળ છે એમાંથી જ્ઞાનનો પ્રવાહ વહે છે એમ વાત છે. જે જ્ઞાનગુણરૂપ ત્રિકાળ અસ્તિ છે તેને અનુસરીને મતિજ્ઞાનનો પર્યાયરૂપ અંશ પ્રગટ થાય છે. મતિજ્ઞાનપૂર્વક અંદરમાં એક ઉત્તરતર્કણારૂપ જ્ઞાન થાય છે જે અરૂપી આત્માની શ્રુતજ્ઞાનપર્યાય છે. (પાનું-૧૬૭-૧૬૮) (૨૧૦) દ્રવ્ય જ છે, ને પર્યાય નથી જ એમ કોઈ માને તો તે મિથ્યા એકાંત છે, કેમ કે વસ્તુનો નિર્ણય

Please inform us of any errors on AtmaDharma.com@gmail.com

Version 001: remember to check AtmaDharma.com & AtmaDharma.org for updates



તો પર્યાય જ કરે છે. તેથી, જો પર્યાય જ ન હોય તો દ્રવ્ય-વસ્તુનો નિર્ણય કોણ કરે ? કોઈ જ નહિ. અને તો. વસ્તુ પણ કાંઈ ન ઠરે. દરેક વસ્તુ દ્રવ્ય ને પર્યાયસ્વરૂપ છે. માટે બેય - દ્રવ્ય ને પર્યાય - વસ્તુ છે. પર્યાય ભલે વર્તમાન એક અંશ હો, તોપણ તે વસ્તુ છે, કાંઈ અવસ્તુ નથી. જોકે ત્રિકાળી ધ્રુવ એકરૂપ દ્રવ્યની અપેક્ષાએ પર્યાયને અવસ્તુ કહેવાય છે. પણ એ બીજી વાત છે. તો પર્યાયની અપેક્ષાએ પર્યાય પણ વસ્તુ છે, અસ્તિ છે. **પર્યાય છે જ નહિ એમ એકાંત કહેતો હોય તો એવો ઉપદેશ ગ્રહવાયોગ્ય નથી.** (પાનું-૩૦૦) (૨૧૧) કલ્પનાના સુખને છોડે છે તો સ્વરૂપમાં-સુખામૃતના સરોવરમાં મગ્ન થાય છે.

પ્રશ્ન : પર્યાય, દ્રવ્યમાં મગ્ન થાય છે કે પર્યાયમાં ?

સમાધાન : દ્રવ્યમાં, પર્યાયમાં શું મગ્ન થાય ? અહાહા ! સુખામૃતનું સરોવર જે ભગવાન આત્મા છે તેમાં પર્યાય મગ્ન થાય છે. આ તો બહુ ટૂંકામાં સાર ભર્યો છે ભાઈ ! (પાનું-૨૮૮) (૨૧૨) છ દ્રવ્યનું વાસ્તવિક જ્ઞાન કરીને જે સ્વભાવ તરફ ઢળે છે તેને તે જ્ઞાન ભવમુક્તિનું કારણ થાય છે. અહા ! છ દ્રવ્ય છે ને ? તો તેમાંથી એક પણ દ્રવ્યને જો કોઈ ઓછું માને તો તેણે પર્યાયના સામર્થ્યને માન્યું નથી, પર્યાયને જ માની નથી. અને જો પર્યાયને માની નથી. તો દ્રવ્યને પણ ક્યાંથી માને ? એ તો ભાઈ ! પર્યાયમાં આવું સામર્થ્ય છે એમ જાણીને દ્રવ્યનો આશ્રય કરે તો ધર્મ થાય. બહુ ઝીણી વાત ભાઈ ! (પાનું-૩૮૩) (૨૧૩) ભાઈ ! પર્યાયના ભેદો છે તે આદરણીય નથી, આશ્રય કરવાયોગ્ય નથી. એક માત્ર શુદ્ધ ત્રિકાળી એક જ્ઞાયકતત્ત્વમાં અભેદ થઈને અનુભવ કરવાયોગ્ય છે. અલબત્ત અનુભવ છે તે પર્યાય છે, પણ તે દ્રવ્યસ્વભાવની સન્મુખ થઈને તેનો આશ્રય કરે છે. આમ શાશ્વત શુદ્ધ જ્ઞાયક વસ્તુ ને તેની વર્તમાન અવસ્થા તે બંને પરસ્પર સાપેક્ષપણે આખો આત્માપદાર્થ છે. (**અધ્યાત્મ પ્રવચન રત્નત્રય,** પાનું-૩૪) (૨૧૪) ભગવાન આત્મા અંદર પૂરણ જ્ઞાન અને આનંદના સ્વભાવથી ભરેલું સત્ત્વ છે. તે સ્વભાવની સન્મુખ થઈને પરિણમતાં શક્તિની નિર્મળ વ્યક્તિ થાય છે. અંદર શક્તિ તો વિદ્યમાન છે જ, તે શક્તિની

Please inform us of any errors on AtmaDharma.com@gmail.com

Version 001: remember to check AtmaDharma.com & AtmaDharma.org for updates



સન્મુખ થઈ, તેનો સ્વીકાર, સત્કાર અને આદર જ્યાં કર્યો કે તત્કાલ તે પર્યાયમાં વ્યક્તરૂપે પ્રગટ થાય છે. આનું નામ ધર્મ ને મોક્ષમાર્ગ છે. (પાનું-૪૯) (૨૧૫) અનાદિ અનંત સદા એકરૂપ પરમસ્વભાવ-ભાવસ્વરૂપ નિજ પરમાત્મદ્રવ્ય તે ધ્રુવ ત્રિકાળ છે, ને મોક્ષમાર્ગ તે પરમસ્વભાવભાવના આશ્રયે પ્રગટેલી વર્તમાન વર્તમાન પર્યાય છે. એક ત્રિકાળભાવ ને એક વર્તમાન પર્યાયભાવ, આવા દ્રવ્ય-પર્યાયરૂપ બંને સ્વભાવો વસ્તુમાં એકસાથે છે. વસ્તુ કદી પર્યાય વિનાની હોય નહિ. નાશ થવું ને ઊપજવું તે પર્યાયધર્મ છે, ને ટકી રહેવું તે દ્રવ્યસ્વરૂપ છે. આવી વસ્તુ દ્રવ્યપર્યાયસ્વરૂપ છે. (પાનું-૬૧) (૨૧૬) ચિદ્‌વિલાસમાં પં. શ્રી દીપચંદજીએ બહુ સરસ વાત કરી છે. તેઓ કહે છે–પર્યાયનું કારણ તે પર્યાય જ છે. ગુણ વિના જ (ગુણની અપેક્ષા વિના જ) પર્યાયની સત્તા પર્યાયનું કારણ છે; પર્યાયનું સૂક્ષ્મત્વ પર્યાયનું કારણ છે, પર્યાયનું વીર્ય પર્યાયનું કારણ છે, પર્યાયનું પ્રદેશત્વ પર્યાયનું કારણ છે. જેટલામાં પર્યાય ઊઠે તે પ્રદેશ પર્યાયનું કારણ છે, ધ્રુવના પ્રદેશ નહિ. આવી વાત છે. (પાનું-૮૫) (૨૧૭) પ્રત્યેક દ્રવ્ય પોતાથી જ સામાન્ય વિશેષપણે રહેલું છે. હવે સામાન્ય જે અક્રિય ધ્રુવ તેને તો પરની અપેક્ષા નથી પણ વિશેષ જેમાં પલટવારૂપ અનેક ભિન્ન ભિન્ન અવસ્થા થાય તેને તો પરની અપેક્ષા હોય ને ? તો કહે છે – ના; વિશેષ પણ દ્રવ્યનું સહજ સ્વરૂપ જ છે. જે પલટવું થાય છે તે એનો પોતાનો સ્વભાવ જ છે. વિશેષપણું પરને લઈને થાય એવું વસ્તુસ્વરૂપ જ નથી. (પાનું-૧૬૧) (૨૧૮)

પ્રશ્ન : દ્રવ્યમાંથી પર્યાય ઉત્પન્ન થાય છે, પર્યાય વ્યય પામીને દ્રવ્યમાં મળી જાય છે; તો દ્રવ્ય ધ્રુવ ટંકોત્કીર્ણ તો ન રહ્યું ?

ઉત્તર : પર્યાય દ્રવ્યમાંથી ઉત્પન્ન થાય છે અને પર્યાય વ્યય પામીને દ્રવ્યમાં મળી જાય છે એ પર્યાયાર્થિક નયથી કહેલ છે. દ્રવ્યાર્થિક નયનું દ્રવ્ય તો ધ્રુવ, ટંકોત્કીર્ણ કૂટસ્થ છે. (જ્ઞાનગોષ્ઠી: પૂ. ગુરુદેવશ્રીની સાંધ્યચર્ચાનું સંકલન, પાનું-૧૫૫) (૨૧૯)

પ્રશ્ન : દ્રવ્યથી પર્યાય ભિન્ન છે તો પર્યાય આવે છે ક્યાંથી ?

Please inform us of any errors on AtmaDharma.com@gmail.com

Version 001: remember to check AtmaDharma.com & AtmaDharma.org for updates



ઉત્તર : પર્યાય આવે છે તો દ્રવ્યમાંથી, કાંઈ અધ્ધરથી નથી આવતી; પરંતુ જ્યારે પર્યાયને સત્‌રૂપ સ્વતંત્ર સિદ્ધ કરવી હોય ત્યારે પર્યાય, પર્યાયથી જ છે એમ લેવામાં આવે છે. દ્રવ્યથી જો પર્યાય થતી હોય તો દ્રવ્ય એકરૂપ રહે છે અને પર્યાય અનેકરૂપે થાય છે. તે દ્રવ્ય જેવી એકરૂપ જ થવી જોઈએ, પરંતુ તેવી હોતી નથી. દ્રવ્ય સત્ છે; તેમ પર્યાય પણ સત્ છે, સ્વતંત્ર છે - આ અપેક્ષાએ દ્રવ્યથી પર્યાયને ભિન્ન કહેવામાં આવે છે. (પાનું-૧૫૫) (૨૨૦)

પ્રશ્ન : દ્રવ્ય અને પર્યાય બે ધર્મોને ભિન્ન દર્શાવવાનું શું પ્રયોજન છે ?

ઉત્તર : બે ધર્મો ભિન્ન છે, તેની પ્રસિદ્ધિ કરવાનું પ્રયોજન છે. પર્યાય એક સમયની છે અને તેની પાછળ ધ્રુવદળ તો ત્રિકાળ એવું ને એવું રહે છે, તેને જ્ઞેય બનાવવું જોઈએ. (પાનું-૧૫૫) (૨૨૧)

પ્રશ્ન : આત્માના પર્યાયધર્મને ન સ્વીકારીએ તો શું નુકસાન છે ?

ઉત્તર : આત્માના પર્યાયધર્મને માને-જાણે, તો "પરના આશ્રયથી પોતાની પર્યાય થાય છે"-એવી મિથ્યા માન્યતા છૂટી જાય; અને પોતાના દ્રવ્યના આશ્રયથી જ પોતાની પર્યાય થાય છે-એવી સાચી માન્યતા થઈ જાય, અને આવું થતાં પરદ્રવ્યથી મને લાભ-નુકસાન થાય છે એવી મિથ્યાબુદ્ધિ ન રહે. જેણે પરથી પોતાની પર્યાયમાં લાભ-નુકસાન થવાનું માન્યું, તેણે ખરેખર આત્માના પર્યાયધર્મને જાણ્યો જ નથી. પર્યાયધર્મ પોતાનો છે, કોઈ અન્ય વસ્તુને કારણે પોતાનો પર્યાયધર્મ નથી હોતો. જો બીજો પદાર્થ આત્માની પર્યાયને કરે, તો આત્માના પર્યાયધર્મે શું કર્યું ? જો નિમિત્તથી પર્યાય થવાનું માનવામાં આવે તો આત્માનો પર્યાયધર્મ જ નથી રહેતો. પોતાની અનાદિ-અનંત પર્યાયો પોતાથી જ થાય છે એ પ્રકારે જો પોતાના પર્યાયધર્મને ન જાણે તો જ્ઞાન પ્રમાણ નથી થતું. (પાનું-૧૫૫-૧૫૬) (૨૨૨)

પ્રશ્ન : કોઈ અપેક્ષાએ દ્રવ્ય પણ પરિણામી છે કે નહીં ?

Please inform us of any errors on AtmaDharma.com@gmail.com

Version 001: remember to check AtmaDharma.com & AtmaDharma.org for updates



ઉત્તર : દ્રવ્ય તો અપરિણામી છે, બંધ-મોક્ષના પરિણામને દ્રવ્ય કરતું નથી, પરંતુ પર્યાયદૃષ્ટિથી કથન કરવું હોય તો પર્યાય ધ્રુવમાંથી આવે છે અને ધ્રુવમાં જ સમાઈ જાય છે તેથી પર્યાય અપેક્ષાએ દ્રવ્ય પરિણમન કરે છે એમ કહેવાય. દ્રવ્ય દ્રવ્યદૃષ્ટિએ નિષ્ક્રિય છે અને પર્યાયદૃષ્ટિ અપેક્ષાએ સક્રિય છે. (પાનું-૧૫૬) (૨૨૩)

પ્રશ્ન : પરિણામી નિશ્ચયથી પોતાના પરિણામનો કર્તા છે તો પણ પૂર્વપર્યાયનો વ્યય કર્તા છે - એ કથન કઈ રીતે છે ?

ઉત્તર : ખરેખર તો ઉત્પાદની પર્યાયનો કર્તા ઉત્પાદ જ છે પરંતુ અભેદ કરીને ઉપચારથી પરિણામીને કર્તા કહેવામાં આવે છે. પરંતુ દ્રવ્ય તો પરિણમતું જ નથી, તે તો નિષ્ક્રિય છે. પલટવાવાળી તો પર્યાય છે. વ્યયને ઉત્પાદનો કર્તા કહેવો એ પણ વ્યવહાર છે. ષટ્કારકનું પરિણમન ધ્રુવ તથા વ્યયની અપેક્ષા વિના જ સ્વયંસિદ્ધ ઉત્પાદ થાય છે. (પાનું-૧૫૭) (૨૨૪)

પ્રશ્ન : શાસ્ત્રમાં પર્યાયને અભૂતાર્થ કેમ કહી છે ? શું તેની સત્તા નથી ?

ઉત્તર : ત્રિકાળી સ્વભાવને મુખ્ય કરીને ભૂતાર્થ કહ્યો અને પર્યાયને અભૂતાર્થ કહી એટલે કે પર્યાય છે જ નહીં - એમ કહ્યું, ત્યાં પર્યાયને ગૌણ કરીને નથી એમ કહ્યું છે. પરંતુ તેથી એમ ન સમજવું કે પર્યાય સર્વથા છે જ નહિ. (પાનું-૧૫૭) (૨૨૫)

પ્રશ્ન : શુદ્ધ-અશુદ્ધ પર્યાયોના પિંડને દ્રવ્ય કહ્યું છે ને ?

ઉત્તર : એ તો નિશ્ચયાભાસી જે પર્યાયને સર્વથા માનતો નથી તેની અપેક્ષાએ તેને સમજાવવા માટે શુદ્ધ-અશુદ્ધ પર્યાયોનો પિંડ તે દ્રવ્ય એમ કહ્યું છે, પરંતુ તેથી કાંઈ દ્રવ્યમાં શુદ્ધ-અશુદ્ધ પર્યાયો વર્તમાનમાં વર્તમાનરૂપે હયાત છે એમ કહેવાનું તાત્પર્ય નથી. દ્રવ્ય તો શક્તિરૂપે એકલું પારિણામિક ભાવરૂપ જ છે. જેઓ પર્યાયને સર્વથા નથી માનતા તેમને કહે છે કે ભવિષ્યની પર્યાયો દ્રવ્યમાં શક્તિરૂપ છે અને ભૂતકાળની પર્યાયો યોગ્યતારૂપ છે. પર્યાયો સર્વથા છે જ નહીં એમ નથી એટલું જણાવવા માટે આમ કહેવામાં આવ્યું છે. (પાનું-૧૫૮) (૨૨૬)

Please inform us of any errors on AtmaDharma.com@gmail.com

Version 001: remember to check AtmaDharma.com & AtmaDharma.org for updates



પ્રશ્ન : પર્યાય દ્રવ્યથી ભિન્ન છે કે અભિન્ન ? કઈ રીતે ?

ઉત્તર : દ્રવ્ય પર્યાયથી ભિન્ન છે કેમ કે ધ્રુવમાં તો પર્યાય નથી અને પર્યાયમાં ધ્રુવ આવતું નથી અર્થાત્ ધ્રુવ પર્યાયને સ્પર્શતુંય નથી. પરંતુ પરથી ભિન્ન દર્શાવવા માટે એમ કહેવાય કે દ્રવ્યની પર્યાય છે. પરંતુ તેનો અર્થ એમ નથી કે સામાન્ય દ્રવ્ય અને વિશેષ પર્યાય બે ધર્મો એકરૂપ થઈ જાય છે. આ બંને ધર્મો - સામાન્ય ધર્મ અને વિશેષ ધર્મ પરસ્પર સ્પર્શ નથી કરતા. (પાનું-૧૫૯) (૨૨૭)

પ્રશ્ન : વસ્તુના દ્રવ્યસ્વભાવમાં અશુદ્ધતા નથી તો પર્યાયમાં અશુદ્ધતા ક્યાંથી આવે છે ?

ઉત્તર : વસ્તુ 'દ્રવ્ય' તથા 'પર્યાય' એવા બે સ્વભાવવાળી છે. તેમાંથી દ્રવ્યસ્વભાવમાં અશુદ્ધતા નથી, પરંતુ પર્યાયનો સ્વભાવ 'શુદ્ધ' અને 'અશુદ્ધ' એમ પ્રકારે છે એટલે કે પર્યાયની અશુદ્ધતા દ્રવ્ય સ્વભાવમાંથી આવતી નથી; તે તો તત્સમયની પર્યાયનો જ ભાવ છે, બીજા સમયે તે પર્યાયનો વ્યય થતાં તે અશુદ્ધતા પણ નાશ પામી જાય છે. પર્યાયની શુદ્ધતા તથા અશુદ્ધતા સંબંધી એવો નિયમ છે કે જ્યારે પર્યાય દ્રવ્યાશ્રયે પરિણમન કરે છે ત્યારે શુદ્ધ અને જ્યારે પરાશ્રયે પરિણમન કરે છે ત્યારે અશુદ્ધ હોય છે, પરંતુ તે અશુદ્ધતા નથી પરમાંથી આવતી કે નથી દ્રવ્યસ્વભાવમાંથી આવતી. (પાનું-૧૬૦) (૨૨૮)

પ્રશ્ન : પર્યાય પોતે પોતાના ષટ્‌કારકથી સ્વતંત્ર પરિણમે છે તથા પર્યાયને પર્યાયનું પોતાનું જ વેદન છે તો ધ્રુવનું શું પ્રયોજન છે ?

ઉત્તર : ધ્રુવદ્રવ્ય તો મૂળ વસ્તુ છે. ધ્રુવનું લક્ષ કરે છે ત્યારે જ પર્યાયમાં આનંદનું વેદન આવે છે તેથી ધ્રુવ તો મૂળવસ્તુ છે. (પાનું-૧૬૧) (૨૨૯)

પ્રશ્ન : પર્યાય તો પામર છે ને ?

ઉત્તર : પર્યાય પામર નથી. તે તો પરિપૂર્ણ દ્રવ્યને સ્વીકારે છે. તેને પામર કેમ કહેવાય ? પર્યાયમાં મહાન સામર્થ્ય છે. સંપૂર્ણ દ્રવ્યને સ્પર્શ્યા વિના તેને સ્વીકારે છે. જ્ઞાનની એક પર્યાયમાં એટલી

Please inform us of any errors on AtmaDharma.com@gmail.com

Version 001: remember to check AtmaDharma.com & AtmaDharma.org for updates



તાકાત છે કે છએ દ્રવ્યોને જાણી લે. એની શક્તિની અલૌકિક વાત છે. (પાનું-૧૬૧) (૨૩૦)

પ્રશ્ન : દ્રવ્ય અને પર્યાયમાંથી કોનું બળ અધિક છે ?

ઉત્તર : દ્રવ્યનું બળ અધિક છે પર્યાય તો એક સમય જેટલી જ છે અને દ્રવ્ય તો ત્રિકાળી સામર્થ્યનો પિંડ છે. (પાનું-૧૬૧) (૨૩૧)

પ્રશ્ન : શું પ્રત્યેક પર્યાય નિરપેક્ષ તેમજ સ્વતંત્ર છે ?

ઉત્તર : પ્રત્યેક પર્યાય સત્ છે-સ્વતંત્ર છે તેને પરની અપેક્ષા નથી. રાગનો કર્તા તો આત્મા નથી પરંતુ રાગનું જ્ઞાન એમ કહેવું એ પણ વ્યવહાર છે તથા જ્ઞાન પરિણામને આત્મા કરે છે એમ કહેવું એ પણવ્યવહાર છે. ખરેખર તો તે સમયની જ્ઞાનપર્યાય પોતાના ષટ્કારકથી સ્વતંત્ર થઈ છે. (પાનું-૧૬૨) (૨૩૨)

પ્રશ્ન : વિકારી પર્યાયને દ્રવ્યથી ભિન્ન અને શુદ્ધપર્યાયને દ્રવ્યથી અભિન્ન કેમ કહેવામાં આવે છે ?

ઉત્તર : વિકારી પર્યાય પરદ્રવ્યની સન્મુખતા કરે છે તેથી વિકારને દ્રવ્યથી ભિન્ન કહેલ છે અને શુદ્ધપર્યાય સ્વદ્રવ્યની સન્મુખ હોય છે તેથી શુદ્ધપર્યાયને દ્રવ્યથી અભિન્ન કહેવામાં આવે છે. તે અભિન્નતાનો અર્થ એ છે કે દ્રવ્યનું જેટલું સામર્થ્ય છે—શક્તિ છે તે જ્ઞાનપર્યાયમાં જાણવામાં આવી જાય છે, પ્રતીતિમાં આવી જાય છે. એટલા માટે શુદ્ધપર્યાયને દ્રવ્યથી અભિન્ન કહેવામાં આવે છે; પરંતુ તેનો અર્થ એવો નથી કે અનિત્યપર્યાય નિત્યદ્રવ્યની સાથે એકમેક થઈ જાય છે. દ્રવ્ય તેમજ પર્યાય બંનેનું સ્વરૂપ જ ભિન્ન હોવાથી બંને ભિન્ન છે. પર્યાય દ્રવ્યનો આશ્રય કરે છે—લક્ષ કરે છે તેથી પર્યાય શુદ્ધ થાય છે; પરંતુ તેથી દ્રવ્ય-પર્યાયનું એકત્વ થઈ જાય છે એમ નથી. બંનેનાં સ્વરૂપ ભિન્ન હોવાથી પર્યાય દ્રવ્યરૂપ અને દ્રવ્ય પર્યાયરૂપ થવાનું સદા અશક્ય છે.

પર્યાયાર્થિક નયથી અશુદ્ધપર્યાય દ્રવ્યથી અભિન્ન છે તેથી દ્રવ્ય પણ અશુદ્ધ છે એમ કોઈ કહે તો એ વાત ખરી નથી. પર્યાય અશુદ્ધ હોવા છતાં પણ ત્રિકાળી દ્રવ્ય કદીપણ અશુદ્ધ થતું જ નથી. ત્રિકાળી દ્રવ્ય તો શુદ્ધ જ છે. (પાનું-૧૬૩-૧૬૪) (૨૩૩)

Please inform us of any errors on AtmaDharma.com@gmail.com

Version 001: remember to check AtmaDharma.com & AtmaDharma.org for updates



પ્રશ્ન : સુખાનુભવ તો પર્યાયમાં થાય છે તો પછી આત્મદ્રવ્યનો મહિમા કેમ કરવામાં આવે છે ?

ઉત્તર : અનુભવની શોભા ખરેખર તો આત્મદ્રવ્યને કારણે જ છે. આત્મદ્રવ્ય કૂટસ્થ હોવાથી જોકે અનુભવમાં નથી આવતું તથા અનુભવ તો પર્યાયનો જ હોય છે તો પણ જ્યાં સુધી પર્યાય દ્રવ્યનો સ્વીકાર નથી કરતી ત્યાં સુધી અનુભવ નથી થતો. જ્યાં પર્યાયે દ્રવ્યનો સ્વીકાર કર્યો ત્યાં જ તેની શોભા છે અને તે આત્મદ્રવ્યના કારણે જ છે. (પાનું-૧૬૪) (૨૩૪)

પ્રશ્ન : પર્યાય દ્રવ્યને તન્મય થઈને જાણે છે કે અતન્મય રહીને જાણે છે ?

ઉત્તર : પર્યાય અતન્મય રહીને દ્રવ્યને જાણે છે. પર્યાય દ્રવ્યમાં તન્મય થાય છે એ તો જ્યારે પર્યાય દ્રવ્યની સન્મુખ થાય છે ત્યારે તન્મય થઈ એમ કહેવામાં આવે છે. અજ્ઞાન દશામાં રાગની સન્મુખ પર્યાય હતી તેથી તે વખતે તેને રાગમાં તન્મય છે એમ કહેવામાં આવતું હતું અને જ્યારે પર્યાય દ્રવ્યની સન્મુખ થઈ ત્યારે તેને દ્રવ્યમાં તન્મય કહેવામાં આવે છે પરંતુ તન્મયનો અર્થ પર્યાય દ્રવ્યમાં ભળીને એકરૂપ થઈ જાય છે એમ નથી, પર્યાય તો પર્યાયમાં રહીને દ્રવ્યને જાણે છે. પર્યાય, પર્યાયથી છે અને દ્રવ્ય, દ્રવ્યથી છે. પરદ્રવ્યથી ભિન્નતા સિદ્ધ કરવી હોય ત્યારે એમ કહેવાય કે પર્યાયથી દ્રવ્ય જુદું નથી, પરંતુ જ્યારે એક વસ્તુના બે ધર્મો સિદ્ધ કરવા હોય ત્યારે પર્યાયથી દ્રવ્ય ભિન્ન છે એમ સમજવું. જ્યારે જે અપેક્ષાએ કહેવાનો જે આશય હોય તેને યથાયોગ્ય સમજવો જોઈએ. (પાનું-૧૬૫) (૨૩૫)

પ્રશ્ન : પર્યાય સ્વતંત્ર હોવા છતાં પણ તેનું લક્ષ દ્રવ્ય ઉપર કેમ હોય છે ?

ઉત્તર : દ્રવ્ય ઉપર લક્ષ હોય ત્યારે પર્યાયની સ્વતંત્રતાની યથાર્થ શ્રદ્ધા થઈ શકે છે, પર તરફ લક્ષ હોવાથી નહીં. તથા પર્યાયની

Please inform us of any errors on AtmaDharma.com@gmail.com

સ્વતંત્રતાના નિર્ણયનું પ્રયોજન પણ દ્રવ્ય સન્મુખ થવાથી જ સિદ્ધ થાય છે. દ્રવ્ય સન્મુખ થવાથી જ-તે પ્રયોજનથી જ પર્યાયની સ્વતંત્રતા દેખાય છે. (પાનું-૧૬૭) (૨૩૬)

પ્રશ્ન : જો પર્યાય દ્રવ્યને સ્પર્શ જ ન કરતી હોય તો આનંદ કેવી રીતે આવે છે ?

ઉત્તર : પર્યાય દ્વારા દ્રવ્યનો સ્પર્શ ન કરવા છતાં પણ સંપૂર્ણ દ્રવ્યનું જ્ઞાન પર્યાયમાં આવી જાય છે તો પણ દ્રવ્ય પર્યાયમાં નથી આવતું. ધર્મી અને ધર્મ બે ચીજ છે, પર્યાય વ્યક્ત છે અને ધ્રુવવસ્તુ અવ્યક્ત છે. જોકે આ વ્યક્ત અને અવ્યક્ત બંને ધર્મો એક જ વસ્તુના છે તો પણ વ્યક્ત અવ્યક્તને સ્પર્શતું નથી. પરંતુ પર્યાયનું લક્ષ દ્રવ્યસન્મુખ છે તેથી પર્યાય આનંદરૂપે પરિણમી જાય છે. (પાનું-૧૬૯) (૨૩૭)

પ્રશ્ન : પર્યાય તત્સમયનું સત્ છે, નિશ્ચિત છે, ધ્રુવ છે - આમ કહેવાનું શું પ્રયોજન છે ?

ઉત્તર : પર્યાય ઉપરથી લક્ષ છોડીને ધ્રુવદ્રવ્ય તરફ ઢળવાનું પ્રયોજન છે. પર્યાય તત્સમયનું સત્ છે, નિશ્ચિત છે, ધ્રુવ છે—એમ બતાવીને તેના ઉપરનું લક્ષ છોડાવીને ધ્રુવદ્રવ્ય તરફ લક્ષ કરાવવાનું પ્રયોજન છે. પર્યાય નિશ્ચિત છે, ધ્રુવ છે અર્થાત્ પર્યાય તત્સમયનું સત્ હોવાથી આગળ-પાછળ થઈ શકે તેમ નથી એવું જાણે તો દૃષ્ટિ દ્રવ્ય ઉપર જાય અને દ્રવ્ય ઉપર લક્ષ જવાથી વીતરાગતા ઉત્પન્ન થાય છે. વીતરાગતા જ મૂળ તાત્પર્ય છે. (પાનું-૧૭૦) (૨૩૮)

પ્રશ્ન : પર્યાયમાં બગાડો મટીને તેમાં સુધારો કેવી રીતે થાય ?

ઉત્તર : પર્યાય પોતે જ પરનું લક્ષ કરીને બગડી છે, જો તે પોતે જ પરનું લક્ષ છોડીને સ્વભાવનું લક્ષ કરે તો પોતાથી જ પોતે સુધરી જાય. સ્વનું લક્ષ કરવું એ જ પર્યાયનો સુધારો છે. (પાનું-૧૭૦)

# પર્યાયના ષટ્કારક પર્યાયમાં

**પર્યાય નિજ ષટ્કારક પરિણમનથી સ્વાધીન પોતાથી જ ઉત્પાદ-વ્યય પામે છે. દ્રવ્યના શક્તિરૂપ ષટ્કારકો ધ્રુવ-અપરિણામી છે અને પર્યાય પોતામાં ષટ્કારકનું રૂપ હોવાથી પર-નિમિત્ત તથા દ્રવ્ય-ગુણની અપેક્ષા વિના જ પોતાથી પરિણમે છે.**

(૧) સમ્યગ્દર્શનની પર્યાયને, વસ્તુ જે ઉપાદેય છે એનો આશ્રય છે એમ કહેવું એ તો એની તરફ પર્યાય ઢળી છે એ અપેક્ષાએ કહેવામાં આવે છે; નહીંતર એ સમ્યગ્દર્શનની પર્યાયના ષટ્કારકના, પરિણમનમાં પરની તો અપેક્ષા નથી પણ દ્રવ્ય-ગુણની પણ અપેક્ષા નથી. એક સમયની વિકારી પર્યાય પણ પોતાના ષટ્કારકથી પરિણમીને વિકારપણે થાય છે. તેને પણ દ્રવ્ય કે ગુણના કારણની અપેક્ષા નથી, કારણ કે દ્રવ્ય-ગુણમાં વિકાર છે જ નહિ. વિકારી પર્યાયને પરકારકોની પણ અપેક્ષા નથી. તે એક સમયની સ્વતંત્ર પર્યાય પોતાના કર્તાકર્મ આદિ પોતાના કારકોથી થાય છે. અપેક્ષાથી કથન કરવામાં આવે છે કે પર્યાયને દ્રવ્ય ઉપાદેય છે. ફક્ત પર્યાય દ્રવ્ય બાજુ ઢળી એટલે આશ્રય લીધો, અભેદ થઈ એમ કહેવામાં આવે છે. આવું સ્વતંત્ર સ્વરૂપ છે. **(પ્રવ.રત્ના, ભાગ-૧, પાનું-૧૧૨)** (૨) શ્રી પંચાસ્તિકાયની ૬૨મી ગાથામાં આવે છે કે પર્યાયમાં જે વિકાર થાય છે તે પોતાના ષટ્કારકથી થાય છે. દ્રવ્ય-ગુણથી તો નહિ પણ પરકારકથી - નિમિત્તથી પણ વિકાર ઉત્પન્ન થતો નથી. અહીં અસ્તિકાય સિદ્ધ કરવું છે. દ્રવ્ય-ગુણ-પર્યાયનું અસ્તિત્વ છે એમ સિદ્ધ કરવું છે. તેથી વિકાર છે તે પર્યાયના ષટ્કારકનું પરિણમન છે એમ કહ્યું છે. નિશ્ચયથી વિકારના પરિણામમાં પરકારકની અપેક્ષા નથી એમ કહ્યું છે. નિશ્ચયથી તો પર્યાય પોતાથી જ પોતાના ષટ્કારકથી જ થાય છે પરંતુ સાથે નિમિત્ત છે તેને ભેળવીને પ્રમાણજ્ઞાન કરાવ્યું છે. ભાઈ ! ખરેખર તો કારણ એક જ છે. **પ્રભુ ! સત્ય તો આવું છે, હોં. જો કાંઈ આડું-અવળું કરવા જઈશ તો સત્ સત્ નહિ રહે. વસ્તુનો ભાવ જ યથાર્થ આમ છે અને એમ**

## પર્યાયના ષટ્કારક પર્યાયમાં

**પર્યાય નિજ ષટ્કારક પરિણમનથી સ્વાધીન પોતાથી જ ઉત્પાદ-વ્યય પામે છે. દ્રવ્યના શક્તિરૂપ ષટ્કારકો ધ્રુવ-અપરિણામી છે અને પર્યાય પોતામાં ષટ્કારકનું રૂપ હોવાથી પર-નિમિત્ત તથા દ્રવ્ય-ગુણની અપેક્ષા વિના જ પોતાથી પરિણમે છે.**

(૧) સમ્યગ્દર્શનની પર્યાયને, વસ્તુ જે ઉપાદેય છે એનો આશ્રય છે એમ કહેવું એ તો એની તરફ પર્યાય ઢળી છે એ અપેક્ષાએ કહેવામાં આવે છે; નહીંતર એ સમ્યગ્દર્શનની પર્યાયના ષટ્કારકના, પરિણમનમાં પરની તો અપેક્ષા નથી પણ દ્રવ્ય-ગુણની પણ અપેક્ષા નથી. એક સમયની વિકારી પર્યાય પણ પોતાના ષટ્કારકથી પરિણમીને વિકારપણે થાય છે. તેને પણ દ્રવ્ય કે ગુણના કારણની અપેક્ષા નથી, કારણ કે દ્રવ્ય-ગુણમાં વિકાર છે જ નહિ. વિકારી પર્યાયને પરકારકોની પણ અપેક્ષા નથી. તે એક સમયની સ્વતંત્ર પર્યાય પોતાના કર્તાકર્મ આદિ પોતાના કારકોથી થાય છે. અપેક્ષાથી કથન કરવામાં આવે છે કે પર્યાયને દ્રવ્ય ઉપાદેય છે. ફક્ત પર્યાય દ્રવ્ય બાજુ ઢળી એટલે આશ્રય લીધો, અભેદ થઈ એમ કહેવામાં આવે છે. આવું સ્વતંત્ર સ્વરૂપ છે. (**પ્રવ.રત્ના, ભાગ-૧,** પાનું-૧૧૨) (૨) શ્રી પંચાસ્તિકાયની ૬૨મી ગાથામાં આવે છે કે પર્યાયમાં જે વિકાર થાય છે તે પોતાના ષટ્કારકથી થાય છે. દ્રવ્ય-ગુણથી તો નહિ પણ પરકારકથી - નિમિત્તથી પણ વિકાર ઉત્પન્ન થતો નથી. અહીં અસ્તિકાય સિદ્ધ કરવું છે. દ્રવ્ય-ગુણ-પર્યાયનું અસ્તિત્વ છે એમ સિદ્ધ કરવું છે. તેથી વિકાર છે તે પર્યાયના ષટ્કારકનું પરિણમન છે એમ કહ્યું છે. નિશ્ચયથી વિકારના પરિણામમાં પરકારકની અપેક્ષા નથી એમ કહ્યું છે. નિશ્ચયથી તો પર્યાય પોતાથી જ પોતાના ષટ્કારકથી જ થાય છે પરંતુ સાથે નિમિત્ત છે તેને ભેળવીને પ્રમાણજ્ઞાન કરાવ્યું છે. ભાઈ ! ખરેખર તો કારણ એક જ છે. **પ્રભુ ! સત્ય તો આવું છે, હોં. જો કાંઈ આડું-અવળું કરવા જઈશ તો સત્ સત્ નહિ રહે. વસ્તુનો ભાવ જ યથાર્થ આમ છે અને એમ**

ઉદય નિમિત્ત હો ભલે, પણ એના કારણે જીવને ક્રોધ પરિણામ થયા છે એમ છે નહિ. આવું વસ્તુનું સ્વરૂપ છે. **(પ્રવ. રત્ના., ભાગ-૯,** પાનું-૨૧૮) (૭) વર્ણીજી સાથે પંચાસ્તિકાયની ૬૨મી ગાથા વિષે ચર્ચા તો ઘણી થઈ હતી. એમાં કહ્યું છે કે : વિકાર જે થાય છે તે પોતાના ષટ્કારકથી થાય છે. એને પરકારકની અપેક્ષા છે જ નહિ. વિકારને હોં ! વિકાર જે થાય છે - મિથ્યાત્વનો, રાગનો, દ્વેષનો તે એક સમયની પર્યાયમાં ષટ્કારકથી થાય છે. એને દ્રવ્ય-ગુણની અપેક્ષા નથી અને નિમિત્તની અપેક્ષા નથી. નિમિત્ત હોય પણ નિમિત્તની અપેક્ષાથી, એના કારકથી એ વિકાર ઉત્પન્ન થાય છે, એમ નથી. વિકારી કે અવિકારી પર્યાય પોતાની અપેક્ષાથી ઉત્પન્ન થાય છે એને દ્રવ્ય-ગુણ અને બીજા કારકોની અપેક્ષા નથી. એ પર્યાય (પોતાના) ષટ્કારકથી ઉત્પન્ન થાય છે. ષટ્કારકની શક્તિ ધ્રુવમાં છે. દરેક દ્રવ્યમાં છ કારક ગુણો છે પણ તે ધ્રુવ છે. પર્યાય પોતાના ષટ્કારકથી ઉત્પન્ન થઈને રહી છે. છયે દ્રવ્યમાં એક સમયની પર્યાયમાં ષટ્કારક છે. **આ વાત વીતરાગ સિવાય અને અંતર્દષ્ટિ સિવાય અંદર બેસે એવી નથી.** દરેક દ્રવ્યના દ્રવ્ય-ગુણ તો ધ્રુવ. પણ એની એક સમયની પર્યાયમાં ષટ્કારકનું પરિણમન સ્વતંત્ર. કેમ કે પર્યાય પણ સત્ છે. **(પ્રવ. નવ., ભાગ-૨,** પાનું-૨૧,૨૨) (૮) દરેક ગુણમાં ષટ્કારકનું રૂપ છે. જ્ઞાનગુણ છે તેમાં પણ બીજી ષટ્કારકની શક્તિ સાથે છે. અહા....હા ! **ઝીણી વાત છે, પ્રભુ ! શું થાય ?** હવે એ છ કારક ગુણનું કારણ-રૂપ ગુણમાં રહ્યું અને પર્યાયનું પરિણમન ષટ્કારકથી પોતાનામાં રહ્યું. એટલે કે : એ એક સમયની પર્યાયમાં પણ ષટ્કારકનું પરિણમન સ્વતંત્ર-પોતાનાથી છે. અર્થાત્ પરમાર્થે 'પર્યાયનો આધાર' દ્રવ્ય નથી. કેમ કે પર્યાય પોતે કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન અને અધિકરણ–આધારે પોતાનાથી થઈ છે. એનો આધાર દ્રવ્ય-ગુણ પણ નહીં. (પાનું-૧૦૩) (૯) પર્યાયમાં જે નિર્મળ ષટ્કારકની પરિણતિ છે તેનાથી પણ અનુભૂતિ ભિન્ન છે. એ અનુભૂતિ પર્યાય નથી, ત્રિકાળી વસ્તુ છે. સર્વ કારકોના સમૂહની પ્રક્રિયાથી પાર ઊતરેલી જે નિર્મળ

Version 001: remember to check AtmaDharma.com & AtmaDharma.org for updates



અનુભૂતિ, તે અનુભૂતિમાત્રપણાને લીધે શુદ્ધ છું. **ઝીણી વાત છે જરી.** પરના કારકની વાત નથી. રાગના કારકની વાત નથી, પણ નિર્મળ પરિણતિ જે ષટ્કારકથી ઉત્પન્ન થાય છે એ પરિણતિથી પણ પાર, અર્થાત્ આ પર્યાયની વાત નથી. અનુભૂતિની પર્યાયમાં 'આ અનુભૂતિ' ધ્યેય હોય છે. (પાનું-૧૫૦) (૧૦) આ પગના દરેક પરમાણુ-રજકણમાં પોતપોતાના ષટ્કારકથી પર્યાયમાં ક્રિયાઓ થાય છે. એ ક્રિયામાં-પર્યાયમાં આધાર છે પર્યાયનો. એ પર્યાયનો આધાર નીચે જમીન છે એમ નથી. **આ તે કોણ માને ?** (પાનું-૧૯૩) (૧૧) જડની પર્યાય હો કે ચેતનની પર્યાય હો, દરેકની પર્યાયમાં ષટ્કારક છે. ષટ્કારક એટલે શું ? કર્તા : સ્વયં પોતાથી સ્વતંત્ર - પણે કરે તે. કર્મ : કર્તાનું કાર્ય. કરણ : સાધન. સંપ્રદાન : કર્મ જેને માટે કરવામાં આવે. અપાદાન : જેમાંથી કર્મ આવે તે ધ્રુવ વસ્તુ. અધિકરણ : આધાર. સર્વદ્રવ્યોની પ્રત્યેક પર્યાયમાં આ છએ કારક એકસાથે વર્તે છે તેથી આત્મા અને પુદ્ગલ શુદ્ધ દશામાં કે અશુદ્ધ દશામાં સ્વયં જ છએ કારકરૂપ પરિણમન કરે છે અને અન્ય કોઈ કારકોની અપેક્ષા રાખતા નથી-(પંચાસ્તિકાય, ગાથા-૬૨ની ટીકા). જ્ઞાનાવરણીયની જે પર્યાય થઈ છે એ પોતાના ષટ્કારકથી–કર્મના ષટ્કારકથી ઉત્પન્ન થઈ છે. રાગથી ઉત્પન્ન થઈ નથી. (**પ્રવચનસાર, પ્રવચનો,** પાનું-૪૩) (૧૨) ભગવાનની વાણી સિદ્ધાંત એમ કહે છે કે આત્મામાં વિકાર થાય છે તે ષટ્કારકની પરિણતિ પોતાથી થાય છે, કર્મના કારણે નહીં. કર્મની પર્યાય તે તેના ષટ્કારકથી થાય છે, આત્માથી નહીં. પોતાની પર્યાયમાં થયું તો 'સ્વનું ભવન તે સ્વભાવ' છે.. સ્વભાવનો અર્થ અહીંયાં નિર્મળ જ ન લેવો. પોતાની પર્યાયમાં વિભાવિક શક્તિથી વિભાવ થયો. આત્મામાં એક વૈભાવિક ગુણ છે જે અનાદિ-અનંત છે. એ ગુણ નિમિત્તને આધીન પોતાથી થાય ત્યારે વિકાર થાય છે. કર્મથી વિકાર નહિ. પ્રત્યેક દ્રવ્યની પ્રત્યેક સમયની અવસ્થા એ પોતાના દ્રવ્ય-ગુણથી થાય છે એમ કહેવું એ પણ વ્યવહાર છે. બાકી એ પર્યાય પોતાના ષટ્કારકથી થઈ છે એ નિશ્ચય છે. પરથી થાય છે એ

Please inform us of any errors on AtmaDharma.com@gmail.com

Version 001: remember to check AtmaDharma.com & AtmaDharma.org for updates



વાત તો અહીં છે જ નહીં. દ્રવ્ય પણ ગુણથી સ્વતંત્ર છે, ગુણ પણ દ્રવ્યથી સ્વતંત્ર છે અને પર્યાય પણ પોતાના ષટ્કારકપણે સ્વતંત્ર છે. **આ જૈનદર્શનની પદાર્થની વ્યવસ્થા છે.** (પાનું-૪૪-૪૫) (૧૩) સમ્યગ્દર્શનની પર્યાય, સ્વદ્રવ્યના લક્ષે, કર્તાના સ્વતંત્રપણે, ષટ્કારકના પરિણમનથી થાય અર્થાત્ ષટ્કારકના પરિણમનથી સમ્યગ્દર્શન થાય. એનું લક્ષ ભલે દ્રવ્ય ઉપર છે. પણ છે સ્વતંત્રપણે ષટ્કારકનું પરિણમન. એ સમ્યગ્દર્શનની પર્યાય જે છે તે સમ્યક્ત્વ શ્રદ્ધાગુણ જે ત્રિકાળ છે તે રૂપે નથી. ત્રિકાળ જે શ્રદ્ધાગુણ છે, એની આ પર્યાય છે ને ? પર્યાય પર્યાયપણે છે, ગુણ ગુણપણે છે, દ્રવ્ય દ્રવ્યપણે છે. (પાનું-૪૧૧) (૧૪) સાંભળો ! આત્મા કર્તા થઈને પર્યાયને કરે છે એમ કહેવામાં આવે છે, પરંતુ ખરેખર તો પર્યાય પોતે જ ષટ્કારકની ક્રિયારૂપે સ્વતંત્ર પરિણમન કરે છે. જ્યાં ભૂતાર્થ સ્વભાવના આશ્રયની વાત આવે ત્યાં આશ્રય કરનારી પર્યાય પોતે ષટ્કારકથી સ્વતંત્ર કર્તા થઈને લક્ષ કરે છે. વીતરાગી પર્યાયનું-મોક્ષમાર્ગની પર્યાયનું લક્ષ-આશ્રય ત્રિકાળીદ્રવ્ય છે પરંતુ તે લક્ષ પર્યાય પોતે જ ષટ્કારકથી સ્વતંત્રપણે કર્તા થઈને કરે છે - પરિણમે છે. પર્યાય અહેતુક સત્ છે ને ! વિકારી પર્યાય પણ પરની અપેક્ષા વિના - પરનિરપેક્ષ પોતાના જ ષટ્કારકથી સ્વતંત્રપણે પરિણમન કરે છે એમ 'પંચાસ્તિકાય'ની ગાથા-૬૨માં કહ્યું છે. વધુ શું કહીએ - પર્યાય વિકારી હોય કે અવિકારી તે તો પ્રતિસમય સ્વયં ષટ્કારકની ક્રિયાથી સ્વતંત્ર પરિણમન કરે છે, ઉત્પન્ન થાય છે. **આહાહા ! સ્વતંત્રતાની આવી વાત જેની શ્રદ્ધામાં બેસે તેના કર્મનો ભૂકો ઊડી જાય છે પરંતુ જેની યોગ્યતા હોય, સંસારનો કિનારો નજીક આવી ગયો હોય, તેને જ આ વાત હૃદયંગમ થાય છે. વિરલા જ આવી વાત સાંભળનારા અને સમજનારા હોય છે.** (જ્ઞાનગોષ્ઠી : પૂ. ગુરુદેવશ્રીની સાંધ્યચર્ચામાંથી, પાનું-૧૬૩)

Please inform us of any errors on AtmaDharma.com@gmail.com

# ક્રમબદ્ધ પર્યાય

**પર્યાય ક્રમબદ્ધ થાય છે. તેની ક્રમ-નિયમિતતાને ફેરવવાનું કોઈનું સામર્થ્ય નથી. ક્રમબદ્ધતા દ્રવ્યનો અકર્તા એટલે કે જ્ઞાતા સ્વભાવ પ્રગટ કરે છે.**

(૧) ક્રમબદ્ધ પર્યાયનો નિર્ણય અકર્તાપણાના નિર્ણયમાં થાય છે. દ્રવ્યની પર્યાય ક્રમસર થાય છે. એમાં આત્માનું કર્તૃત્વ નથી. ક્રમસર થાય એમાં કર્તૃત્વ શું ? ક્રમબદ્ધ પર્યાયમાં અકર્તાપણું અથવા અસ્તિથી જ્ઞાતાપણું જ સિદ્ધ કર્યું છે. (**પ્રવ. રત્ના., ભાગ-૧**, પાનું-૨૪) (૨) વીતરાગનું કોઈપણ વચન હો, એનું તાત્પર્ય તો વીતરાગતા જ છે. ક્રમબદ્ધ પર્યાયના સિદ્ધાંતનું પણ તાત્પર્ય વીતરાગતા છે. જીવને ક્રમબદ્ધ પર્યાયનો જ્યાં નિર્ણય થાય છે ત્યાં તે જ્ઞાતાદ્રષ્ટા થઈ જાય છે. પોતે જ્ઞાતાદ્રષ્ટા થતાં શાસ્ત્રનું તાત્પર્ય જે વીતરાગતા તે એને પ્રગટ થાય છે. એ વીતરાગતા પોતાના ત્રિકાળી દ્રવ્યના આશ્રયે પ્રગટ થાય છે. એટલે ક્રમબદ્ધ પર્યાયના નિર્ણયમાં પણ જ્ઞાતાનો નિર્ણય થવો એ મૂળ રહસ્યની વાત છે. (**પ્રવ.રત્ના., ભાગ-૨**, પાનું-૨૩૧) (૩) નિશ્ચય, વ્યવહાર, નિમિત્ત, ઉપાદાન અને ક્રમબદ્ધ પર્યાય આ પાંચ વાત ખાસ સમજવા જેવી છે. જે સમયે જે પર્યાય થવાની હોય તે પર્યાય તે જ કાળે ક્રમસર થાય છે. મોતીની માળામાં પ્રત્યેક મોતી પોતપોતાના સ્થાનમાં છે. તેમ દ્રવ્યની પર્યાયમાળામાં પ્રત્યેક પર્યાય પોતપોતાના કાળ-સ્થાનમાં છે. જે પર્યાયનો જે કાળ હોય ત્યારે તે જ પર્યાય ત્યાં પ્રગટ થાય છે; આગળ-પાછળ નહિ. આવો નિર્ણય કરવામાં પાંચે સમવાય આવી જાય છે–જે સમયે જે પર્યાય થવાની હોય તે જ સમયે તે પર્યાય પ્રગટ થઈ ત્યાં કાળ આવ્યો. જે પર્યાય થવાની છે તે જ થઈ - એમાં ભવિતવ્ય આવ્યું–સ્વભાવના લક્ષે આવો નિર્ણય કર્યો છે–એમાં સ્વભાવ આવ્યો. અને સ્વભાવ સન્મુખ પર્યાય થઈ એમાં પુરુષાર્થ આવ્યો. - અને ત્યારે કર્મનો અભાવ થયો - એમાં નિમિત્ત આવ્યું. આમ ક્રમબદ્ધનો નિર્ણય કરનારની દૃષ્ટિ જ્ઞાયક ઉપર

Version 001: remember to check AtmaDharma.com & AtmaDharma.org for updates



હોય છે. ત્રિકાળી શુદ્ધ દ્રવ્ય ઉપર જેની દૃષ્ટિ હોય છે તે જ ક્રમબદ્ધનો યથાર્થ નિર્ણય કરી શકે છે. ક્રમબદ્ધ જે છે તે તો પર્યાય છે. પર્યાયના આશ્રયે પર્યાયનો નિર્ણય થતો નથી. દ્રવ્યના આશ્રયે સમ્યગ્જ્ઞાન થાય છે અને તે ક્રમબદ્ધ પર્યાયનું જ્ઞાન કરે છે. પર્યાયના આશ્રયે ક્રમબદ્ધનું જ્ઞાન થતું નથી. (**પ્રવ. રત્ના., ભાગ-૫,** પાનું-૪-૫) (૪) જે સમયે જે પર્યાય થવાની હોય તે સમયે તે જ પર્યાય થાય, એમાં કોઈ ફેરફાર ન કરી શકે. હવે આમ છે તો બીજો પુરુષાર્થ કરવાનો ક્યાં રહે છે ? બાપુ ! જે સમયે જે થવાનું હોય તે સમયે તે જ થાય એવો જેને અંતરમાં નિર્ણય થયો છે એની દૃષ્ટિ તો ત્રિકાળી જ્ઞાયકની સન્મુખ છે અને એ જ્ઞાયકસન્મુખની દૃષ્ટિ છે. એ જ પુરુષાર્થ છે અહાહા....! હું એક શુદ્ધ જ્ઞાયકસ્વભાવી છું એવી દૃષ્ટિના પુરુષાર્થમાં જે સમયે જે થાય તેનું માત્ર તે જ્ઞાન કરે છે. (**પ્રવ.રત્ના., ભાગ-૬,** પાનું-૨૦૯) (૫) સર્વજ્ઞે દીઠું એમ જ ક્રમબદ્ધ એટલે જે કાળે જે પર્યાય થવાની હોય તે તે કાળે જ થાય, આઘી-પાછી નહિ - એવો નિર્ણય જેણે કર્યો તેણે એ પોતાના જ્ઞાયકસ્વભાવ તરફ જઈને કર્યો છે, કેમ કે જ્ઞાયકસ્વભાવમાં સર્વજ્ઞતા છે. જ્ઞાયકસ્વભાવની પ્રતીતિ પર્યાયના આશ્રયે ન થાય. જ્ઞાયકસ્વભાવની પ્રતીતિમાં સર્વજ્ઞની પ્રતીતિ આવે છે અને તેના જ્ઞાનમાં સર્વજ્ઞસ્વભાવનું જ્ઞાન આવે છે. અહો ! જેને આ સર્વજ્ઞસ્વભાવની પ્રતીતિ થઈ, અનુભવ થયો તેને ક્રમબદ્ધનું યથાર્થ જ્ઞાન થયું છે. (પાનું-૨૮૩) (૬) ક્રમબદ્ધના યથાર્થ નિર્ણયમાં નિશ્ચય-વ્યવહાર અને ઉપાદાન-નિમિત્તનું પણ યથાર્થ જ્ઞાન આવી જાય છે. વસ્તુની નિર્વિકલ્પ દૃષ્ટિ અને અનુભવ તે નિશ્ચય અને તે કાળે જે રાગની મંદતા છે તે વ્યવહાર. તેથી વ્યવહારથી નિશ્ચય થાય એ વાત ન રહી, બંને એક કાળમાં સાથે જ છે. વળી જે સમયે જે પર્યાય થવાની હોય તે કાળે જ તે થાય એમ નિર્ણય થતાં નિમિત્ત આવે તો પર્યાય થાય એ વાત પણ ન રહી. કાર્યકાળે નિમિત્તની ઉપસ્થિતિનો કાળ છે તો નિમિત્ત હો, પરંતુ ઉપાદાનની પર્યાય પોતાના કાળે પોતાથી થઈ છે, નિમિત્તથી થઈ નથી. 'દ્રવ્યસંગ્રહ' ગાથા-૪૭માં આવે છે કે—નિશ્ચય અને વ્યવહાર બંને મોક્ષમાર્ગ એકસાથે ધ્યાનમાં

Please inform us of any errors on AtmaDharma.com@gmail.com

Version 001: remember to check AtmaDharma.com & AtmaDharma.org for updates



પ્રગટ થાય છે. 'આ વાત પણ ક્રમબદ્ધના નિર્ણયમાં યથાર્થ સિદ્ધ થાય' છે. (પાનું-૨૮૪) (૭) રાગાદિક આસ્રવોનો શીઘ્ર સર્વ પ્રકારે નાશ થવાથી—એમ કહ્યું ને ! ત્યાં કોઈને થાય કે - લ્યો આમાં ક્રમબદ્ધ ક્યાં રહ્યું ? તો કહે છે - ભાઈ ! ક્રમબદ્ધ જ રહ્યું - ક્રમબદ્ધ જ છે. સ્વભાવમાં એકાગ્ર થનાર જીવ રાગાદિનો અભાવ કરીને અલ્પકાળમાં મુક્તિ પામે એવો જ એનો ક્રમ હોય છે. રાગનો સર્વથા અભાવ થઈને કેવળજ્ઞાન પ્રગટ થયું એ ક્રમબદ્ધ જ છે. (પાનું-૩૫૭) (૮) બધું જ ક્રમબદ્ધ છે એમ યથાર્થ નિર્ણય કરી સ્વભાવ સન્મુખ થાય ત્યારે પરમ શાંતિ થાય છે. સર્વજ્ઞસ્વભાવી ભગવાન આત્માનો નિશ્ચય થયા વિના સર્વજ્ઞ પર્યાયનો નિર્ણય થઈ શકે નહિ અર્થાત્ જ્યાં સર્વજ્ઞનો યથાર્થ નિર્ણય કરવા જાય ત્યાં જ્ઞાનસ્વભાવી નિજ આત્મદ્રવ્યનો નિર્ણય થઈ જાય છે. આવો માર્ગ છે. અહા ! જે કાળે જે પર્યાય ક્રમબદ્ધ થવાની છે તે થાય છે, જ્ઞાન તો તેને જાણે જ છે. ભાઈ ! આ જ સર્વજ્ઞના નિર્ણયનું તાત્પર્ય છે. પરંતુ એમ ન માનતા અમે આમ કરીએ તો આમ થાય ને કર્મનો ઉદય આવે તેની ઉદીરણા કરીએ ઈત્યાદિ પ્રકારે જે માને છે તે મિથ્યાદૃષ્ટિ છે. અરે ભાઈ ! ઉદીરણા આદિ બધી જ વાત ક્રમબદ્ધ જ થાય છે. કશુંય આઘું-પાછું થાય કે ક્રમરહિત થાય એવું વસ્તુનું સ્વરૂપ જ નથી. હું આમ કરી દઉં અને તેમ કરી દઉં એ તો તારી ખોટી ભ્રમણા જ છે. (**પ્રવ. રત્ના., ભાગ-૭,** પાનું-૧૦૫) (૯) આ એક જ સિદ્ધાંત લક્ષમાં રાખે કે- 'દરેક દ્રવ્યની પર્યાય સ્વકાળે તેના ક્રમબદ્ધ સ્થાનમાં થાય છે' - તો સર્વ કર્તાપણાનું મિથ્યા અભિમાન ખલાસ થઈ જાય. જીવનું જીવિતપણું છે તે તેના સ્વકાળે ક્રમબદ્ધ જ છે એમ જાણનાર તે જીવના જીવિતનો કર્તા થતો નથી, તેમ પોતાને જિવાડવાનો જે વિકલ્પ થયો તેનો પણ કર્તા થતો નથી, તે તો તેનો (પરના જીવિતનો ને પોતાના વિકલ્પનો) જાણનાર-દેખનાર માત્ર રહે છે. (**પ્રવ.રત્ના., ભાગ-૮,** પાનું-૭૩) (૧૦) રાગનું એકપણું તોડી જ્ઞાનને નિજ ચૈતન્યસ્વરૂપમાં જોડયા વિના ને એની વિશેષ-વિશેષ સ્થિરતા કર્યા વિના બીજી રીતે કદીય ધર્મ નહિ થાય. ત્યારે કોઈ વળી કહે

Version 001: remember to check AtmaDharma.com & AtmaDharma.org for updates



છે–તમે તો બધું ક્રમબદ્ધ માનો છો. તો આ તોડ-જોડનો ઉદ્યમ વળી શું ? એક બાજુ કહો છો કે બધું ક્રમબદ્ધ થાય છે અને વળી પાછા કહો છો કે ઉદ્યમ કરો–તો આમાં તો વિરોધ આવે છે. એમાં અવિરોધ કેવી રીતે છે ? બાપુ ! એ જ્યાં ક્રમબદ્ધનો નિર્ણય કરે છે ત્યાં જ આત્મામાં જોડાણનો ઉદ્યમ આવી જાય છે. ક્રમબદ્ધનો નિર્ણય એ જ સ્વસ્વરૂપમાં જોડાણનો ઉદ્યમ છે. આ રીતે એમાં અવિરોધ છે. **આ તો અગમનિગમની વાતુ બાપુ !** (પાનું-૩૮૯) (૧૧) આત્માનું લક્ષણ ચૈતન્ય છે અને તે ગુણ અને પર્યાય-એમ બે રૂપે છે. સમયે સમયે નવી નવી પર્યાય જે ક્રમબદ્ધ ઉત્પન્ન થાય છે તે પર્યાયના ઉત્પાદને ગ્રહણ કરતો, પૂર્વની પર્યાયને છોડતો (નિવર્તતો), ગુણોપણે કાયમ રહેતો આત્મપદાર્થ છે. (પાનું-૪૦૫) (૧૨) જીવમાં જે સમયે જે પર્યાયની ઉત્પત્તિનો કાળ હોય તે સમયે તે જ પર્યાય ઉત્પન્ન થાય છે. આમ જીવની બધી પર્યાયો પોતપોતાના કાળે ક્રમબદ્ધ ઉત્પન્ન થાય છે, આડી-અવળી નહિ. હવે આમાં કેટલાકને વાંધા છે; એમ કે પર્યાય એક પછી એક ક્રમસર થાય એ તો બરાબર પણ આના પછી આ જ થાય એમ ક્રમબદ્ધ નથી એમ તેઓ માને છે. ભાઈ ! તારી આ માન્યતા યથાર્થ નથી. દ્રવ્યમાં જે પર્યાય જે કાળે થવાયોગ્ય હોય તે જ પર્યાય તે કાળે ક્રમબદ્ધ થાય છે. જુઓને, અહીં ટીકામાં 'ક્રમ નિયમિત' શબ્દ છે એટલે કે ક્રમ તો ખરો અને ક્રમથી નિયમિત-નિશ્ચિત, અર્થાત્ દ્રવ્યમાં આ સમયે થવાયોગ્ય આ જ પર્યાય થશે એમ નિશ્ચિત છે. ભગવાન સર્વજ્ઞદેવ દ્રવ્યની ત્રણે કાળની પર્યાયોને યુગપત્ જાણે છે એનો અર્થ જ એ થયો કે દ્રવ્યની ત્રણે કાળની પર્યાયોનો ક્રમ નિશ્ચિત છે. (**પ્રવ. રત્ના., ભાગ-૯,** પાનું-૧૧-૧૨) (૧૩) દ્રવ્યમાં ગુણો સહવર્તી છે. અનંતા ગુણો દ્રવ્યમાં એકસાથે રહેલા છે. પર્યાય પણ આયત એટલે લંબાઈરૂપે-પ્રવાહરૂપે એકસાથે છે. એટલે શું ? કે દ્રવ્યની પર્યાયો એક પછી એક દોડતી પ્રવાહમાં પ્રગટ થાય છે. પરંતુ દ્રવ્યની જે સમયે જે પર્યાય થવાની હોય તે સમયે તે જ પ્રગટ થાય છે. દ્રવ્યમાં પર્યાયની આવી પ્રવાહધારા ક્રમનિયમિત ચાલે છે, જેમ જમણા પછી ડાબો અને ડાબા પછી જમણો પગ

Please inform us of any errors on AtmaDharma.com@gmail.com

Version 001: remember to check AtmaDharma.com & AtmaDharma.org for updates



ચાલે છે તેમ. પંચાધ્યાયીમાં આને ક્રમ-૫દ કહેલ છે. સ્વામી કાર્તિકેયે અનુપ્રેક્ષામાં દ્રવ્યની જે સમયે જે પર્યાય પ્રગટ થાય તેને એની કાળલબ્ધિ કહી છે. છએ દ્રવ્યમાં કાળલબ્ધિ છે એમ ત્યાં કહ્યું છે. 'પ્રવચનસાર' ગાથા-૧૦૨માં તેને જ તે તે પર્યાયની જન્મક્ષણ-ઉત્પત્તિક્ષણ કહી છે. આવી જ વસ્તુસ્થિતિ છે. દરેક જડ અને ચેતન વસ્તુમાં પ્રત્યેક સમયે તેનાં ક્રમબદ્ધ જે જે પરિણામ થાય તેને કોઈ પર વસ્તુની-નિમિત્તની અપેક્ષા નથી. (પાનું-૩૫) (૧૪) આત્મા ત્રિકાળી નિત્ય દ્રવ્ય છે, તેના જ્ઞાનાદિ ગુણ નામ શક્તિઓ ત્રિકાળ નિત્ય છે અને તેમાં જે પર્યાયો થાય છે તે પ્રત્યેક સમયે સમયે નિયત ક્રમમાં જે થવાની હોય તે જ થાય છે, કોઈ પર્યાય આગળ-પાછળ થતી નથી. ઝીણી વાત છે. દ્રવ્યમાં જે પર્યાય જે કાળે થવાની હોય તે કાળે તે જ ત્યાં થાય છે. 'પ્રતિસમયે સંભવતા...' એમ ટીકામાં છે ને ? એ 'સંભવતા' શબ્દનો આ આશય છે. પ્રતિસમય જે પર્યાય થવાની હોય તે જ ક્રમબદ્ધ થાય, તેમાં કોઈ અન્ય ફેરફાર કરી શકે નહિ. (પાનું-૨૮૮) (૧૫) જે તત્ છે તે જ અતત્ છે. પર્યાય સ્વકાળે જે ક્રમબદ્ધ પ્રગટ થઈ તે પોતાથી તે પણે છે, ને વળી તે તે-પણે નથી, અર્થાત્ પરપણે નથી; પૂર્વની, ભવિષ્યની કે પરદ્રવ્યની પર્યાયપણે તે નથી. તેથી ભૂત-ભવિષ્યની પયાર્ય કે પરદ્રવ્યની પર્યાય આ પર્યાયનું શું કરે ? કાંઈ જ ન કરે. એ તો સહજ જ સ્વકાળે પ્રગટ થાય છે. આવી વાત છે. **ભાઈ ! આમાં કોઈ પંડિતાઈ ન ચાલે, આ તો અંતરની રુચિની ચીજ છે બાપુ ! અંતરમાં સ્વરૂપની રુચિ જાગતાં સહજ સમજાય એવી ચીજ છે ભાઈ ! (પ્રવ. રત્ના., ભાગ-૧૦,** પાનું-૩૫૨) (૧૬) ભાઈ ! અમે તો અહીં વર્ષોથી કહીએ છીએ કે - પ્રત્યેક દ્રવ્યની પ્રતિસમય જે જે પર્યાય થાય છે તે તે ક્રમબદ્ધ-ક્રમનિયમિત પ્રગટ થાય છે. પ્રત્યેક સમયે જે પર્યાય થવાયોગ્ય હોય તે જ ત્યાં ક્રમનિયમિત પ્રગટ થાય છે. જેમ મોતીની માળામાં જ્યાં જ્યાં જે જે મોતી છે તે ત્યાં ત્યાં પ્રકાશે છે; તેને આઘાંપાછાં કરવા જશે તો માળા તૂટી જશે. તેમ દરેક દ્રવ્યની પ્રત્યેક પર્યાય ત્રણે કાળે જે થવાની છે તે જ પ્રગટ થાય છે, તેમાં આઘુંપાછું કરવા જાય તો પર્યાયનો ક્રમ તૂટી જશે અને અખંડ દ્રવ્ય સિદ્ધ નહિ

Please inform us of any errors on AtmaDharma.com@gmail.com

Version 001: remember to check AtmaDharma.com & AtmaDharma.org for updates



થાય. દરેક પર્યાય પોતાના ક્ષણિક ઉપાદાનની યોગ્યતાનુસાર જે કાળે જે થવાયોગ્ય હોય તે જ તે કાળે નિશ્ચિત પ્રગટ થાય છે. એક અભેદ શુદ્ધ અંતઃતત્ત્વની દૃષ્ટિ કરતાં જ પર્યાય ક્રમબદ્ધ થાય છે તેનો યથાર્થ નિર્ણય થાય છે. (**પ્રવ. રત્ના., ભાગ-૧૧,** પાનું-૫૨-૫૩) (૧૭) શાસ્ત્રનું જ્ઞાન પરજ્ઞેયનિષ્ઠ છે, પોતાના જ્ઞેયમાં નહીં. પોતાના જ્ઞેયમાં નિષ્ઠ તો ત્યારે થાય કે જ્યારે પર્યાયમાં 'ક્રમબદ્ધ'નો નિર્ણય કરે છે. 'જે સમયમાં જે પર્યાય થવાની હશે તે થશે' એનો નિર્ણય કરે છે તો પર્યાય અંતરમાં ઝૂકી જાય છે. દૃષ્ટિનો વિષય આત્મા થઈ જાય છે. દૃષ્ટિનો વિષય ક્રમબદ્ધ પર્યાય રહેતી નથી. પ્રભુ અંદર નિરાવરણસ્વરૂપ, પરમાત્મસ્વરૂપ, પૂર્ણ (વિદ્યમાન) પડ્યો છે - એનો આશ્રય લેવાથી 'ક્રમબદ્ધ'નો સાચો નિર્ણય થાય છે. 'ક્રમબદ્ધ'નો નિર્ણય કરવામાં, સ્વનો આશ્રય લેવાથી, સમ્યગ્દર્શનની પર્યાય - ભવના અંતની પર્યાય ઊપજે છે. (**પ્રવ. નવનીત, ભાગ-૧,** પાનું-૧૩૧) (૧૮) આત્મામાં ગુણને સહવર્તી કહ્યા. એ ગુણ એકસાથે રહે છે. પર્યાય એકસાથે નથી રહેતી તેથી તેને ક્રમવર્તી કહી. અહીં 'ક્રમબદ્ધ' કહ્યું. નિયમથી એક પછી એક પર્યાય થવાવાળી છે તે જ થશે. દ્રવ્યમાં આઘી-પાછી પર્યાય થશે, એમ નથી. દરેક દ્રવ્યમાં પર્યાયની વ્યવસ્થિત વ્યવસ્થા છે. વ્યવસ્થા અર્થાત્ વિશેષ અવસ્થા. તે તે સમયમાં તે પર્યાય પોતાનાથી વ્યવસ્થિત છે. બીજો કોઈ પર્યાયને કરે અથવા તે પર્યાયમાં ફેરફાર કરે, એમ નથી. (પાનું-૧૩૭) (૧૯) હમણાં એક મોટા વિદ્વાને એ વાત તો કબૂલ કરી છે કે 'ક્રમબદ્ધ' છે. પહેલાં ક્રમબદ્ધનો નિષેધ હતો. સંવત ૨૦૧૩ સમ્મેદશિખરમાં વર્ણીજી સાથે ચર્ચા થઈ હતી ત્યારે એ બધા પંડિતો બેઠા હતા. તેઓ એમ કહેતા હતા કે 'ક્રમબદ્ધ નથી.' પર્યાય એક પછી એક થાય છે, પણ આ પછી આ જ અને આ પછી આ જ પર્યાય હોય, એવું ક્રમબદ્ધ નથી - એમ કહેતા હતા. હવે એમણે કબૂલ કર્યું છે કે, ક્રમબદ્ધ-વસ્તુ વ્યવસ્થિત છે. દરેક દ્રવ્યની પર્યાય જે સમયે જે ક્ષણે ઉત્પન્ન થવાની લાયકાતથી થાય છે તે તેનો જન્મક્ષણ - ઉત્પત્તિનો કાળ છે, એનું નામ 'ક્રમબદ્ધ' છે. પણ ક્રમબદ્ધનો નિર્ણય કરવાવાળાની દૃષ્ટિ ક્રમબદ્ધપર્યાય ઉપર નથી. (**પ્રવ. નવનીત, ભાગ-૨,** પાનું-૧૪) (૨૦) દરેક વસ્તુ ક્રમબદ્ધ

Please inform us of any errors on AtmaDharma.com@gmail.com

Version 001: remember to check AtmaDharma.com & AtmaDharma.org for updates



છે ! જે સમયે જે પર્યાય ઉત્પન્ન થવાવાળી છે તે જ સમયે તે ઉત્પન્ન થશે. એવો અનાદિ-અનંત પર્યાયનો ક્રમબદ્ધ છે. 'પ્રવચનસાર' ગાથા-૯૩માં આયત સમુદાય કહ્યું છે. કાળ અપેક્ષિત પ્રવાહ, એક પછી એક પ્રવર્તતો ક્રમભાવી સમુદાય. જેમ હારમાં મોતી છે, તે એક પછી એક હોય છે; આઘાં-પાછાં નથી. તેમ ભગવાન આત્મા, ધ્રુવ, કારણપરમાત્મા; એની પર્યાય એક પછી એક, ક્રમસર થવાવાળી હોય તે જ થશે. પણ એ ક્રમબદ્ધનું તાત્પર્ય શું ? કે વીતરાગતા. તો વીતરાગતા કેવી રીતે ઉત્પન્ન થાય ? એ પણ આવી ગયું અંદર ક્રમબદ્ધમાં કે દ્રવ્યનો આશ્રય લેવો. **જરી સૂક્ષ્મ વાત છે ! ભગવાન ! વાત તો એનાથી પણ ઘણી ગંભીર છે !** (પાનું-૨૦-૨૧) (૨૧) મારો પુરુષાર્થ અંદર છે. ત્રિકાળીને પકડવાનો મારો પુરુષાર્થ છે. શુદ્ધ એ પુરુષાર્થ વિના થાય તેમ નથી એમ કહે છે. ભલે ક્રમબદ્ધ થાય છે. પણ ક્રમબદ્ધમાં પુરુષાર્થ સ્વભાવ-સન્મુખ જાય છે, ત્યારે ક્રમબદ્ધનો યથાર્થ નિર્ણય થાય છે. (શ્રોતા) ક્રમબદ્ધ આવશે ત્યારે પુરુષાર્થ થશે જ ! (ઉત્તર) : એ પુરુષાર્થ કરશે ત્યારે જ ક્રમબદ્ધનો નિર્ણય થશે. દ્રવ્યનો આશ્રય લે ત્યારે નિર્ણય થાય છે. પર્યાયના આશ્રયે પર્યાયનો નિર્ણય થતો નથી. (પાનું-૧૫૩) (૨૨) પ્રશ્ન : સકળ વિભાવને છોડી અલ્પ કાળમાં-''अचिरात्'' છે ને ? તો ક્રમબદ્ધ પાછું ક્યાં રહ્યું ? સમાધાન : એ 'ક્રમબદ્ધ'માં જ ''अचिरात्'' આવ્યું. આવો જેણે મોક્ષમાર્ગ સાધ્યો છે એને એના ક્રમમાં-અલ્પકાળમાં જ કેવળ થશે, એમ આવ્યું. સમજાણું કાંઈ ? અહાહાહા ! ઘણો ફેર. ''अचिरात्'' આવે તો ત્યાં એમ કે જુઓ ! અલ્પકાળમાં થાય છે, ફલાણે કાળે જ થાય છે એમ ક્યાં આવ્યું અહીંયાં ? પણ એ 'અલ્પકાળમાં થાય' એ કઈ અપેક્ષાએ કહ્યું ? કે જેણે આત્મા-દ્રવ્યના આશ્રયે ક્રમબદ્ધ પર્યાયનો નિર્ણય કર્યો છે અને દ્રવ્યના આશ્રયે જ્ઞાન અને રમણતા ઊભી કરી છે એ પર્યાય અલ્પકાળમાં જ કેવળજ્ઞાન લેશે એવી એમાં (પર્યાયમાં) તાકાત છે એટલે ક્રમબદ્ધમાં - અલ્પકાળમાં જ - કેવળજ્ઞાન આવશે, એવો નિયમ છે. (પાનું-૧૮૧-૧૮૨) (૨૩) જ્યાં સુધી એ આત્મા નિરપરાધી ન થાય ત્યાં સુધી એને સ્વરૂપ તરફનો પ્રયત્ન કરવો પડશે. એ પ્રયત્નથી થશે. ત્યારે, ક્રમબદ્ધ

Please inform us of any errors on AtmaDharma.com@gmail.com

Version 001: remember to check AtmaDharma.com & AtmaDharma.org for updates



થશે ને ? પણ ક્રમબદ્ધનો નિર્ણય પ્રયત્નથી થશે. આહા.....હા....! "જે કાળે થવાનું હશે તે થશે." એ નિર્ણય પ્રયત્નથી કરે છે. (પાનું-૨૨૪) (૨૪) પરિણામ પણ જે એક સમયમાં ઉત્પન્ન થાય છે, એ અપેક્ષાથી એને ઉત્પન્ન કહેવામાં આવે છે. તે પરિણામ પોતાના અવસરમાં પોતાના કાળ-અવસરમાં જ ઉત્પન્ન થાય છે, આગળપાછળ નહીં. ક્રમબદ્ધ. પોતાના અવસરમાં જ્યારે પરિણામ થાય છે ત્યારે તે પરિણામ ત્રિકાળની અપેક્ષાથી ભિન્ન છે. બધા અનાદિ-અનંત પ્રવાહક્રમ પરિણામ છે. ક્રમબદ્ધ છે. એક પછી એક ક્રમબદ્ધ પરિણામ થાય છે. લોકો અત્યારે માનતા નથી કે ક્રમબદ્ધ થઈ જાય તો પુરુષાર્થ શું રહ્યો ? પણ **ક્રમબદ્ધના નિર્ણયમાં પોતાના સ્વરૂપ તરફ દૃષ્ટિ થાય છે એ જ પુરુષાર્થ છે. આ તો ભગવાનની વાણી છે. દિવ્યધ્વનિ છે ('પ્રવચનસાર', પ્રવચનો,** પાનું-૧૭૪-૧૭૫) (૨૫) આત્મામાં પણ જે સમયે જે પરિણામ થવાનાં તે તેના અવસરે થાય છે. અરે, એ પરિણામ મારે ક્યાં થયાં ? પણ એ પરિણામ એ સમયે થવાવાળાં હતાં જ તે થયાં છે. શ્રોતા : નિશ્ચિત થઈ ગયું ?

ઉત્તર : નિશ્ચિત જ છે. આગળ-પાછળ ક્યારેય થતું જ નથી. **આકરી વાત છે ભાઈ ! હિન્દુસ્તાનમાં આ ક્રમબદ્ધની વાત હતી નહીં.** જે સમયે જે પર્યાય થવાવાળી છે એ સમયે એ જ થશે. ક્રમબદ્ધની આ વાત હિન્દુસ્તાનમાં તો હતી નહીં. વર્ણીજી જેવા પાસે પણ નહોતી. વર્ણીજી બિચારા કહેતા કે વિષ્ણુ હતા તેની પાસે પણ આ વાત જ નહોતી. 'સમયસાર' ૩૦૮ થી ૩૧૧ ગાથામાં લીધું છે ને ક્રમનિયમિત ! જે દ્રવ્યની ક્રમે પર્યાય નિયમિત જે થવાની તે થશે. પણ ક્રમનિયમિતનું તાત્પર્ય શું ? ગાથા ઉપર જુઓ પાઠ છે - "આત્માનું અકર્તાપણું દૃષ્ટાંતપૂર્વક કહે છે." અકર્તાપણા માટે ક્રમબદ્ધ કહી રહ્યા છીએ. પર્યાય ક્રમબદ્ધ હો, દૃષ્ટિ ત્યાં નહીં. 'હું તો જ્ઞાતા-દ્રષ્ટા છું'. રાગનો કર્તા ય નહીં ને પર્યાયનો કર્તાય નહીં. ક્રમસર થાય છે એમાં કરવું શું ? **બહુ આકરી વાત છે ભાઈ ! વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ, એનો ધરમ બહુ સૂક્ષ્મ ! અત્યારે તો બધી ગરબડ થઈ ગઈ છે.** (પાનું-૧૭૯,૧૮૦)

■ ■ ■

Please inform us of any errors on AtmaDharma.com@gmail.com